
# ક્રાંતિકારી સંતવાણી

આ પ્રકાશનનું પાવન ધ્યેય શરણાનંદજી મહારાજનાં
અકાટ્ય દર્શનનો પ્રચાર-પ્રસાર કરવો છે,
જે માનવમાત્રની અમૂલ્ય નિધિ છે.



સ્વામી શરણાનંદજી મહારાજ

हरिः शरणम् ।



જ્યારે શાસ્ત્રનાં નામે,
પરમાત્માનાં નામે
આવવાવાળી પેઢી ભટકશે તો
પરમાત્માનું નામ લીધા વિના
મનુષ્યતાની અને
કોઈ ધર્મ વિશેષનું નામ લીધા વિના
ધર્મની પ્રતિષ્ઠા કરી દેવી
એ શરણાનંદજીની
પોતાની વિશિષ્ટતા છે.

અનંતના સખા, માનવતાના મસીહા, બ્રહ્મનિષ્ઠ, ક્રાન્તદર્શી, પ્રજ્ઞા-ચક્ષુ સંત શિરોમણિ

**સ્વામી શરણાનંદજી મહારાજ**

---

સ્વામીજી પુસ્તકોમાં પોતાનું નામ તથા ચિત્ર પ્રકાશિત કરવા માટે ક્યારેય અનુમતિ નહોતા આપતા. પરંતુ દેશ, કાળ, પરિસ્થિતિ પરિવર્તન તથા કેટલાક વ્યાવહારિક કારણોસર તેમનું નામ તથા ચિત્ર આપવામાં આવ્યું છે.

## સ્વામી રામસુખદાસજી મહારાજના વિચારો

### (ગીતા પ્રકાશનના મૂળ હિંદી પુસ્તક—'નયે રાસ્તે નયી દિશાએઁ'માંથી)

આચાર્યોનાં મુખ્ય છ મત છે— શંકરાચાર્યનો અદ્વૈતવાદ, રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ, મધ્વાચાર્યનો દ્વૈતવાદ, નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ, વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈતવાદ અને ચૈતન્યમહાપ્રભુનો અચિંત્ય ભેદા-ભેદવાદ. એક શરણાનંદજીનો મત છે, જે આ બધા આચાર્યોથી નિરાળો છે અને બહુ જલદી કલ્યાણ કરવાવાળો છે. શરણાનંદજીની સૂઝ વિલક્ષણ છે. બધાનું જે પરિણામ છે, એ પરિણામ એમણે પકડ્યું છે.

...... એ સૌથી આગળ છે ! ખુદ શરણાનંદજીએ કહ્યું છે કે, હું ક્રાંતિકારી સંન્યાસી છું; મારાં પુસ્તકો વાંચવાથી દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત વગેરે બધામાં ખળભળાટ મચી જશે ! તેઓએ કોઈ મતનું ખંડન કર્યું નથી, પરંતુ બધાનું ખંડન થઈ ગયું ! તેઓની વાતથી બહુ જલદી જીવનો ઉદ્ધાર થઈ શકે છે ! શ્રવણ-મનન-નિદિધ્યાસનની બિલકુલ જરૂર નથી ! પણ એમની વાતો, એમની ભાષા સમજવી કઠિન છે. મારી વાતોનું મનન કરશો તો શરણાનંદજીની વાતો સમજમાં આવી જશે.

મારું કશું નથી અને મારે કંઈ નથી જોઈતું— આ બે વાતોથી જ બધું કામ થઈ જશે. શ્રવણ-મનન વગેરે બધું જ આના પેટમાં આવી ગયું.

॥ हरिः शरणम् ॥

# ક્રાંતિકારી સંતવાણી

**'માનવ સેવા સંઘ'ના પ્રવર્તક**
**બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજનાં**
**પસંદ કરેલાં અણમોલ વચન**

સંકલનકર્તા : **રાજેન્દ્રકુમાર ધવન**

હું તો માનવ સેવા સંઘનાં મંચને એવો માનું છું કે જ્યાં એક અંગ્રેજ, એક અમેરિકન, એક હિન્દુ, એક બૌદ્ધ, વિભિન્ન દેશો, વિભિન્ન મતોનાં લોકો એક સાથે બેસે અને જીવનનાં શુદ્ધ સત્ય પર વિચાર કરી શકે – **આ મંચને આવો સુરક્ષિત રાખવાનો છે. આ મંચનાં માધ્યમથી કોઈ એકદેશીય સાધનાની ચર્ચા ક્યારેય નહિ કરવામાં આવે.**

'સર્વમાન્ય સત્ય'ને દેશ, કાળ, મત, વર્ગ, સંપ્રદાય, ધર્મનો ભેદ સ્પર્શ નથી કરી શકતો. વાત એ હોવી જોઈએ જે વ્યક્તિવાદ અને સંપ્રદાયવાદથી રહિત હોય, જેથી હિન્દુ, મુસલમાન, ઈસાઈ વગેરે સૌ કોઈ લાભ ઉઠાવી શકે.

**– સ્વામી શરણાનંદજી** (જીવન વિવેચન ભાગ-2, પાના નં. 42/44)

# क्रान्तिकारी सन्तवाणी

(મૂળ હિન્દી પુસ્તકનું ગુજરાતી ભાષાંતર)

☼ પ્રકાશક :
**કરનાલ માનવ સેવા સંઘ**
કરનાલ-132001 (હરિયાણા)
ફોન : 094164 67999

☼ સંસ્કરણ : ઈ.સ. ૨૦૧૬

☼ મૂલ્ય : ₹ 60/-

**હવે ઈન્ટરનેટ ઉપર પણ સત્સંગનો લાભ લ્યો**
**ક્યારે પણ ! ક્યાંય પણ !!**
**www.swamisharnanandji.org**
**શ્રી શરણાનંદજી મહારાજનાં**
**પ્રવચનો સાંભળો-સાહિત્ય વાંચો.**

**આ સંતવાણી તમારા જીવનમાં ક્રાંતિ લાવી શકે છે !**

☼ પુસ્તક પ્રાપ્તિ સ્થાન :
**શ્રી પ્રેમાનંદજી**
મીના સદન, ગણેશ સોસાયટી, કાશી વિશ્વનાથ મંદિરની પાછળ,
ખેડબ્રહ્મા-383255, જીલ્લો- સાબરકાંઠા (ગુજરાત)
ફોન : (02775) 220774

**શ્રી ભાવેશભાઈ તન્ના**
ઈ-2, ગિરિરાજ સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ, જૂનાગઢ-362001 (ગુજરાત)
મોબાઈલ: 098244 77366

**ધાર્મિક સાહિત્ય સદન**
બુલિયન બિલ્ડીંગ, હલ્દિયોંકા રાસ્તા, જૌહરી બજાર,
જયપુર-302003 (રાજસ્થાન)
ફોન : (0141) 2570602, 2563379
E-mail: shrihari_jaipur@yahoo.co.in

# પ્રાક્કથન

બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજ એક અભૂતપૂર્વ દાર્શનિક સંત થયા છે. અધ્યાત્મ-ક્ષેત્રમાં તેઓ જેટલી ગહનતા સુધી પહોંચ્યા હતા, તેટલી ગહનતા સુધી ભાગ્યે જ કોઈ દાર્શનિક પહોંચ્યો હોય ! વિશ્વમાં તેમના જેવા મહાન વિચારક મળવા દુર્લભ છે ! અધ્યાત્મ-જગતમાં તેમણે અનેક નવાં નવાં સંશોધનો કર્યાં. તેમના વિચાર કોઈ ધર્મ, મત, સંપ્રદાય, દેશ વગેરેમાં સીમિત ન રહેતાં માનવમાત્રને માટે હિતકારક છે. પરંતુ આજ સુધી તેમના ક્રાંતિકારી વિચારોનો વ્યાપક પ્રચાર થયો નથી. એટલું જરૂર કહી શકાય છે કે જે સમયે સંસાર તેમની વિચારધારાને જાણી લેશે, તે સમયે અધ્યાત્મ-જગતમાં એક ક્રાંતિ આવી જશે, એમાં લેશમાત્ર પણ શંકા નથી.

શ્રીમહારાજનાં પુસ્તકોની શૈલી જટિલ હોવાથી દરેકને તેમની વાતો સરળતાથી સમજાતી નથી. આવી સ્થિતિમાં તેમના સાહિત્યનો પ્રચાર કેવી રીતે થાય, તેમની કીમતી વાતો જન સાધારણ સુધી કેવી રીતે પહોંચે, તેમના અનોખા ભાવોથી લોકો કેવી રીતે પરિચિત તેમજ લાભાન્વિત થાય— એ ઉદ્દેશ્યથી પ્રસ્તુત પુસ્તક **'ક્રાંતિકારી સંતવાણી'**ની રચના કરવામાં આવી છે. આમાં વિષયાનુસાર અઢી હજારથી વધુ અમૂલ્ય વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આના દ્વારા પાઠકોને વિષયાનુસાર મહારાજશ્રીના વિચારો જાણવામાં સુવિધા થશે.

મહારાજશ્રીનાં પુસ્તકોમાં આવેલી સામગ્રી એટલી સચોટ તેમજ માર્મિક છે કે તેમાંથી કઈ લેવામાં આવે અને કઈ વાત છોડી દેવામાં આવે એનો નિર્ણય કરવાનું ઘણું જ મુશ્કેલ કામ છે ! તેથી પોતાની સીમિત બુદ્ધિથી જેટલું શક્ય બની શક્યું, વચનોનું સંકલન કરી દીધું છે. જો પાઠકોને આ સંકલન ઉપયોગી લાગ્યું હોય તો એ મહારાજશ્રીની જ કૃપાનું પરિણામ છે.

જિજ્ઞાસુ પાઠકોને નિવેદન છે કે તેઓએ આ પુસ્તકમાં જ સંતોષ ન કરતાં **'માનવ સેવા સંઘ'** દ્વારા પ્રકાશિત મહારાજશ્રીના સાહિત્યનું પણ જરૂર અધ્યયન કરવું. કારણ કે તેમના સાહિત્ય-સાગરમાં ન જાણે કેટલાંય બહુમૂલ્ય રત્નો છુપાયેલાં પડ્યાં છે, જેમને કોઈ પણ જિજ્ઞાસુ શોધીને કાઢી શકે છે અને વિશેષ લાભ મેળવી શકે છે.

આ પુસ્તકમાં જે કંઈ પણ લખવામાં આવ્યું છે, તે માત્ર વાંચી જવા માટે નથી બલ્કે વાંચીને તેના પર ગંભીરતાપૂર્વક મનન-વિચાર કરવા માટે છે. આશા છે, સત્યની ખોજમાં રત એવા જિજ્ઞાસુ સાધકો આ પુસ્તકનું અધ્યયન-મનન કરીને લાભ ઉઠાવશે.

**નિવેદક**

વિ.સં. ૨૦૬૭ **રાજેન્દ્ર કુમાર ધવન**

# પ્રાર્થના

**પ્રાર્થના આસ્તિક પ્રાણીનું જીવન છે તથા સાધકનાં વિકાસ માટેનો અચૂક ઉપાય છે.**

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુકી કૃપાથી
દુઃખી પ્રાણીઓનાં હૃદયમાં
ત્યાગનું બળ
તેમજ
સુખી પ્રાણીઓનાં હૃદયમાં
સેવાનું બળ
પ્રદાન કરો,
જેથી તેઓ
સુખ-દુઃખનાં
બંધનથી
મુક્ત થઈ,
તમારા પવિત્ર પ્રેમનું
આસ્વાદન કરી
કૃતકૃત્ય થઈ જાય.

મારા નાથ !
તમે તમારી
સુધામયી
સર્વ સમર્થ,
પતિત પાવની,
અહૈતુકી કૃપાથી
માનવમાત્રને
વિવેકનો આદર
તથા
બળનો સદુપયોગ
કરવાનું સામર્થ્ય
પ્રદાન કરો,
તથા હે કરુણાસાગર !
આપની અપાર કરુણાથી
તુરત જ રાગ-દ્વેષનો
નાશ કરો.
બધાંનું જીવન
સેવા, ત્યાગ, પ્રેમથી
પરિપૂર્ણ થઈ જાય.

**ૐ આનંદ ! ૐ આનંદ ! ૐ આનંદ !**

# પ્રસ્તાવના

'ક્રાંતિકારી-સંતવાણી'ના રૂપમાં આ સંકલન સંઘ સાહિત્યના અધ્યેતા-સાધકોની સમક્ષ પ્રસ્તુત છે. આમાં આજના યુગના મહાન ક્રાંતદૃષ્ટા, માનવતાના પૂજારી, અનંતના નિત્ય સખા, આપણા બધાના પોતાના, યોગવિત્, જીવન્મુક્ત અને ભગવદ્ ભક્ત મહાપુરુષની અમર વાણીનું વિષયાનુસાર પસંદગી તેમ જ સંકલન છે. સંકલનકર્તા શ્રી રાજેન્દ્ર કુમાર ધવનથી મોટા ભાગના પાઠક તેમજ અધ્યેતા પરિચિત છે. તેમ છતાં પરિચય આપવો યોગ્ય થશે કે તેમણે બ્રહ્મલીન પૂજ્ય સ્વામી શ્રીરામસુખદાસજી મહારાજનાં લગભગ બધાં જ પુસ્તકોને લિપિબદ્ધ તેમ જ સંપાદિત કરી પ્રકાશિત કરાવ્યાં છે.

પૂજ્ય સ્વામી શ્રીરામસુખદાસજી મહારાજ માનવ સેવા સંઘના પ્રણેતા સંતશ્રી સ્વામી શરણાનંદજીની અમરવાણીના અનન્ય પ્રેમી હતા. તેમના દર્શનને તેઓ 'સાતમું દર્શન' (માનવ દર્શન) કહેતા હતા. પોતાની આસપાસમાં રહેનારા સમુદાયને તેઓ ઘણું કરીને સ્વામી શ્રીશરણાનંદજી મહારાજનાં પુસ્તકો વાંચવાની પ્રેરણા આપ્યા કરતા હતા અને તેઓ તેમની વાણીને 'અકાટ્ય' માનતા હતા.

શ્રી રાજેન્દ્ર કુમાર ધવન પૂ૦ પા૦ સ્વામી શરણાનંદજી મહારાજની દિવ્યવાણીના પણ સારા અભ્યાસી છે. પ્રસ્તુત પુસ્તકમાં તેમણે માનવ સેવા સંઘના પ્રણેતા સંતનાં અમૃત-વચનોને તેમનાં વિવિધ પુસ્તકોમાંથી પસંદ કરી વિષયાનુસાર પાઠકોના લાભાર્થે આ પુસ્તકમાં એકત્રિત કરી દીધાં છે. આશા છે કે આ પુસ્તક જિજ્ઞાસુ સાધકોને માટે ઉપયોગી સિદ્ધ થશે.

એ જ સદ્ભાવના સાથે !

**શુભેચ્છક**
**સ્વામી અદ્વૈત ચૈતન્ય**
**માનવ સેવા સંઘ**
**વૃંદાવન**

વસંતપંચમી
તા. ૨૦-૧-૨૦૧૦

વિશ્વ-શાંતિ, દુઃખ-નિવૃત્તિ તથા માનવ-કલ્યાણ માટે આવશ્યક

# માનવતાના મૂળ સિદ્ધાંત

1. આત્મ-નિરીક્ષણ, અર્થાત્ પ્રાપ્ત વિવેકના પ્રકાશમાં પોતાના દોષોને જોવા.
2. કરેલી ભૂલને ફરીથી ન કરવાનું વ્રત લઈ સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.
3. વિચારનો પ્રયોગ પોતાના પર અને વિશ્વાસનો બીજાઓ પર અર્થાત્ ન્યાય પોતાના પર અને પ્રેમ તથા ક્ષમા અન્ય પર.
4. જિતેન્દ્રિયતા, સેવા, ભગવત્ ચિંતન અને સત્યની ખોજ દ્વારા પોતાનું નિર્માણ.
5. બીજાઓનાં કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાઓની ઉદારતાને પોતાનો ગુણ અને બીજાઓની નિર્બળતાને પોતાનું બળ ન માનવું.
6. પારિવારિક તથા જાતીય સંબંધ ન હોવા છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ જ પારસ્પરિક સંબોધન તથા સદ્ભાવ અર્થાત્ કર્મની ભિન્નતા હોવા છતાં પણ સ્નેહની એકતા.
7. નજીકના જનસમાજની યથાશક્તિ, ક્રિયાત્મકરૂપે સેવા કરવી.
8. શારીરિક હિતની દૃષ્ટિથી આહાર, વિહારમાં સંયમ તથા દૈનિક-કાર્યોમાં સ્વાવલંબન.
9. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહમ્‌ને અભિમાનશૂન્ય કરીને પોતાને સુંદર બનાવવા.
10. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક, વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું.
11. વ્યર્થ ચિંતનનો ત્યાગ તથા વર્તમાનના સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવું.

**'વિસ્તૃત વ્યાખ્યા માટે શ્રી શરણાનંદજી મહારાજનું 'માનવતાના મૂળ સિદ્ધાંત' પુસ્તક વાંચો.**

## સન્ત હૃદયકી કરુણ પુકાર

હે હૃદયેશ્વર, હે સર્વેશ્વર, હે પ્રાણેશ્વર, હે પરમેશ્વર ।
હે હૃદયેશ્વર, હે સર્વેશ્વર, હે પ્રાણેશ્વર, હે પરમેશ્વર ।
હે હૃદયેશ્વર, હે સર્વેશ્વર, હે પ્રાણેશ્વર, હે પરમેશ્વર ।
હે હૃદયેશ્વર, હે સર્વેશ્વર, હે પ્રાણેશ્વર, હે પરમેશ્વર ।
હે હૃદયેશ્વર, હે સર્વેશ્વર, હે પ્રાણેશ્વર, હે પરમેશ્વર ।
હે સમર્થ, હે કરુણાસાગર, વિનતી યહ સ્વીકાર કરો ।
હે સમર્થ, હે કરુણાસાગર, વિનતી યહ સ્વીકાર કરો ।
ભૂલ દિખાકર ઉસે મિટાકર, અપના પ્રેમ પ્રદાન કરો ।
ભૂલ દિખાકર ઉસે મિટાકર, અપના પ્રેમ પ્રદાન કરો ।
પીર હરો હરિ, પીર હરો હરિ, પીર હરો, પ્રભુ પીર હરો ।
પીર હરો હરિ, પીર હરો હરિ, પીર હરો, પ્રભુ પીર હરો ।

## મૈં નહીં, મેરા નહીં

મૈં નહીં, મેરા નહીં, યહ તન કિસી કા હૈ દિયા ।
જો ભી અપને પાસ હૈ, વહ ધન કિસી કા હૈ દિયા ।

દેને વાલે ને દિયા, વહ ભી દિયા કિસ શાન સે ।
'મેરા હૈ' યહ લેને વાલા, કહ ઉઠા અભિમાન સે ।
'મૈં', 'મેરા' યહ કહને વાલા, મન કિસી કા હૈ દિયા ।
મૈં નહીં....
જો મિલા હૈ વહ હમેશા, પાસ રહ સકતા નહીં ।
કબ બિછુડ જાયે યહ કોઈ, રાજ કહ સકતા નહીં ।
જિન્દગાની કા ખિલા, મધુબન કિસી કા હૈ દિયા ।
મૈં નહીં....
જગ કી સેવા, ખોજ અપની, પ્રીતિ ઉનસે કિજીયે ।
જિન્દગી કા રાજ હૈ, યહ જાનકર જી લીજીયે ।
સાધના કી રાહ પર, સાધન કિસી કા હૈ દિયા ।
જો ભી અપને પાસ હૈ, વહ સબ કિસી કા હૈ દિયા ।
મૈં નહીં....

# વિષય-સૂચી


1. અપ્રયત્ન (કંઈ ન કરવું) ..........9
2. અસાધન .................... 15
3. અહમ્ .................... 17
4. આસ્થા .................... 22
5. આસ્તિકતા—નાસ્તિકતા ........ 25
6. ઉન્નતિ .................... 28
7. ઉપદેશ .................... 30
8. એકતા .................... 31
9. કર્તવ્ય .................... 33
10. કામ .................... 39
11. કામના .................... 41
12. કૃપા .................... 50
13. ગુણ-દોષ .................... 53
14. ગુરુ .................... 62
15. ચિંતન .................... 67
16. જીવન .................... 70
17. જ્ઞાન .................... 73
18. ત્યાગ .................... 80
19. ધન .................... 84
20. ધર્મ .................... 87
21. ધ્યાન .................... 89
22. ન્યાય .................... 91
23. પરદોષદર્શન .................... 93
24. પરમાત્મા .................... 97
25. પરમાત્મ-પ્રાપ્તિ .............. 103
26. પરિસ્થિતિ (અનુકૂળતા—પ્રતિકૂળતા) ...... 110
27. પ્રવૃત્તિ-નિવૃત્તિ .............. 114
28. પ્રાર્થના .................... 116
29. પ્રેમ .................... 120
30. બૂરાઈ (પરદોષદર્શન) ......... 135
31. ભક્ત .................... 138
32. ભય .................... 141
33. ભોજન .................... 143
34. મન .................... 145
35. મમતા .................... 150
36. માનવ .................... 156
37. માનવ-સેવા-સંઘ .............. 163
38. મુક્તિ (કલ્યાણ) .............. 167
39. મૂક સત્સંગ .................... 170
40. મૃત્યુ .................... 176
41. યોગ .................... 179
42. રાગ-દ્વેષ .................... 181
43. રાજનીતિ .................... 184
44. રોગ .................... 187
45. લક્ષ્ય (ઉદ્દેશ્ય) .............. 191
46. વસ્તુ .................... 193
47. વિવેક .................... 198
48. વિશ્વશાંતિ .................... 201
49. વિશ્વાસ .................... 203
50. વિશ્રામ .................... 206
51. વૈરાગ્ય .................... 209
52. શરણાગતિ .................... 210
53. શરીર .................... 214
54. શિક્ષા .................... 221
55. સંકલ્પ .................... 223
56. સંઘર્ષ .................... 227
57. સંસાર (સૃષ્ટિ, વિશ્વ) .......... 229
58. સત્સંગ (જુઓ મૂક સત્સંગ) .... 234
59. સદુપયોગ .................... 238
60. સમાજ .................... 241
61. સાધક .................... 245
62. સાધન .................... 251
63. સામર્થ્ય (બળ) .............. 265
64. સુખ અને દુઃખ .............. 268
65. સુખભોગ .................... 278
66. સેવા .................... 282
67. સ્વરૂપ .................... 291
68. સ્વાધીનતા .................... 293
69. ‘છે’ .................... 295
70. પ્રકીર્ણ .................... 298
હૃદયઉદ્ગાર .................... 317

# અપ્રયત્ન (કંઈ ન કરવું)

1. કંઈ ન કરવાથી જીવન પોતાને માટે ઉપયોગી બની જાય છે અને સાચું કરવાથી જીવન જગતને માટે ઉપયોગી બની જાય છે.
   — સંતવાણી 6
2. એ નિયમ છે કે 'કરવાથી' જે કંઈ મળે છે, તે સદૈવ નથી રહેતું એટલે કે નિત્ય નથી. પરંતુ 'કંઈ ન કરવાથી' જે કંઈ મળે છે, તે સદૈવ રહે છે એટલે કે નિત્ય છે. — માનવકી માંગ
3. સાચું કરવાથી ખોટું કરવાનું પણ મટી જાય છે અને 'ન કરવાનું' પણ આપમેળે મટી જાય છે. — માનવકી માંગ
4. 'ન કરવાની' સ્થિતિમાં જે જીવન છે, તે મારું પોતાનું જીવન છે અને કામ 'કરવામાં' જે જીવન છે, તે સામાજિક જીવન છે.
   — માનવકી માંગ
5. એક ગહન વાત છે કે વર્તમાનમાં જેનો અનુભવ થશે, તેના માટે કોઈ પણ પ્રયત્ન અપેક્ષિત નહિ રહે..... પ્રયત્ન તો ઉદ્ભવે છે અહમ્-ભાવથી, અને અનુભવ થાય છે અહમ્ મટવાથી. ..... અનુભવને માટે અપ્રયત્ન જ પ્રયત્ન છે. — માનવકી માંગ
6. જે જીવન ઉત્પત્તિ-વિનાશ-રહિત છે અને જેનાથી દેશ-કાળ પણ દૂર નથી, તેને તો વર્તમાનમાં જ અપ્રયત્નરૂપી પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાય છે. — માનવકી માંગ
7. 'કરવું'નો જન્મ કોઈ ને કોઈ તૃષ્ણાથી જ થાય છે. 'ન કરવું' તેને જ પ્રાપ્ત થશે, જે તૃષ્ણાથી રહિત છે. — માનવકી માંગ
8. જ્યારે 'આપણે કંઈ નથી કરતા', ત્યારે તેઓ આપણને બધું જ આપે છે. જ્યારે આપણે સાચું કરીએ છીએ, ત્યારે પણ આપણી

ઉત્તરોત્તર ઉન્નતિ થાય છે અને જ્યારે આપણે ખોટું કરીએ છીએ, ત્યારે પણ તેઓ દુઃખરૂપે પ્રગટ થઈને સચેત કરે છે.

— માનવકી માંગ

9. મમતા રાખીને, તૃષ્ણા રાખીને શું અપ્રયત્ન થઈ શકીએ ખરા ? કદાપિ નહિ. — સંતવાણી 7

10. શ્રમ દ્વારા તેને જાણી શકાય છે, જેનાથી દેશ, કાળ વગેરેની દૂરતા હોય. જે દેશ, કાળ વગેરેની દૂરતાથી રહિત છે, તેનો પરિચય શ્રમરહિત થવાથી જ શક્ય છે. — માનવ-દર્શન

11. કરવાનો રાગ છે, ત્યાં સુધી અપ્રયત્ન થવું શક્ય નથી.

— માનવ-દર્શન

12. પ્રાકૃતિક નિયમ મુજબ બધા જ પ્રયત્નો કર્યા પછી જેની પ્રાપ્તિ થાય છે, કંઈ ન કરવા છતાં પણ તેની જ ઉપલબ્ધિ થાય છે. પણ કંઈ ન કરવાને માટે સામર્થ્ય તથા વિવેકને અનુરૂપ નિષ્કામ કર્તવ્યપાલન અનિવાર્ય છે. — માનવ-દર્શન

13. કરેલી સાધના સાધકના અહંભાવને જેમ છે તેમ સુરક્ષિત રાખે છે.

— મૂક સત્સંગ

14. કરવાથી જે કંઈ મળે છે, તે સદા નથી રહેતું. જે સદા નથી રહેતું, તે માનવ-જીવનનું ચરમ લક્ષ નથી બની શકતું. — મૂક સત્સંગ

15. વાસ્તવિક માંગની જાગૃતિ શ્રમરહિત થવાથી જ થાય છે. કામનાઓની પૂર્તિ માટે શ્રમ અપેક્ષિત છે અને શ્રમને માટે શરીરાદિ સાધનોની જરૂરિયાત હોય છે. — મૂક સત્સંગ

16. શ્રમનું સંપાદન શરીરાદિ વિના શક્ય નથી. પરંતુ સતનો સંગ કરવા માટે તો શરીરના સહયોગની પણ જરૂરિયાત રહેતી નથી. તે તો શ્રમરહિત થવાથી આપમેળે થઈ જાય છે. — મૂક સત્સંગ

17. સત્સંગ શ્રમરહિત થવાથી આપમેળે થઈ જાય છે. શ્રમરહિત થવાને માટે પ્રાપ્તનો સદુપયોગ, જાણી લીધાનો પ્રભાવ અને સાંભળ્યું છે તેમાં અવિચળ આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ જરૂરી છે. — મૂક સત્સંગ

18. પોતાને માટે કંઈક કરવું છે– એ અસતનો સંગ છે. — મૂક સત્સંગ
19. 'અકર્મણ્ય' તો તે હોય છે, જે બીજાના કર્તવ્ય પર નજર રાખે છે; અને 'અપ્રયત્ન' તે હોય છે, જે નિષ્કામતાને અપનાવે છે. અપ્રયત્ન ઘણું મોટું સાધન છે. અકર્મણ્યતા બહુ મોટું અસાધન છે. — સંતવાણી 5
20. કંઈ ન કરવાનો સંકલ્પ પણ શ્રમ છે. — મૂક સત્સંગ
21. જેને પોતાને માટે કંઈ પણ કરવાનું બાકી નથી, તે જ વિશ્વ-પ્રેમ, આત્મરતિ તથા પ્રભુપ્રેમથી પરિપૂર્ણ બને છે, જે વાસ્તવિક જીવન છે. — મૂક સત્સંગ
22. કરવાની વાસનાનો ત્યાગ કરવાથી સાધકને તે પ્રાપ્ત થાય છે, જે કરવાથી નથી થતું. — સંત-સૌરભ
23. 'ન કરવા'થી અવિનાશીનો સંગ આપમેળે થાય છે. — મૂક સત્સંગ
24. 'કરવા'ના આધારથી કોઈ રીતે તેમને મેળવી શકતા નથી; કેમ કે કરનારા મજૂર હોય છે. — સંત-પત્રાવલી 1
25. કરવાનો સંબંધ પરહિતમાં ભલે હોય, પરંતુ તેનાથી પોતાના લક્ષની પ્રાપ્તિ થતી નથી. — માનવ દર્શન
26. જેને કાંઈ જોઈતું નથી, તેને પોતાના માટે કંઈ કરવાનું નથી. જેને કાંઈ નથી કરવાનું, તેનું દેહ વગેરે વસ્તુઓ સાથે તાદાત્મ્ય નથી રહેતું. — મૂક સત્સંગ
27. શ્રમરહિત થયા વિના અસંગતા ઉદિત થતી નથી અને અસંગતાના વિના જડતા, પરાધીનતા વગેરે વિકારોનો નાશ થતો નથી. — મૂક સત્સંગ
28. કોઈ પણ માનવને પોતાના માટે કંઈ કરવાનું નથી. દેહાભિમાનના કારણે કરવાની રુચિ પેદા થાય છે, જે અવિવેક-સિદ્ધ છે. — મૂક સત્સંગ
29. યોગ, બોધ તથા પ્રેમ વર્તમાનની વસ્તુ છે. આ જ કારણે તેની સાધના શ્રમરહિત છે. શ્રમનો આરંભ અહંભાવથી થાય છે, જે કામના-પૂર્તિને માટે અપેક્ષિત છે. — પાથેય

30. જ્યારે વિશ્વાસુ આસ્તિક સાધકને પોતાને માટે કંઈ પણ કરવાનું નથી, ત્યારે ભલા કોઈ પણ પ્રવૃત્તિ તેને ક્યારે સ્પર્શી શકે છે ?
— પાથેય
31. કોઈ પણ સાધકને પોતાને માટે તો કંઈ પણ કરવાનું છે નહિ, કારણ કે નિર્મમતા, નિષ્કામતા, અસંગતા વિચાર-સિદ્ધ છે, શ્રમ-સાધ્ય નથી અને શરણાગતિ શ્રદ્ધા-સિદ્ધ છે. — પાથેય
32. કરવાનું એ જ છે કે કરવાનું કંઈ નથી. માત્ર પ્રેમાસ્પદના અસ્તિત્વ અને મહત્ત્વને અપનાવવાનું છે. — પાથેય
33. 'કરવા'નો અંત પ્રિય છે, 'કરવું' પ્રિય નથી. 'કરવા'ની આસક્તિ છૂટ્યા વિના સાધક આ રહસ્ય જાણી શકતો નથી.
— સત્સંગ ઔર સાધન
34. કંઈ ન કરવાનો અર્થ આળસ તથા અકર્મણ્યતા નથી, બલકે જે 'છે' તેનો સંગ કરવાનો ઉપાય 'કંઈ ન કરવું' છે. જેનાથી વિભાજન થઈ જ શકતું નથી, અલગતા થઈ જ શકતી નથી, તેનાથી અભિન્ન થવામાં 'કંઈ ન કરવું' જ હેતુ છે. બસ આ જ 'મૂક-સત્સંગ' છે.
— સત્સંગ ઔર સાધન
35. જેને પોતાને માટે કંઈ પણ કરવું બાકી નથી, તે જ ખરેખર કર્તવ્યનિષ્ઠ બની શકે છે. જ્યાં સુધી સાધકને પોતાને માટે કંઈ કરવાનું છે, ત્યાં સુધી પૂરેપૂરી કર્તવ્યપરાયણતા આવતી નથી.
— સત્સંગ ઔર સાધન
36. 'કંઈ ન કરવા'ની સ્થિતિ, જે કરવું જોઈએ, તેના કરવાથી અર્થાત્ પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગથી અથવા નિષ્કામતાથી ઉદિત ચિર-વિશ્રામ પ્રાપ્ત થવાથી, અથવા અસંગતાપૂર્વક સ્વાધીનતાથી અભિન્ન થવાથી અથવા અવિચળ આસ્થા, શ્રદ્ધા તેમજ વિશ્વાસ-પૂર્વક શરણાગત થવાથી જ આવે છે. તેનાથી પહેલાં 'ન કરવાનું' ગાણું ગાવું અકર્મણ્યતા, આળસ, પ્રમાદ, અસાવધાની વગેરેને જ પોષિત કરવાનું છે, જે બધી રીતે ત્યાજ્ય છે.— દુઃખકા પ્રભાવ
37. દેહાભિમાન છૂટે તે માટે કોઈ પણ શ્રમ-સાધ્ય ઉપાયની જરૂર નથી, બલકે આ તથ્યને અપનાવી લેવાનું છે કે પોતાના માટે કંઈ

નથી કરવાનું. કંઈ ન કરવાની સ્થિતિમાં દેહનું તાદાત્મ્ય આપોઆપ મટી જાય છે. — સફલતાકી કુંજી

38. અપ્રયત્ન થવા માટે મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેનો સદુપયોગ કરવાનો છે; પરંતુ તેના બદલામાં કંઈ નહિ જોઈએ– એ વાસ્તવિકતામાં દૃઢ રહેવાનું છે. — સફલતાકી કુંજી

39. એ માની લેવું કે જ્યારે આપણે કંઈ કરીશું, ત્યારે જ કંઈ મળશે, કર્યા વિના કંઈ નથી મળતું– આ ધારણામાં આસ્થા કરનાર માનવ અવિનાશી જીવનથી વિમુખ થાય છે. — સફલતાકી કુંજી

40. જેનું કંઈ નથી અને જેને કંઈ જોઈતું નથી, તેને પોતાના માટે કંઈ પણ કરવાનું શેષ રહેતું નથી અર્થાત્ તે અપ્રયત્ન બની જાય છે. — સફલતાકી કુંજી

41. બિચારો વિષયી તો વિષય-પ્રવૃત્તિના અંતે શક્તિહીનતા મટાડવાને માટે આરામ કરે છે. આરામ ક્રિયા નથી હોતી, એ સૌ જાણે છે. તેથી આ રીતે તે 'ન કરવા'નું શરણ લે છે; પરંતુ તેની રુચિમાં વિષય-પ્રવૃત્તિ વિદ્યમાન રહે છે; તેથી આરામથી શક્તિ મેળવીને તે પાછો વિષય-પ્રવૃત્તિ કરે છે. પરંતુ ભક્ત પોતાને સમર્પણ કરી 'ન કરવા'ની અવસ્થાને પ્રાપ્ત થાય છે. ભક્તની રુચિમાં પ્રેમપાત્રનું મિલન વિદ્યમાન છે; તેથી સમર્પણ થવાથી મિલનનો અનુભવ થાય છે. જિજ્ઞાસુ અસંગતાના ભાવથી 'ન કરવા'નો અનુભવ કરે છે. તેની રુચિમાં તત્ત્વ-સાક્ષાત્કાર વિદ્યમાન છે; તેથી 'ન કરવા'થી તે તત્ત્વજ્ઞાનનો અનુભવ કરે છે. — સંત-સમાગમ 1

42. જે રીતે ફાંસીનો કેદી બધી જ સજાઓથી છૂટી જાય છે, તે જ રીતે સદ્ભાવપૂર્વક સમર્પણ કરનારો 'કરવા'થી છૂટી જાય છે. પ્રેમપાત્ર એવા પ્રેમીનું ધ્યાન કરે છે, આવે છે અથવા તેનાથી પ્રેમ કરે છે. 'કરવું' ત્યાં સુધી છે, જ્યાં સુધી કરવાની શક્તિ હોય. પ્રેમની પૂર્ણતા થવાથી કરવાની શક્તિ બાકી નથી રહેતી એટલે કે મટી જાય છે. — સંત-સમાગમ 1

43. પ્રત્યેક કરવાનું 'ન કરવા'ને માટે હોય છે. એટલા માટે કરવાનું ત્યારે જ સાર્થક છે કે 'કરવાનું' ન રહે. — સંત-સમાગમ 1

44. એવી કોઈ કમી નથી, જેની પૂર્તિ ''ન કરવા'થી ન થાય.

— સંત-સમાગમ 1

45. કોઈ જાતની કામનાઓ શેષ ન રહેવી એ જ અક્રિયતા છે; કેમ કે આપ્તકામ અક્રિય હોય છે. — સંત-સમાગમ

46. વ્હાલા, કરવાની શક્તિનો અંત થવાથી તો સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે; કેમ કે જે 'કંઈ નથી કરતો, તે સૌથી મોટો છે, ત્યાં સુધી કે તે ઈશ્વરનો પણ ઈશ્વર તથા ગુરુઓનો ગુરુ, પ્રેમીઓનો પ્રેમ, જ્ઞાનીઓનું જ્ઞાન અર્થાત્ સર્વનું સર્વ કંઈ છે.' કંઈ ન કરવાને માટે જ સર્વ કંઈ કરવામાં આવે છે. — સંત-સમાગમ

47. અભિલાષા રાખીને 'હું કંઈ નથી કરતો' એવું કહેવું પોતે પોતાને છેતરવા સિવાય બીજું કાંઈ નથી. — સંત-સમાગમ 1

48. ક્રિયાનો અંત કરવાને માટે નિષ્ક્રિયતા સાધન છે, જીવનનું લક્ષ નથી. — સંત-સમાગમ

49. કરવાથી જે કંઈ મળે છે, તે પોતાને કામ નથી આવતું.

— સંતવાણી 8

❊ ❊ ❊

**નિજ-વિવેકનો પ્રકાશ માનવનું પોતાનું વિધાન છે. તે વિધાનને આધીન બુદ્ધિ, મન, ઈન્દ્રિયો, શરીર વગેરેને કર્મમાં લગાડવાનાં છે અથવા એમ કહો કે કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ શરીર, ઈન્દ્રિયો, મન વગેરેનો ઉપયોગ વર્તમાન કર્તવ્ય-કર્મમાં વિવેકના પ્રકાશમાં જ કરે છે. નિજ-વિવેકનો પ્રકાશ અવિવેકનો નાશક છે. અવિવેક નષ્ટ થતાં જ અકર્તવ્ય બાકી નથી રહેતું, જેના અભાવમાં કર્તવ્યપાલનમાં સ્વાભાવિકતા આવી જાય છે. આ દૃષ્ટિથી વિવેકયુક્ત મનુષ્યો જ કર્તવ્યનિષ્ઠ બની શકે છે. તેથી વિવેક-વિરોધી કર્મનું માનવ-જીવનમાં કોઈ જ સ્થાન નથી.**

# અસાધન

1. અસાધન બીજું કંઈ નથી, વિવેક-વિરોધી 'કર્મ' જ અસાધન છે, વિવેક-વિરોધી 'વિશ્વાસ' જ અસાધન છે અને વિવેક-વિરોધી 'સંબંધ' જ અસાધન છે. — સફલતાકી કુંજી
2. સાધકનો પુરુષાર્થ અસાધનના ત્યાગમાં જ છે. વિવેક-વિરોધી સ્વીકૃતિ, કર્મ-સંબંધ અને ચિંતન અસાધન છે. — સંત-ઉદ્‌બોધન
3. અસાધનના રહેતાં બળપૂર્વક કરેલું સાધન મિથ્યા અભિમાન જ પેદા કરે છે, જે સર્વ દોષોનું મૂળ છે. — સંત-ઉદ્‌બોધન
4. જે બની ચૂક્યું છે, તેનું ચિંતન કરવું અને તેના અર્થને ન અપનાવવું તે જ અસાધન છે. — સંત-ઉદ્‌બોધન
5. સુખ-દુઃખનો ભોગ અસાધન અને સદુપયોગ સાધન છે. — સંત-ઉદ્‌બોધન
6. અસાધનના રહેતાં બળપૂર્વક કરેલું સાધન સતની ચર્ચા તથા સતનું ચિંતન છે, સત્સંગ નથી. — મૂકસત્સંગ
7. સાધનનું અભિમાન જ અસાધનનું મૂળ છે અને અસાધનના જ્ઞાનમાં જ અસાધનનો નાશ છે. — સંત પત્રાવલી 2
8. સઘળાં અસાધનોની ઉત્પત્તિનું મૂળ જાણેલા અસતનો સંગ છે. — સંત પત્રાવલી 2
9. અસાધનની સાથેસાથે કરેલું સાધન કાળાંતરે ભલે ફળદાયક હોય પરંતુ વર્તમાનમાં સિદ્ધિદાયક નથી. — સંત પત્રાવલી 2
10. બળપૂર્વક કરેલું સાધન અસાધનને દબાવી દે છે, તેને મિટાવી શકતું નથી. એટલું જ નહિ, સાધક સાધન કરવાનું મિથ્યા અભિમાન વધારે કરી બેસે છે, જે બહુ જ ભયંકર અસાધન છે. — સત્સંગ ઔર સાધન

11. સઘળાં અસાધન અભિમાનમાં અને સઘળાં સાધન નિરાભિ-માનતામાં સમાયેલાં છે. — સત્સંગ ઔર સાધન
12. અસતના સંગથી અસાધનની ઉત્પત્તિ અને સતના સંગથી સાધનની અભિવ્યક્તિ આપમેળે થાય છે. — સત્સંગ ઔર સાધન
13. જે પ્રવૃત્તિ પોતાને માટે પ્રસન્નતા દેનારી ન હોય અને બીજાઓને માટે હિતકર ન હોય, તે અસાધન છે. — સફલતાકી કુંજી
14. અસાવધાનીની ભૂમિમાં જ અસાધનની ઉત્પત્તિ થાય છે. જે જાણીએ છીએ, તેને ન માનવું અને જે કરી શકીએ છીએ, તેને ન કરવું જ અસાવધાની છે. — ચિત્તશુદ્ધિ
15. અસાધનનો ત્યાગ બધા જ મત, સંપ્રદાય, વિચારધારાના સાધકોને માટે સમાન છે. — સાધન-તત્ત્વ
16. પોતાનાં સુખ-દુઃખનું કારણ કોઈ બીજાને માનવું અસાધનના સિવાય બીજું કંઈ નથી. — સાધન-તત્ત્વ
17. સુખના પ્રલોભનનું જ બીજું નામ અસાધન છે. — સંતવાણી 6

❊ ❊ ❊

**દરેક કર્મ કર્તાનું જ ચિત્ર છે. તેથી કર્તાની સુંદરતા તથા અસુંદરતાનો પરિચય તેના કરેલાં કર્મથી જ વ્યક્ત થાય છે. સુંદર કર્તા વિના સુંદર કાર્ય શક્ય નથી, કર્તા તે જ સુંદર બની શકે છે, જેનું કર્મ 'પર'ને માટે હિતકર સિદ્ધ હોય તથા કોઈને માટે અહિતકર ન હોય. તેથી કાર્યની શરૂઆત અગાઉ આ વિકલ્પ-રહિત નિર્ણય કરી લેવો જોઈએ કે તે કાર્યનું માનવ-જીવનમાં સ્થાન જ નથી, જે કોઈના પણ માટે અહિતકર છે. અહિતકર કાર્યનો અર્થ છે કે જે કોઈના વિકાસમાં બાધક હોય.**

# અહમ્

1. ‘મારું કંઈ નથી’ તો આ પણ આવી જશે કે, ‘મારે કંઈ નથી જોઈતું’. જ્યારે મારે કંઈ નથી જોઈતું તો ‘હું’ જેવી કોઈ ચીજ પણ રહી નહિ. — સંતવાણી 3
2. ન અહમ્ રહે, ન દુઃખી થવાનો ભય રહે, ન પરાધીન થવાનો ભય રહે. — સંતવાણી 5
3. આ સંસાર જે છે, તે ‘હું’ની ભીતર છે અને ‘હું’ જે છે, તે પરમાત્માની ભીતર છે. — સંતવાણી 7
4. જે મનુષ્ય રાત-દિવસ પોતાના અહમ્‌ના મહત્ત્વને જ વધારતો રહે છે, દુનિયા ઈમાનદારીથી તેનું મોં જોવું પસંદ કરતી નથી. — સંતવાણી 7
5. આ અહંરૂપી અણુ છે, જેનું મૂળ છે– લેવા-દેવાનો રસ. — સંતવાણી 7
6. સમસ્ત જગતનું બીજ અહમ્‌માં જ વિદ્યમાન છે. — મૂક–સત્સંગ
7. કામના અને જિજ્ઞાસાનો ડુંગરરૂપ ‘હું’ છે. ‘હું’ની આ પાર જગત અને પેલી પાર જે કોઈ હોય, તે. — સંતવાણી 7
8. અભેદ-ભાવના સંબંધથી સીમિત અહમ્‌ની અને ભેદ-ભાવના સંબંધથી સીમિત પ્યારની ઉત્પત્તિ થઈ ગઈ છે. — ચિત્તશુદ્ધિ
9. જેટલા ભેદ ઉત્પન્ન થાય છે, તે બધા સીમિત અહંભાવથી અને જેટલા સંઘર્ષ ઉત્પન્ન થાય છે, તે બધા સીમિત પ્યારથી. — માનવકી માંગ
10. શરણાગતિ વિના સીમિત અહંભાવનો સંપૂર્ણ નાશ થતો નથી. — માનવ-દર્શન

11. ‘અહમ્’ની પુષ્ટિ સંબંધમાં સત્યતા પ્રદાન કરે છે અને ‘મમ’ની પુષ્ટિ સંબંધિત વસ્તુઓ અને વ્યક્તિઓમાં પ્રિયતા પ્રદાન કરે છે અર્થાત્ જેને આપણે સ્વયંને માની લઈએ છીએ, તે આપણને ‘સત્ય’ ભાસે છે અને જેને આપણે પોતાના માની લઈએ છીએ, તે ‘પ્રિય’ માલૂમ પડે છે. — માનવકી માંગ
12. ભલાઈ અને બૂરાઈ જ્યારે બન્ને હોય છે, ત્યારે તો બને છે અહમ્, બને છે પરિછિન્નતા; અને જ્યારે બૂરાઈ બિલકુલ નથી રહેતી, સારું જ સારું રહી જાય છે, ત્યારે અહમ્નો નાશ થઈ જાય છે. દ્વન્દ્વમાં અહમ્ બને છે, દ્વંદ્વાતીતમાં અહમ્ નથી બનતું. — સંત-ઉદ્બોધન
13. ‘આ’થી વિમુખ થતાં જ ‘હું’ ‘તે’થી, જે દશ્યથી અતીત છે, અભિન્ન થઈ જાય છે. — માનવકી માંગ
14. ‘આ’ની મમતા તથા કામનાએ જ ‘હું’ને જીવિત રાખ્યો છે. — માનવ-દર્શન
15. જ્યારે જડ-ચેતનનું મિલન છે જ નહિ, ત્યારે તેના મળવાથી જે ઉત્પન્ન થયું તે ‘હું’ છે, આ પણ ભૂલ જ છે. — માનવ-દર્શન
16. સૃષ્ટિનું મૂળ બીજ અહમ્ છે. — માનવ-દર્શન
17. શાંતિ અને સ્વાધીનતાને આશ્રિત અહમ્-રૂપી અણુ રહી શકે છે, પરંતુ પ્રિયતામાં તો અહમ્ની ગંધ પણ નથી રહેતી. — માનવ-દર્શન
18. પ્રિયતાની જાગૃતિ વિના અહમ્-ભાવરૂપી અણુનો નાશ નથી થતો અને તે થયા વિના સર્વાંશમાં દૂરતા, ભેદ, ભિન્નતાનો નાશ નથી થતો. — સાધન-નિધિ
19. બધા સંસ્કાર અહંતામાં અંકિત રહે છે; પરંતુ અહંતા પરિવર્તિત થતાં પૂર્વ સંસ્કાર શેકાયેલા બીજની જેમ નિર્જીવ થઈ જાય છે અર્થાત્ તેમનામાં ઉપજવાની શક્તિ નથી રહેતી. પૂર્વ સંસ્કારોને નિર્જીવ કરવા માટે અહંતા-પરિવર્તન પરમ અનિવાર્ય છે. — સંત પત્રાવલી 1
20. *‘સબહિં નચાવત રામ ગોસાઈં’* આ તે ભક્તના હૃદયનો પોકાર છે કે જેનો અહંભાવ મટી ગયો હોય. — સંત પત્રાવલી 1

21. કર્તાભાવ-રહિત પ્રવૃત્તિ કોઈ પણ નિવૃત્તિથી કમ નથી, અને સંકલ્પયુક્ત નિવૃત્તિ કોઈ પણ પ્રવૃત્તિથી કમ નથી. — પાથેય
22. કોઈ ને કોઈ રીતનું સુખ જ અહમ્‌ભાવને જીવિત રાખે છે. — પાથેય
23. પ્રાકૃતિક વિધાન અનુસાર અહમ્‌રૂપી અણુમાં અસાધનનું બીજ પણ છે અને સાધનની માગ પણ. 'પરાધીનતામાં જીવન-બુદ્ધિ'— એ જ અસાધનનું બીજ છે અને 'સ્વાધીનતામાં સ્વાભાવિક પ્રિયતા'— એ જ સાધનની માગ છે. — સત્સંગ ઔર સાધન
24. 'આ'ની આસક્તિ અને જિજ્ઞાસા તથા પ્રિયતા જેમાં છે, તે જ 'હું' છે. — માનવ-દર્શન
25. અનિત્ય અને નિત્ય જીવનની મધ્યમાં અહંભાવરૂપી અણુ જ એક એવું આવરણ છે, જે દિવ્ય જીવનની દિવ્યતાને આ ભૌતિક જીવનમાં અવતરિત થવા દેતું નથી. — જીવન-દર્શન
26. સુખભોગની રુચિનો સર્વાંશમાં નાશ થતાં જ અહંરૂપી અણુ નષ્ટ થઈ જાય છે. — સફલતાકી કુંજી
27. અહંરૂપી અણુમાં સમસ્ત વિશ્વ અને અનંતમાં અહમ્ વિદ્યમાન છે. — સફલતાકી કુંજી
28. મમતાનો અંત થતાં જ બધી રીતની તૃષ્ણાનો અંત થશે અને તૃષ્ણારહિત થતાં જ અહંરૂપી અણુ સ્વતઃ તૂટી જશે— તેને માટે કોઈ અન્ય પ્રયત્ન અપેક્ષિત હોતો નથી. — જીવન-દર્શન
29. આપણે પોતાનામાંથી 'હું સર્વહિતૈષી છું', 'હું અચાહ છું' અથવા 'મારે પોતાને માટે સંસાર પાસેથી કંઈ જોઈતું નથી'— એવો અહંભાવ પણ ગાળી નાખવો જોઈએ. આ ત્યારે જ શક્ય બનશે, જ્યારે સર્વહિતકારી પ્રવૃત્તિ થવા છતાં પણ પોતાનામાં કરવાનું અભિમાન ન થાય અને ચાહરહિત થવા છતાં પણ 'હું ચાહરહિત છું' એવો ભાસ ન થાય. કારણ કે અહંભાવની હાજરીમાં કોઈ ખરેખર તૃષ્ણારહતિ થઈ શકતું નથી; કારણ કે સેવા તથા ત્યાગનું અભિમાન પણ કોઈ રાગથી ઓછું નથી. — જીવન-દર્શન
30. રાગ-નિવૃત્તિ થવાથી તે બધાં જ દુઃખોનો અંત થઈ જાય છે; જે સુખની દાસતાથી પેદા થયાં હતાં; પરંતુ 'હું વીતરાગ છું',

'હું શાંત છું', 'મારે કંઈ નહિ જોઈએ'— આ જે અહંનો અવાજ છે, તે શેષ રહી જાય છે. તેનો નાશ કોઈની સ્મૃતિથી જ થાય છે.

— જીવન-દર્શન

31. દૃષ્ટિનો ઉદ્‌ગમ અહમ્ છે અને અહમ્ પણ દૃશ્ય જ છે; કેમ કે જેની પ્રતીતિ થાય છે અને જે ભાસિત થાય છે, તે દૃશ્ય જ છે. આ દૃષ્ટિથી પોતાને અહમ્ રૂપી દૃશ્યથી પણ અસંગ થવાનું છે, જે એકમાત્ર અપ્રયત્નથી જ સાધ્ય છે. — સફલતાકી કુંજી

32. શરીરરૂપી વસ્તુમાં અહમ્-બુદ્ધિ થઈ જવાથી વસ્તુઓની કામના આપમેળે પેદા થાય છે; કેમ કે શરીર અને સૃષ્ટિમાં ગુણોની ભિન્નતા અને સ્વરૂપની એકતા છે. — ચિત્તશુદ્ધિ

33. જ્યાં સુધી અહમ્‌ભાવરૂપી અણુને તોડી નાંખવામાં ન આવે, ત્યાં સુધી ન તો ચિત્ત પણ શુદ્ધ થઈ શકે છે અને ન દિવ્ય ચિન્મય જીવનથી પણ અભિન્નતા થઈ શકે છે. — ચિત્તશુદ્ધિ

34. જેને પોતાનામાં સંયમ, સદાચાર તથા સેવાની પ્રતીતિ થાય છે, તે ખરેખરો સંયમી, સદાચારી તથા સેવક છે જ નહિ. પૂરેપૂરો અસંયમનો અંત સંયમના અભિમાનને ખાઈ જાય છે અને પછી સદાચાર તથા સેવા તો રહે છે પણ સદાચારી તથા સેવક નથી રહેતો. 'સેવક'થી રહિત જે સેવા અને 'સદાચારી'થી રહિત જે સદાચાર છે, તે જ હકીકતમાં સંયમ, સદાચાર તથા સેવા છે.

— ચિત્તશુદ્ધિ

35. તમામ ઇચ્છાઓ નિવૃત્ત થતાં જ અહંભાવ મટી જાય છે.

— સંત-સમાગમ

36. જે પોતાના વ્યક્તિત્વને મિટાવી દે છે, તેને પછી કોઈ પણ વ્યક્તિની ગુલામીની આવશ્યકતા રહેતી નથી; કેમ કે વ્યક્તિત્વને જ વ્યક્તિની આવશ્યકતા હોય છે. — સંત-સમાગમ 1

37. અસ્વાભાવિક અહંભાવ સમાધિ સુધી જીવિત રહે છે.

— સંત-સમાગમ 1

38. અહંભાવનું પરિવર્તન થવાથી ક્રિયા તથા ભાવનું પરિવર્તન સ્વયં થઈ જાય છે અને અહંભાવ મટી જતાં સર્વ કંઈ મળી જાય છે.

— સંત-સમાગમ 1

39. વસ્તુઓના સદુપયોગથી વસ્તુઓનો આશ્રય અને વ્યક્તિઓની સેવાથી વ્યક્તિઓનો સંબંધ બાકી નથી રહેતો, જેના ન રહેવાથી અહમ્ આપોઆપ મટી જાય છે. — સાધન-તત્ત્વ

40. અહમ્‌ના નાશમાં જ સ્વાધીનતા, ચિન્મયતા તેમજ અમરત્વની ઉપલબ્ધિ સમાયેલી છે અને અહમ્‌ના નાશમાં જ પરમ પ્રેમની અભિવ્યક્તિ થઈ શકે છે. — સાધન-તત્ત્વ

41. મોટા મોટા વૈજ્ઞાનિકો એ તો કહી શકે છે કે શરીરની ઉત્પત્તિ થઈ, પરંતુ કોઈ વૈજ્ઞાનિક એ નથી કહી શકતો કે 'હું'ની ઉત્પત્તિ થઈ. ...... 'હું'ની ખોજ કરી, તો 'છે' મળી ગયો અને 'હું' મટી ગયો. — સંતવાણી 8

42. જો તમે શાંતિમાં રમણ કરશો અથવા પોતાનામાં દિવ્ય ગુણોનો આરોપ કરીને પોતાનામાં સંતુષ્ટ થશો તો અહમ્‌રૂપી અણુ જેમ છે તેમ સુરક્ષિત રહેશે. જ્યાં સુધી તે સુરક્ષિત રહેશે, ત્યાં સુધી કોઈ ને કોઈ રૂપમાં સતથી દૂરતા રહેશે. — સંતવાણી 6

43. જ્યારે અમે અને તમે નિષ્પક્ષ ભાવથી વિચાર કરીશું તો ભાઈ! પેલા અહમ્‌નું સ્વરૂપ નીકળશે— પરાશ્રય. — સંતવાણી 4

44. અહમ્‌ભાવ મટતાં જ નિર્ગુણનો બોધ અને પ્રેમનો ઉદય સ્વતઃ સિદ્ધ છે. — માનવકી માંગ

❊ ❊ ❊

**કોઈ પણ કર્મ કર્મ-વિજ્ઞાનની વિરુદ્ધ કરવાથી સાંગોપાંગ સિદ્ધ થશે નહિ. તેથી દરેક કર્મ તે કર્મની વિધિ પ્રમાણે જ કરવું જોઈએ, જે વિજ્ઞાન-સિદ્ધ છે. કર્મ-વિજ્ઞાનની વિરુદ્ધ કરવામાં આવેલું કર્મ ફળદાયી થતું નથી. કર્મના બાહ્યરૂપમાં કર્મ સંબંધી જ્ઞાનની અપેક્ષા છે. તેથી દરેક કર્તાને કાર્યની શરૂઆત પહેલાં કાર્ય-સંબંધી જ્ઞાનનું સંપાદન જરૂરી છે.**

# આસ્થા

1. સંદેહ રહેતાં આસ્થા સજીવ થતી નથી. — માનવ-દર્શન
2. એ જરૂરી નથી કે આસ્થા વિવેકથી સમર્થિત હોય પણ એ જરૂરી છે કે આસ્થામાં વિવેકનો વિરોધ ન હોય. — માનવ-દર્શન
3. શંકા જોયેલામાં થાય છે, બોધ જાણેલાનો થાય છે અને આસ્થા શ્રવણ કર્યું તેમાં થાય છે. — માનવ-દર્શન
4. જ્યારે મળેલું અને જોયેલું પોતાને સંતુષ્ટ નથી કરી શકતાં, ત્યારે સ્વભાવથી જ જે જાણ્યું નથી તેમાં આસ્થા થાય છે. — માનવ-દર્શન
5. અધૂરા જ્ઞાનથી જિજ્ઞાસા જાગ્રત થાય છે, આસ્થા નહિ. આસ્થા એકમાત્ર તેમાં જ થઈ શકે છે, જેનો ક્યારેય પણ ઇન્દ્રિય તથા બુદ્ધિ-દૃષ્ટિથી અનુભવ કર્યો નથી. — માનવ-દર્શન
6. 'નથી'ની નિવૃત્તિમાં વિચાર અને 'છે'ની પ્રાપ્તિમાં આસ્થા જ સમર્થ છે. — માનવ-દર્શન
7. આસ્થા 'સ્વ' દ્વારા થાય છે. તેના માટે કોઈ કારણ અપેક્ષિત નથી. — માનવ-દર્શન
8. જેણે આસ્થા સ્વીકારી છે, તે કોઈ કરણ નથી, બલકે કર્તા છે. — માનવ-દર્શન
9. આસ્થાનો ઉપયોગ કામનાની પૂર્તિ તથા નિવૃત્તિમાં કરવો આસ્થાનો દુરુપયોગ છે. આસ્થાનો સદુપયોગ એકમાત્ર આત્મીયતાપૂર્વક પ્રિયતાની જાગૃતિમાં જ છે. — માનવ-દર્શન
10. આસ્થા દેખાયેલમાં તથા મળેલમાં થઈ શકતી જ નથી; બલકે તેમાં જ થઈ શકે છે, જેને જોયું જ નથી. — માનવ-દર્શન

11. મળેલનો ઉપયોગ કરી શકાય છે, તેમાં આસ્થા કરી શકાતી નથી. દેખેલ પર વિચાર કરી શકાય છે, આસ્થા નથી કરી શકાતી. સાંભળેલમાં આસ્થા કરી શકાય છે, તેના પર વિચાર કરવાની જરૂર નથી. — સાધન-નિધિ
12. સાંભળેલ પ્રભુની આસ્થા સ્વીકારવાથી મળેલ શરીર અને દેખેલ જગતની આસ્થા નિર્જીવ થઈ જાય છે. કારણ કે બે આસ્થાઓ એક સમયે જીવિત રહી શકતી નથી. — સાધન-નિધિ
13. વિચારશીલ માગના આધાર પર અને વિશ્વાસુ ભક્તો, સંતો તથા ગ્રંથોનાં આધાર પર તેમાં આસ્થા કરે છે, જે અગોચર છે. — સાધન-નિધિ
14. વિશ્વના રચયિતાનું વર્ણન તેની રચના નથી કરી શકતી; પરંતુ સાધક તેમાં અવિચળ આસ્થા કરી શકે છે. — સાધન-નિધિ
15. દેખેલ મળ્યું નહિ, કરેલનું પરિણામ ગમતું નથી, ત્યારે માનવ લાચાર બનીને સાંભળેલમાં આસ્થા કરે છે. — મૂક સત્સંગ
16. મળેલ તથા દેખેલમાં આસ્થા નથી રહી શકતી. હા, મળેલનો સદ્ઉપયોગ તથા દેખેલના પ્રતિ જિજ્ઞાસા થઈ શકે છે. — મૂક સત્સંગ
17. દાર્શનિકોના દૃષ્ટિકોણને અપનાવવો એ આસ્થા છે, દર્શન નથી. — માનવ-દર્શન
18. જિજ્ઞાસાની જાગૃતિ સંદેહની વેદનામાં સમાયેલી છે. સંદેહ-કાળમાં આસ્થાનો ભાર જિજ્ઞાસુ પર લાદી દેવો જિજ્ઞાસાને નિર્જીવ બનાવવી છે. — માનવ-દર્શન
19. ‘છે’માં આસ્થા ‘છે’ની પ્રાપ્તિનો અચૂક ઉપાય છે. — પાથેય
20. ‘આ’ને જાણો અને ‘તે’માં આસ્થા કરો. — દુઃખકા પ્રભાવ
21. આસ્થા તેમાં જ કરવામાં આવે છે, જે ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેથી અગોચર છે, જેને ભક્તોએ સાંભળ્યો છે અને જેની માંગ પોતાનામાં છે. — સફલતાકી કુંજી
22. સાધનનિષ્ઠ બનવા માટે દરેક સાધકની પોતાના સાધ્યમાં અવિચળ આસ્થા હોવી અનિવાર્ય છે. — સફલતાકી કુંજી
23. દૃશ્યની આસ્થાએ સાધ્યની આસ્થાને શિથિલ કરી છે. જો કે સાધ્યની માગ સાધકમાં વિદ્યમાન છે, પરંતુ દૃશ્યની આસ્થાએ માગને શિથિલ અને રુચિને બળવાન કરી દીધી છે. — સફલતાકી કુંજી

24. સાધ્યની આસ્થા, શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે દ્વારા શક્ય નથી, બલકે પોતાના જ દ્વારા પોતાના સાધ્યમાં આસ્થા કરવી શક્ય છે, એટલે કે દરેક સાધક પોતાના સાધ્યમાં આસ્થા કરી શકે છે. — સફલતાકી કુંજી

25. આસ્થા ત્યારે જ સજીવ બને છે, જ્યારે સાધક સાધ્યના મહત્ત્વને અપનાવીને સાધ્યમાં પોતાનાપણું સ્વીકાર કરે.

— સફલતાકી કુંજી

26. વિચાર તેના પર કરી શકાય છે, જે બુદ્ધિની સીમામાં હોય, સીમિત હોય, પરિવર્તનશીલ હોય. પણ જે શાશ્વત છે, અનંત છે અને અસીમ છે, તેના પર વિચાર કરી શકાતો નથી. તે તો આસ્થાનો વિષય છે. — સંત-ઉદ્‌બોધન

27. આસ્થાનો અર્થ છે 'પ્રભુ છે'. કેવા છે, ક્યાં છે, આપણે નથી જાણતા. એ જાણવાની બિલકુલ જરૂર નથી. એટલું જાણવું પર્યાપ્ત છે કે, 'પ્રભુ છે'. — જીવન-પથ

❊ ❊ ❊

**કર્મ-વિજ્ઞાન મુજબ સંપાદિત કાર્ય જો પવિત્ર ભાવથી ન કરવામાં આવે તો તેમાં સરસતા આવશે નહિ. સરસતા વિના કાર્ય યંત્રવત્ થશે. માનવની માંગ જ્યાં કર્મ-વિજ્ઞાન રહિત કાર્ય કરવાની છે, ત્યાં જ કાર્યની મધુરતા પણ તેને અભીષ્ટ છે. તેથી માનવે દરેક કાર્ય પવિત્ર ભાવથી ભાવિત થઈ કરવું અનિવાર્ય છે.**

# આસ્તિકતા—નાસ્તિકતા

1. જેનું અસ્તિ હર સમયે છે, તેની સ્વીકૃતિ 'આસ્તિકતા' છે. જેનું અસ્તિ હર સમયે નથી, તેની સ્વીકૃતિ 'નાસ્તિકતા' છે.

— સંત-સમાગમ

2. ઘણાય લોકો છે, જે પ્રભુને માને છે. ઘણાય લોકો છે જે સંસારની વાસ્તવિકતાને જાણે છે. મહત્ત્વની વાત એ છે કે તે જાણી લીધેલાનો પ્રભાવ જીવનમાં કેટલો છે; અને પેલા માની લીધેલાનો પ્રભાવ જીવનમાં કેટલો છે. — સફલતાકી કુંજી

3. ચિંતા નાસ્તિકને થાય છે, આસ્તિકને નહિ; કેમ કે જે રીતે પ્રકાશ અને અંધકાર એક સ્થળે નથી રહી શકતાં, એ જ રીતે આસ્તિકતા અને ચિંતા એક સ્થળે નથી રહી શકતાં. — સંત-સમાગમ 1

4. ભગવાનનું સ્મરણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે— એ વાત પણ આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં પણ મન ભગવાનમાં નથી લાગતું, તો આનાથી વધીને બીજી નાસ્તિકતા કઈ હશે ? આશ્ચર્ય એ વાતનું છે કે આપણે મહામૂર્ખ તેમજ નાસ્તિક હોવા છતાં પોતાને આસ્તિક તેમજ બુદ્ધિમાન માનીએ છીએ.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

5. ઈશ્વરમાં વિશ્વાસ કરો અને તેને પોતાનો માનો— આનું નામ ઈશ્વરવાદ છે. — સંતવાણી 8

6. 'ઈશ્વર છે' એટલું જ સમજીને સંતોષ ન કરો, બલકે તેનો અનુભવ કરવા માટે અખંડ પ્રયત્ન કરો. — સંત પત્રાવલી 1

7. સાચો ઈશ્વરવાદી અનીશ્વરવાદીમાં પણ ઈશ્વરનું દર્શન કરે છે.

— સંત-સૌરભ

8. વસ્તુ-વિશેષમાં ભગવદ્‌બુદ્ધિ થવી કોઈ મુશ્કેલ વાત નથી. પરંતુ આ અધૂરી આસ્તિકતા છે. પૂરી આસ્તિકતાનો અર્થ તો એ છે કે

ભગવાનથી ભિન્ન કંઈ છે જ નહિ. અત્યારે પણ નથી, પહેલાં પણ ન હતું અને ભવિષ્યમાં પણ નહિ હોય. — સંતવાણી 7

9. જ્યાં સુધી કંઈ પણ ચાહો છો, ત્યાં સુધી એ નથી કહી શકતા કે ઈશ્વર કંઈ નથી; કેમ કે માગવું જ પોતાનાથી મોટી સત્તાને સ્વીકાર કરી લેવું છે. — સંત-સમાગમ 1

10. ભગવાન નાસ્તિકોને પણ પ્રતિકૂળ નથી. ભૌતિકવાદી પણ જો ઉન્નતિ કરશે તો ભૌતિકતાના રૂપમાં તેઓ તેને મળશે.

— સંત-સમાગમ 2

11. કોઈ જરૂરિયાતનું હોવું એ જ અનંતની સત્તા સ્વીકાર કરવામાં સ્વતઃ સિદ્ધ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

12. એનું નામ પરમાત્માને માનીએ છીએ એમ કહેવાય કે આપણને પરમાત્મા જોઈએ છે, પરન્તુ પરમાત્મા દ્વારા આપણને કંઈ જોઈતું નથી. — સંતવાણી 8

13. ઈશ્વરને માનવા એક વાત છે અને તેના મુજબ પોતાનું જીવન બનાવી લેવું બીજી વાત છે. માત્ર ઈશ્વરને માની લઈએ પણ તેની સાથે પોતાપણું અને પ્રેમ ન હોય તો જીવન બદલાતું નથી.

— સંત-સૌરભ

14. પૂર્ણ આસ્તિકતા તો એ છે કે જગત અને પરમાત્માનું વિભાજન કદી થયું જ નથી. — સંતવાણી 7

15. પરમાત્માને માનવાની જરૂરત કેમ પડે છે ? માત્ર એટલા માટે પડે છે કે સદા-સદાને માટે સંસારમાં રહેવાવાળો કોઈ સાથી નથી મળતો. — સંતવાણી 3

16. જો તમે ભગવાનને માનો છો, તો તે માન્યતાનો પરિચય અમારા તમારા જીવનથી થાય, માત્ર વિચારોથી નહિ. આપણું જીવન જ કહી દે કે આપણે ભગવાનને માનીએ છીએ.— સંત-સમાગમ

17. ઊંડાણથી જુઓ, કોઈના હોવા માત્રનો કોઈ અર્થ નથી, જ્યાં સુધી કે તેની સાથે આપણો સંબંધ ન થાય અને કોઈની પણ સાથે સંબંધ ત્યાં સુધી નથી થતો, જ્યાં સુધી કે તેની આવશ્યકતા ન હોય. — સંત-સમાગમ 2

18. જે વ્યક્તિ કંઈ પણ જાણવા માંગે છે, તેણે 'ગુરુ' સ્વીકારી લીધા, અને જે વ્યક્તિ કંઈ પણ કરવા ચાહે છે, તેણે 'ધર્મ' સ્વીકારી લીધો, અને જેને પોતાનાથી કોઈ પણ મોટો દેખાય છે, તેણે 'ઈશ્વર' સ્વીકારી લીધા. — સંત-ઉદ્‌બોધન 17

19. જોયા વિના 'હું'ને માનો છો તો જોયા વિના 'છે'ને કેમ નથી માનતા ? — સંતવાણી 5
20. ઈશ્વર તો તેને જ કહે છે કે જેનું અસ્તિત્વ તમારા માનવા, ન માનવા પર નિર્ભર નથી. — પ્રેરણા પથ
21. ઈશ્વરવાદનો અસલી અર્થ છે કે, જે તેને માને છે તેનો પણ તે તેટલો જ છે; અને જે તેને નથી માનતો, તેનો પણ તે તેટલો જ છે. — પ્રેરણા પથ
22. ઈશ્વર તેમનો પણ છે, જે તેમનામાં વિશ્વાસ નથી કરતા. ઈશ્વરની સૂચીમાંથી તમારું નામ કપાશે નહિ. તમે માનો તો પણ અને ન માનો તો પણ. — સંતવાણી 3
23. ભગવાનની વિરુદ્ધ જે અવાજ ઉઠે છે, તે તર્કથી નથી ઉઠતો. તે અવાજ ઉઠે છે, ભગવાનને માનનારાઓના દુશ્ચરિત્રથી. બીજી કોઈ વાત નથી. ભગવાનને માનનારાઓ જો યોગ્ય માણસ હોય તો ભગવાનની વિરુદ્ધ કોઈ બોલી જ શકતું નથી. — સંતવાણી 3
24. લોકો ઈશ્વરને માનવા નીકળ્યા છે, શા માટે ? કે અમારી જે કામનાઓ છે, તે પૂરી થઈ જાય. આ ઈશ્વરવાદ નથી. — સંત-ઉદ્‌બોધન
25. પરમાત્મા ક્યાં છે, કેવા છે, શું છે— આની પાછળ પડ્યા વિના 'પરમાત્મા છે' એ માની લેવું જોઈએ. — સંત-ઉદ્‌બોધન
26. કોઈ મિલકત માલિક વિનાની અને કોઈ પણ ઉત્પત્તિ આધાર વિનાની હોતી નથી. તો પછી વિશ્વનો કોઈ માલિક નથી તથા ઉત્પત્તિનો આધાર નથી, એ કેવી રીતે બની શકે ? હા, એ જરૂર છે કે જે સૌનો માલિક તથા આધાર છે, તે એટલો ઉદાર છે કે તેમાં જો કોઈ આસ્થા ન કરે અથવા તેને કોઈ ન માને તો પણ તે સર્વનો પોતાનો છે. — માનવ-દર્શન
27. જો તમને તેમના વિના અનુકૂળતા પ્રિય છે, તો તે એવા પ્રકારની છે કે એક સુંદર ઓરડો સજાવેલો છે અને તમે મિત્ર વિનાના છો; એક સુંદર સ્ત્રી શૃંગાર કરે અને પતિથી વંચિત રહે, કે શરીર આત્મ-રહિત હોય. આસ્તિકવાદનું ન હોવું જીવનમાં એકલું પડી રહેવા જેવું છે. — સંત-સમાગમ 2

# ઉન્નતિ

1. શારીરિક ઉન્નતિ માટે 'સદાચાર' પરમ આવશ્યક છે, માનસિક ઉન્નતિ માટે 'સેવા' અને આત્મિક ઉન્નતિ માટે 'ત્યાગ' અત્યંત આવશ્યક છે. — સંત-સમાગમ 1
2. આત્મિક ઉન્નતિ થઈ જાય તો બીજી કોઈ ઉન્નતિની આવશ્યકતા નથી. — સંત-સમાગમ 1
3. જો તમે ભૌતિક ઉન્નતિ કરો છો, તો તેમાં સંયમ, સદાચાર, સેવા, ત્યાગ અને શ્રમ થવો જોઈએ. આસ્તિકવાદની ઉન્નતિ દૃઢતા, સરળતા, વિશ્વાસ અને શરણાગતિથી થાય છે અને અધ્યાત્મવાદની ઉન્નતિ વિચાર, ત્યાગ અને નિજ-જ્ઞાનના આદરથી થાય છે. — સંત-સમાગમ 2
4. દરેક સમસ્યા ઉન્નતિનું સાધન છે, ડરો નહિ. સમસ્યા-રહિત જીવન નકામું છે. સંસારમાં તેવાં જ પ્રાણીઓની ઉન્નતિ થઈ છે, જેમનાં જીવનમાં ડગલે-ડગલે સમસ્યા આવી છે. —સંત-સમાગમ 2
5. વિકાસને માટે જન્મ, સંસ્કાર તથા કર્મ ત્રણેય જરૂરી હોય છે. 'જન્મ' માત્ર છુપાયેલી શક્તિ છે, 'સંસ્કાર' તે છુપાઈ રહેલી શક્તિને જાગ્રત કરે છે, 'કર્મ' સંસ્કારને અનુરૂપ ફળ આપે છે. તેથી જે વર્ણમાં જન્મ થાય, તેને અનુરૂપ સંસ્કાર તથા સંસ્કારને અનુરૂપ કર્મ કરવાં ઉન્નતિને માટે અતિ આવશ્યક બની જાય છે. — સંત-સમાગમ 2
6. સંસાર આપણી આવશ્યકતા અનુભવે– એ ભૌતિક ઉન્નતિ છે, અને આપણને સંસારની આવશ્યકતા ન રહે– એ આધ્યાત્મિક ઉન્નતિ છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

7. જો તમે બીજાઓને માટે બોલો છો, બીજાઓને માટે સાંભળો છો, બીજાઓને માટે વિચારો છો, બીજાઓને માટે કામ કરો છો, તો તમારી ભૌતિક ઉન્નતિ થતી જશે. કોઈ બાધા નાખી શકતું નથી. જો તમે માત્ર પોતાને માટે વિચારો છો તો દરિદ્રતા કદી નહિ જશે. — સંતવાણી 8
8. હું તો એ નિશ્ચય પર પહોંચ્યો છું કે આપણા સૌનો વર્તમાન આપણા સૌના વિકાસમાં હેતુ છે; ભલે વર્તમાન દુઃખમય હોય કે સુખમય હોય. — સંતવાણી 4
9. મનુષ્યના વિકાસમાં જે પ્રેમનો વિકાસ છે, તે અંતિમ વિકાસ છે. સ્વાધીનતા બીજા નંબરનો વિકાસ છે અને ઉદારતા ત્રીજા નંબરનો વિકાસ છે. — સાધન-ત્રિવેણી 114

❊ ❊ ❊

**કર્મ તે જ સાર્થક સિદ્ધ થાય છે, જેનાથી સુંદર સમાજનું નિર્માણ તથા કરવાના રાગની નિવૃત્તિ થાય, એટલે કે કર્તા રાગરહિત બની જાય અને તેના દ્વારા કરેલું કર્મ સુંદર સમાજના નિર્માણને માટે વિધાન બની જાય. તેથી દરેક કર્મ માનવે સુંદર સમાજના નિર્માણ તથા રાગરહિત થવાના ઉદ્દેશ્યથી જ કરવું અનિવાર્ય છે.**

# ઉપદેશ

1. ઉપદેશ કરવાની જે સેવા છે, તે સૌથી નીચી કક્ષાની છે.
— સંતવાણી 4
2. તમે કોઈને તે ઉપદેશ નથી આપી શકતા, જે તે નથી જાણતો. જ્યારે તે પોતાનું જ જાણેલું નથી માનતો તો તમારું બતાવેલું માની લેશે ? — સંતવાણી 4
3. ખરું બતાવવાનું ફળ એ ન હતું કે લોકો આપણી પાછળ એવા ચોંટી જાય કે પીછો ન છોડે. ખરી વાત જણાવવાનું ફળ એ હતું કે એમને આપણી જરૂરત ન રહે અને જે કામ આપણે તેમની સાથે કર્યું, તે બીજાઓની સાથે કરવા લાગી જાય. એક સ્વાધીનતાનું સામ્રાજ્ય બની જાય. — સંતવાણી 4
4. આ જે ઉપદેશ આપવાની સેવા છે, એને શક્ય તેટલી ઓછી કરવામાં આવે. આ સેવાથી મેં ઘણી મુશ્કેલી સહી છે. આજે પણ સહેવી પડે છે. — સંતવાણી 4
5. જરા વિચારો, જેમના નિર્ણયમાં તમને અતૂટ શ્રદ્ધા નથી, તેમના ઉપદેશથી તમારું શું કલ્યાણ થશે ? — સંતવાણી 4
6. સૌથી મોટો ઉપદેશક કોણ છે ? જે પોતાના જીવન-આચરણ પરથી ઉપદેશ કરે છે, તે સૌથી મોટો વક્તા છે, સૌથી મોટો પંડિત છે, સૌથી મોટો સુધારાવાદી છે અને સૌથી હલકો કોણ છે ? જે પરચર્ચા કરીને ઉપદેશ કરે છે. ક્યારેક વ્યક્તિઓની ચર્ચા, ક્યારેક પરિસ્થિતિઓની ચર્ચા. — સંતવાણી 3
7. કર્તવ્યનિષ્ઠ બનવાથી જ કર્તવ્યપરાયણતા ફેલાય છે, સમજાવવાથી નહિ, ઉપદેશ કરવાથી નહિ, શાસન કરવાથી નહિ, ભય દેખાડવાથી નહિ, પ્રલોભન આપવાથી નહિ. — સંતવાણી 5
8. જે મનુષ્ય નેતા કે પ્રચારક બની જાય છે કે ઉપદેશક બની જાય છે, તેનું ચિત્ત શુદ્ધ બનવું મુશ્કેલ છે. — સંત-સૌરભ

# એકતા

1. આજે આપણે સ્વરૂપથી એકતા કરવાની જે કલ્પના કરીએ છીએ, તે વિવેકની દૃષ્ટિથી પોતાને દગો દેવો છે અથવા ભલીભોળી જનતાને બહેકાવવાનું છે. — માનવકી માંગ
2. બાહ્ય ભિન્નતાના આધાર પર કર્મમાં ભિન્નતા અનિવાર્ય છે પણ આંતરિક એકતા હોવાને કારણે પ્રીતિની એકતા પણ અત્યંત આવશ્યક છે. ..... નેત્રોથી જ્યારે જોઈએ છીએ, ત્યારે પગથી ચાલીએ છીએ. બન્નેની ક્રિયામાં ભિન્નતા છે પણ તે ભિન્નતા નેત્ર અને પગની એકતામાં હેતુ છે. તે જ રીતે બે વ્યક્તિઓમાં, બે વર્ગોમાં, બે દેશોમાં એકબીજાની ઉપયોગિતાને માટે જ ભિન્નતા છે. — માનવ-દર્શન
3. દરેક વ્યક્તિ, વર્ગ, દેશ જો બીજાઓની ઉપયોગિતામાં પ્રાપ્ત વસ્તુ, સામર્થ્ય તેમજ યોગ્યતા વાપરે તો એક-બીજાના પૂરક બની શકે છે અને પછી પરસ્પર સ્નેહની એકતા ઘણી જ સહેલાઈથી સુરક્ષિત રહી શકે છે, જે વિકાસનું મૂળ છે. — માનવ-દર્શન
4. આંતરિક એકતા વિના બાહ્ય એકતા નિરર્થક છે. ........... સંઘર્ષનું મૂળ આંતરિક ભિન્નતા છે, બાહ્ય નથી. હવે એ વિચાર કરવો પડશે કે આંતરિક ભિન્નતા શું છે ? તો કહેવું પડશે કે બાહ્ય ભિન્નતાના આધાર પર પ્રીતિનો ભેદ સ્વીકાર કરવો.

   — દર્શન ઔર નીતિ
5. પ્રાકૃતિક નિયમ મુજબ બે વ્યક્તિઓ પણ સર્વાંશમાં સમાન રુચિ, યોગ્યતા, સામર્થ્યવાળી નથી હોતી અને ન પરિસ્થિતિ પણ સમાન હોય છે. દેશ-કાળના ભેદથી પણ રહેણીકરણી વગેરેમાં ભેદ થાય છે; પરંતુ માનવમાત્રના વાસ્તવિક ઉદ્દેશ્યમાં કોઈ ભેદ હોતો

નથી. આ ઉદ્દેશ્યની એકતાના આધાર પર જ માનવસમાજે માનવમાત્રની સાથે એકતા સ્વીકારી છે. — दर्शन और नीति

6. શરીરનું મિલન ખરેખર મિલન નથી. લક્ષ તથા સ્નેહની એકતા જ સાચું મિલન છે. — સંત-સમાગમ 2

7. બે વ્યક્તિઓની પણ રુચિ, સામર્થ્ય તથા યોગ્યતા એક નથી; પરંતુ લક્ષ સૌનું એક છે. જો આ વૈધાનિક તથ્યનો આદર કરવામાં આવે તો ભોજન તથા સાધનની ભિન્નતા રહેવા છતાં પણ પરસ્પર એકતા રહી શકે છે. — મંગલમય વિધાન

8. પોતાના ગુણ અને પરાયા દોષ જોવાથી પારસ્પરિક એકતા સુરક્ષિત રહેતી નથી. — दर्शन और नीति

❊ ❊ ❊

**પ્રાપ્ત પરિસ્થિતિ મુજબ કર્તવ્યપાલનની જવાબદારી ત્યાં સુધી રહે જ છે, જ્યાં સુધી કર્તાના જીવનમાંથી અશુદ્ધ તથા અનાવશ્યક સંકલ્પો નષ્ટ ન થઈ જાય, આવશ્યક તથા શુદ્ધ સંકલ્પ પૂરા થઈને મટી ન જાય, સહજ ભાવથી નિર્વિકલ્પતા ન આવી જાય, આપમેળે આવેલી નિર્વિકલ્પતાથી અસંગતા ન થઈ જાય તથા અસંગતાપૂર્વક પ્રાપ્ત સ્વાધીનતાને સમર્પિત કરીને જીવન પ્રેમથી પરિપૂર્ણ થઈ ન જાય, ત્યાં સુધી કર્તવ્યપાલનથી પોતાને બચાવવો ભૂલ છે. તેથી પ્રાપ્ત પરિસ્થિતિને અનુરૂપ માનવે કર્તવ્યનિષ્ઠ થવું અનિવાર્ય છે.**

# કર્તવ્ય

1. જેને લોકો કર્તવ્યપરાયણતા કહે છે, તે 'ભૂમિ' છે. જેને લોકો યોગ કહે છે, તે 'વૃક્ષ' છે. જેને લોકો તત્ત્વજ્ઞાન કહે છે, તે 'ફળ' છે અને જેને લોકો રસ કહે છે, તે 'પ્રેમ' છે. — જીવનપથ
2. અકર્તવ્યના ત્યાગમાં તમારો પુરુષાર્થ છે. કર્તવ્ય-પાલન તો સ્વતઃ થાય છે. તેનું અભિમાન કરવાથી તો કર્તવ્ય અકર્તવ્યના રૂપમાં બદલાઈ જાય છે. — જીવન-પથ
3. વૈરાગ્ય થવાથી તો બધા પ્રકારના ધર્મ અને કર્તવ્યની સમાપ્તિ થઈ જાય છે. એવી જ રીતે આત્મરતિ અને પ્રેમની પ્રાપ્તિ થવાથી પણ કોઈ કર્તવ્ય શેષ રહેતું નથી. — સંત-ઉદ્‌બોધન
4. દુઃખીનું કર્તવ્ય છે ત્યાગ અને સુખીનું કર્તવ્ય છે સેવા. — માનવતાકે મૂલ સિદ્ધાંત
5. કર્તવ્યપરાયણતા આવી જવાથી અધિકાર માગ્યા વિના જ આવી જશે. — માનવકી માંગ
6. ચાહ-રહિત થવાથી કર્તવ્યપરાયણતાની શક્તિ આપમેળે આવી જાય છે. — માનવકી માંગ
7. દરેક માનવ બળ, યોગ્યતા અને પરિસ્થિતિમાં સમાન નથી. આ અસમાનતા જ કર્તવ્યની જનની છે. સમાનતામાં પ્રવૃત્તિ સંભવ નથી. એક સબળ બીજા સબળને શું કામ આવી શકે છે ? સબળ જ કોઈ નિર્બળને જ કામ આવી શકે છે. — સંત-ઉદ્‌બોધન
8. કર્તવ્ય પૂરું કરવાથી કોઈ અસ્તિત્વ જ શેષ રહેતું નથી..... કર્તવ્ય પૂરું થઈ જતાં કર્તાની જે આવશ્યકતા હતી, તેની પૂર્તિ થઈ જાય છે અને તેની પૂર્તિ થઈ જતાં કર્તાનું અસ્તિત્વ પોતાના લક્ષથી અભિન્ન થઈ જાય છે. — માનવકી માંગ

9. બીજાના અધિકારની રક્ષા કરવાથી કર્તવ્યપરાયણતા આપમેળે આવી જાય છે, અને પોતાના અધિકારના ત્યાગથી માનેલા બધા જ સંબંધ તૂટી જાય છે. — માનવકી માંગ
10. બીજાઓના અધિકારની રક્ષા અને પોતાના અધિકારનો ત્યાગ જ ખરેખર તો કર્તવ્ય છે. — માનવકી માંગ
11. ખરેખરું કર્તવ્ય તે જ છે, જેનાથી કોઈનું અહિત ન થાય અને કર્તવ્યપાલન કરવાથી કર્તા પોતાના લક્ષથી અભિન્ન થઈ જાય. — માનવકી માંગ
12. કર્તવ્યનિષ્ઠ થવાથી જીવન તથા મૃત્યુ બન્નેય સરસ બની જાય છે અને કર્તવ્યચ્યુત થવાથી જીવન નીરસ તથા મૃત્યુ દુઃખદ તેમજ ભયંકર થાય છે. — માનવકી માંગ
13. જે નથી કરી શકતા તેને, અને જે નહિ કરવું જોઈએ, તેને ન કરવાથી જે કરવું જોઈએ, તે આપમેળે થવા લાગે છે. આ દૃષ્ટિથી કર્તવ્યપરાયણતા સહજ તથા સ્વાભાવિક છે. — માનવ-દર્શન
14. કર્તવ્યનો પ્રશ્ન ‘પર’ના પ્રતિ છે, ‘સ્વ’ના પ્રતિ નહિ. કર્તવ્યનું સંપાદન જે ‘પર’થી પ્રાપ્ત છે, તેના દ્વારા થાય છે, ‘સ્વ’ના દ્વારા નહિ. આ દૃષ્ટિથી કર્તવ્ય પરધર્મ છે. — માનવ-દર્શન
15. જે પ્રવૃત્તિ પરહિત માટે નથી, તે કર્તવ્ય નથી.— માનવ-દર્શન
16. કર્તવ્યપાલન એટલું જરૂરી નથી, જેટલું અકર્તવ્યનો ત્યાગ. કારણ કે અકર્તવ્યનો ત્યાગ કર્યા વિના કરેલા કર્તવ્યની અભિવ્યક્તિ જ નથી થતી. — માનવ-દર્શન
17. કરેલાની ફળાસક્તિ પોતાને માટે અભીષ્ટ નથી. આનું કર્તવ્ય-પાલનમાં કોઈ સ્થાન નથી. — માનવ-દર્શન
18. કર્તવ્યપરાયણતા તે વિજ્ઞાન છે. જેનાથી માનવ જગતને માટે ઉપયોગી થાય છે, અને સ્વયં યોગ-વિજ્ઞાનનો અધિકારી થઈ જાય છે. — માનવ-દર્શન
19. સૃષ્ટિની વસ્તુ સૃષ્ટિના હિતમાં વાપરવી અનિવાર્ય છે, જે વાસ્તવમાં કર્તવ્યનું સ્વરૂપ છે. — માનવ-દર્શન

20. બીજાઓનાં કર્તવ્યની સ્મૃતિ પોતાના કર્તવ્યની વિસ્મૃતિમાં હેતુ છે અને કર્તવ્યની વિસ્મૃતિ જ અકર્તવ્યની જનની છે. આ દૃષ્ટિથી બીજાઓનાં કર્તવ્ય પર દૃષ્ટિ રાખવી જ પોતાનાં કર્તવ્યથી ચ્યુત થવું છે, જે વિનાશનું મૂળ છે. — માનવ-દર્શન
21. રાગ તથા ક્રોધના રહેતાં ન તો કર્તવ્યપાલનનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અને ન કર્તવ્યની સ્મૃતિ પણ જાગૃત થાય છે, તો પછી કર્તવ્યપાલન કેવી રીતે શક્ય છે ? — માનવ-દર્શન
22. કર્તવ્યનું અભિમાન અકર્તવ્યથી પણ વધારે નિંદનીય છે. કારણ કે અકર્તવ્યથી પીડિત પ્રાણી ગમે ત્યારે ય કર્તવ્યને રસ્તે ચાલી શકે છે, પરંતુ કર્તવ્યનો અભિમાની તો અકર્તવ્યને જ જન્મ આપે છે. — માનવ-દર્શન
23. કર્તવ્યનિષ્ઠ માનવની માંગ જગતને રહે છે. ...... જે કર્તવ્યનિષ્ઠ નથી, તેની જગતને કદી આવશ્યકતા હોતી નથી.— માનવ-દર્શન
24. કોઈ પ્રલોભનથી પ્રેરિત થઈ બળપૂર્વક કર્તવ્યપાલન કરવું એ વાસ્તવિક કર્તવ્યપરાયણતા નથી. — માનવ-દર્શન
25. કર્તવ્યપાલનમાં અસમર્થતા તથા પરતંત્રતા નથી, આ નિર્વિવાદ સિદ્ધ છે. — માનવ-દર્શન
26. જે કોઈને પણ બૂરા સમજે છે તથા કોઈનું પણ બૂરું ચાહે છે તેમજ જાણેલી બૂરાઈ કરી શકે છે, તે કદી પણ કર્તવ્યની વાસ્તવિકતાથી પરિચિત થઈ શકતો નથી. કર્તવ્યપાલનથી પહેલાં કર્તવ્યનું જ્ઞાન અનિવાર્ય છે. તે ત્યારે જ શક્ય બનશે, જ્યારે માનવ એ સ્વીકાર કરે કે હું કોઈને બૂરો સમજીશ નહિ. — માનવ-દર્શન
27. નિષ્કામ કર્તાથી જ કર્તવ્યપાલન થાય છે. — સાધન-નિધિ
28. પ્રાણોનું મૂલ્ય કર્તવ્યથી ઓછું છે. કર્તવ્યપાલનને માટે પ્રસન્નતાપૂર્વક પ્રાણોનો ત્યાગ કરી દેવો સાધન-નિધિ-સંપન્ન સાધકનો સહજ સ્વભાવ છે. — સાધન-નિધિ
29. કર્તવ્યનો સંબંધ પ્રાપ્ત પરિસ્થિતિથી છે. અપ્રાપ્ત પરિસ્થિતિનું આહ્‌વાન તે જ લોકો કરે છે, જે કર્તવ્યના નામ પર વ્યક્તિગત સુખભોગની રુચિમાં આબદ્ધ છે. — મૂક સત્સંગ

30. ભૌતિક વિકાસ કર્તવ્યપરાયણતાનું બાહ્ય રૂપ છે અને નિત્યયોગ કર્તવ્યપરાયણતાનું આંતરિક ફળ છે. — મૂક સત્સંગ
31. કર્તવ્યપરાયણતા સ્વભાવસિદ્ધ છે, શ્રમ-સાધ્ય નથી. કારણ કે પોતાને માટે કંઈ પણ નથી કરવાનું અને એ જ કરવાનું છે, જે કરી શકીએ છીએ, જેનાથી કોઈનું અહિત થતું નથી. — મૂક સત્સંગ
32. બીજાઓનાં કર્તવ્યને તે જ જુએ છે, જે પોતાના કર્તવ્યનું પાલન કરતો નથી. તેમણે કૃપા નથી કરી, એ કેવી રીતે જાણ્યું ? તમારે જે કરવાનું છે, તે કરી નાંખો. તેમને જે કરવાનું છે, તે પોતે કરશે. — સંત-પત્રાવલી
33. અધિકાર તો કર્તવ્યનો દાસ છે. જે પોતાના કર્તવ્યનું પાલન કરે છે, તેને ઇચ્છા વિના પણ અધિકાર સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. — સંત-પત્રાવલી
34. કર્તવ્યનો અંત યોગમાં, યોગનો અંત બોધમાં, બોધનો અંત પ્રેમમાં પરિણિત થઈ જાય છે. આ દૃષ્ટિથી કર્તવ્યપરાયણતા યોગની ભૂમિ છે, જે એકમાત્ર, જે નહિ કરવું જોઈએ, તેના ન કરવાથી જ સાધ્ય છે. — સંત-પત્રાવલી 2
35. માનવ કર્તવ્યપાલનમાં સ્વાધીન છે, પરંતુ લોભ, મોહ વગેરે વિકારોને કારણે કર્તવ્યપરાયણતામાં અનેક મુશ્કેલીઓ માલૂમ પડે છે. આવો મારો અનુભવ છે. — સંત-પત્રાવલી
36. જ્યાં સુધી આપણે માત્ર આપણા જ મનની વાત પૂરી કરતાં રહીશું, ત્યાં સુધી કર્તવ્યનિષ્ઠ નહિ બની શકીશું. કર્તવ્યનિષ્ઠ બનવાને માટે આપણે બીજાના અધિકારોની રક્ષા કરતા રહીને પોતાના અધિકારનો ત્યાગ કરવો પડશે. — જીવન-દર્શન
37. અધિકારની સ્મૃતિ કર્તવ્યની વિસ્મૃતિનું કારણ છે. કર્તવ્યની વિસ્મૃતિ જ અકર્તવ્યને જન્મ આપે છે. — દર્શન ઔર નીતિ
38. એવું કોઈ કર્તવ્ય હોઈ શકતું જ નથી, જેનો સંબંધ અપ્રાપ્ત પરિસ્થિતિથી હોય. જે કોઈએ જે કંઈ કરવું છે, તે પ્રાપ્ત પરિસ્થિતિમાં જ થઈ શકે છે. — દર્શન ઔર નીતિ

39. માનવ પોતાના માટે બીજાઓ દ્વારા જે ભલાઈની આશા રાખે છે, તે ભલાઈ તેણે કોઈ પ્રલોભન તથા ભય વિના બીજાઓ પ્રતિ કરવાની છે. આનાથી સુંદર કોઈ પણ કર્તવ્ય-વિજ્ઞાન હોઈ શકે નહિ. — દર્શન ઔર નીતિ

40. જેટલી માન્યતાઓ છે, તે કર્તવ્ય અને અકર્તવ્યની નિશાની માત્ર છે. જે માન્યતાઓથી અકર્તવ્યની ઉત્પત્તિ થાય છે, તે સૌને માટે ત્યાજ્ય છે અને જે માન્યતાઓ કર્તવ્યને જન્મ આપે છે, તે સૌને માટે માન્ય છે. — દર્શન ઔર નીતિ

41. કોઈના વિકાસને માટે કોઈનો હ્રાસ કરવો વિવેક-વિરોધી કામ છે. કર્તવ્યવિજ્ઞાનની દૃષ્ટિથી જે વિકાસના મૂળમાં કોઈનો વિનાશ છે, તેનું પરિણામ વિનાશ છે, વિકાસ નહિ. — દર્શન ઔર નીતિ

42. કર્તવ્યપાલનમાં અસમર્થતાની વાત મનમાં પણ ત્યારે જ આવે છે, જ્યારે આપણે પ્રાપ્ત સામર્થ્યનો ઉપયોગ સુખભોગમાં કરવા લાગીએ છીએ. — ચિત્તશુદ્ધિ

43. જે કર્તાને આધીન નથી, તેના પર દૃષ્ટિ રાખવી કર્તાનો દોષ છે. જેમ ખેતરમાં દાણા રોપવાનો ખેડૂતનો અધિકાર છે પણ તે દાણા પ્રાકૃતિક નિયમો મુજબ જ ઉગશે અને ફળ આપશે. — ચિત્તશુદ્ધિ

44. કર્તવ્યનું વાસ્તવિક જ્ઞાન તથા સામર્થ્ય તેને જ પ્રાપ્ત થાય છે, જે રાગ-દ્વેષરહિત હોય. — ચિત્તશુદ્ધિ

45. પોતાના પ્રતિ વેરભાવ, પોતાનો અનાદર, પોતાની હાનિ અને પોતાના પ્રતિ સ્નેહનો અભાવ કોઈ પ્રાણીને ગમતો નથી. જે પોતાને ગમતું નથી, તે જ બીજાઓ તરફ કરી નાખવું શું અકર્તવ્ય નથી ? અર્થાત્ અકર્તવ્ય છે. — ચિત્તશુદ્ધિ

46. પ્રાપ્ત સામર્થ્ય, યોગ્યતા અને વસ્તુને અનુરૂપ જ કર્તવ્યપાલન થઈ શકે છે. આ દૃષ્ટિથી કર્તવ્યપાલનમાં પ્રાણી સદા સ્વાધીન છે. — ચિત્તશુદ્ધિ

47. કર્તવ્યપરાયણતા સમસ્ત સાધનોની ભૂમિ છે. — ચિત્તશુદ્ધિ

48. પોતાનો અધિકાર બીજાનું કર્તવ્ય છે અને બીજાનો અધિકાર પોતાનું કર્તવ્ય છે. — ચિત્તશુદ્ધિ

49. જે પ્રવૃત્તિના મૂળમાં વાસ્તવિક ઉદ્દેશ્ય નથી, માત્ર પ્રવૃત્તિ-જનિત સુખ જ જેનો ઉદ્દેશ્ય છે, તે પ્રવૃત્તિ કદી પણ કર્તવ્યરૂપ બની શકતી નથી. — ચિત્તશુદ્ધિ

50. કર્તવ્યનિષ્ઠ પ્રાણીથી જનસમાજમાં પ્રયત્ન વિના જ સ્વાભાવિક કર્તવ્યપરાયણતા પ્રસરે છે. — સંત-સમાગમ 2

51. કર્તવ્યનું સાચું જ્ઞાન રાગ-દ્વેષ રહિત થવાથી જ થઈ શકે છે. — સંત-સમાગમ 2

52. એવી કોઈ વ્યક્તિ છે જ નહિ, જે પોતાના માટે બીજાઓ પાસેથી કર્તવ્યની આશા ન રાખતો હોય. આનાથી સ્પષ્ટ થાય છે કે કર્તવ્યની માંગ કર્તવ્યપાલનનો આદેશ આપે છે. — સાધન-તત્ત્વ

53. જગતની સત્તાનો સ્વીકાર કરતાં કર્તવ્યપરાયણતાને અપનાવી લેવી અનિવાર્ય છે. — સાધન-તત્ત્વ

54. વર્તમાન કર્તવ્ય-કર્મ આસ્તિકની પૂજા, અધ્યાત્મવાદીનું સાધન અને ભૌતિકવાદીનો સ્વધર્મ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

55. દરેક કાર્યની પાછળ કર્તાનો ‘ભાવ’ અને ભાવની પાછળ ‘જ્ઞાન’ અને જ્ઞાનની પાછળ ‘લક્ષ’ હોય છે. જ્યારે કર્તા એ માની લે છે કે મને જે કંઈ મળ્યું છે, તે મારું છે અને મારા માટે છે, ત્યારે તેની ભાવનાઓમાં અશુદ્ધિ આવી જાય છે, જે અકર્તવ્ય, અસાધન અને આસક્તિની જનની છે, જેનું માનવજીવનમાં કોઈ સ્થાન નથી. — પાથેય

❊ ❊ ❊

**આવશ્યક તથા શુદ્ધ સંકલ્પોની પૂર્તિના સુખની દાસતાથી તથા સંકલ્પ-નિવૃત્તિની શાંતિમાં રમણથી તેમજ અસંગતા દ્વારા મેળવેલ સ્વાધીનતાથી સંતોષ ન માનતાં, જ્યાં સુધી પ્રેમથી પરિપૂર્ણ ન થઈ જઈએ, ત્યાં સુધી સાવધાનીપૂર્વક ઉપર્યુક્ત ક્રમ મુજબ જવાબદારી પૂરી કરવી અનિવાર્ય છે.**

# કામ

1. કામ એટલે તેનું આકર્ષણ જેની સ્વતંત્ર સ્થિતિ નથી.
— સંતવાણી 3
2. જ્યાં સુધી સંસારની સત્યતા અને સુંદરતાનો ભાસ છે, ત્યાં સુધી કામ જ કામ છે. — સંતવાણી 3
3. જેને પોતાના શરીરમાં સત્યતા અને સુંદરતા દેખાય છે, તેનામાં જ કામ પેદા થાય છે. — સંતવાણી 3
4. પ્રેમથી પણ કામનો નાશ થાય છે અને વિચારથી પણ કામનો નાશ થાય છે. — સંતવાણી 3
5. જેનું કોઈ પ્રિય હોય છે, તેના મનમાં કદી નીરસતા આવતી નથી. નીરસતા ન આવે તો કામની ઉત્પત્તિ થતી નથી. કામની ઉત્પત્તિ થતી નથી તો વિકારોનો જન્મ જ થતો નથી. — સંતવાણી 3
6. દેહની તદ્રુપતા જ કામની જનની છે અને તત્ત્વ-જિજ્ઞાસા જ કામનું મૃત્યુ છે. — માનવકી માંગ
7. દેહની મલિનતાનું જ્ઞાન કામને ખાઈ જાય છે. — માનવકી માંગ
8. કામનો જન્મ પોતાને દેહ માનવાથી થાય છે, જે ખરેખર તો અવિવેક છે. — માનવકી માંગ
9. શરીરની સત્યતા તથા સુંદરતા મટી જવાથી કામનો અંત થઈ જાય છે. કામનો અંત થતાં જ રામ આપોઆપ આવી જાય છે.
— સંત-પત્રાવલી 1
10. જે સૌનો છે, તે જ પોતાનો છે. પોતાનો પોતાને સ્વાભાવિક પ્રિય હોય છે. જેનું કોઈ પ્રિય છે, તેના જીવનમાં નીરસતા રહેતી નથી. નીરસતાનો નાશ થતાં જ કામ આપમેળે નષ્ટ થઈ જાય છે. — સફલતાકી કુંજી

11. ખિન્નતાની ભૂમિમાં જ કામની ઉત્પત્તિ થાય છે અને કામની ઉત્પત્તિ જ અસ્વાભાવિક ઇચ્છાઓને જન્મ આપે છે. — ચિત્તશુદ્ધિ
12. સમસ્ત આસક્તિઓનો અંત થઈ જતાં પણ પ્રાણી કામરહિત થઈ જાય છે અને પ્રેમની પ્રાપ્તિથી પણ કામરહિત થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
13. બુદ્ધિ અને વિવેકની વચ્ચે જે અહંભાવ છે, તેમાં કામનો નિવાસ છે. આ જ કારણે કામના અને જિજ્ઞાસા બન્નેય અહંભાવમાં રહે છે. — ચિત્તશુદ્ધિ
14. પરિવર્તનશીલ, સીમિત સૌંદર્ય જ કામનું સ્વરૂપ છે અથવા એમ કહો કે ઉત્પત્તિ-વિનાશયુક્ત વસ્તુઓમાં સત્યતા, સુંદરતા તેમજ પ્રિયતાનો ભાસ જ 'કામ' છે. — ચિત્તશુદ્ધિ
15. દેહાભિમાનથી કામની ઉત્પત્તિ થાય છે અને દેહાભિમાન ગળી જતાં કામનો અંત થાય છે. — સંત-સમાગમ 2
16. શત્રુ એવા આ કામ પર વિજય મેળવવા માટે સાધકે ઘણી જ સાવધાની તથા વિવેકપૂર્વક કઠોર સાધના કરવી પડશે, જેનો પહેલો પાઠ એકલા રહેવું, પોતાની પાસે પૈસા ન રાખવા અને સેવા સિવાય બધો સમય સાર્થક ચિંતનમાં પસાર કરવાનો છે. — સંત-સમાગમ 2
17. વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ તેમજ અવસ્થા પ્રત્યે આકર્ષણને 'કામ' કહે છે અર્થાત્ 'નથી (અનિત્ય)'ના આકર્ષણનું નામ જ 'કામ' છે. અનિત્યના આકર્ષણનો અસ્વીકાર કરવાથી અને 'છે' (પ્રભુ)નું અસ્તિત્વ સ્વીકાર કરવાથી 'કામ'નો નાશ થઈ જાય છે અને રામ મળી જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
18. શરીરની સત્યતા તથા સુંદરતા તેમજ ઇન્દ્રિયજન્ય જ્ઞાન પ્રત્યે જ્યાં સુધી સદ્ભાવ છે, ત્યાં સુધી કામનો અંત થવા પામતો નથી. — માનવતાકે મૂળ સિદ્ધાંત
19. જ્યારે સાધક પ્રાપ્ત વિવેક દ્વારા શરીરના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરી લે છે, ત્યારે શરીરની સત્યતા અને સુંદરતા મટી જાય છે. તેના મટતાં જ કામનો અંત થઈ જાય છે. — સંત-સૌરભ

# કામના

1. જે કંઈ નથી ચાહતો, તે જ પ્રેમ કરી શકે છે અને તે જ મુક્ત થઈ શકે છે. — માનવકી માંગ 34
2. કામનાની ઉપસ્થિતિમાં જિજ્ઞાસા પૂરી થતી નથી. — સંતવાણી 4
3. જે કાળે સઘળી કામનાઓ નાશ થાય છે, તે જ કાળે જિજ્ઞાસાની પૂર્તિ થાય છે. — સંતવાણી 4
4. શું તમે ક્યારેય એ વિચાર્યું છે કે તમારો તમારા મન પર એટલો અધિકાર છે કે તમારા મનમાં ખોટી વાત ન આવે ? અમારામાં તો નથી, તે માટે અમે હંમેશાં કહીએ છીએ કે 'હે પ્રભો ! તમારા મનની વાત પૂરી થાય.' શા માટે કહીએ છીએ ? આ એટલા માટે કહીએ છીએ કે અમને ભરોસો નથી કે મનમાં ક્યારે બૂરી વાત આવી જાય ! — સંતવાણી 4
5. મારો પોતાનો હમણાં સુધીનો અનુભવ છે કે જે આપણે ચાહીએ છીએ તે ન થાય, આમાં જ આપણું હિત છે. અમે તો જ્યાં સુધી પોતાના મનનું માન્યું છે, પોતાના મનની વાત કરી છે, તો પતન સિવાય, અવનતિ સિવાય અમને તો પરિણામમાં કાંઈ મળ્યું નથી....... હું તમારી સામે મારી અનુભૂતિ જણાવી રહ્યો છું અને આનાથી લાભ લેવા ઇચ્છો તો પોતાનું ચાહ્યું ન કરો. પ્રભુનું ઇચ્છેલું થવા દો. પ્રભુ તે જ ઇચ્છે છે, જે આપોઆપ થઈ રહ્યું છે. — સંતવાણી 4
6. અચાહ થવું એટલે જીવતે-જીવ મરવું છે. — સંતવાણી 3
7. નિર્મમ થયા વિના કોઈ નિષ્કામ બની શકતું નથી. — સંતવાણી 5
8. જે તમે ચાહો છો, તે થતું નથી, એટલા માટે તમે ભાગ્યહીન નથી. તમે ચાહો છો, એટલા માટે ભાગ્યહીન છો અને એ જાણતા હોવા છતાં કે જે ચાહીએ છીએ, તેવું થતું નથી, છતાં પણ ચાહો છો. — સંતવાણી 5

9. જ્યારે આપણે કંઈ લેવા નથી ચાહતા, ત્યારે શરીરથી સંબંધ નથી રહેતો અને જ્યારે શરીરથી સંબંધ નથી રહેતો, ત્યારે યોગ થઈ જાય છે. — સંતવાણી 5
10. જો આપણે અચાહ થઈ જઈએ અને મૃત્યુથી ન ડરીએ તો અમર જીવન મળે છે. — સંતવાણી 3
11. કામના જો પૂરી થાય છે તો વિધાનથી, કામનાથી નહિ. વસ્તુ જો રહે છે તો વિધાનથી, મમતાથી નહિ. — સંતવાણી 6
12. જે પરમાત્મા પાસેથી કંઈ પણ ઇચ્છે છે, તે પરમાત્માને કદી પસંદ કરતો નથી. પરમાત્માને તે જ પસંદ કરે છે, જે પરમાત્માથી કંઈ ચાહતો નથી. — સંતવાણી 7
13. જે કંઈ નથી ચાહતો, તે જ નિર્ભય હોય છે અને બીજાઓને નિર્ભય બનાવે છે. — સંતવાણી 7
14. હે પ્રિય ! તું પોતાનો છે. તારી પાસેથી બીજું કંઈ નહિ જોઈએ. કેમ નહિ જોઈએ ? કેમ કે પોતાપણાથી વધીને પણ કોઈ બીજી ચીજ હોત તો અમે જરૂર માંગત. — જીવન-પથ
15. જો બધાનાં મનની વાત પૂરી નથી થઈ અને અમારા પણ મનની વાત પૂરી નથી થઈ, તો આપણે પોતાના માટે એક નવું વિધાન કેમ ઇચ્છીએ છીએ ? — પ્રેરણા પથ
16. પોતાને સંસાર કરતાં વધારે કીમતી બનાવો, તો તમે અચાહ બની જશો. — સંત-ઉદ્બોધન
17. સંસાર સાથે સંબંધ છે, સેવા કરવા માટે અને પરમાત્મા સાથે સંબંધ છે પ્રેમ કરવા માટે. ન સંસારથી કંઈ જોઈએ, ન પરમાત્માથી કંઈ જોઈએ. — સંત-ઉદ્બોધન
18. પોતે દેહથી અતીત છે એવો અનુભવ કરવાથી કોઈને પણ સંસારની ચાહ રહેતી નથી. — માનવકી માંગ
19. ઇચ્છારહિત થવાથી કોઈ નુકસાન નથી થતું. કેમ કે ઇચ્છાપૂર્તિ થયા પછી પણ પ્રાણી તે જ હાલતમાં આવી જાય છે, જે ઇચ્છાની ઉત્પત્તિના પહેલાં હતી. તો પછી ઇચ્છાપૂર્તિ કરવાનો પ્રયત્ન પણ નકામો સાબિત થયો. — માનવકી માંગ
20. જો આપણે ઇચ્છા-પૂર્તિનું સુખ લેતાં રહીશું તો ફરીથી ઇચ્છાઓ પેદા થતી રહેશે અને આ ચક્કર ચાલતું જ રહેશે.— માનવકી માંગ

21. અચાહ બનતાં જ 'કરવું' 'થવા'માં વિલીન થઈ જાય છે પછી કોઈ પ્રકારનું અભિમાન શેષ નથી રહેતું. — માનવકી માંગ
22. આસ્તિક એ સારી રીતે જાણે છે કે જે વાત મારા મનની નથી, તે મારા પ્રિયતમના મનની છે. — માનવકી માંગ
23. તેઓ જ ઇચ્છારહિત બની શકે છે, જેમણે પોતાનું બધી રીતે પેલા અનંતને સમર્પણ કરી દીધું છે. — માનવકી માંગ
24. કામનાઓનો અંત થતાં જ અસતથી અસંગતા પ્રાપ્ત થાય છે, જે અસતના જ્ઞાનમાં હેતુ છે. — માનવ દર્શન
25. સતત પરિવર્તનમાં સ્થિતિ સ્વીકાર કરવી ભૂલ છે. આ ભૂલથી જ કામનાઓ પેદા થાય છે. — સાધન-નિધિ
26. માંગ તેની થાય છે, જે પ્રત્યક્ષ નથી અને કામના તેની થાય છે, જે પ્રત્યક્ષ છે. — માનવ-દર્શન
27. મળેલામાં અહમ્-બુદ્ધિ અને મમ-બુદ્ધિ સ્વીકારવાથી જ કામનાઓ પેદા થાય છે. — સાધન-નિધિ
28. કોઈ અભ્યાસથી કામનાઓનો નાશ નથી થતો. — સાધન-નિધિ
29. કામનાની પૂર્તિમાં પરાધીનતા છે, ત્યાગમાં નથી.— સાધન-નિધિ
30. નિષ્કામતા એક વાસ્તવિકતા છે. આ દૃષ્ટિએ સત્સંગથી નિષ્કામતા અને નિષ્કામતાથી સત્સંગ સ્વતઃસિદ્ધ થાય છે. કામના અસતનો સંગ ઉત્પન્ન કરે છે. અસતના સંગથી જ સઘળા વિકારો તથા અભાવો પેદા થાય છે. — સાધન-નિધિ
31. પરાધીન પ્રાણીના જીવનમાં ન તો ઉદારતા આવે છે અને ન પ્રેમની પણ અભિવ્યક્તિ થાય છે. આ કારણે પરાધીનતાનો નાશ કરવો અનિવાર્ય છે, જે એકમાત્ર નિષ્કામતાથી જ સાધ્ય છે. — સાધન-નિધિ
32. કામનારહિત થતાં જ માનવનું મૂલ્ય સમસ્ત વિશ્વથી વધારે થઈ જાય છે અને તે વિશ્વના આશ્રય તથા પ્રકાશકના (પરમાત્માના) પ્રેમનો અધિકારી બની જાય છે. — સાધન-નિધિ
33. કામના માનવને સૌને માટે બિનઉપયોગી કરી દે છે. — સાધન-નિધિ
34. યોગ, બોધ અને પ્રેમથી વિમુખ કરવામાં કામના જ કારણ છે. — સાધન-નિધિ

35. અચાહ બનતાં જ સેવા અને પ્રેમ સહજ બની જાય છે.
— સાધન-નિધિ

36. પ્રિયતા અને ઉદારતા ત્યારે જ સુરક્ષિત રહે છે, જ્યારે સાધકને કોઈ પાસેથી કંઈ નહિ જોઈએ. — સાધન-નિધિ

37. કામના-પૂર્તિની આશામાં જે સુખદ કલ્પના છે, તે કામના પૂર્તિ કાળમાં નથી. — મૂક સત્સંગ

38. શાંતિ કોઈના આશ્રયથી અભિવ્યક્ત થતી નથી, પરંતુ નિર્મમતાથી સાધ્ય નિષ્કામતા જ શાંતિનું કારણ છે. — મૂક સત્સંગ

39. નિષ્કામ સાધકને જરૂરી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય પ્રદાન કરવા માટે પ્રકૃતિ આતુર રહે છે. — મૂક સત્સંગ

40. યોગીઓનો યોગ, વિચારશીલોનો બોધ તેમજ પ્રેમીઓનો પ્રેમ નિષ્કામતાની ભૂમિમાં જ પોષણ પામે છે. — મૂક સત્સંગ

41. જેને કાંઈ પણ જોઈએ છે, તે કોઈને પોતાનો કહી શકતો નથી અને ન તો તેની પ્રભુમાં અવિચળ આસ્થા સુરક્ષિત રહે છે અને ન તો તે બીજાઓથી સુખની આશાનો ત્યાગ પણ કરી શકે છે.
— મૂક સત્સંગ

42. જો કોઈ એમ કહે કે નિષ્કામ થવાથી તો ભૌતિક વિકાસ જ થશે નહિં; કારણ કે કામનાથી પ્રેરિત થઈને જ મનુષ્ય ભૌતિક ઉન્નતિમાં પ્રવૃત્ત થાય છે, પરંતુ વાસ્તવિકતા આ નથી. ભૌતિક વિકાસ પ્રાપ્ત પરિસ્થિતિના સદ્દુપયોગ અર્થાત્ વર્તમાન કર્તવ્ય-કર્મથી થાય છે..... ભૌતિક ઉન્નતિ કામનાયુક્ત પ્રાણીઓની થાય છે, એમાં લગીરે વાસ્તવિકતા નથી. — મૂક સત્સંગ

43. અપ્રાપ્તની કામના સિદ્ધ કરે છે કે આપણા જીવનમાં દરિદ્રતા છે.
— સંતવાણી 5

44. કામના કર્તવ્યપરાયણતામાં બાધક છે, સહાયક નથી. કામનાયુક્ત પ્રાણીની સદા પોતાના અધિકાર અને બીજાનાં કર્તવ્યો પર જ દૃષ્ટિ હોય છે. — મૂક સત્સંગ

45. કોઈ પણ પ્રકારની કામના ન રાખનારો ‘રાજાઓનો રાજા’; જે સમૃદ્ધ છે, તેની પાસેથી ઓછી કામના રાખનારો ‘ધનવાન’; શક્તિ પ્રમાણે કામના રાખનારો ‘મજૂર’; શક્તિથી વધારે કામના રાખનારો ‘કંગાળ’ છે. — સંત પત્રાવલી 1

46. કામના જ ક્રોધનું કારણ છે, ચાહે તે શુભ કામના હોય કે અશુભ. જો કે અશુભથી શુભ શ્રેષ્ઠ છે, પરંતુ શુભ કામના પણ દુઃખનું કારણ છે. — સંત પત્રાવલી 1
47. ઈચ્છાઓની ઉત્પત્તિ દુઃખનું મૂળ છે. ઈચ્છાઓની પૂર્તિ સુખનું મૂળ છે. ઈચ્છાઓનું મટી જવું આનંદનું મૂળ છે. — સંત પત્રાવલી 1
48. જો જીવન અને મરણની ઝંઝટોથી બચવા ઈચ્છો તો બધી જાતની ઈચ્છાઓનો અંત કરી નાંખો; કેમ કે ઈચ્છાઓની પૂર્તિને માટે જીવન મળે છે અને જીવનની ઉત્પત્તિને માટે મૃત્યુ થાય છે. — સંત પત્રાવલી 1
49. સર્વ કામનાઓનો અંત થઈ જતાં દૈવના આશરે શરીર છોડી દેવું સંન્યાસીનો ધર્મ છે, ક્ષત્રિયનો નહિ. — સંત પત્રાવલી 2
50. વ્યાજબી જરૂરિયાત મુજબ બધીય બાબતો આપોઆપ થતી રહે છે; પરંતુ કામનાપૂર્તિનું પ્રલોભન વ્યક્તિને શાંત રહેવા દેતું નથી. — પાથેય
51. ઈચ્છા-રહિત બનવામાં જ સઘળો વિકાસ સમાયેલો છે— આ મહામંત્ર અપનાવી લેતાં જે કરવું જોઈએ, તે આપમેળે થવા લાગે છે. — પાથેય
52. નિષ્કામતા આવી જતાં બધી જ પ્રકારની અનુકૂળતાઓ અપેક્ષાથી વધારે આવી જાય છે અને પ્રતિકૂળતાઓ ભયભીત કરી શકતી નથી. પરંતુ અનંતની અહૈતુકી કૃપાનો આશ્રય લીધા વિના નિષ્કામતાના સામ્રાજ્યમાં પ્રવેશ થતો નથી. — પાથેય
53. પ્રમાદવશ માનવ અભાવજનિત વેદનાને કામનાપૂર્તિના સુખથી નિવારવાનો મિથ્યા પ્રયાસ કરવા લાગે છે; જ્યારે કે દરેક કામનાપૂર્તિનું સુખ નવી કામનાને જન્મ આપે છે. — પાથેય
54. જેને કદી પણ કંઈ જોઈતું નથી, તે જ આપ્તકામ છે. આપ્તકામ બનતાં જ ભોગ, મોહ અને આસક્તિનો નાશ અને યોગ, બોધ તથા પ્રેમની પ્રાપ્તિ આપમેળે થાય છે. — પાથેય
55. નિષ્કામતા માનવ-જીવનનું ઐશ્વર્ય છે. નિષ્કામ બનવાથી માનવ વિશ્વવિજયી આપમેળે બની જાય છે. — પાથેય
56. ઈચ્છારહિત બનતાં જ ન તો પરાધીનતા રહે છે અને ન અશાંતિ રહે છે. — સંતવાણી 3

57. કામનાઓની નિવૃત્તિમાં જિજ્ઞાસાની પૂર્તિ અને જિજ્ઞાસાની પૂર્તિમાં પ્રેમની પ્રાપ્તિ રહેલી છે. — જીવન-દર્શન

58. આદરની કામના પ્રાણીમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી તે આદરને યોગ્ય નથી. — ચિત્તશુદ્ધિ

59. આપણે પોતાનામાં જે ચાહ પેદા કરી લીધી છે, એ જ આપણા અને પ્રભુની વચમાં મોટો પડદો કહો, ભલે ઊંડી ખીણ કહો, બની ગઈ છે. — સંત-ઉદ્‌બોધન

60. નિષ્કામતારૂપી સૂર્યની સન્મુખ થતાં જ છાયારૂપી વસ્તુઓ આપણી પાછળ દોડે છે અને વિમુખ થતાં જ આપણે છાયારૂપી વસ્તુઓની પાછળ દોડીએ છીએ પણ તેમને મેળવી શકતા નથી. — જીવન-દર્શન

61. પોતાને દેહ માની લેવાથી કામનાઓનો ઉદય થાય છે; કેમ કે એવી કોઈ કામના નથી, જેનો સંબંધ દેહથી ન હોય. — જીવન-દર્શન

62. જેને કંઈ પણ જોઈએ, તે ઉદાર તથા પ્રેમી નથી બની શકતો. — સફલતાકી કુંજી

63. ચાહરહિત બનવાથી સાધકના જીવનમાં આળસ તથા અકર્મણ્યતાની ગંધ પણ રહેતી નથી; કેમ કે ઇચ્છારહિત બનતાં જ પ્રાપ્ત સામર્થ્યનો સદુપયોગ પણ થવા લાગે છે અને આવશ્યક સામર્થ્યની અભિવ્યક્તિ પણ આપમેળે થાય છે.— સફલતાકી કુંજી

64. ચાહરહિત બનવાથી સાધકમાં કર્તવ્યપરાયણતા, અસંગતા તેમજ અભિન્નતાની અભિવ્યક્તિ થાય છે. — સફલતાકી કુંજી

65. નિષ્કામતા આવી જવાથી સાધક સમતાના સામ્રાજ્યમાં પ્રવેશ પામે છે, જે સર્વતોમુખી વિકાસની ભૂમિ છે. આ દૃષ્ટિથી નિષ્કામતા અનિવાર્ય છે. — સફલતાકી કુંજી

66. દરેક પ્રાણી કામના-પૂર્તિ પછી તે જ સ્થિતિમાં આવે છે, જે સ્થિતિમાં તે કામના-પૂર્તિથી અગાઉ હતો. આ દૃષ્ટિથી કામના-પૂર્તિનું કોઈ ખાસ મહત્ત્વ નથી. — ચિત્તશુદ્ધિ

67. કામના-પૂર્તિમાં જેટલું સુખ ભાસે છે, તેનાથી ક્યાંય વધારે તેના પરિણામમાં દુઃખ આપોઆપ આવે છે. — ચિત્તશુદ્ધિ

68. જોકે ઇચ્છાઓની ઉત્પત્તિથી પહેલાં પણ જીવન છે અને તેમાં કોઈ પ્રકારનો અભાવ નથી; પરંતુ તે જીવનની તરફ પ્રાણી ધ્યાન નથી આપતો. — ચિત્તશુદ્ધિ

69. એવો કોઈ દોષ છે જ નહિ, જેના મૂળમાં કોઈ કામના-ઉત્પત્તિ ન હોય અને એવું કોઈ દુઃખ છે જ નહિ, જેના મૂળમાં કામના-અપૂર્તિ ન હોય. — ચિત્તશુદ્ધિ

70. પ્રત્યેક શ્રમના મૂળમાં કોઈ ને કોઈ કામના રહે છે. તેની પૂર્તિને માટે જ શ્રમની અપેક્ષા છે. કામનાઓ જે ભૂમિમાં ઉપજે છે, તે ભૂમિ અવિવેકસિદ્ધ છે અર્થાત્ નિજ વિવેકના અનાદરમાં જ કામની ઉત્પત્તિ થાય છે અને કામથી જ કામનાઓ પેદા થાય છે. —ચિત્તશુદ્ધિ

71. ભગવાન ઇચ્છા પૂરી નથી કરતા, તેઓ તો ભક્તને ઇચ્છારહિત કરે છે. — સંત-જીવન-દર્પણ

72. ઇચ્છાઓના રહેતાં પ્રાણ ચાલ્યા જાય તો 'મૃત્યુ' થઈ ગયું અને પ્રાણ હોય અને ઇચ્છાઓ ચાલી જાય તો 'મુક્તિ' થઈ ગઈ. — સંત-જીવન-દર્પણ

73. જો કોઈ જાતની અભિલાષા બાકી છે તો સમજવું જોઈએ કે હજુ અનંત અભિલાષાઓ બાકી છે; કેમ કે ત્યાગ કુલનો થાય છે, જૂજ (થોડા)નો નહિ. — સંત-સમાગમ 1

74. ઇચ્છાઓ કમ થઈ જવી, એનું કોઈ મૂલ્ય નથી; કેમ કે જે રીતે એક બીજમાં અનંત વૃક્ષો છુપાયેલાં રહે છે, તેવી જ રીતે એક ઇચ્છામાં અનંત ઇચ્છાઓ છુપાયેલી રહે છે. — સંત-સમાગમ 1

75. સાચી ઇચ્છા ઝાઝો સમય સુધી રોકાતી નથી, પૂરી થઈ જાય છે અને બનાવટી ઇચ્છા ઝાઝો સમય રોકાય છે, પૂરી થતી નથી. — સંત-સમાગમ 1

76. જો આપણા મનની વાત બને છે તો સમજવું જોઈએ કે ભગવાન આપણને દૂર રાખવા ચાહે છે અને આપણા મનની વાત ન બની તો ભગવાન આપણને અપનાવવા ચાહે છે. — સંત-સમાગમ 2

77. બધી જાતની ઇચ્છાઓનો અંત થતાં જ નિર્વિકલ્પ સ્થિતિ આપમેળે થઈ જાય છે; કેમ કે કોઈ ને કોઈ જાતની ઇચ્છા થવાથી જ સંકલ્પો પેદા થાય છે અર્થાત્ નિર્વિકલ્પતા ભંગ થઈ જાય છે, જે ખરેખર તો પ્રમાદ છે. — સંત-સમાગમ 2

78. જે કંઈ પણ ચાહે છે, તે બનવામાં પ્રસન્ન અને કરવામાં સાવધાન નથી રહી શકતો. — સંત-સમાગમ 2

79. અસતની કામના જ અસતને જીવિત રાખે છે. — સાધન-તત્ત્વ

80. જો ભગવાનની પાસે કામના લઈને જઈશું તો ભગવાન સંસાર બની જશે અને સંસારની પાસે નિષ્કામ બનીને જઈશું તો સંસાર પણ ભગવાન બની જશે. તેથી ભગવાનની પાસે તેમને પ્રેમ કરવા માટે જઈએ અને સંસારની પાસે સેવા કરવા માટે અને બદલામાં ભગવાન અને સંસાર બન્નેથી કંઈ પણ ન ઈચ્છીએ તો બન્નેયથી પ્રેમ મળશે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

81. કામનાઓની ઉત્પત્તિનું મૂળ કારણ શરીરથી એકતા સ્વીકાર કરવી છે, જે વાસ્તવમાં ભૂલ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

82. જેનું કાંઈ નથી, ખરેખર તેને કંઈ નહિ જોઈએ. મમતાથી જ કામનાનો જન્મ થાય છે. — સંતવાણી 8

83. જ્યારે પોતાના મનની ઈચ્છાથી વિપરીત બને, ત્યારે સાધકે સમજવું જોઈએ કે હવે પ્રભુ પોતાના મનની વાત પૂરી કરી રહ્યા છે. — સંત-સૌરભ

84. જે આપણને જોઈએ તે આપણને માગ્યા વિના મળે છે અને જે માગ્યા વિના નથી મળતું, તે માગવાથી પણ નથી મળતું. તો પછી માગવાનો અર્થ શું થયો ? — સંતવાણી 8

85. જ્યાં સુધી આપણને તે જોઈએ, જે આપણામાં નથી, જે હમણાં નથી, તેનાથી અલગ જો જોઈએ છે, તો શું ગરીબી મટી જશે ? હા, ગરીબીનું રૂપ બદલાઈ જશે. કેવું બદલાઈ જશે ? જેમ 3/4 લખીએ છીએ તેને બદલે કોઈ 75/100 લખી દે. — સંતવાણી 8

86. પોતાને જે જોઈએ, તે પોતાનામાં છે. — સંતવાણી 8

87. પરમાત્મા પાસે જો કંઈ પણ માગીશું તો તમારો સંબંધ પરમાત્માથી તો રહેશે નહિ, જે આપણે માગીશું, તેની સાથે થઈ જશે. — સંતવાણી 8

88. સાચું કામ કરવાથી સંપૂર્ણ સંસાર તમારાથી પ્રસન્ન થઈ જશે અને કંઈ ન ચાહવાથી તમારી કિંમત સંસારથી વધારે થઈ જશે. — સંતવાણી 8

89. જ્યાં સુધી મનુષ્ય પોતાના મનની વાત પૂરી કરવા ઇચ્છે છે, ત્યાં સુધી તેનામાં છુપાયેલો હિંસા-ભાવ વિદ્યમાન રહે છે. કર્તાનો ભાવ જ હિંસા અને અહિંસામાં કારણ છે, ક્રિયા નહિ. ભાવથી જ ચિત્ત અશુદ્ધ બને છે અને ભાવથી જ ચિત્ત શુદ્ધ બને છે.

— સંત-સૌરભ

90. આપણે બધા એ નિર્ણય કરી લઈએ કે આજથી સાંભળનારાઓની ખુશીને માટે બોલીશું, ખવડાવનારની ખુશીને માટે ખાઈશું, મળનારાઓની પ્રસન્નતાને માટે મળીશું, તો બતાવો, તમે આમાં કયું તપ કર્યું ? જે સત્ય સામે આવ્યું, તેને અપનાવ્યું. આ સત્યને અપનાવવાથી તમે ઇચ્છારહિત બની જશો અને જગતને કામ આવી જશો. — સંતવાણી 7

91. કામના-પૂર્તિના અંતમાં આપણે તે જ સ્થિતિમાં આવી જઈએ છીએ, જે સ્થિતિ કામના-ઉત્પત્તિથી પહેલાં હતા. પરંતુ ફરી કામના-પૂર્તિના પ્રલોભનથી નવી કામનાને પેદા કરીએ છીએ.

— સંતવાણી 6

92. તમે વિચારો તો ખરા, જેનાથી તમે સુખની આશા કરો છો, શું તે સ્વયં દુઃખી નથી ? કોઈ નિર્ધન પાસે કોઈ ધનની આશા કરે, કોઈ નિર્બળ પાસે કોઈ બળની આશા કરે, તો આ આશા ભ્રામક નથી ? — સંતવાણી 5

93. જો તમે એ માનો છો કે સત્યની જિજ્ઞાસાની સાથે-સાથે અસતની કામના પણ છે, તો કહેવું પડશે કે સત્યની જિજ્ઞાસાના નામ પર કોઈ અસતનો જ ભોગ કરવા ચાહો છો. — સંતવાણી 4

94. આ પરાધીનતા જે જીવનમાં આવી ગઈ છે કે સંસાર અને પરમાત્મા મળીને અમારા મનની વાત પૂરી કરી દે, એટલે કે બીજા લોકો અમારે કામ આવી જાય, તો જીવનમાં પરાધીનતા, જડતા અને અભાવ રહેશે જ. — સંત-ઉદ્‌બોધન

❊ ❊ ❊

# કૃપા

1. આ નિર્વિવાદ સત્ય છે કે જે કંઈ આપમેળે બની રહ્યું છે, તેમાં તેમની અહૈતુકી કૃપા સૌનું કલ્યાણ કરી રહી છે. એટલુ ંજ નહિ, જે કંઈ બની રહ્યું છે, તેમાં તેમની કૃપાનું નિતનવું દર્શન છે, નિતનવા રસ છે. પરંતુ આનો અનુભવ તેમને થાય છે, જેઓ જે બન્યું, તેમાં સદા પ્રસન્ન રહે છે. — માનવકી માંગ
2. જો પૂર્વજન્મની સ્મૃતિ રહે તો પ્રગતિ કરવામાં વિઘ્ન આવશે. તેથી વિસ્મૃતિ ભગવત્કૃપા છે; કારણ કે જરૂરી છે.
— સંત-સમાગમ 1
3. કૃપા જોકે સૌ પર થાય છે, પરંતુ તે કૃપાનો અનુભવ ત્યારે થાય છે, જ્યારે આપણે બધી રીતે તેના બની જઈએ છીએ. પ્રેમપાત્ર સિવાય કોઈ સત્તાનો સ્વીકાર ન કરવો—એ જ તેમના બની જવું છે. — સંત-સમાગમ 1
4. પોતાના દોષ જોવાની દૃષ્ટિનું ઉત્પન્ન થવું ભગવાનની ખાસ કૃપા છે. — સંત-સમાગમ 2
5. તેમની અહૈતુકી કૃપા જરૂરી વસ્તુ માગ્યા વિના જ આપી દે છે અને બિનજરૂરી માગવા છતાં પણ નથી આપતી. આ દૃષ્ટિથી કંઈ પણ માગવું પોતાની મૂર્ખાઈનો પરિચય આપવો છે અને તેમના મંગળમય વિધાનનો અનાદર કરવો છે. — સંત પત્રાવલી 2
6. શું તે પણ ભગવાન હોઈ શકે છે, જે કૃપા ન કરે ? જો ભગવાન કૃપા ન કરત તો શું આપણને માનવ-જીવન મળત ? માનવ-જીવન મળવું એ જ તેમની આપણા પર અહૈતુકી કૃપા છે.
— માનવકી માંગ
7. મહાઘોર મોહરૂપી સમુદ્રથી શું કોઈ પણ પ્રાણી પોતાના બળે પાર થઈ શકે છે ? કદાપિ નહિ. તેમના બનીને જ તેમને પામી શકે છે અને તેમની કૃપામાત્રથી જ અનંત સંસારથી પાર થઈ શકે છે.
— સંત-સમાગમ 2

8. જે પોતાને સમર્પિત કરી દે છે, તે જ કૃપાનો અધિકારી છે. કામનાયુક્ત પ્રાણી સમર્પણ કરી શકતો નથી. —સંત-સમાગમ 1
9. શક્તિ ભગવાનનો સ્વભાવ છે, તેથી જ તે ભક્તોને તેમની કૃપાથી પ્રાપ્ત થાય છે. સીમિત સ્વીકૃતિઓનો ત્યાગ થતાં જ પતિતમાં પતિત પણ કૃપા-પાત્ર બની જાય છે. પ્રેમાસ્પદ કૃપા કરવા માટે રાહ જોઈ રહ્યા છે. તેથી આપણે જલદીમાં જલદી માનેલી સ્વીકૃતિઓથી અસંગ થઈ જવું જોઈએ. — સંત-સમાગમ 2
10. પ્રેમપાત્રની અહૈતુકી કૃપાનું બળ બધાં બળોથી શ્રેષ્ઠ છે; કેમ કે પ્રેમપાત્રની કૃપા પ્રેમપાત્રને મોહિત કરવામાં સમર્થ છે. તેથી જે પ્રાણીઓએ તેમની કૃપાનો આશરો લીધો, તે બધાં જ મુક્ત થઈ ગયાં. આ સિદ્ધાંત નિર્વિવાદ સત્ય છે. — સંત-સમાગમ 2
11. લોકો કહે છે કે 'ભગવાન ન્યાયકારી છે'; પરંતુ સાધકે તો એ જ સમજવું જોઈએ કે, 'તેઓ તો સદા દયા કરવાવાળા છે'. આ જ કારણ છે કે તેઓ આપેલી શક્તિનો દુરુપયોગ કરવાવાળાઓને દંડ નથી આપતા. — સંત-સૌરભ
12. સત્પુરુષોનો સંગ મળવામાં પ્રારબ્ધને કારણ નહિ માનવું જોઈએ. સત્પુરુષોનો સંગ ભગવાનની અહૈતુકી કૃપાથી મળે છે. — સંત-સૌરભ
13. દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપાનું દર્શન કરવાથી અને તેનો આદર કરવાથી ભગવાનની કૃપા ફળીભૂત થાય છે. — સંત-સૌરભ
14. જેના પર ભગવાનની કૃપા થાય છે, તેને દુનિયાની એવી થપ્પડો પડે છે કે પછી તે તેના તરફ મોં નથી કરતો. — સંત-સૌરભ
15. ભગવત્કૃપાનો અનુભવ એ સાધકને થાય છે, જેને તેમની કૃપા પર પૂરો વિશ્વાસ છે. જે હર સમયે, હર પરિસ્થિતિમાં તેમની કૃપાની જ રાહ જોતો રહે છે. — સંત-સૌરભ
16. કોઈ પણ સાધકે એવું ન સમજવું જોઈએ કે 'મને અમુક જાતની યોગ્યતા મળી નથી, એટલા માટે મને ભગવાન નથી મળી શકતા'. આવું માનવું ભગવાનના મહિમાને ન જાણીને તેમની કૃપાનો

અનાદર કરવો છે; કેમ કે ભગવાન પોતાની કૃપાથી પ્રેરિત થઈને જ સાધકને મળે છે. — સંત-સૌરભ

17. અંતિમ સાધન જીવનો પુરુષાર્થ નથી. તે તો ભગવાનની કૃપા છે, તેના પર સાધકે નિર્ભર રહેવું જોઈએ. — સંત-સૌરભ

18. 'દયા' તો દરેક દુઃખી પર થઈ શકે છે; પરંતુ જે દયાની સાથે આત્મીયતા અને પ્રેમનો ભાવ વધારે હોય, તેને 'કૃપા' કહી શકાય છે. — સંત-સૌરભ

19. પોતાના બળનું અભિમાન છોડીને સાધક જ્યારે એ વિકલ્પરહિત દૃઢ વિશ્વાસ કરી લે છે કે મારા પર ભગવાનની કૃપા જરૂર થશે, હું તેમનો કૃપાપાત્ર છું. તે જ સમયે તેના પર ભગવાનની કૃપા જરૂર થઈ જાય છે. આમાં કોઈ શંકા નથી. — સંત-સૌરભ

20. ભગવાનની કૃપા પર નિર્ભર રહેવું. ભગવાનની કૃપાથી જ મનુષ્ય ભગવાનને પામી શકે છે. — સંત-સૌરભ

21. અનંતની અહૈતુકી કૃપાનો આશરો લીધા વિના નિષ્કામતાના સામ્રાજ્યમાં પ્રવેશ થતો નથી. — પાથેય

22. પ્રભુ અનંત છે; તેમની કૃપા પણ અનંત છે; તેથી તેમની કૃપાથી જે કંઈ મળે છે, તે પણ અનંત હોય છે. પ્રભુની પ્રાપ્તિનું સાધન પણ પ્રભુની કૃપાથી જ મળે છે. — સંત-સૌરભ

23. તમે સાચું માનો, પેલા અનંતની અહૈતુકી કૃપા નિરંતર યોગની, જ્ઞાનની, પ્રેમની વર્ષા કરી રહી છે, પરંતુ દુઃખની વાત તો એ છે કે આપણે તે કૃપાની જે વૃષ્ટિ થઈ રહી છે, તેનો ઉપયોગ કરી શકતા નથી. તમે કહેશો, 'કેવી રીતે ઉપયોગ નથી કરતા ? શું આપણે થોડી થોડી વાર માટે શાંત થઈએ છીએ ? જો શાંત થતા હોત તો તમને જાતે અનુભવ થાત કે પ્રભુની કૃપાશક્તિ યોગ આપી રહી છે, પ્રેમ આપી રહી છે, જ્ઞાન આપી રહી છે અને આપણે તેનાથી તદ્રૂપ બની કૃતકૃત્ય થઈ રહ્યા છીએ.

— સંતવાણી

❊ ❊ ❊

# ગુણ-દોષ

1. મમતા-રહિત થતાં જ નિર્વિકાર જીવન રહે છે. — સંતવાણી 4
2. તમે વિચારો કે કોઈ પણ વસ્તુને જ્યાં તમે તમારી નથી માનતા તો બતાવો, શું વિકાર તમારા જીવનમાં રહેશે ? — સંતવાણી 4
3. તમે ભૂતકાળના આધાર પર વર્તમાનની નિર્દોષતાને કેમ દૂષિત કરો છો ? — સંતવાણી 4
4. પોતાનો અધિકાર છોડવાથી ક્રોધની નિવૃત્તિ થઈ જાય છે, એટલે કે ત્યારે આપણે રાગ અને ક્રોધથી રહિત થઈ જઈએ છીએ. — સંતવાણી 3
5. જે લોકો સાચા અર્થમાં નિર્લોભી બની ગયા, તેમની દરિદ્રતા મટી ગઈ. નિર્મોહી બની ગયા, તેમનો ભય મટી ગયો. નિષ્કામ બની ગયા, તેમની અશાંતિ મટી ગઈ. અસંગ બની ગયા, તેમની પરાધીનતા મટી ગઈ. — સંતવાણી 3
6. બધા જ દોષ દેહાભિમાનથી થાય છે. — માનવકી માંગ
7. ન્યાય પોતાના પ્રતિ અને પ્રેમ તેમજ ક્ષમા બીજાઓના પ્રતિ કરવાની છે. જો આપણે આવું નહિ કરીએ તો ન નિર્દોષ બની શકીશું ન નિર્વૈર. — માનવકી માંગ
8. ભૂતકાળના દોષને વર્તમાનમાં ન જુઓ. — માનવકી માંગ
9. જ્યારે દોષી નિજ વિવેકના પ્રકાશમાં પોતાનો દોષ જોઈ લે છે, ત્યારે દોષ બિચારો સત્તાહીન બની જાય છે. જો તેને ફરી કરવામાં ન આવે તો તે સદાને માટે નષ્ટ થઈ જાય છે. — માનવકી માંગ
10. જેવું આપણે જાણીએ છીએ, તેવું જ માનવું અને જેવું માનીએ છીએ તેવું જ આપણું જીવન બને. આમ બનતાં જ આપણે એકદમ સહેલાઈથી નિર્દોષ બની શકીએ છીએ. — માનવકી માંગ

11. જો ઇન્દ્રિયો સંસાર તરફ જાય છે તો તેમનો શું અપરાધ છે ? સંસારની જાતિની જ છે. પરંતુ તમે સંસારને કેમ પસંદ કરો છો ભાઈ ! એ કહેશો ? તમે તો ભગવાનની જાતિના છો. — સંતવાણી 5
12. જો દોષની સ્વતંત્ર સત્તા છે તો તેનું નામ દોષ હોય જ નહિ. જેની સ્વતંત્ર સત્તા હોય છે, તેમાં કોઈ દોષ નથી હોતો. — સંતવાણી 6
13. દોષ-જનિત સુખનું જે પ્રલોભન છે, તે પ્રલોભનની ભૂમિમાં ફરીથી દોષની ઉત્પત્તિ થાય છે. — સંતવાણી 6
14. જો મનુષ્ય પોતાના દોષોનો પરિત્યાગ કરી દે તો ગુણ ક્યાંયથી લાવવા નહિ પડશે, પરંતુ દોષો મટતાં જ આપમેળે ચમકી ઊઠશે. — સંત-ઉદ્‌બોધન
15. પ્રાકૃતિક નિયમ મુજબ મનુષ્યમાત્રને પોતાના દોષ જોવાનો વિવેક સ્વતઃ પ્રાપ્ત છે. — માનવકી માંગ
16. દોષોની નિવૃત્તિનો ભાસ ન થાય, ગુણોની અભિવ્યક્તિનો ભાસ ન થાય, ત્યારે સમજવું જોઈએ કે નિર્દોષતા સાથે એકતા થઈ ગઈ. — જીવન-પથ
17. ગુણોનું અભિમાન ત્યારે થાય છે, જ્યારે પ્રાણી સ્વાભાવિક ગુણોનો ત્યાગ કરીને દોષોને અપનાવ્યા પછી ફરીથી બળપૂર્વક દોષોને દબાવે છે અને જીવનમાં ગુણોની સ્થાપના કરે છે. — માનવકી માંગ
18. ‘નિર્લોભતા’ના વિના દરિદ્રતાનો, ‘નિર્મોહતા’ના વિના ભયનો, ‘નિષ્કામતા’ વિના અશાંતિનો અને ‘અસંગતા’ના વિના પરાધીનતાનો નાશ થતો નથી. આ દૈવી વિધાન છે. — સંત-ઉદ્‌બોધન
19. દેહાભિમાન રહેતાં ક્યારેય પણ, કોઈ પણ પરાધીનતા વગેરે વિકારોથી મુક્ત થઈ શકતા નથી. — સંત-ઉદ્‌બોધન
20. રાગની ભૂમિમાં જ સઘળા દોષ પેદા થાય છે. — માનવ-દર્શન
21. રાગ અને કામનાઓના કારણે અનેક પ્રકારના દોષ આપણા જીવનમાં આવી જાય છે. — સંત-ઉદ્‌બોધન
22. જો તમારામાં કોઈ દોષ હોય તો બધા જ કહેશે કે ‘તમે દોષી કેમ છો ?’ પરંતુ જો કોઈ દોષ ન હોય તો કોઈ નહિ કહેશે કે ‘તમે

નિર્દોષ કેમ છો ?' કારણ કે, પ્રશ્નાર્થ તેમાં જ લાગે છે, જે અસ્વાભાવિક હોય. જે સ્વાભાવિક છે, તેમાં પ્રશ્નાર્થ કરાતો નથી. — માનવકી માંગ

23. અવિવેકને કારણે જ્યારે આપણે પોતાને દેહ માની લઈએ છીએ, ત્યારે કામની ઉત્પત્તિ થાય છે. કામની પૂર્તિ થવાથી લોભ અને મોહ તથા કામની પૂર્તિમાં બાધા પડવાથી ક્રોધ અને દ્વેષ વગેરે દોષ ઉત્પન્ન થઈ જાય છે. — માનવકી માંગ

24. ગુણોના અભિમાને જ દોષોનો નાશ નથી થવા દીધો.

— સંત પત્રાવલી 1

25. જ્યારે આપણે પ્રમાદવશ તેમને પોતાના માની લઈએ છીએ, જે આપણા નથી અથવા જ્યારે આપણે તેમને પોતાના નથી માનતા, જે આપણા છે, ત્યારે જ બધા દોષ ઉત્પન્ન થાય છે. — માનવકી માંગ

26. પ્રતીતિના આકર્ષણે જ પરાધીનતા, પરિચ્છિન્નતા વગેરે વિકારોમાં બાંધી દીધા છે. — માનવ-દર્શન

27. દોષ તેને નથી કહેતા, જેને દોષી સ્વયં નથી જાણતો. દોષ અને નિર્દોષતાનું વિવેચન નિજજ્ઞાનના પ્રકાશમાં જ શક્ય છે. કોઈ માન્યતા તથા પ્રથાના આધાર પર નિર્દોષતા તથા દોષનો નિર્ણય કરવો વાસ્તવિક નિર્ણય નથી. — માનવકી માંગ

28. સમસ્ત દોષોનો અંત તેમને ન બેવડાવવામાં છે. કોઈ ગુણના દ્વારા દોષોનો નાશ નથી થતો, બલકે નિર્દોષતામાં જ સમસ્ત ગુણોની અભિવ્યક્તિ સ્વતઃ થાય છે. દોષ-રહિત થવાને માટે ગુણોના સંપાદનની અપેક્ષા નથી, બલકે વર્તમાન નિર્દોષતાને સુરક્ષિત રાખવાની છે, જે એકમાત્ર સ્વાધીનતાની ઉત્કટ લાલસાથી જ સાધ્ય છે, કારણ કે બધા જ દોષ પરાધીનતાથી જ પોષાય છે.

— મૂક સત્સંગ

29. આંશિક નિર્દોષતાનું અભિમાન સઘળા દોષોનું મૂળ છે.

— મૂક સત્સંગ

30. જે કોઈનું બૂરું નથી ચાહતો, તેના બધા જ દોષ સ્વતઃ મટી જાય છે. — ચિત્તશુદ્ધિ

31. પ્રાકૃતિક નિયમ મુજબ દરેક દોષમાં સઘળા દોષ રહેલા છે.

— મૂક સત્સંગ

32. કોઈ ને કોઈ ગુણના અભિમાનથી જ દોષોની ઉત્પત્તિ થાય છે. કારણ કે ગુણ-રહિત દોષ કદી જીવિત નથી રહી શકતો.

— સંત પત્રાવલી 2

33. એ નિયમ છે કે સાધનરૂપ જીવનથી સાધનનું અને અસાધનરૂપ જીવનથી અસાધનનો પ્રચાર આપમેળે થાય છે. જોકે અસાધનરૂપ માન્યતાઓને કોઈ પણ પોતે જાહેર નથી કરતો કે 'હું ચોર છું, દગો દેવાનું જાણું છું, મિથ્યાવાદી છું.' વગેરે; પરંતુ જીવન દ્વારા પેલા દોષોનો પ્રચાર આપમેળે થવા લાગે છે.

— જીવન-દર્શન

34. પ્રાકૃતિક નિયમ મુજબ એવી કોઈ અશુદ્ધિ છે જ નહિ, જે આપમેળે ન મટી જાય, પણ અશુદ્ધિ-જનિત જે સુખ છે, તેનો ત્યાગ આપણે કરતા નથી, આ કારણે અશુદ્ધિની પુનરાવૃત્તિ થતી રહે છે.

— ચિત્તશુદ્ધિ

35. ગુણોનું અભિમાન બધા જ દોષોની ભૂમિ છે. — જીવન-દર્શન

36. ગુણોની પૂર્ણતામાં અભિમાનનો ઉદય થતો નથી. — જીવન-દર્શન

37. એ નિયમ છે કે તે જ દોષ સુરક્ષિત રહે છે, જેને આપણે સહન કરતા રહીએ છીએ. — જીવન-દર્શન

38. જો દોષોને ન બેવડાવવામાં આવે તો બધા જ દોષ આપમેળે મટી જાય છે. — જીવન-દર્શન

39. સૌને સુખ દેવાના પ્રયાસને ગુણ કહે છે; પરંતુ એક જ શરીરને સુખી રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો તે દોષ બની જાય છે. આનાથી આ સ્પષ્ટ થાય છે કે ગુણને સીમિત કરી દેવો દોષ બની જાય છે. જે રીતે પ્રકાશની કમી જ અંધકાર છે, અંધકારનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી, તેવી જ રીતે ગુણની કમી જ દોષ છે, દોષનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. — જીવન-દર્શન

40. 'આ' ને 'હું' ન માનવાથી બધા જ દોષ મટી જાય છે.

— જીવન-દર્શન

41. જે ગુણની સાથે અહમ્ ભળી જાય છે, તે ગુણ પણ દોષ બની જાય છે. — જીવન-દર્શન

42. પોતાના દોષનું જ્ઞાન જે જ્ઞાનમાં છે, તે જ જ્ઞાન વિધાનનું પ્રતીક છે. જ્ઞાન દોષનું પ્રકાશક છે, નાશક નથી. નિર્દોષતાની માંગ દોષની નાશક છે. — દર્શન ઔર નીતિ

43. ભૂતકાળના દોષોના આધાર પર વર્તમાનની નિર્દોષતામાં દોષનો આરોપ કરવો પોતાના પ્રતિ અન્યાય છે. આનો અર્થ એ નથી કે ભૂતકાળની ભૂલનું પરિણામ પરિસ્થિતિના રૂપમાં આપણી સામે નહિ આવે, જરૂર આવશે; કિંતુ ભૂતકાળના દોષના આધારે વર્તમાનની નિર્દોષતામાં દોષનો આરોપ કરવો દોષયુક્ત પ્રવૃત્તિને જન્મ દેવો છે. — દર્શન ઔર નીતિ

44. સઘળા દોષોની ઉત્પત્તિનું કારણ વિવેક-વિરોધી કર્મ, સંબંધ તથા વિશ્વાસને અપનાવવો છે, જે ખરેખર તો જાણેલ અસતનો સંગ છે. — દર્શન ઔર નીતિ

45. ‘ગુણ’ કોઈ વ્યક્તિ વિશેષની વસ્તુ નથી, બલ્કે અનંતનો સ્વભાવ છે. ‘દોષ’નું સ્વતંત્ર અસ્તિત્વ નથી, પરંતુ પ્રમાદનું પરિણામ છે. — દર્શન ઔર નીતિ

46. જ્યાં સુધી માનવ પોતાના જાણેલ દોષને ત્યાગીને નિર્દોષતાની સ્થાપના નહિ કરે, ત્યાં સુધી રાષ્ટ્ર, મત તથા સંપ્રદાય માનવ-સમાજને સર્વથા નિર્દોષ નથી બનાવી શકાતા. — દર્શન ઔર નીતિ

47. એ નિયમ છે કે જે પોતાની દૃષ્ટિમાં દોષી છે, તે જ બીજાઓથી નિર્દોષ કહેવડાવાની આશા કરે છે. — ચિત્તશુદ્ધિ

48. ગુણોનું અભિમાન રાખીને કોઈ પણ ઉન્નતિના રસ્તે અગ્રેસર થઈ શકતો નથી. દબાયેલા દોષનું પ્રગટ થવું દોષ નથી બલકે નિર્દોષતાનું સાધન છે. વાસ્તવિક દોષ તો અભિમાનયુક્ત ગુણ જ છે, જેમને આપણે પ્રમાદવશ મહત્ત્વ આપતા રહીએ છીએ. — ચિત્તશુદ્ધિ

49. વાસ્તવિક ગુણોનો પ્રાદુર્ભાવ થતાં તેમનો ભાસ થતો નથી. તેથી જ્યાં સુધી ગુણોનો ભાસ થાય, ત્યાં સુધી સમજવું જોઈએ કે ગુણોના સ્વરૂપમાં કોઈ દોષ છે. — ચિત્તશુદ્ધિ

50. જે પ્રવૃત્તિઓથી કોઈને પણ ક્ષતિ થતી હોય, કોઈનો અનાદર થાય, કોઈનું અહિત થાય, તે બધા જ ‘દોષ’ છે અને જે પ્રવૃત્તિઓથી બીજાઓનું હિત, લાભ તેમજ પ્રસન્નતા થાય, તે બધી જ ‘ગુણ’ છે. — ચિત્તશુદ્ધિ

51. સંપૂર્ણપણે કોઈ પણ દોષ મટી જવાથી બધા જ દોષ મટી જાય છે અને સંપૂર્ણપણે કોઈપણ ગુણને અપનાવી લેવાથી બધા જ ગુણ આપમેળે આવી જાય છે. — ચિત્તશુદ્ધિ

52. જ્યારે પોતાનામાં દોષ દર્શન થાય, ત્યારે તે વ્યથાને દબાવવા માટે પોતાના ગુણ અથવા પરાયા દોષ નહિ જોવા જોઈએ.
— ચિત્તશુદ્ધિ

53. એ સૌ જાણે છે કે અંધકાર પ્રકાશની જ કમી છે પરંતુ અંધકાર પ્રકાશ નથી. તે જ રીતે દોષ ગુણની જ કમી છે પણ દોષ ગુણ નથી. હા, એ જરૂર છે કે દોષનું કોઈ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. — ચિત્તશુદ્ધિ

54. પોતાને દોષી માનવું દોષને નિમંત્રણ દેવું છે. તેથી ‘દોષી હતો, પરંતુ હવે નથી’ એવું માનતા જ નિર્દોષતાની અભિવ્યક્તિ સ્વતઃ થઈ જશે. બધા દોષ, બધાં બંધન દોષયુક્ત માન્યતા પર જ જીવિત છે. પોતાનામાં નિર્દોષતાની સ્થાપના કરતાં જ સમસ્ત દોષ તથા બંધન જાતે મટી જશે. — ચિત્તશુદ્ધિ

55. વસ્તુઓની મમતા, વિશ્વાસમાં વિકલ્પ અને વિવેકનો અનાદર— આ ત્રણ કારણોથી જ સમસ્ત દોષોની ઉત્પત્તિ થાય છે.
— ચિત્તશુદ્ધિ

56. ભય અને પ્રલોભન બન્નેય દોષ છે. કોઈ દોષની નિવૃત્તિ માટે કોઈ દોષનો આશ્રય લેવો નિર્દોષતા નથી, બલકે નિર્દોષતાના વેશમાં મહાન દોષ છે. — ચિત્તશુદ્ધિ

57. પ્રલોભન પણ એક મોટો દોષ છે; તેનો આશ્રય લઈને કોઈ પણ ભલાઈ કરવી એ ભલાઈ નથી, બલકે ભલાઈના વેશમાં બૂરાઈ છે; કેમ કે પ્રલોભનની સિદ્ધિ ન થવાથી ભલાઈ સ્થાયી રહેવા પામતી નથી. — ચિત્તશુદ્ધિ

58. એ નિયમ છે કે જાણેલા દોષને અપનાવી લેવાથી વ્યક્તિ પોતાની દૃષ્ટિમાં પણ પોતાને આદરને યોગ્ય નથી જોતો. જે પોતાની દૃષ્ટિમાં આદરને યોગ્ય નથી, તે જ બીજાઓથી આદર પામવાની મિથ્યા આશા કરે છે અને તેને માટે પોતાના દોષને છુપાવે છે.
— ચિત્તશુદ્ધિ

59. નિર્દોષ કહેવડાવાની કામના તો એક દોષ જ છે. તેનાથી તો હંમેશાં સજગ રહેવું જોઈએ; કેમ કે નિર્દોષ કહેવડાવાની રુચિ સીમિત અહંભાવને પુષ્ટ કરે છે, જે સમસ્ત દોષોનું મૂળ છે. — ચિત્તશુદ્ધિ

60. જે ગુણ દેહાભિમાનને પુષ્ટ કરે છે, તે ગુણોના વેષમાં વાસ્તવમાં દોષ છે; કેમ કે દેહાભિમાન હશે ત્યાં સુધી સંપૂર્ણ નિર્દોષતા શક્ય નથી. — ચિત્તશુદ્ધિ

61. જો જીવનમાં નિર્દોષતા ન હોત તો દોષનું જ્ઞાન જ ન થાત; કેમ કે પ્રાણી ક્યારેય સંપૂર્ણતઃ દોષી હોતો નથી અને જો કોઈ સંપૂર્ણતઃ દોષી છે તો તેને દોષનું જ્ઞાન પણ નથી. — ચિત્તશુદ્ધિ

62. પૂર્ણતત્ત્વનો અનુભવ કર્યા વિના વિકારોનો અંત થઈ શકતો નથી. — સંત-સમાગમ 1

63. જે દોષોને છોડવાના છે, તેમનો સદ્ભાવ છોડી દો. — સંત-સમાગમ 1

64. પોતાનામાં નિર્દોષતાનો ભાવ સ્થાપિત કરવાથી બધા જ દોષ સ્વયં મટી જાય છે. દોષોના સદ્ભાવનો અર્થ દોષોને નિમંત્રણ આપીને બોલાવવા સિવાય બીજો કાંઈ નથી. — સંત-સમાગમ 1

65. અભિમાનયુક્ત મોટામાં મોટો ગુણ પણ દોષના જેવો હોય છે. — સંત-સમાગમ 2

66. જ્યારે પ્રાણી અનાયાસે મળેલા આદરને મિથ્યા જ પોતાનો આદર માની લે છે એટલે કે બીજાની સજ્જનતાને પોતાનો ગુણ માનવા લાગે છે તો આવી હાલતમાં તેની પોતાની દૃષ્ટિથી પોતાના દોષ જોવાની શક્તિ ઘટવા લાગે છે. — સંત-સમાગમ 2

67. બધા જ દોષોનું મૂળ એકમાત્ર એ જ છે કે સંસાર મારે કામ આવી જાય. તેને દૂર કરવાનું સહેલું સાધન એ જ છે કે હું સંસારને કામ આવી જાઉં. જ્યારે પ્રાણી સંસારમાં સંસારને માટે રહેવા લાગે છે, ત્યારે અંતઃકરણ આપમેળે શુદ્ધ થવા લાગે છે. — સંત-સમાગમ 2

68. બધા જ દોષ દોષીની સત્તા વિના નિર્જીવ હોય છે. કોઈ પણ દોષ દોષીની કૃપા વિના જીવિત નથી રહી શકતો. તેથી જે કાળમાં

દોષી પોતાની દૃષ્ટિથી દોષને જોઈને, પોતાને દોષથી અસંગ કરી લે છે, બસ તે જ સમયે દોષ સદાને માટે મટી જાય છે. પરંતુ જે દોષી દોષને જોઈને એવો સદ્ભાવ કરે છે કે હું દોષી છું, તેની સત્તાથી દોષ દોષી પર શાસન કરવા લાગે છે.

— સંત-સમાગમ 2

69. એ નિયમ છે કે જે ભાવનો સંબંધ અહંભાવ સાથે થઈ જાય છે, તે ભાવમાં સત્યતા તથા પ્રિયતા આપમેળે પેદા થઈ જાય છે. તેથી નિર્દોષતાની પ્રાપ્તિને માટે અહંભાવમાં નિર્દોષતા સ્થાપિત કરવી પરમ અનિવાર્ય છે. — સંત-સમાગમ 2

70. એવો કોઈ દોષ નથી, જેને પ્રાણીએ જાતે નથી બનાવ્યો. શરીર વગેરે વસ્તુઓના આધાર પર પ્રસન્નતા ખરીદવાની ભાવના બધા જ દોષોનું મૂળ છે. — સંત-સમાગમ 2

71. પોતાનાં સુખ-દુઃખનું કારણ બીજાને ન માનીને પોતાના અધિકારનો ત્યાગ કરવાથી ક્રોધનો નાશ થઈ જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

72. પોતાના બનાવેલા દોષને જ તો દૂર કરવાના છે. કોઈપણ દોષ પ્રાકૃતિક નથી. — સંતવાણી 7

73. દરેક દોષ દોષ-જનિત સુખ-લોલુપતાના આધાર પર જીવિત રહે છે અથવા એમ કહો કે તેની પુનરાવૃત્તિ થતી રહે છે. દોષ-જનિત વેદનામાં જ સુખ-લોલુપતાનો નાશ રહેલો છે.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

74. દેહાભિમાનથી જ પ્રાણી પોતાનામાં ગુણોનો આરોપ કરી લે છે, હકીકતમાં તો સમસ્ત દિવ્ય ગુણ સ્વતઃ સિદ્ધ છે, કોઈની ઉપાર્જિત વસ્તુ નથી. — માનવતાકે મૂલ સિદ્ધાંત

75. જે મનુષ્ય એ સમજે છે કે હું સત્યવાદી છું. તેનામાં ક્યાંક ને ક્યાંક અસત્ય છુપાયેલું છે. જો તે ખરેખર સત્યવાદી હોય તો તેને એ ભાસ જ નહિ થવો જોઈએ કે હું સત્યવાદી છું, બલકે સત્ય બોલવું તેનું જીવન બની જવું જોઈએ. જે ગુણ સાધકનું જીવન બની જાય છે, તેમાં સાધકનું અભિમાન નથી હોતું. તે તેના કારણે પોતાનામાં કોઈ જાતની વિશેષતાનો અનુભવ નથી કરતો. — સંત-સૌરભ

76. સાચી વાત તો એ છે કે જ્યારે વિકારનો નાશ થાય છે, ત્યારે સમસ્ત વિકારોનો નાશ થાય છે, અને જ્યારે સમસ્ત વિકારોનો નાશ ન દેખાય, ત્યાં સુધી વિચારવું જોઈએ કે વિકારની કમી થઈ છે. — સંતવાણી 5

77. સૌથી મોટો તો સ્વયંનો એ જ વિકાર છે કે ચિત્તની ઉપર, શરીરની ઉપર, પ્રાણોની ઉપર, બુદ્ધિની ઉપર તમે જે મમતાનો પથ્થર લાદી દીધો છે, એ પ્રાણીનો મોટો ભારે અપરાધ છે.

— સંતવાણી 4

78. તમે હમણાં માની લો કે કોઈ વસ્તુ અમારી નથી. પછી જુઓ તમારા ચિત્તમાં વિકાર કઈ રીતે પેદા થશે ? કદી નહિ થાય.

— સંતવાણી 4

79. જેને પોતાની પૂર્તિને માટે સમાજની પાછળ દોડવું પડી રહ્યું છે, તેણે સમજવું જોઈએ કે હજુ મારા જીવનમાં ગુણોનો વિકાસ થયો નથી. — માનવકી માંગ

80. જ્યારે પ્રાણી પોતાની પ્રસન્નતા માટે કોઈ બીજા પર નિર્ભર હોય છે, ત્યારે તેનું ચિત્ત અશુદ્ધ બની જાય છે, અને અશુદ્ધ ચિત્તમાંથી અનેક દોષોની ઉત્પત્તિ પોતાની મેળે થવા લાગે છે.

— ચિત્તશુદ્ધિ

❊ ❊ ❊

**પ્રાકૃતિક નિયમ મુજબ કોઈ પણ કાર્યનું સંપાદન કરવા માટે કાર્ય-સંબંધી એક જૂથનું નિર્માણ કરવું પડે છે. જે જૂથમાં પરસ્પર વિશ્વાસ હોતો નથી, તે જૂથ પોતાના કાર્યમાં સફળ થતું નથી. પરસ્પર વિશ્વાસ સુરક્ષિત રાખવા માટે દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક અને વાર્ષિક વિચાર-વિનિમય કરવો અનિવાર્ય છે. વિનિમય કરવાની વિધિમાં પોત-પોતાની ભૂલ સામે રાખવાની છે અને પોતાના જ કર્તવ્યનો નિર્ણય કરવાનો છે.**

# ગુરુ

1. જે કોઈનો પણ ગુરુ બનશે, તે પોતાનો ગુરુ બની શકતો નથી અને જે પોતાનો ગુરુ નથી બની શકતો, તે જગતનો ગુરુ પણ નથી બની શકતો. — સંતવાણી 4
2. વાસ્તવમાં એ સત્ય છે કે આપણે પોતાના ગુરુ પોતે બની જાત તો સિદ્ધિ જરૂર થઈ જાત. તો પોતાનો ગુરુ બનવા માટે શું કરવું જોઈએ ? પોતે જાણેલ અસતનો ત્યાગ કરવો પડે છે, પોતાના વિશ્વાસમાં અવિચળ શ્રદ્ધા કરવી પડે છે અને જે આપણી પાસે છે તેનો સદ્દુપયોગ કરવો પડે છે. — સંતવાણી
3. ગુરુ મળ્યાનું ફળ શું છે એ જાણો છો ? ગુરુ બની જવું. — સંતવાણી 4
4. આજે ઉપદેશક ગુરુની જરા પણ જરૂર નથી. જરૂરિયાત એ વાતની છે કે કોઈ એવો વીર પુરુષ કે વીર મહિલા હોય જે કોઈ ઉપદેશને સ્વીકારી શકે. — સંતવાણી 4
5. દુનિયાના મોટામાં મોટા ગુરુ, મોટામાં મોટા નેતા, મોટામાં મોટું રાષ્ટ્ર, તમારી સાથે જે કામ નથી કરી શકતું, જો તમે ઇચ્છો તો પોતાની સાથે કરી શકો છો. — સંતવાણી 3
6. વાસ્તવમાં વિવેક જ ગુરુ-તત્ત્વ છે. કોઈ વ્યક્તિ કોઈનો ગુરુ છે— એના જેવી કોઈ ભૂલ જ નથી. કોઈ પણ વ્યક્તિ કોઈનો સુધારક છે— એના જેવી કોઈ ભૂલ નથી. મનુષ્યનો પોતાનો વિવેક જ તેનો પોતાનો સુધારક છે, તે જ તેનો ગુરુ છે, તે જ તેનો નેતા છે, તે જ તેનો શાસક છે. — સંતવાણી 5
7. ગુરુની સૌથી મોટી ભક્તિ એ છે કે ગુરુ મળવા ચાહે અને શિષ્ય કહે કે જરૂરત નથી; કેમ કે જેણે ગુરુની વાતને અપનાવી, તેનામાં ગુરુનું અવતરણ થઈ જાય છે. — સંતવાણી 7

8. આજે આસ્તિકવાદના પ્રચારકને ગુરુ બનવાનો જેટલો શોખ છે, શું તેટલો સ્વયં ભક્ત બનવાનો છે ? જો છે તો તેના જીવનથી આસ્તિકતા સ્વયં વિભુ થઈ જશે. — જીવન-પથ
9. કેટલા ઉપદેશક ગુરુ પોતાના શિષ્યોનાં મનની ચંચળતા તથા વિકારથી દુઃખી છે ? ક્યારેય એકાંતમાં તે લોકોનાં દુઃખથી દુઃખી બની વ્યાકુળ થયા ? કે પછી જીવનભર ઉપદેશ જ કરતા રહ્યા ? — જીવન-પથ
10. સાચો ગુરુ તે જ છે, જેના જીવનથી સાધકોને પ્રકાશ મળે છે. સિદ્ધાંતોની ચર્ચા કરવા માત્રથી વાસ્તવમાં ગુરુપદ મળી જતું નથી. — જીવન-પથ
11. ગુરુ તો તે હોય છે, જે ગુરુ બનીને નથી આવતો, મિત્ર બનીને આવે છે, સુહૃદ બનીને આવે છે, પોતાનો બનીને આવે છે. તે વાસ્તવમાં 'ગુરુ' હોય છે. — જીવન-પથ
12. આ જે બહારના ગુરુની આવશ્યકતાનો આપણે અનુભવ કરીએ છીએ, રાષ્ટ્રની જરૂરત અનુભવ કરીએ છીએ, નેતાની જરૂરતનો અનુભવ કરીએ છીએ, એ ક્યારે કરીએ છીએ ? જ્યારે વિવેકનો અનાદર કરીએ છીએ. — સાધન-ત્રિવેણી
13. વિવેકને જ જ્ઞાન કહે છે. જ્ઞાનરૂપી જે ગુરુ છે, તેની વાત માની લેશો તો શરીરરૂપી ગુરુની જરૂરત નહિ પડશે. — સાધન-ત્રિવેણી
14. સાચા ગુરુની ઓળખાણ શું છે ? જે જાતે પોતાનો ગુરુ, નેતા અને શાસક છે અને જેની પાછળ ચાલીને સમાજ પ્રગતિ કરે છે. એવા ગુરુને સંસારની આવશ્યકતા નથી હોતી, સંસારને તેની આવશ્યકતા રહે છે. — સંત-ઉદ્‌બોધન
15. ગુરુજનોના આદેશનું પાલન જ ખરેખરી ગુરુભક્તિ છે. જેમને ગુરુભક્તિ પ્રાપ્ત થઈ છે, તેઓ જાતે ગુરુ બની ગયા, એવો મારો અનુભવ છે. — સંત પત્રાવલી 2
16. સાધન-તત્ત્વ જ ગુરુ-તત્ત્વ છે, જે સાધકમાં જન્મ-સિદ્ધ છે, છતાં પણ આ પ્રાપ્ત ગુરુ-તત્ત્વનો અનાદર કરવાને કારણે કોઈ અપ્રાપ્ત ગુરુની અપેક્ષા થઈ જાય છે. — જીવન-દર્શન
17. જે રીતે આંખને કોઈ અવાજ નથી સંભળાવી શકતું ને કાનને કોઈ રૂપ નથી દેખાડી શકતું, તેવી જ રીતે જ સાધનનું સામર્થ્ય સાધકમાં

નથી, તેને કોઈ બાહ્ય ગુરુ નથી કરાવી શકાતો. જે બીજમાં ઉપજવાનું સામર્થ્ય હોય છે, તેને જ પૃથ્વી, જળ, વાયુ વગેરે ઉપજાવી શકે છે. તેથી સાધકમાં વિદ્યમાન સાધનાને જ બાહ્ય ગુરુ પણ વિકસિત કરવામાં સહયોગ આપી શકે છે. — જીવન-દર્શન

18. કોઈ પણ ગુરુ અને ગ્રંથ આપણને એવી વાત બતાવી જ નથી શકતા, જે આપણા વિવેકમાં રહેલી નથી. — માનવકી માંગ
19. ગુરુનું બહાનું શોધવું પણ પોતાના વિવેકનો અનાદર જ છે. — માનવકી માંગ
20. કર્તવ્ય-જ્ઞાનને માટે વિવેક સ્વરૂપે જેણે ગુરુ પ્રદાન કર્યા છે, તે જ સત્સંગ તેમ જ સદ્ગ્રંથના સ્વરૂપે પણ ગુરુ પ્રદાન કરી શકે છે. — જીવન-દર્શન
21. પોતાના દોષોનું જ્ઞાન જેટલું પોતાને થાય છે, તેટલું બીજા કોઈને થઈ જ શકતું નથી. .... તેથી દોષ જોવા અને તેનું નિવારણ કરવાને માટે સાધકે પોતાના જ્ઞાનને જ પોતાનો ગુરુ બનાવી લેવો જોઈએ. — જીવન-દર્શન
22. 'નેતા' તેને કહે છે, જે દોષને જોઈને દુ:ખી થાય, 'ગુરુ' તેને કહે છે, જે દોષને મટાડવાનો ઉપાય જાણતો હોય અને 'શાસક' તેને કહે છે, જે જાણેલા ઉપાય પર અમલ કરાવવામાં સમર્થ હોય. — માનવકી માંગ
23. માનવતા તો એક અનોખી પ્રેરણા આપે છે, અને તે એ છે કે જો આપણે 'નેતા' બનવું છે તો પોતાના જ નેતા બનવું. જો આપણે 'શાસન' કરવું જ છે તો પોતાના પર જ શાસન કરવું અને જો 'ગુરુ' બનવાની કામના છે તો પોતાના જ ગુરુ બનવું. — માનવકી માંગ
24. પોતાનો નેતા, પોતાનો ગુરુ તથા પોતાનો શાસક તે જ બની શકે છે, જે પોતાના પ્રતિ ન્યાય તથા બીજાના પ્રતિ ક્ષમા તથા પ્રેમ કરવામાં સમર્થ છે. — માનવકી માંગ
25. ગુરુ, નેતા અને શાસક બનીને બીજાઓને સુધારવાની વાત તે જ લોકો કરે છે, જે સુધારાના નામ પર સુખ-ભોગમાં પ્રવૃત્ત હોય છે. — દર્શન ઔર નીતિ
26. સેવકોના ગુરુ છે શ્રીહનુમાનજી, વિચારકોના ગુરુ છે ભગવાન શંકર અને પ્રેમીઓના ગુરુ છે શ્રીરાધારાણી. — સંત-જીવન-દર્પણ

27. ગુરુ માનવાનો અધિકાર બધાને છે અને શિષ્ય બનાવવાનો કોઈને અધિકાર નથી. — સંત-જીવન-દર્પણ

28. જ્ઞાનનો જિજ્ઞાસુ જ શિષ્ય છે. શિષ્ય ગુરુ બનવાને માટે ગુરુના શરણે જાય છે. ગુરુ તે જ છે જે શિષ્યને ગુરુ બનાવી શકે; કેમ કે ગુરુના મળતાં જ શિષ્ય ગુરુ બની જાય છે. ગુરુની આવશ્યકતા ગુરુ બનવા માટે હોય છે, શિષ્ય બનવા માટે નહિ. શિષ્ય તો તે સમય સુધી છે, જ્યાં સુધી ગુરુ નથી મળ્યા. — સંત-સમાગમ 1

29. ગુરુના 'ગુર'ને જીવનનું સ્વરૂપ બનાવી લેવું જ ગુરુ-ભક્તિ છે, અથવા ગુરુથી ભિન્ન થઈ જવું જ ગુરુ-ભક્તિ છે, કે ગુરુનું આજ્ઞા-પાલન જ ગુરુભક્તિ છે. ગુરુનું 'ગુર' જ પ્રેમપાત્ર સાથે મેળવવામાં સમર્થ છે, શરીર નહિ. ઉપાસના 'ગુર'ની થાય છે, શરીરની નહિ. તેનો સદ્‌ભાવ કરવો ગુરુ-ભક્તિ છે. ગુરુનું 'ગુર' જ વાસ્તવમાં ગુરુનું સ્વરૂપ છે. — સંત-સમાગમ 1

30. જે નિજ-સ્વરૂપનો આદર કરે છે, તેને ગુરુ, ઈશ્વર તથા સંસાર વગેરે પોતાનામાં દેખાય છે. — સંત-સમાગમ

31. જો ક્યાંક ગુરુ બની ગયા તો ભગવાને કહ્યું છે કે 'મારા પ્રેમથી વંચિત રહો, ચેલા-ચેલીમાં રમણ કરો.' — સંત-સમાગમ

32. પૂજા-પ્રાર્થના બધું પરમાત્મા સાથે કરવાની વાત છે. ગુરુ પરમાત્માનો બાપ બની શકે છે, પરમાત્મા નહિ. હા, ગુરુવાક્ય બ્રહ્મવાક્ય બની શકે છે. ગુરુ શ્રદ્ધાસ્પદ બની શકે છે, પ્રેમાસ્પદ નહિ. વ્યક્તિને જો પરમાત્મા માનતા હો તો બધાને માનો. ગુરુ સાધનરૂપ બની શકે છે, સાધ્યરૂપ નહિ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

33. શાસ્ત્રોમાં નેતા કે ગુરુ બનવાને પતનનું કારણ માન્યું છે. આનાથી સિદ્ધ થાય છે કે આ કામ મહાપુરુષોને જ ઉપયુક્ત છે. સાધકે આ બખેડામાં કદી પડવું ન જોઈએ. — સંત-સૌરભ

34. શ્રદ્ધા ગુરુમાં કરવી જોઈએ અને પ્રેમ ભગવાનમાં કરવો જોઈએ. ગુરુ પણ આ જ શિખવાડે છે. — સંત-સૌરભ

35. હું તમને પૂછું છું કે જો શ્યામસુંદર અર્જુનને ગીતા સંભળાવી શકે છે, તો શું તેઓ અંતર્યામીરૂપે અમને-તમને ગીતા નથી સંભળાવી શકતા ? — સંતવાણી 7

36. ગુરુ, ગ્રંથ અને સત-ચર્ચા સાધકમાં વિદ્યમાન વિવેક-શક્તિને જ વિકસિત કરી શકે છે, કોઈ નવી શક્તિ પ્રદાન કરી શકતા નથી.

— સંત-સૌરભ

37. જો બહારના ગુરુ વિના તત્ત્વ-સાક્ષાત્કાર નથી થતો, તો તમે એ જણાવો કે સૌથી પહેલાં તત્ત્વ-સાક્ષાત્કાર કેવી રીતે થયો હશે ? આખરે ગુરુ-પરંપરા ચાલી હશે કે નહિ ? તો જે બધાનો ગુરુ હશે, માનવું પડશે કે તેનો કોઈ ગુરુ નહિ હોય. જો એક વ્યક્તિને પણ ગુરુ વિના તત્ત્વ-સાક્ષાત્કાર થઈ શકે છે, તો ગુરુ વિના તત્ત્વ-સાક્ષાત્કાર નથી થઈ શકતો એવું વિધાન ખોટું છે.

— સંતવાણી 6

38. સાચું પૂછો, આપણે ત્યાં જે ગુરુના મહિમાનું વર્ણન કરવામાં આવે છે, તે ગુરુ વિવેક જ છે. — સંતવાણી 4

39. ગુરુ-શિષ્યનો સંબંધ થાય છે અનાસક્તિ માટે. એવું નથી કે દસ જાતની આસક્તિઓ તો હતી જ, અને અગિયારમી એક નવી પેદા કરી લીધી. — સંતવાણી 7

❊ ❊ ❊

**દરેક કર્તવ્ય-કર્મ પોત-પોતાના સ્થાન પર મહાન છે. પરંતુ ક્યારે ? જ્યારે કર્મની પાછળ જે ભાવ છે, તે પવિત્ર હોય, ભાવની પાછળ જે જ્ઞાન છે, તે ઉદ્દેશ્ય-પૂર્તિમાં કારણ હોય અને ઉદ્દેશ્ય તે હોય, જેની આગળ બીજો કોઈ ઉદ્દેશ્ય ન હોય. તેથી દરેક કર્તવ્ય-કર્મ દ્વારા પોતાના વાસ્તવિક ઉદ્દેશ્યની પૂર્તિ અનિવાર્ય છે.**

# ચિંતન

1. તમે સહજ થનારા ચિંતનને મટાડવા ચાહો છો પ્રયત્ન-સાધ્ય ચિંતનથી ! તેનાથી ડરો છો કેમ ? જોતા રહો, ફક્ત જોતા રહો. જો તમે 'હા' નહિ કરશો તો તે નાશ થઈ જશે અને તેની સાથે લડશો નહિ તો પણ નાશ થઈ જશે. અને પોતાને તેની સાથે ભેળવશો નહિ, તો પણ નાશ થઈ જશે. — સંતવાણી 5
2. મોહજનિત સંબંધ તથા મમતાનો ત્યાગ કરતાં જ વિષય-ચિંતન મટીને ભગવત્-ચિંતન સ્વતઃ થવા લાગે છે. જ્યાં સુધી સાધકે ચિંતન કરવું પડે છે, ત્યાં સુધી તેણે સમજવું જોઈએ કે હજુ પ્રેમાસ્પદ સાથે સરળ વિશ્વાસપૂર્વક નિત્ય સંબંધની સ્વીકૃતિ નથી થઈ. — માનવકી માંગ
3. અશુદ્ધ ભોજનથી શરીર અશુદ્ધ થઈ જાય છે તથા અશુદ્ધ ચિંતનથી સૂક્ષ્મ શરીર વગેરે અશુદ્ધ થઈ જાય છે; કેમ કે જે જાતનું અન્ન વગેરે સ્થૂળ શરીરનું ભોજન છે, તે જ રીતે સ્મરણ, ચિંતન, ધ્યાન વગેરે સૂક્ષ્મ શરીરનું ભોજન છે. — સંત પત્રાવલી 1
4. આ શાશ્વત નિયમ છે કે ચિંતન અનુસાર કર્તાનું સ્વરૂપ બની જાય છે; કેમ કે બધાં જ પ્રાણીઓ ચિંતનરૂપી કલ્પતરુની નીચે નિવાસ કરે છે. — સંત પત્રાવલી 1
5. જો મનુષ્ય આપમેળે થનારા ચિંતન સાથે સહયોગ ન કરે; બલકે અસહયોગ કરી નિશ્ચિંત બની જાય તો ઘણી જ સહેલાઈપૂર્વક વ્યર્થ ચિંતનનો નાશ થાય છે. — મૂક સત્સંગ
6. વ્યર્થ ચિંતનનું સમર્થન તથા વિરોધ ન કરવો તેને મટાડવાનો અચૂક ઉપાય છે. — સફલતાકી કુંજી
7. સહજ થનારા ચિંતનથી ભયભીત થવું અને તેને વિકાર માનવો પોતાનામાં હીનભાવને પેદા કરવો છે. ચિંતનનું નિરીક્ષણ કરવું અને તેની સાથે અસહયોગ કરવો જોઈએ, તે આપમેળે મટી જશે. — સફલતાકી કુંજી

8. ચિંતનને જોયા કરો, પરંતુ તેનું સમર્થન ન કરો અને તેની સત્યતા ન સ્વીકારો....... ચિંતનરૂપી દશ્યની સ્થિતિનો જો સ્વીકાર કરવામાં ન આવે તો ચિંતન નિર્જીવ થઈને ભુંસાઈ જશે. —સફલતાકી કુંજી
9. ચિંતનથી ચિંતન દબાય છે, ભુંસાતું નથી, એટલું જ નહિ, કાળાં-તરમાં કરેલા ચિંતનનું પણ ચિંતન થવા લાગે છે. — સફલતાકી કુંજી
10. જે વસ્તુઓની પ્રાપ્તિ કર્મ-સાપેક્ષ છે, તેમનું ચિંતન 'વ્યર્થ-ચિંતન' છે અને જેની પ્રાપ્તિ જિજ્ઞાસા અથવા લાલસા-સાધ્ય છે, તેનું ચિંતન 'સાર્થક ચિંતન' છે. — ચિત્તશુદ્ધિ
11. ક્રિયા-જનિત સુખથી અરુચિ થતાં જ સાર્થક ચિંતન આપમેળે જાગ્રત થાય છે...... ક્રિયા-જનિત સુખલોલુપતાથી જ નિરર્થક ચિંતન પેદા થાય છે. — ચિત્તશુદ્ધિ
12. ભૂલથી પણ કોઈની બૂરાઈનું ચિંતન ન કરવું જોઈએ; કેમ કે તેની બૂરાઈ કર્તામાં આવે છે, અને તેનું પણ અહિત થાય છે કે જેની બૂરાઈ કરવામાં આવે છે. — સંત-સમાગમ 1
13. જેને સારા બનાવવા ચાહો છો, તેનામાં પોતાના મનથી તે સારા ગુણોને સ્થાપિત કરી દો એટલે કે જેવો બનાવવા ચાહો છો, તેવી જ ભાવનાઓને તેનામાં જુઓ. વારંવાર એવું ચિંતન કરો કે તે સારો છે. સમય જતાં તે તેવો જ બની જશે, જેવું ચિંતન કરવામાં આવ્યું છે. — સંત-સમાગમ 1
14. દરેક ચિંતન કર્તાની તદ્રૂપતાથી જ જીવિત રહે છે. જો ચિંતનમાં તાદાત્મ્ય ન કરવામાં આવે તો ઘણી જ સહેલાઈપૂર્વક ચિંતન પોતાની જાતે મટી જાય છે. — સાધન-તત્ત્વ
15. નીરસતાનો નાશ થવાથી વ્યર્થ ચિંતનનો નાશ થઈ જાય છે. નીરસતાનો નાશ અસંગતા, ઉદારતા તેમજ પ્રિયતાથી થઈ જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
16. માનવ જેની આવશ્યકતા અનુભવ કરે છે, તેનું અને જેને પોતાના માને છે, તેનું ચિંતન આપમેળે થવા લાગે છે.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

17. ઉપરથી અકર્મણ્ય રહેવા છતાં પણ (મનુષ્ય) વ્યર્થ ચિંતન દ્વારા માનસિક શક્તિનો હ્રાસ કરે છે, જે અનર્થનું મૂળ છે.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

18. ન ચાહવા છતાં જે ચિંતન પેદા થયું છે, તેનો નાશ ત્યારે થશે, જ્યારે તેનાથી અસહયોગ કરી દેવામાં આવે તથા તેનાથી તાદાત્મ્ય તોડી દેવામાં આવે. અસહયોગ કરતાં જ પેદા થયેલું વ્યર્થ ચિંતન નિર્જીવ બની જાય છે અને તાદાત્મ્ય મટતાં જ તેનો સમૂળગો નાશ થઈ જાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

19. બળપૂર્વક કરેલા સાર્થક ચિંતનથી વ્યર્થ ચિંતન નાશ પામતું નથી, બલકે વ્યર્થ ચિંતનના ત્યાગથી સાર્થક ચિંતન આપમેળે જાગ્રત થાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

20. ચિંતન તેનું જ થશે, જેની આપણે જરૂરિયાત અનુભવ કરીશું અને જેને આપણે પોતાના માનીશું. — સંતવાણી 8

21. દોષ કરવા કરતાં દોષનું ચિંતન વધારે પતન કરનારું છે.

— સંત-સૌરભ

22. આગળ-પાછળનું ચિંતન તે લોકોએ કરવું જોઈએ, જેમને તે વસ્તુની જરૂરિયાત હોય, જે વર્તમાનમાં નથી. — સંત-સમાગમ 2

23. જેના ચિંતનથી પોતે મુક્ત થવું છે, તેના અસ્તિત્વનો જ સ્વીકાર ન કરો. — સંત-ઉદ્‌બોધન

24. વ્યર્થ-ચિંતનનો અંત એકમાત્ર સત્સંગથી જ થાય છે.

— મૂક સત્સંગ

25. વ્યર્થ-ચિંતનના નાશ માટે એકમાત્ર મૂક-સત્સંગ જ અચૂક ઉપાય છે અર્થાત્ શ્રમરહિત બનવાનું છે. — મૂક સત્સંગ

26. 'નથી'ના ચિંતનથી બચવાનો ઉપાય શું હશે ? 'છે'માં આસ્થા.

— જીવન-પથ

27. ચિંતન ફક્ત તેનું કરવું જોઈએ, જેને પ્રાપ્ત કરવું છે. આ દૃષ્ટિથી સર્વસમર્થ ભગવાનના સિવાય બીજી કોઈ વસ્તુ ચિંતન કરવા યોગ્ય નથી. — સંત પત્રાવલી 1

❊ ❊ ❊

# જીવન

1. આજે જેને આપણે જીવન કહીએ છીએ, તે તો જીવનની સાધન-સામગ્રી છે, જીવન નથી. — માનવકી માંગ
2. વાસ્તવિક જીવન આપણું પોતાનું જીવન છે. તે જીવનમાં કોઈ જાતની વિષમતા, અભાવ અને જડતા વગેરે વિકાર નથી.
— ચિત્તશુદ્ધિ
3. એ બધા જ જાણે છે કે ગાઢ નિદ્રામાં પ્રાણી પ્રિયમાં પ્રિય વસ્તુ અને વ્યક્તિનો ત્યાગ સ્વભાવિક રીતે અપનાવી લે છે અને તે અવસ્થામાં કોઈ જાતના દુઃખનો અનુભવ કરતો નથી, બલકે જાગ્રત-અવસ્થામાં એ જ કહે છે કે ઘણા સુખથી સૂતો. પ્રાકૃતિક નિયમ મુજબ કોઈ પણ સ્મૃતિ અનુભૂતિ વિના થઈ શકતી નથી. ગાઢ નિદ્રામાં કોઈ દુઃખ ન હતું, આ અનુભૂતિ શું સાધકને વસ્તુ, વ્યક્તિ વગેરેથી અતીતના જીવનની પ્રેરણા નથી આપતી ? અર્થાત્ અવશ્ય આપે છે. ......... ગાઢ નિદ્રાના જેવી સ્થિતિ જો જાગ્રતમાં પ્રાપ્ત કરી લેવામાં આવે તો આ શંકા નિર્મૂળ થઈ જશે અને એવો સ્પષ્ટ બોધ થઈ જશે કે વસ્તુ, વ્યક્તિ વગેરે વિના પણ જીવન છે અને તે જીવનમાં કોઈ જાતનો અભાવ નથી. — ચિત્તશુદ્ધિ
4. ‘કર્તવ્ય-પરાયણતા’ વિના જીવન જગતને માટે, ‘અસંગતા’ વિના જીવન પોતાના માટે તેમ જ ‘આત્મીયતા’ વિના જીવન પોતાના નિર્માતાના માટે ઉપયોગી બનતું નથી. — મૂક સત્સંગ
5. જીવન સ્વયં રક્ષા કરે છે. વિચારશીલ માત્ર પોતાના કર્તવ્ય તરફ જુએ છે, પરિણામ પર દૃષ્ટિ નથી રાખતા. — સંત પત્રાવલી 1
6. સાધકે વિશ્વાસ રાખવો જોઈએ કે જીવન જાતે પોતાની રક્ષા કરે છે. જો જીવન બાકી છે તો જીવનનાં સાધન આપોઆપ મળી જશે. — સંત-સૌરભ

7. જેનું જીવન જગત માટે ઉપયોગી સિદ્ધ થાય છે, તેનું જીવન પોતાના માટે તથા અનંતને માટે પણ ઉપયોગી સિદ્ધ થાય છે.
— દર્શન ઔર નીતિ

8. જે વાત વ્યક્તિના જીવનમાં આવી જાય છે, તે વિભુ થઈ જાય છે અને તેનો પ્રભાવ આપમેળે બૃહત્ સમાજ પર પડે છે.
— સંતવાણી (પ્રશ્નોત્તર)

9. સંસારની મદદથી જ્યાં સુધી જીવન જણાય છે, ત્યાં સુધી તો મૃત્યુના ક્ષેત્રમાં જ રહે છે. શરીરના અસ્તિત્વનું નામ જીવન નથી. ...... શરીરથી સંબંધ તૂટ્યા પછી જીવનની પ્રાપ્તિ થાય છે. — સંતવાણી 7

10. જો શરીર નથી રહેતું, તો વસ્તુ નથી રહેતી તો આનો અર્થ એ છે કે શરીર અને વસ્તુથી પર જે જીવન છે, તેમાં તમારો પ્રવેશ થાય છે. — સંતવાણી 5

11. સાચું પૂછો તો શરીર-રહિત જીવન જ જીવન છે. શરીર-સહિત જીવન તો જીવનની લાલસા છે........ વર્તમાન પરિવર્તનશીલ જીવન નિત્ય જીવનનું સાધન છે, જીવન નથી. — સંતવાણી 6

12. ઈચ્છા-રહિત બનીને આપણે સૌ વર્તમાનમાં જ વાસ્તવિક જીવનને મેળવી શકીએ છીએ. — સંતવાણી 6

13. જે 'છે' તે જ જીવન છે. જીવન 'છે'માં છે, 'નથી'માં નથી.
— સંતવાણી 5

14. શ્રમ-રહિત થવાથી અને વિકાર-રહિત થવાથી જે જીવનમાં પ્રવેશ થાય છે, અથવા જે જીવનની સાથે અભિન્નતા થાય છે, એ જ વાસ્તવિક જીવન છે. — સંવતાણી 5

15. જેને લોકો જીવન કહે છે, તે જીવન નથી. તે તો મૃત્યુનું જ બીજું નામ છે. એક અવસ્થાના મૃત્યુને જ બીજી અવસ્થાનો જન્મ કહે છે. ....... દરેક ક્ષણમાં પરિવર્તન થાય છે. પરિવર્તનનું જ નામ મૃત્યુ છે. તેથી તે જીવન નથી. અસલી જીવન તો તે છે, જેમાં મરવાનો ડર નથી. — સંત-સૌરભ

16. 'જીવન' શબ્દનો અર્થ પણ પરમાત્મા જ છે. જીવન એટલે શું ? જેનો નાશ ન થાય, જેમાં ચેતના હોય, જે રસરૂપ હોય. પરમાત્મા કોને કહે છે ? જે સત, ચિત્, આનંદ હોય. તો જે 'પરમાત્મા' શબ્દનો અર્થ છે, તે જ 'જીવન' શબ્દનો અર્થ છે.

— સંતવાણી 3

17. દર્શન અનેક એટલે દૃષ્ટિકોણ અનેક પણ જીવન એક. જીવન અનેક નથી. જીવન એક છે અને તે જ જીવન આપણે બધાને મળી શકે છે, અને તેના જ માટે આ માનવ-જીવન મળ્યું છે.

— સંતવાણી 3

18. 'ક્રિયા'નું જીવન જ પશુ-જીવન છે. 'ભાવ'નું જીવન જ માનવ-જીવન છે અને જ્ઞાનનું જીવન જ ઋષિ-જીવન છે.

— સંત-સમાગમ 2

19. જ્યાં સુધી પરિવર્તનશીલ જીવન નિત્ય-જીવનથી અભિન્ન ન બની જાય, ત્યાં સુધી વર્ણાશ્રમ મુજબ સંસ્કાર તથા ચિહ્ન ધારણ કરવાં પરમ અનિવાર્ય છે. — સંત-સમાગમ 2

❊ ❊ ❊

**અપવિત્ર ઉપાયથી પવિત્ર ઉદ્દેશ્યની પૂર્તિની આશા કરવી ભૂલ છે, કેમ કે કરેલી અપવિત્રતા મટાડી શકાતી નથી અને તેના પરિણામથી પણ બચી શકાતું નથી. બલકે અપવિત્ર ઉપાયનું પરિણામ પવિત્ર ઉદ્દેશ્યને મલિન બનાવી દેશે. તેથી પવિત્ર ઉદ્દેશ્યની પૂર્તિને માટે પવિત્ર ઉપાયનું અનુસરણ અનિવાર્ય છે.**

# જ્ઞાન

1. જ્ઞાનનું સર્વોત્તમ સાધન માત્ર વિચાર છે. — સંત પત્રાવલી 1
2. ઠરેલ બુદ્ધિમાં શ્રુતિ એટલે વેદના જ્ઞાનનું અવતરણ થાય છે. તે જ્ઞાનને માટે કોઈ ભાષા-વિશેષની અપેક્ષા નથી. — જીવન-પથ
3. 'પર'ના દ્વારા 'સ્વ'નો બોધ ન કોઈને થયો છે અને ન થશે. — માનવ-દર્શન
4. જ્ઞાન અસતનું થાય છે. પ્રાપ્તિ સતની થાય છે. — માનવ-દર્શન
5. એ નિયમ છે કે અસતનું જ્ઞાન અસતથી અસંગ થવાથી અને સતનું જ્ઞાન સતથી અભિન્ન થવાથી જ થાય છે. — જીવન-દર્શન
6. જેને તમે જાણવું અને સમજવું કહો છો, તે તો શિખવું છે. તમે શીખ્યા છે, સાંભળ્યું છે. ન તમે જાણ્યું છે, ન સમજ્યા છો..... જાણવાનો અર્થ છે કે જ્યારે તમે સારી રીતે જાણી લો કે ખરેખર આટલા મોટા સંસારમાં મારું કંઈ છે જ નહિ અને મારે કંઈ નહિ જોઈએ. — સંતવાણી 7
7. બુદ્ધિનું જે જ્ઞાન છે, તેનો 'પ્રભાવ' જીવનમાં થઈ જાય અને ઇન્દ્રિય જ્ઞાનનો 'ઉપયોગ' થઈ જાય. — સંતવાણી 4
8. રુચિ-ભેદથી, યોગ્યતા-ભેદથી, સામર્થ્ય-ભેદથી બહારના જ્ઞાનનો પ્રભાવ એક જેવો નથી રહેતો; અને જ્યાં સુધી પ્રભાવ એક જેવો નથી રહેતો, ત્યાં સુધી તેને નિઃસંદેહતા નથી કહી શકતા. તાત્પર્ય શું નીકળ્યું ? કે બહારના જ્ઞાનના આધારે આપણે બધા નિઃસંદેહ થઈ શકતા નથી. — સંતવાણી 4
9. ચાહે અહીંયાં બેસીને જ્ઞાનનો આદર કરો, ગંગા કિનારે બેસીને જ્ઞાનના આદર કરો અને ચાહે ઉત્તરાખંડમાં બેસીને કરો. જો તમે પોતાના જ્ઞાનનો આદર નહિ કરો તો તમને સત્ય મળી શકશે નહિ. — સંતવાણી 3

10. આજકાલ શાસ્ત્રીય જ્ઞાનને, કે જે વિશ્વાસ છે, લોકો 'જ્ઞાન' કહે છે. — જીવન-પથ

11. આપણાથી સૌથી મોટી ભૂલ એ થાય છે કે આપણે પોતાની સમજથી બીજાઓને સમજાવવાનો પ્રયાસ કરીએ છીએ. આ બીમારી જ્યાં સુધી રહેશે, મૂર્ખાઈ ઉત્તરોત્તર વધશે. જ્યારે આપણે જે જાણીએ છીએ તેનાથી પોતાને જ સમજાવીશું, તો મને ખાત્રી છે કે સ્વયંમાંથી જ નહિ, વિશ્વમાંથી પણ મૂર્ખતા ચાલી જશે.

— જીવન-પથ

12. અલ્પ જ્ઞાનનું બીજું નામ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ 'જ્ઞાનનો અભાવ' નથી. — માનવકી માંગ

13. સાધનરૂપ જ્ઞાનની પરાવધિ પ્રેમમાં છે અને સાધનરૂપ ભક્તિની પરાવધિ સાક્ષાત્કારમાં છે. કારણ કે જેને જાણીએ છીએ, તેનાથી પ્રેમ થઈ જાય છે અને જેને માનીએ છીએ, તેને જાણી લઈએ છીએ. — માનવકી માંગ

14. બોધ રહે છે, બોધવાન નહિ. જ્યાં સુધી એ ભાસિત થાય છે કે હું બોધવાન છું, ત્યાં સુધી કોઈ ને કોઈ અંશમાં બોધથી ભિન્નતા છે. ભિન્નતા ભેદને પુષ્ટ કરી પરિચ્છિન્નતામાં બાંધી દે છે.

— માનવ-દર્શન

15. જેની ઉપલબ્ધિ નિજ-જ્ઞાનથી સિદ્ધ થાય છે, તેના માટે કોઈ અભ્યાસ અપેક્ષિત નથી. — સાધન-નિધિ

16. પોતે જાણેલાનો આદર કરવાથી બધાના જ્ઞાનનો આદર થઈ જાય છે. કારણ કે જ્ઞાનમાં એકતા છે, ભિન્નતા નથી. — મૂક સત્સંગ

17. અનુભવથી પહેલાં માની લેવું આસ્થા છે, જ્ઞાન નહિ. વિકલ્પ-રહિત આસ્થા જ્ઞાનના જેવી પ્રતીત થાય છે. — મૂક સત્સંગ

18. અસતના જ્ઞાનમાં જ અસતના ત્યાગનું સામર્થ્ય રહેલું છે. અસતનો ત્યાગ તથા સતનો સંગ યુગપદ છે. જ્ઞાન અસતનું જ થાય છે અને સંગ સતનો થાય છે. સત અસતનું પ્રકાશક છે અને અસતનું જ્ઞાન અસતનું નાશક છે. તેથી અસતના જ્ઞાનથી જ અસતની નિવૃત્તિ થાય છે. — પાથેય

19. જ્ઞાનમાં પ્રેમ અને પ્રેમમાં જ્ઞાન ઓત-પ્રોત છે. જો જ્ઞાન અને પ્રેમનું વિભાજન થઈ જાય તો જ્ઞાન-રહિત પ્રેમ 'કામ' અને પ્રેમ-રહિત જ્ઞાન 'શૂન્યતા'માં આબદ્ધ કરે છે, જે અભાવરૂપ છે. વાસ્તવમાં જ્ઞાન અને પ્રેમનું વિભાજન શક્ય જ નથી. — મૂકસત્સંગ
20. પ્રાકૃતિક નિયમ મુજબ ઇન્દ્રિય-જ્ઞાન સેવા માટે મળ્યું છે, સુખભોગને માટે નહિ અને બુદ્ધિનું જ્ઞાન ત્યાગ માટે મળ્યું છે, વિવાદને માટે નહિ. — જીવન-દર્શન
21. જે સાધક પોતાના જ્ઞાનનો આદર નથી કરતો, તે ગુરુ અને ગ્રંથના જ્ઞાનનો આદર પણ નથી કરી શકતો. જેમ કે, જે આંખના પ્રકાશનો ઉપયોગ નથી કરતો, તે સૂર્યના પ્રકાશનો પણ ઉપયોગ નથી કરી શકતો. — જીવન-દર્શન
22. પોતાના પ્રતિ થવાવાળી બૂરાઈઓનું જ્ઞાન જે જ્ઞાનમાં છે, તે જ જ્ઞાન માનવનું વાસ્તવમાં પથ-પ્રદર્શક છે. — દર્શન ઔર નીતિ
23. જ્ઞાન તેને નથી કહેતા, જે જાણવામાં આવે છે, પરંતુ તેને કહે છે, જેનાથી જાણવામાં આવે છે. જેનાથી જાણવામાં આવે છે, તે કોઈ મસ્તિષ્કની ઉપજ નથી અર્થાત્ જ્ઞાન કોઈ ભૌતિક તત્ત્વ નથી, પરંતુ અનુત્પન્ન અવિનાશી તત્ત્વ છે. — સફલતાકી કુંજી
24. વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત સામર્થ્યનો ઉપયોગ જો જ્ઞાનપૂર્વક નહિ કરવામાં આવશે તો વિજ્ઞાન અહિતકર સાબિત થશે, જે કોઈને અભીષ્ટ નથી. — સફલતાકી કુંજી
25. જ્ઞાન કોઈ કર્મનું ફળ નથી. કારણ કે જ્ઞાન વિના કર્મનું અનુષ્ઠાન સફળ થતું નથી. જે કર્મની સફળતામાં કારણ છે, તે કર્મનું કાર્ય બની શકતું નથી. — દર્શન ઔર નીતિ
26. જે કાળમાં બુદ્ધિજન્ય જ્ઞાન ઇન્દ્રિયજન્ય જ્ઞાનના પ્રભાવને ખાઈ જાય છે, તે જ કાળમાં સમસ્ત કામનાઓ નિવૃત્ત જાય છે અને તે નિવૃત્ત થતાં નિઃસંદેહતા પોતાની મેળે આવી જાય છે. — ચિત્તશુદ્ધિ
27. જેમ-જેમ ઇન્દ્રિય-જ્ઞાનનો પ્રભાવ વધે છે, તેમ તેમ વસ્તુઓમાં સત્યતા, સુંદરતા તેમજ સુખરૂપતા પ્રતીત થવા લાગે છે, જે કામનાઓને ઉત્પન્ન કરવામાં સમર્થ છે. — ચિત્તશુદ્ધિ

28. ઇન્દ્રિયોના જ્ઞાન વડે જે વસ્તુ જેવી પ્રતીત થાય છે, તે જ વસ્તુ બુદ્ધિના જ્ઞાનથી તે જ કાળમાં તેવી પ્રતીત થતી નથી. ઇન્દ્રિયો વસ્તુમાં સત્યતા તેમજ સુંદરતાનો ભાસ કરાવે છે પરન્તુ બુદ્ધિનું જ્ઞાન તે વસ્તુઓમાં સતત પરિવર્તનનું દર્શન કરાવે છે. — ચિત્તશુદ્ધિ

29. ચિત્તની અશુદ્ધિની પ્રતીતિ જે જ્ઞાનથી થાય છે, તે જ જ્ઞાનમાં ચિત્તની શુદ્ધિનો ઉપાય પણ રહેલો છે અને તે ઉપાયને ચરિતાર્થ કરવાનું સામર્થ્ય પણ એ જ જ્ઞાનમાં છે. — ચિત્તશુદ્ધિ

30. અપ્રાપ્ત જ્ઞાન તથા સામર્થ્યને માટે તે જ મનુષ્યો ચિંતિત રહે છે, જે પ્રાપ્ત જ્ઞાન તથા સામર્થ્યનો સદુપયોગ નથી કરતા.

— ચિત્તશુદ્ધિ

31. ઇન્દ્રિયોના જ્ઞાનનો ઉપયોગ નિર્બળોની સેવામાં અને બુદ્ધિના જ્ઞાનનો ઉપયોગ રાગરહિત થવામાં અર્થાત્ વસ્તુઓની સત્યતા અને સુંદરતાના અપહરણમાં રહેલો છે. — ચિત્તશુદ્ધિ

32. જે વસ્તુને ઇન્દ્રિય દ્વારા જાણો છો, તે જ વસ્તુને બુદ્ધિ દ્વારા પણ જાણો. — ચિત્તશુદ્ધિ

33. ઇન્દ્રિયોના જ્ઞાનનો પ્રભાવ ચાલ્યો જતાં જ બુદ્ધિનું જ્ઞાન તે જ રીતે ચાલ્યું જાય છે, જે રીતે ઔષધ રોગને ખાઈને સ્વતઃ મટી જાય છે. ...... બુદ્ધિના જ્ઞાનની આવશ્યકતા ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી ઇન્દ્રિયોના જ્ઞાનનો પ્રભાવ અંકિત છે. — ચિત્તશુદ્ધિ

34. ઇન્દ્રિયોના જ્ઞાનના આધાર પર કરેલી પ્રવૃત્તિ દુરાચારયુક્ત અને બુદ્ધિના જ્ઞાનના આધાર પર કરેલી પ્રવૃત્તિ સદાચારયુક્ત હોય છે. — ચિત્તશુદ્ધિ

35. જે નથી, તેનાથી તદ્રૂપ થઈને તેને જાણી શકતા નથી અને જે છે, તેનાથી ભિન્ન થઈને તેને જાણી નથી શકતા. અર્થાત્ 'છે' થી અભિન્ન થઈને 'છે'ને પ્રાપ્ત કરે છે અને જે નથી, તેનાથી અસંગ થઈને તેની વાસ્તવિકતાને જાણી શકે છે. — ચિત્તશુદ્ધિ

36. જોકે બુદ્ધિ અને ઇન્દ્રિયોનું જ્ઞાન પણ જ્ઞાન જેવું જ પ્રતીત થાય છે, પરંતુ ઇન્દ્રિયો કે બુદ્ધિનું જ્ઞાન સંદેહરહિત નથી હોતું અર્થાત્ બુદ્ધિ કે ઇન્દ્રિયોના જ્ઞાનના આધાર પર મનુષ્ય નિઃસંદેહ બની શકતો

નથી. .... વિવેક બુદ્ધિ અને ઇન્દ્રિયોની અપેક્ષાએ અલૌકિક તત્ત્વ છે અથવા એમ કહો કે તે અનંતનું વિધાન છે. — ચિત્તશુદ્ધિ

37. જ્યારે તમે જ્ઞાનને માટે બીજા કોઈને પસંદ નહિ કરો, ત્યારે તમને જ્ઞાન પોતાનામાં મળી જશે. જુઓ, જે રીતે તમે દર્પણમાં પોતાના મોંને જુઓ છો, તે જ રીતે મહાત્માઓ તથા પુસ્તકોમાં તમે તમારા શુદ્ધ જ્ઞાનને જુઓ છો. — સંત-સમાગમ

38. બોધનો મુખ્ય હેતુ રાગ-રહિત થવાનો છે; કેમ કે રાગ જ અબોધનું કારણ છે. — સંત-સમાગમ 1

39. કર્મ જ્ઞાનનું સાધન હોતું નથી, બલકે ભોગનું દાતા છે. — સંત-સમાગમ 1

40. જ્ઞાનનાં ત્રણ સ્થાન છે— ઇન્દ્રિયોનું જ્ઞાન, બુદ્ધિનું જ્ઞાન અને બુદ્ધિથી પરનું જ્ઞાન. બુદ્ધિથી પરના જ્ઞાનમાં સૃષ્ટિ નથી. ત્રિપુટી તેમાં નથી. ત્રિપુટી ત્યાં છે, જ્યાં ઇન્દ્રિયો અને બુદ્ધિનું જ્ઞાન છે. જ્યાં બુદ્ધિનું જ્ઞાન છે, ત્યાં આસ્થા છે, ચિંતન નથી અને જ્યાં ઇન્દ્રિયોનું જ્ઞાન છે, ત્યાં ભોગ છે, યોગ નથી. — સંત-સમાગમ 2

41. ઇન્દ્રિયોના જ્ઞાનથી 'ભોગ' પેદા થાય છે. બુદ્ધિના જ્ઞાનથી 'યોગ' થયો અને સ્વયંના જ્ઞાનથી 'તત્ત્વજ્ઞાન' થયું, અને સ્વયં જ્ઞાનવાળો 'તત્ત્વવેત્તા' થયો. — સંત-સમાગમ 2

42. માનેલ 'હું' તથા માનેલું 'મારું' નિવૃત્ત થવાથી જ તત્ત્વજ્ઞાન થઈ શકે છે. ભક્ત તથા જિજ્ઞાસુ બન્નેયમાં માનેલ 'હું' તથા માનેલ 'મારું' શેષ રહેતું નથી. — સંત-સમાગમ 2

43. અસત્ય દ્વારા સત્યને જાણવાનો પ્રયત્ન ન કરો, બલકે અસત્યનો ત્યાગ કરી સત્યથી અભિન્ન થઈ જાઓ. — સંત-સમાગમ

44. જરૂરિયાતથી વધારે જાણવું તથા સાંભળવાથી સમજને અજીર્ણ થઈ જાય છે. તેથી જેટલું જાણ્યું હોય, તેટલું કરી નાખો. જાણકારીને અનુરૂપ જીવન બનવાથી જાણકારી સ્વયં વધી જાય છે. — સંત-સમાગમ 2

45. એ નિયમ છે કે જ્યાં સુધી પોતાનું જ્ઞાન પોતાને કામ નથી આવતું, ત્યાં સુધી અન્યના દ્વારા સાંભળેલું જ્ઞાન પણ જીવન બની શકતું નથી. — સાધન-તત્ત્વ

46. જે જ્ઞાન દ્વારા તમે મુક્તિ પામવાની સાધના કરી રહ્યા છો, તે જ્ઞાનદાતા તો મારા પ્રભુ છે. જો તમે જ્ઞાનસ્વરૂપ છો તો તમે પહેલાં ભૂલ કેમ કરી, જેથી તમારે જિજ્ઞાસુ બનવું પડ્યું ?

— સંતવાણી (પ્રશ્નોત્તર)

47. જે શરીરની અસલિયતને જોઈ લેશે, તે સંસારની અસલિયતને પણ સમજી લેશે. જે પોતાને જોઈ લે છે અર્થાત્ હું કોણ છું, આને જાણી લે છે, તે પેલા પરમેશ્વરને પણ જાણી લે છે. — સંત-સૌરભ

48. ઇન્દ્રિય-દૃષ્ટિએ જે જે વસ્તુઓમાં સત્યતા અને સુંદરતા પ્રતીત થાય છે, બુદ્ધિ-દૃષ્ટિથી તે જ વસ્તુઓમાં મલિનતા અને ક્ષણભંગુરતાનું દર્શન થાય છે, અને વિવેક-દૃષ્ટિથી કોઈએ પેલી પ્રતીત થનારી વસ્તુઓના અસ્તિત્વનું જ દર્શન નથી કર્યું; કેમ કે વિવેક-દૃષ્ટિ જડતાથી વિમુખ કરી ચિન્મયતાથી અભિન્ન કરી દે છે. ચિન્મય-સામ્રાજ્યમાં કોઈએ ન તો કામને મેળવ્યો અને ન શ્રમને.

— ચિત્તશુદ્ધિ

49. જ્ઞાન અનાત્માનું થશે, આત્માનું નહિ થાય. હા, આત્માની પ્રાપ્તિ થશે, આત્મામાં પ્રિયતા થશે. — સંતવાણી 5

50. સંતોનું જ્ઞાન, તમારું જ્ઞાન, વેદોનું જ્ઞાન— એમનામાં એકતા છે. — સંતવાણી 4

51. સાયન્સ સાચું પૂછો તો કર્મ છે, અને તમે અનુવાદ કરી દીધો વિજ્ઞાન. જેમાં જ્ઞાનની ગંધ પણ નથી, તેનું નામ વિજ્ઞાન ! ...... જેને તમે ‘સાયન્સ’ કહો છો જેનો અનુવાદ હિંદીમાં ‘વિજ્ઞાન’ કહે છે, તેમાં જ્ઞાનની ગંધ પણ નથી. ........ ‘તો વિજ્ઞાન છે શું ? બળ છે, બળ. બળ જે હોય છે, તે હંમેશાં ચેતના-શૂન્ય હોય છે.’ — સંતવાણી 4

52. ઇન્દ્રિય-જ્ઞાનથી અનેક વસ્તુઓ સત્ય પ્રતીત થાય છે, અને બુદ્ધિ-જ્ઞાનથી અનેક વસ્તુઓમાં એકતા અને પરિવર્તન પ્રતીત થાય છે, અને બુદ્ધિથી અતીતના જ્ઞાનમાં સમસ્ત વસ્તુઓ અભાવરૂપ છે. — સંત-ઉદ્‌બોધન

53. જે જિજ્ઞાસુ ચેનથી રહે છે, તે જિજ્ઞાસુ નથી. જિજ્ઞાસુના જીવનમાં સુખ બિલકુલ રહેતું નથી. સુખી મનુષ્ય કોઈ પણ રીતે જિજ્ઞાસુ નથી બની શકતો. — સંત-સમાગમ 1

54. ભૂલ ન જાણવામાં નથી, બલકે જાણેલને ન માનવામાં છે.

— ચિત્તશુદ્ધિ

55. અનુભવથી ભિન્ન કથન કરવું જ બોધમાં અબોધ અને અબોધમાં બોધનું ભળવું છે. ......... અનુભવ થવાથી પોતાનાથી ભિન્ન કંઈ બાકી નથી રહેતું, પછી કોણ કોનું કથન કરે ?

— સંત-સમાગમ

❊ ❊ ❊

**કામનો નાશ થયા વિના ન તો રામ સાથે અભિન્નતા થઈ શકે છે, ન રામ સાથે યોગ પણ થઈ શકે છે અને ન રામનો પ્રેમ પણ મળી શકે છે. હવે વિચાર એ કરવાનો છે કે જો કોઈ રામની સત્તાનો જ સ્વીકાર ન કરે તો પણ એ તો માનવું જ પડશે કે કામની અપૂર્ણતા કોઈને અભીષ્ટ નથી.**

# ત્યાગ

1. એક શરીરને લઈને કુટિરની અંદર બંધ કરી દીધું અને આપણે ત્યાગી બની ગયા. હું તો કહીશ કે આમ તો તારા બાપ પણ ત્યાગી નથી બની શકતા. જો પૂછો કે કેમ ત્યાગી નથી બની શકતા ? તો કહેવું પડશે કે તમે પોતાનો (અહમ્‌નો) તો ત્યાગ કર્યો નથી. ભાઈ મારા ! જો ત્યાગ કરવો હોય તો પોતાનો ત્યાગ કરો, અને પ્રેમ કરવો હોય તો બધાયને પ્રેમ કરો અને જો પોતે પોતાનો ત્યાગ નથી કરી શકતા તો તમે સંસારનો ત્યાગ કદી કરી શકતા નથી. — પ્રેરણા પથ
2. ત્યાગ શું છે ? 'હું શરીર અને સંસારથી અલગ છું.' આનું ફળ શું છે? ઈચ્છારહિત થવું, નિર્મમ થવું અને નિષ્કામ થવું.— સંત-ઉદ્‌બોધન
3. ત્યાગનો અર્થ છે કે કોઈ વસ્તુને પોતાની ન માનો. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી સંબંધ ન રાખો. કર્મ, ચિંતન તેમ જ સ્થિતિ કોઈ પણ અવસ્થામાં જીવન-બુદ્ધિ ન રાખો. કોઈનો આશ્રય ન લો. કોઈથી સુખની આશા ન કરો. — સંત-ઉદ્‌બોધન
4. મમતા, કામના અને તાદાત્મ્યના ત્યાગનું નામ જ 'સંન્યાસ' છે. — સંત-ઉદ્‌બોધન
5. માત્ર ઘર-ત્યાગ કરવો અને વસ્ત્રો રંગવા માત્રથી કોઈને યોગ-બોધ-પ્રેમની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ ત્યાગ નથી પણ ત્યાગના વેષમાં પોતાના કર્તવ્યથી પલાયન થવું છે. — સંત-ઉદ્‌બોધન
6. માનવનું પોતાનું હિત તો ત્યાગમાં છે. — માનવ-દર્શન
7. જ્યારે પોતાનું-પોતાનું કરીને, પોતાનું કંઈ છે જ નહિ, તો ત્યાગ કેવો ! અને જે વસ્તુ જેની છે, તેને મળી ગઈ, તો સેવા કેવી ! — સાધન-નિધિ

8. અનેક પ્રિય વસ્તુઓ સ્વરૂપથી છૂટી ચુકી છે; પરંતુ તેમની સુંદરતા અને આસક્તિ બાકી છે. એટલા માટે વસ્તુઓના ત્યાગનું ફળ કંઈ નથી મળતું. ખરેખર તો આસક્તિ ત્યાગ જ ત્યાગ છે.
— સંત પત્રાવલી 1

9. જે કર્યા વિના થાય, તે જ સાચો ત્યાગ છે; કેમ કે સાચો ત્યાગ કરવો નથી પડતો, થઈ જાય છે. — સંત પત્રાવલી 1

10. કોઈ પણ વસ્તુને પોતાની ન સમજો. બસ આ જ ત્યાગ છે. કોઈ વસ્તુ તથા વ્યક્તિથી અલગ થવામાત્રથી ત્યાગ થઈ જતો નથી. પોતાનું ન માનવાથી ત્યાગ થાય છે. — સંત પત્રાવલી 2

11. વિવેકપૂર્વક મમતા, કામના તથા તાદાત્મ્યનો ત્યાગ જ ખરેખરો, જાણેલા અસતનો ત્યાગ છે. — પાથેય

12. આ કેવી વિડમ્બના છે કે જેનો ત્યાગ આપમેળે થઈ રહ્યો છે, તેના ત્યાગમાં પણ અસમર્થતા પ્રતીત થાય છે. આ અસમર્થતાના મૂળમાં છુપાઈ રહેલી સુખ-લોલુપતા છે, જે એકમાત્ર દુઃખના પ્રભાવથી જ નષ્ટ થાય. — દુઃખકા પ્રભાવ

13. પ્રિયમાં પ્રિય વસ્તુ તથા વ્યક્તિનો ત્યાગ ગાઢ નિદ્રાને માટે ભલા કોણે નથી કર્યો ? — દુઃખકા પ્રભાવ

14. જે આપણા વિના રહી શકે છે, જે બરાબર આપણો ત્યાગ કરી રહ્યો છે, તેની સાથે સંબંધ ચાલુ રાખવો કઠિન છે કે તેનો ત્યાગ ? — સફલતાકી કુંજી

15. અકર્તવ્યને અકર્તવ્ય જાણીને જ તેનો ત્યાગ કરવો જોઈએ. કોઈ ભયથી ભયભીત થઈને અકર્તવ્યના ત્યાગનું કોઈ મૂલ્ય નથી. તો મિથ્યા અભિમાન જ પેદા કરે છે, જે અનર્થનું મૂળ છે.
— ચિત્તશુદ્ધિ

16. મૃત્યુ અને ત્યાગનું સ્વરૂપ એક છે, માત્ર પરિણામમાં જ ભેદ છે. મૃત્યુનું પરિણામ જન્મ છે, અને ત્યાગનું પરિણામ અમરત્વ છે. ..... મૃત્યુ તો વસ્તુનો નાશ કરે છે અને ત્યાગ વસ્તુના સંબંધનો નાશ કરે છે. — ચિત્તશુદ્ધિ

17. જો કોઈ સાધક પોતાને સેવા કરવામાં અસમર્થ માને છે તો તેણે ત્યાગને અપનાવી લેવો જોઈએ. ત્યાગને અપનાવી લેવાથી સેવા, પૂજા તથા પ્રેમનું સામર્થ્ય આપમેળે આવી જાય છે. — ચિત્તશુદ્ધિ

18. શરીર વગેરે કોઈ પણ વસ્તુને પોતાની ન માનવી અને કોઈથી પણ કોઈ પ્રકારની સુખની આશા ન કરવી અર્થાત્ ઇચ્છા-રહિત થવું અથવા એમ કહો કે 'અહમ્' અને 'મમ'નો અંત કરવો જ ત્યાગનું વાસ્તવિક રૂપ છે. — ચિત્તશુદ્ધિ
19. ઈશ્વર, ધર્મ અને સમાજ કોઈના ઋણી નથી રહેતાં. જે એમને માટે ત્યાગ કરે છે, તેમનો એ જરૂર નિર્વાહ કરે છે. — સંત-જીવન-દર્પણ
20. સત્યની શોધ કરનારા બધાએ ત્યાગ કર્યો છે. — સંત-સમાગમ 1
21. ત્યાગ ક્રિયા નથી, બલકે અસંગતા છે. — સંત-સમાગમ 1
22. ત્યાગ વર્તમાનમાં અને કર્મ ભવિષ્યમાં ફળ આપે છે. — સંત-સમાગમ 1
23. જે નિત્ય આનંદ ફકત ત્યાગથી પ્રાપ્ત થાય છે, તેને માટે ભવિષ્યની આશા કરવી, એકમાત્ર પ્રમાદ સિવાય બીજું કંઈ નથી. — સંત-સમાગમ 2
24. ત્યાગ સ્વતઃ પેદા થનારી વસ્તુ છે. — સંત-સમાગમ 2
25. ત્યાગ સમગ્રનો થાય છે, આંશિકનો નહિ. — સંત-સમાગમ 2
26. જેની દૃષ્ટિ દૃશ્ય વિના સ્થિર છે, જેનું ચિત્ત આધાર વિના શાંત છે તેમજ જેનો પ્રાણ નિરોધ વિના સમ છે, તેને ગૃહ-ત્યાગનો અધિકાર છે. — સંત-સમાગમ 2
27. સદ્ભાવપૂર્વક મોહજનિત સંબંધ-વિચ્છેદ થઈ જતાં 'હું ભગવાનનો છું'— આ ભાવમાં સત્યતા આવી જાય છે; કેમ કે કોઈનો ત્યાગ કોઈની એકતા બની જાય છે. — સંત-સમાગમ 2
28. મોહયુક્ત ક્ષમા અને ક્રોધયુક્ત ત્યાગ નકામો છે. — સંત-સમાગમ 2
29. ત્યાગ થઈ જતાં ત્યાગનો ભાસ નથી રહેતો; કેમ કે ત્યાગની સ્મૃતિ અથવા તેનું અસ્તિત્વ ત્યાં સુધી જ પ્રતીત થાય છે, જ્યાં સુધી ત્યાગ થતો નથી. — સાધન-તત્ત્વ
30. સંબંધ-વિચ્છેદથી કોઈ વસ્તુ, વ્યક્તિ વગેરેની ક્ષતિ થતી નથી અને ન પ્રાપ્ત વસ્તુઓનો સદુપયોગ અને વ્યક્તિઓની સેવામાં પણ બાધા આવે છે. — સાધન-તત્ત્વ

31. ત્યાગ સંસારના ચઢાવની તરફ લઈ જાય છે અને કર્મ સંસારના પ્રવાહની તરફ લઈ જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

32. શરીર અને સંસારને છોડવાનો પ્રશ્ન નથી, પ્રશ્ન છે શરીર અને સંસાર સાથે આપણો સંબંધ ન રહે. — સંતવાણી 8

33. એ નિયમ છે કે જેને જે આપવાનું છે, તે આપવાથી અને જેની પાસેથી લેવાનું છે, તેની પાસેથી ન લેવાથી આપમેળે સંબંધ-વિચ્છેદ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

34. ત્યાગથી વધીને સુલભ બીજું શું કોઈ સાધન દુનિયામાં છે ? ત્યાગ કોનો કરવાનો છે ? જે તમારા વિના પણ રહે છે અને જે તમારો ત્યાગ કરે છે. ..... ત્યાગ કરનારનો રાગ મુશ્કેલ છે કે ત્યાગ કરનારનો ત્યાગ મુશ્કેલ છે ? — સંતવાણી 7

❊ ❊ ❊

**જે કાર્યનો સંબંધ વર્તમાન સાથે હોય, જેને કર્યા વિના કોઈ પણ પ્રકારે રહી ન શકાય, જેનાં સંપાદનનાં સાધનો ઉપલબ્ધ હોય, જેનાથી કોઈનું અહિત ન થાય, એવાં બધાં જ કાર્ય આવશ્યક કાર્ય છે. આવશ્યક કાર્યને પૂરું ન કરવાથી અને અનાવશ્યક કાર્યનો ત્યાગ ન કરવાથી, કર્તા ઉદ્દેશ્ય-પૂર્તિમાં સફળ થતો નથી. આથી, માનવમાત્રએ અનાવશ્યક કાર્યનો ત્યાગ અને આવશ્યક કાર્યનું સંપાદન કરવું અનિવાર્ય છે.**

# ધન

1. ધનના સંગ્રહથી નિર્ધનતા મટી જાય એવું નથી.

— સંતવાણી 5

2. જ્યાં સુધી ભૌતિક મનમાં 'અર્થ'નું મહત્ત્વ છે, ત્યાં સુધી તેનો અપવ્યય મનમાં ખટકે છે અને તેની પ્રાપ્તિ સુખદ પ્રતીત થાય છે.

— પાથેય

3. શું ઋણ આપનાર ગરીબ નથી ? ઋણ લેનાર જ ગરીબ છે ? ઈમાનદારીથી .

— સંતવાણી 8

4. કેટલાક લોકો તો એવો ઘમંડ કરે છે કે અમારી પાસે સંપત્તિ સૌથી વધારે છે. તેમણે એ કદી નથી વિચાર્યું કે અમારામાં મૂર્ખતા સૌથી વધારે છે. વિચાર કરો, સંપત્તિના આધાર પર જે તમારું મહત્ત્વ છે, કદાચ તેનાથી વધારે મૂર્ખતા બીજી એકેય નથી.

—સંતવાણી 7

5. ઓછામાં ઓછું એક અઠવાડીયું મનુષ્યે નોકરોની ગુલામીમાંથી મુક્ત રહેવું જોઈએ..... કેટલાક લોકો અર્થને આધીન શ્રમનો અનાદર કરી રહ્યા છે. તેનું પરિણામ એ થયું છે કે આજે કાર્યકુશળતા દિન-પ્રતિદિન ઓછી થતી રહી છે. લોકો કામ કરવું સારું નથી એમ માની રહ્યા છે. તેનું બહુ જ ભયંકર પરિણામ એ થયું છે કે ધનનું મહત્ત્વ વધી ગયું છે, જેણે માનવ-સમાજમાં સંગ્રહની રુચિ વધારી દીધી છે. સંગ્રહ અભિમાન તથા વિલાસને જન્મ આપે છે, જે વિનાશનું મૂળ છે.

— પાથેય

6. સમાજનો તે વર્ગ જે ઉપાર્જન કરવામાં અસમર્થ છે, તેના નિમિત્તે પરિગ્રહ કરવો જરૂરી છે, પછી ભલે, તેના પર હક વ્યક્તિગત હોય અથવા રાષ્ટ્રગત.

— માનવ-દર્શન

7. સંગ્રહનો અધિકાર તેવા લોકોને છે, જે પોતાના માટે સંગ્રહ નથી કરતા.

— માનવ-દર્શન

8. વ્યક્તિગત સુખભોગને માટે જ પરિગ્રહના ત્યાગની વાત છે.
— માનવ-દર્શન
9. સિદ્ધાંતઃ સંપત્તિ ન રાષ્ટ્રગત છે, ન વ્યક્તિગત. સંગ્રહીત સંપત્તિ રોગી, બાળક તથા સેવા-પરાયણ તેમ જ સત્યની ખોજમાં રત છે તેમના ભાગની છે. — માનવ-દર્શન
10. આર્થિક કમી હોવા છતાં પણ આવશ્યક કાર્યો આપમેળે થઈ જાય છે. બુદ્ધિ-જન્ય વિધાનના અભાવમાં તે પોતાની મેળે થઈ જશે, જે થવું જોઈએ. — પાથેય
11. રોગી, વૃદ્ધ તેમજ બાળક તથા વિરક્ત સંઘરેલી સંપત્તિના હકદાર છે. — પાથેય
12. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક તેમજ વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું અનિવાર્ય છે. — માનવકી માંગ
13. જરૂરી વસ્તુઓનું ઉત્પાદન શારીરિક અને બૌદ્ધિક શ્રમ તથા પ્રાકૃતિક મૂળ પદાર્થો દ્વારા જ થાય છે. સિક્કાથી કોઈ પણ વસ્તુનું સંપાદન નથી થતું. — દર્શન ઔર નીતિ
14. જો સિક્કાનું મહત્ત્વ ન રહે તો માનવ-સમાજમાંથી આળસ, વિલાસ તેમજ અકર્મણ્યતા તો ઘણા જ ઓછા થઈ જાય.— દર્શન ઔર નીતિ
15. શ્રમને સિક્કામાં બદલવાથી શ્રમનું મહત્ત્વ વધતું નથી.
— દર્શન ઔર નીતિ
16. જો સિક્કાનું મહત્ત્વ માનવના જીવનમાં ન રહે તો ઘણી જ સુગમતાપૂર્વક પરસ્પર એકતા સ્થાપિત થઈ શકે છે.
— દર્શન ઔર નીતિ
17. સિક્કાની ઉપયોગિતા એકમાત્ર સુવિધાપૂર્વક વસ્તુઓની લેણદેણમાં છે. વાસ્તવમાં તો જીવનમાં સિક્કાની કોઈ આવશ્યકતા જ નથી. જીવનમાં આવશ્યકતા વસ્તુની છે. — દર્શન ઔર નીતિ
18. નિર્ધન તે છે, જેને બીજાનું ધન વધારે દેખાય છે અને પોતાનું ધન ઓછું દેખાય છે. — સંત-સમાગમ 2
19. આળસ, અકર્મણ્યતા તથા અભિમાનના પોષણમાં સિક્કાનો બહુ મોટો હાથ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

20. જેની પાસે ધન ન હોય, તેણે દાન કરવાના સંકલ્પને રોકવો જોઈએ. ...... દાન તો સંગ્રહ કરવાનો ટેક્ષ છે.

— સંત-સૌરભ

21. સટ્ટાના વ્યાપારમાં જુગારની જેમ કોઈ એકનું નુકસાન જ બીજાનો લાભ થાય છે. આ વાતને બધા જ જાણે છે કે સટ્ટામાં ધન બહારથી નથી આવતું. સટ્ટો કરનારાઓમાં જ એકનું નુકસાન અને બીજાને લાભ થાય છે. સટ્ટો કરવાવાળાઓ બધા જ લાભની આશાથી કરે છે; પરંતુ બધાને લાભ નથી થઈ શકતો. આ વ્યાપારમાં કોઈનું દુઃખ જ બીજાનું સુખ છે. તેથી આ વ્યાપાર યોગ્ય નથી. — સંત-સૌરભ

22. સિક્કાથી વસ્તુઓનું, વસ્તુથી વ્યક્તિઓનું, વ્યક્તિઓથી વિવેકનું અને વિવેકથી એ નિત્ય-જીવનનું, જે પરિવર્તનથી અતીત છે, વધારે મહત્ત્વ છે. — સંત-સમાગમ 2

23. બહારથી જેટલું એકઠું કરશો, તેટલા જ ભીતરથી ગરીબ બનતા જશો. — સંતવાણી 8

24. ધનનો સંગ્રહ કરવાનું સામર્થ્ય જેનામાં હોય છે, તેનામાં ધનનો સદુપયોગ કરવાની યોગ્યતા નથી હોતી. આવો નિયમ જ છે. જો સદુપયોગ કરવાનું આવડી જાય તો તે સંગ્રહ કરી જ નથી શકતો.

— સંતવાણી 7

* * *

**વિવેક-વિરોધી કર્મ કોઈ પણ પરિસ્થિતિમાં કરવાનું નથી. પરંતુ જો કોઈ એવું કાર્ય છે, જે કોઈ વ્યક્તિ-વિશેષને માટે જરૂરી છે પણ જે સમૂહમાં વ્યક્તિ રહે છે, તે સમૂહના વ્યાવહારિક નિયમને પ્રતિકૂળ છે, તો એવી પરિસ્થિતિમાં સમૂહના બહુમત દ્વારા વ્યક્તિ-વિશેષ અધિકારની રક્ષા કરવી જરૂરી છે.**

# ધર્મ

1. જે પ્રવૃત્તિમાં ત્યાગ તથા પ્રેમ ભરપૂર છે, એ જ વાસ્તવમાં ધર્મ છે. — સંત-સમાગમ 2
2. જે પ્રવૃત્તિ ધર્માનુસાર કરવામાં આવે છે, તેમાં ભાવનું મૂલ્ય હોય છે, ક્રિયાનું નહિ. ભાવને મિટાવીને માત્ર ક્રિયાને પ્રાધાન્ય આપવું એ પશુતા છે. — સંત-સમાગમ 2
3. ધર્મનો અર્થ એ છે કે જે નહિ કરવું જોઈએ, તેને છોડી દો તો જે કરવું જોઈએ, તે થવા લાગશે. — સંતવાણી 5
4. તમે જાણો છો, ધર્મની આવશ્યકતા શા માટે હોય છે ? પોતે જાણેલ અસતનો ત્યાગ કરવા માટે. — જીવન-પથ
5. ધર્મ એક છે, અનેક નહિ. જે રીતે રેલવે સ્ટેશન પર મુસલમાનના હાથમાં હોવાથી 'મુસલમાન પાણી' અને હિંદુના હાથમાં હોવાથી 'હિંદુ પાણી' કહેવાય છે. જો કે બિચારું પાણી ન તો હિંદુ હોય છે, ન મુસલમાન. એ જ પ્રમાણે જ્યારે લોકો ધર્માત્માને કોઈ કલ્પનામાં બાંધી લે છે, ત્યારે તેના નામથી તે ધર્મને કહેવા લાગે છે. — સંત-સમાગમ 1
6. ખરેખર તો ધર્મ તે છે, જે કરવામાં આવે, કહેવામાં નહિ. — સંત-સમાગમ 1
7. ધર્મનો મૂળમંત્ર માત્ર બે વાત શીખવે છે— કોઈના ઋણી બનીને ન રહો અને દરેક કાર્ય વિશ્વના સંબંધે અથવા ભગવાનનાં સંબંધે કરતા રહો. — સંત-સમાગમ 2
8. જે રીતે લિપિ અર્થને પ્રકાશિત કરે છે, તે જ રીતે દરેક ધાર્મિક ચિહ્ન મૂક ભાષામાં સ્વધર્મનિષ્ઠ બનવાને માટે પ્રેરિત કરે છે. — સંત-સમાગમ 2
9. બધાં બંધન મનુષ્યમાં રહેલાં છે, પરિસ્થિતિમાં નહિ. પ્રતિકૂળ પરિસ્થિતિનો ભય નાસ્તિક અર્થાત્ ધર્મરહિત મનુષ્યોને હોય છે.

ધર્માત્મા પ્રતિકૂળ પરિસ્થિતિથી ડરતો નથી, બલકે તેનો સદુપયોગ કરે છે. — સંત-સમાગમ 2

10. ધર્મ પ્રાણીનાં છુપાયેલાં બંધનોને પ્રકાશિત કરી દૂર કરવાનો પ્રયત્ન કરે છે, કોઈ નવું બંધન પેદા નથી કરતો. — સંત-સમાગમ 2
11. ધર્મ થોડું લઈને ઘણું આપવાનું શિખવે છે. જેનામાં એવું બળ નથી, તેમાં ધર્મ રહેતો નથી. — સંત-સમાગમ 2
12. ધર્માનુસાર કરેલી પ્રવૃત્તિ સ્વાભાવિક નિવૃત્તિ પેદા કરી દે છે. — સંત-સમાગમ 2
13. તમને ભેટ-સ્વરૂપ શ્રીરામાયણ એટલા માટે આપવામાં આવે છે કે તમારી દરેક પ્રવૃત્તિ ધર્માનુસાર સરસ તથા મધુર બને. — સંત-સમાગમ 2
14. ધર્મની પૂર્ણતા ત્યારે સિદ્ધ થાય છે, જ્યારે પોતાની પ્રસન્નતાને માટે સંસારની તરફ નથી જોતો, બલકે સંસારની પ્રસન્નતાનું સાધન બની, પોતાનામાં જ પોતાના પ્રીતમને પામી, નિત્ય જીવન તેમજ નિત્ય રસ પામે છે. — સંત-સમાગમ 2
15. જેને પૂરું કરવાની સ્વાધીનતા હોય, જેનો વર્તમાન સાથે સંબંધ હોય, જેનાથી કોઈનું અહિત ન થાય, તેને આવશ્યક કાર્ય કહે છે, તેને કર્તવ્ય કહે છે, તેને ધર્મ કહે છે. — સંતવાણી 8
16. ધર્મ એટલે સંસારને ઉપયોગી બની જાઓ, સંસારને ઉપયોગી કઈ રીતે થશો ? એ સત્યને સ્વીકાર કરો કે મનથી, વાણીથી અને કર્મથી કદી કોઈને હાનિ નહિ પહોંચાડીશ. — સંતવાણી 8
17. ધર્મ તો તેને કહે છે, જે નિષેધાત્મક હોય. જે શાસ્ત્રના વિધાનવાળી પ્રવૃત્તિઓ છે, તે મત, પંથ અને સંપ્રદાય કહેવાય છે. ...... જેમ કે હું કોઈને હાનિ નહિ પહોંચાડીશ— આ ધર્મ (નિષેધાત્મક) થઈ ગયો અને કઈ કઈ રીતે બીજાઓને લાભ પહોંચાડીશ— આ સંપ્રદાય થઈ ગયો. — સંતવાણી 8
18. જેમાં સૌ એકમત હોય, તે 'ધર્મ' કહેવાય અને જેમાં ભેદ હોય, તે 'મજહબ' કહેવાય. મજહબ વ્યક્તિગત સત્ય હોય છે અને ધર્મ સાર્વભૌમ સત્ય હોય છે. — સંતવાણી 8
19. માનવમાત્રનો ધર્મ ભિન્ન હોઈ શકતો નથી. માનવમાત્રનો ધર્મ એક જ છે. — સંતવાણી 8

# ધ્યાન

1. ધ્યાનથી મન એટલા માટે કંટાળે છે કે તમે 'કરો છો', ધ્યાન 'થતું' નથી. — સંતવાણી 3

2. જગતની સ્મૃતિને સત્તા આપીને તમે પ્રભુનું ધ્યાન કરવા ચાહો છો જે તદ્દન અસંભવ છે. દયા કરો પોતાના પર અને ધ્યાનનો પ્રયત્ન છોડી દો, ત્યારે ધ્યાન આપમેળે જ થઈ જશે. આનો ઊંધો અર્થ ન કરતા. તેનું ધ્યાન કરવાનું છોડો, જેમાં મમતા છે.

— જીવન-પથ

3. ધ્યાન શું છે ? જેની જરૂરત હોય છે, તેનું ધ્યાન આપમેળે થાય છે. — સંત-ઉદ્‌બોધન

4. ધ્યાન કોનું થશે ? જેની જરૂરિયાત તમે અનુભવ કરશો, જેની સ્મૃતિ જાગશે, તેનું ધ્યાન થશે. સ્મૃતિ તેની જાગશે, જેને તમે પોતાના માનશો. તો એકદમ ધ્યાન કેવી રીતે કરશો ? પહેલાં એ તો જુઓ કે જેનું તમે ધ્યાન કરવા ચાહો છો, તે તમારો પોતાનો છે કે નહિ, તે હમણાં છે કે નહિ ? — સંત-ઉદ્‌બોધન

5. ધ્યાન કોઈનું નથી કરવું. કોઈનું ધ્યાન નહિ કરો તો પરમાત્માનું ધ્યાન થઈ જશે. બીજા કોઈનું ધ્યાન કરશો તો તે પછી કોઈ બીજાનું જ ધ્યાન માત્ર રહી જશે. — સંત-ઉદ્‌બોધન

6. શું તે કોઈ ધ્યાન પણ કોઈ ધ્યાન છે, જેનાથી ઉત્થાન થઈ જાય ? જો ધ્યાનમાં અનંતનું દર્શન થાય છે તો ધ્યાનના ઉત્થાનમાં કોનું દર્શન થાય છે ? શું અનંતથી ભિન્ન કોઈ બીજાની સત્તા છે ? કદાપિ નહિ. જેને આપણે ધ્યાનમાં જોઈએ છીએ, તેને જ આપણે ધ્યાનથી ઉત્થાન થયા પછી પણ જોવાના છે. ત્યારે જ

ધ્યાનીનું ધ્યાન અખંડ થશે અને તેને બધે પોતાના પ્રીતમનો જ અનુભવ થશે. — જીવન-દર્શન

7. ધ્યાન કરવામાં નથી આવતું, બલકે થઈ જાય છે.

— સંત-સમાગમ

8. જે મનમાંથી શરીર વગેરેનું ધ્યાન નીકળી જાય છે, તે મનમાં ભગવદ્ ધ્યાન આપમેળે થવા લાગે છે. — સંત-સમાગમ 2

9. આવશ્યકતા અને પોતાપણું ધ્યાનનું મૂળ છે. આંખ બંધ કરીને બેસવું અથવા ટટાર બેસવું, ધ્યાનનું મૂળ નથી.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

❊ ❊ ❊

**ભૂતકાળની ઘટનાઓના અર્થને અપનાવીને વર્તમાન કાર્યને પવિત્ર ભાવથી, લક્ષ્ય પર દૃષ્ટિ રાખતા રહીને કરી નાખો. આગળ-પાછળનું વ્યર્થ-ચિંતન કરવાથી વર્તમાન કાર્યમાં સફળતા મળશે નહિ અને તેના વિના ભવિષ્ય પણ ઉજ્જ્વળ નહિ થાય. તેથી વર્તમાન કર્તવ્ય-કર્મ પૂરું કરવું માનવ-માત્રને માટે અનિવાર્ય છે.**

# ન્યાય

1. અન્યાયનો ખરેખરો પ્રતિકાર પોતાના પ્રતિ ન્યાય અને બીજાઓના પ્રતિ પ્રેમથી જ થશે. — સાધન-નિધિ
2. કદી પણ કોઈથી ન્યાય તથા પ્રેમની આશા કરવી જોઈએ નહિ, પરંતુ પોતે પોતાના પ્રતિ ન્યાય અને બીજાઓના પ્રતિ ઉદારતા તથા પ્રિયતાનો વ્યવહાર કરવો જોઈએ. — સંત પત્રાવલી 2
3. પોતાના પર કોઈ બીજા ન્યાયાધીશની આવશ્યકતા પોતાના પ્રતિ ન્યાય ન કરવાથી થાય છે. કોઈ પણ ન્યાયાધીશ અન્યના પ્રતિ યથેષ્ટ ન્યાય કરી શકતો નથી અર્થાત્ દોષને અનુરૂપ ન્યાય નથી કરી શકતો નથી. આ જ કારણ છે કે શાસન-પ્રણાલી દ્વારા સમાજમાં નિર્દોષતાની અભિવ્યક્તિ થતી નથી.

   — દર્શન ઔર નીતિ
4. એ તો સૌ સ્વીકાર કરશે કે બે વ્યક્તિઓની બનાવટ સર્વથા એક જેવી નથી. આ કારણે કોને કેટલા દંડથી કેટલું દુઃખ થાય છે, આનો નિર્ણય કોઈ પણ ન્યાયાધીશ કરી શકતો નથી.

   — દર્શન ઔર નીતિ
5. દરેક મનુષ્યે પોતાના પ્રતિ સ્વયં ન્યાય કરવો પડશે. ન્યાયનો અર્થ કોઈનો વિનાશ કરવાનો નથી, પરંતુ કરેલા અપરાધની ફરી ઉત્પત્તિ જ ન થાય, એ જ ન્યાયની સફળતા છે.

   — દર્શન ઔર નીતિ
6. તે ન્યાય 'ન્યાય' નથી, જે અપરાધીને નિરપરાધ બનાવવામાં સમર્થ ન હોય. — દર્શન ઔર નીતિ
7. મા-બાપના ખોળામાં બાળકોનો વાસ્તવિક વિકાસ શક્ય નથી; કારણ કે મા-બાપથી પ્યાર તો મળે છે, પરંતુ ન્યાય મળતો નથી અને નોકરોના દ્વારા ન્યાય મળે છે, પ્યાર મળતો નથી. બાળકનો મનમાન્યો વિકાસ ત્યારે જ શક્ય છે, જ્યારે તેનું પાલન પ્યાર તથા ન્યાયપૂર્વક કરવામાં આવે. — સંત-સમાગમ 2

8. સંસારથી ન્યાય તથા પ્રેમની આશા ન રાખો; પરંતુ પોતાની તરફથી ન્યાય તથા પ્રેમભર્યો વ્યવહાર કરતા રહો.

— સંત-સમાગમ 2

9. ખરેખરો ન્યાય કોઈ અન્યના દ્વારા કદી પણ શક્ય નથી, તેથી દરેક ભાઈ-બહેને પોતાના તરફ પોતાના દ્વારા ન્યાય કરવો અનિવાર્ય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

10. ન્યાયનો અર્થ કોઈને દંડિત કરવાનો નથી, પરંતુ ગુનેગાર પોતે પોતાના ગુનાને જાણી બિનગુનેગાર બનવા માટે તત્પર થઈ જાય. આ જ ખરેખરો ન્યાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

11. જે રીતે રાષ્ટ્રનું પ્રતીક ન્યાય છે, એ જ રીતે મત, સંપ્રદાયનું પ્રતીક પ્રેમ છે. કોઈ પ્રકારનું રાષ્ટ્ર હોય, તેનાથી 'ન્યાય'ની જ આશા કરવામાં આવે છે, જેમ કે કોઈ પણ સંપ્રદાય હોય, તેનાથી પ્રેમની જ આશા કરવામાં આવે છે.

— પાથેય

* * *

**દરેક કાર્ય પવિત્ર ભાવથી ભાવિત તથા નિજ-વિવેકના પ્રકાશથી પ્રકાશિત હોય, ત્યારે જ કાર્યમાં સરસતા આવશે અને કર્તા કરવાના રાગથી રહિત થશે. તેથી દરેક કાર્ય સાવધાનીપૂર્વક, પવિત્ર ભાવથી કરવું અનિવાર્ય છે.**

# પરદોષદર્શન

1. આપણે બગડ્યા ન હોત તો દુનિયા ન બગડત એટલે કે દુનિયામાં બૂરાઈ નહિ દેખાત. આપણી જ બૂરાઈ દુનિયામાં જોવામાં આવે છે, એવું હું માનું છું. — સંતવાણી 3
2. જો તમે એવું ઈચ્છો છો કે કોઈ બૂરું ન રહે, તો તેનો સહેલો ઉપાય છે કે તમે કોઈને બૂરા ન સમજો. — સંતવાણી 5
3. સૌથી મોટી સેવા, પોતાની અને બીજાઓની, એમાં જ છે કે આપણે કોઈને બૂરા ન સમજીએ. — સંતવાણી 6
4. દુનિયાનો સૌથી મોટો માણસ તે જ હોઈ શકે છે, જે કોઈને બૂરા નથી સમજતો. દુનિયાનો સૌથી મોટો માણસ તે પણ હોઈ શકે છે, જે કોઈનાથી સુખની આશા નથી રાખતો અને પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને નથી માનતો. — સંતવાણી 6
5. જેને તમે જેવો સમજશો, જેવો વિચારશો, જેવો માનશો, તેવો તે બની જશે. આનાથી શું સાબિત થયું ? આપણે કોઈને બૂરા ન સમજીએ. — સંતવાણી 5
6. જે કોઈને પણ બૂરો સમજે છે, તે તેનાથી વધારે બૂરો છે, જે બૂરાઈ કરે છે. — પ્રેરણા પથ
7. મારો એ વિશ્વાસ છે અને અનુભવ છે કે આંખે જોયેલી બૂરાઈના વિષયમાં પણ કોઈ સાચા અર્થમાં નિર્ણય નથી કરી શકતો કે તેમાં બૂરાઈનો અંશ કેટલો છે. — પ્રેરણા પથ
8. કદી-કદી તો જેવું આપણને જોવામાં આવે છે, વાસ્તવિકતા તેનાથી ઊંધી હોય છે. તેથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જોવા તથા સાંભળવા માત્રથી જ કોઈને દોષી માની લેવો ન્યાયસંગત નથી. — માનવકી માંગ
9. બૂરાઈ કરવી નાની બૂરાઈ છે, બીજાઓનું બૂરું ચાહવું તેનાથી મોટી બૂરાઈ છે અને કોઈને બૂરા સમજવા સૌથી મોટી બૂરાઈ છે. — સાધન-ત્રિવેણી

10. બીજાઓને બૂરા સમજવાથી આપણામાં બૂરાઈ પેદા થઈ જાય છે.
— સાધન-નિધિ
11. ઘણું કરીને તો સાંભળીને અથવા અનુમાન માત્રથી જ બીજાઓને બૂરા સમજી લેવામાં આવે છે. એટલું જ નહિ ઇન્દ્રિય-દૃષ્ટિથી કોઈની વાસ્તવિકતાનો બોધ થતો જ નથી. — સાધન-નિધિ
12. બૂરામાં બૂરી વ્યક્તિને પણ બૂરી ન સમજો. — સંત પત્રાવલી 1
13. જે સમયે પોતાના દોષનું દર્શન થઈ જાય, સમજી લો કે તમારા જેવો વિચારશીલ કોઈ નથી. અને જે સમયે પરદોષદર્શન થઈ જાય, તે સમયે સમજી લો કે આપણા જેવો કોઈ મૂર્ખ નથી. — પ્રેરણા પથ
14. જે જ્ઞાનથી આપણે બીજાઓના દોષ જોઈએ છીએ; તે જ જ્ઞાનથી આપણે પોતાના દોષ જોઈએ અને તેમનો ત્યાગ કરી દઈએ. બસ આ જ જ્ઞાનનું તાત્પર્ય છે. — સંત પત્રાવલી 2
15. પોતાનામાં ગુણોનો ભાસ થવો તે તો પોતાના માટે બિનઉપયોગી થવું છે. કારણ કે ગુણોનો આશ્રય લઈને અહંભાવરૂપી અણુ પોષાય છે અને ગુણોનો ભાસ પરદોષ-દર્શનને જન્મ આપે છે, જે વિનાશનું મૂળ છે. — સાધન-નિધિ
16. ભૂતકાળના દોષોના આધાર પર કોઈને દોષી માનવો તેના તરફ ઘોર અન્યાય છે. એટલું જ નહિ, જો તે સ્વયં પોતાને દોષી માને, ત્યારે પણ તેને એ જ પ્રેરણા આપવાની છે કે જો તું ભૂતકાળના દોષોનું અત્યારે પુનરાવર્તન કરતો નથી તો નિર્દોષ છે.
— પાથેય
17. પોતાના ગુણ અને પરાયા દોષ જોવા જેવો બીજો કોઈ દોષ નથી.
— દુઃખકા પ્રભાવ
18. પારકા દોષ જોઈને માણસ પોતાના દોષોને સહન કરતો રહે છે. આ કારણે પરદોષ-દર્શનનું મોટું ભયંકર પરિણામ એ આવે છે કે દોષદર્શી પોતાના દોષોથી વ્યથિત થતો નથી. — દુઃખકા પ્રભાવ
19. પરદોષ-દર્શન કરતાં રહીને ગુણોનું અભિમાન ગળતું નથી.
— જીવન-દર્શન
20. મનુષ્યકોટિની કોઈ પણ વ્યક્તિ એવી નથી, જે જન્મસિદ્ધ નિર્દોષ હોય. બધા જ દોષોનું મૂળ એકમાત્ર રાગ છે અને જન્મનો હેતુ પણ રાગ છે. આનાથી એ સ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે કે કોઈને

જન્મસિદ્ધ નિર્દોષ માનવા શક્ય નથી. નિર્દોષતા તો સાધનયુક્ત જીવનનું ફળ છે. — જીવન-દર્શન

21. મોટામાં મોટો દોષી નિર્દોષ બની શકે છે; પરંતુ પરદોષદર્શીનું નિર્દોષ બનવું અશક્ય નહિ તો કઠિન જરૂર છે. — જીવન-દર્શન

22. પોતાના દોષનું સ્પષ્ટ જ્ઞાન તેમને જ થાય છે, જે પરદોષ જોતા નથી. એટલું જ નહિ, જો કોઈ પોતે પોતાનો દોષ સ્વીકાર કરે, ત્યારે પણ તેઓ એ જ કહે છે કે તું વર્તમાનમાં તો નિર્દોષ જ છે. જો ભૂતકાળમાં કોઈ ભૂલ થઈ છે તો હવે કરીશ નહિ.
— દર્શન ઔર નીતિ

23. બીજાને બૂરો સમજવો પોતાને બૂરા બનાવવામાં મુખ્ય કારણ છે.
— દર્શન ઔર નીતિ

24. શત્રુભાવના જેવો બીજો કોઈ પોતાનો શત્રુ નથી, જેની (શત્રુતાની) ઉત્પત્તિ બીજાઓને બૂરા સમજવાથી થાય છે. તેથી કોઈને બૂરા સમજવાએ પોતાનું બૂરું કરવું છે. — દર્શન ઔર નીતિ

25. મહાપુરુષોના દોષ જોવા ન જોઈએ. પહાડનો ખાડો પણ જમીનથી ઊંચો હોય છે. — સંત-જીવન-દર્પણ

26. જે કોઈને પણ દોષી માને છે, તે પોતે નિર્દોષ બની શકતો નથી. પોતાની નિર્દોષતા સુરક્ષિત રાખવા માટે બધામાં નિર્દોષતાનું દર્શન કરવું પડશે. — દર્શન ઔર નીતિ

27. પોતાના અને પારકા દોષ જોવામાં એક મોટું અંતર એ છે કે પરાયા દોષ જોતી વેળાએ આપણે દોષોથી સંબંધ જોડી લઈએ છીએ, જેથી સમય જતાં પોતે દોષી બની જઈએ છીએ. પરંતુ પોતાના દોષ જોતી વેળાએ આપણે પોતાને દોષોથી અસંગ કરી લઈએ છીએ, જેથી આપમેળે નિર્દોષતા આવી જાય છે.
— માનવતાકે મૂલ સિદ્ધાંત

28. પરદોષદર્શનનો ત્યાગ કર્યા વિના નિર્દોષતાના સામ્રાજ્યમાં પ્રવેશ જ નથી થઈ શકતો. — દર્શન ઔર નીતિ

29. પોતાના ગુણ અને પરાયા દોષ ન જોવાથી જ સેવા તથા પ્રીતિ અભિવ્યક્તિ થાય છે. તેથી પોતાના ગુણ તથા બીજાઓના દોષ જોવા સંઘર્ષનું મૂળ છે. — દર્શન ઔર નીતિ

30. કોઈને બૂરો સમજવો એ કોઈ પણ બૂરાઈથી ઓછી બૂરાઈ નથી, બલકે બધી બૂરાઈઓથી મોટી ભયંકર બૂરાઈ છે. કોઈને બૂરા ન સમજવાનો અર્થ એ નથી કે તમે તેને શ્રદ્ધાસ્પદ બનાવી લો. તેનો અર્થ માત્ર એટલો છે કે તેને સર્વાંશમાં દોષી ન માનવો અને તેની વર્તમાન નિર્દોષતા પર પોતાની દૃષ્ટિ રાખવી. તેની સાથે એવો વ્યવહાર કરવો કે તે પોતે પોતાના દોષને સારી રીતે જાણી લે અને તેનું પુનરાવર્તન ન કરવા તે પોતે દૃઢતાપૂર્વક તત્પર બની જાય. — દર્શન ઔર નીતિ
31. જ્યારે આપણે પરદોષદર્શન ન કરીને પોતાના જ દોષને જોઈશું અને તેને નિવૃત્ત કરવાનો ઉપાય જાણીને તેને પોતાના જીવનમાં ચરિતાર્થ કરીએ; ત્યારે જ આપણે પોતાના નેતા, ગુરુ તથા શાસક બની શકીએ છીએ. — માનવકી માંગ
32. કોઈની પણ કરેલી, સાંભળેલી, જોયેલી બૂરાઈના આધાર પર પોતાને અથવા બીજાને સદા માટે બૂરા માની લેવાથી ચિત્ત અશુદ્ધ બની જાય છે. બૂરાઈ-કાળમાં કર્તા ભલેને બૂરો હોય પણ તેનાથી પહેલાં અને તેના પછી બૂરો નથી. છતાં પણ તેને બૂરો માનતા રહીએ, એ તેના પ્રતિ ઘોર અન્યાય છે. પ્રાકૃતિક નિયમના મુજબ કોઈમાં બૂરાઈની સ્થાપના કરવી, તેને બૂરો બનાવવો છે અને પોતાના પ્રતિ બૂરાઈનું બીજ વાવવું છે. — ચિત્તશુદ્ધિ
33. પોતાના દોષનું દર્શન પોતાને નિર્દોષ બનાવવામાં સમર્થ છે અને પરદોષદર્શન પોતાને દોષી બનાવવામાં કારણ છે. — ચિત્તશુદ્ધિ
34. સઘળા દોષોની ભૂમિ ગુણનું અભિમાન છે. પરદોષદર્શનથી તેમાં નિત્ય નવી વૃદ્ધિ થાય છે અને વ્યક્તિગત દોષના દર્શનથી ગુણનું અભિમાન ગળી જાય છે. — ચિત્તશુદ્ધિ
35. માનવમાં દોષ-દર્શનની દૃષ્ટિ આપમેળે રહેલી છે, પરંતુ પ્રમાદવશ પ્રાણી તેનો ઉપયોગ પોતાના જીવન પર ન કરીને બીજા પર કરવા લાગે છે, જેનું પરિણામ ઘણું જ ભયંકર તેમજ દુઃખદ સાબિત થાય છે. પરાયા દોષ જોવાથી સૌથી મોટી હાનિ એ થાય છે કે મનુષ્ય પોતાના દોષ જોવાથી વંચિત થઈ જાય છે અને મિથ્યાભિમાનમાં આબદ્ધ થઈને હૃદયમાં ઘૃણા પેદા કરી લે છે. —માનવતાકે મૂલ સિદ્ધાંત

❊ ❊ ❊

# પરમાત્મા

1. જો પરમાત્માને માનનારાઓને પરમાત્માની યાદ નથી આવતી, અને કરવી પડે છે— એ કોઈ ઓછા દુઃખની વાત છે ? આ ઓછા આશ્ચર્યની વાત છે ? અરે, મરી ગયેલા વડીલોની યાદ આવે છે તમને, ગયેલા ધનની યાદ આવે છે તમને ! તો પરમાત્મા એટલા તુચ્છ થઈ ગયા કે તેની યાદ તમારે કરવી પડે ?....યાદ નથી આવતી એટલા માટે કે તેને પોતાના નથી માનતા. — સંતવાણી 5
2. આપણે પરમાત્માથી કદી અલગ થયા નથી, થઈ શકતા નથી અને શરીરથી આપણું મિલન થયું નથી, થઈ શકતું નથી.
— સંતવાણી 7
3. જે બળપૂર્વક શાસન કરે, તેને ઈશ્વર નથી કહેતા. ઈશ્વર બળપૂર્વક કોઈના પર શાસન નથી કરતા. — પ્રેરણા પથ
4. તમે એવું ન વિચારો કે ઈશ્વર એવો ઈશ્વર છે કે જે તેને માને છે, તેનું તો દુઃખ દૂર કરે છે અને જે તેને નથી માનતો, તેનું દુઃખ દૂર કરતો નથી. — જીવન-પથ
5. તેમનો આપવાનો ઢંગ કેટલો અલૌકિક છે કે જેને જે આપે છે, તેને તે પોતાનું જ માલૂમ પડે છે. શું તેમની ઉદારતાનો આ ઉપયોગ કરવામાં આવે કે આપણે સાંભળેલ પ્રભુમાં આસ્થા નહિ કરીએ ? જાણેલું તમારે કામ આવ્યું નહિ, સાંભળેલમાં આસ્થા કરી નહિ અને એકલા પોતાનામાં જ સંતુષ્ટ રહી શકતા નથી. તો આવી દશામાં જે દુર્ગતિ થાય છે, શું કોઈનાથી અછાની છે ? — જીવન-પથ
6. પરમાત્માને 'હમણાં' ન માનવા મોટી ભારે ભૂલ થશે, 'પોતાના' ન માનવા તેનાથી મોટી ભૂલ થશે, અને 'પોતાનામાં' ન માનવા સૌથી મોટી ભૂલ થશે. — સાધન-ત્રિવેણી
7. જો પોતાની ઇચ્છાને માનો છો તો પ્રભુને નથી માનતા, અને પ્રભુને માનો છો તો ઇચ્છારહિત થવું જ પડશે. — જીવન-પથ

8. પરમાત્મા 'માનવા'માં આવે છે, 'જાણવા'માં નથી આવતા. માનેલા તે પરમાત્મા માનેલા નથી રહેતા, પ્રાપ્ત થઈ જાય છે.
— સંત-ઉદ્‌બોધન

9. જો તમારી પાસે પોતાનું કરીને કંઈક છે તો તમે ભગવાનને પોતાના નથી કહી શકતા. — સંત-ઉદ્‌બોધન

10. યાદ રાખો, બીજું કંઈક પણ પોતાનું છે અને પરમાત્મા પણ પોતાના છે— આ બન્ને વાતો એક સાથે નથી બનતી. જ્યાં સુધી આપણે બીજું કંઈક પણ પોતાનું માનીએ છીએ, ત્યાં સુધી તો મુખથી કહેતા રહીને પણ આપણે સાચા હૃદયથી ભગવાનને પોતાના માનતા નથી. આ જ આની ઓળખ છે. — સંત-ઉદ્‌બોધન

11. સાંભળેલમાં આત્મીયતા થઈ શકે છે. તેના પર વિચાર કરી શકાતો નથી. — માનવ-દર્શન

12. જેમણે સગુણ કહ્યો, તેમણે પ્રાકૃતિક ગુણ નહિ, બલકે અલૌલિક દિવ્ય ગુણોની વાત કહી અને જેમણે નિર્ગુણ કહ્યો, તેમણે પણ પ્રાકૃતિક ગુણોથી અતીત કહ્યો. પોત-પોતાની દૃષ્ટિથી તો બન્નેએ યોગ્ય જ કહ્યું છે. પરંતુ જે ગુણોથી અતીત છે, તેમાં અનંત ગુણ હોઈ શકે છે અને જેમાં અનંત ગુણ હોઈ શકે છે, તે જ ગુણોથી અતીત હોઈ શકે છે. — માનવકી માંગ

13. તારા પ્રેમાસ્પદ સદા તારામાં છે, તને જોઈ રહ્યા છે. તેઓ કદી પણ તેને પોતાની આંખથી ઓઝલ નથી કરતા. તું પણ પોતાની દૃષ્ટિમાં કોઈ બીજાનો સ્વીકાર ન કર. બસ, બીજું કંઈ કરવાનું બાકી નથી. — પાથેય

14. સકળ સૃષ્ટિનો જે સર્જનહાર છે, તે બધાનો પોતાનો છે. તેને પોતાની સૃષ્ટિ અત્યંત પ્રિય છે, કારણ કે પોતાનું સર્જન પોતાને સ્વાભાવિક જ પ્રિય હોય છે. એટલું જ નહિ, તેણે તો પોતાનું સર્જન પોતાનામાંથી જ કર્યું છે. તેથી બધા જ સાધક તેને અત્યંત પ્રિય છે. — પાથેય

15. સર્વસમર્થ પરમાત્મા સાધકનો ભૂતકાળ નથી જોતા. તેની વર્તમાન વેદનાથી જ કરુણાપૂર્વક તેને અપનાવી લે છે. — સાધન-નિધિ

16. જ્યારે આપણે પરિવર્તનશીલ સંગઠનને (સંસારને) પોતાનું બનાવ્યું છે, ત્યારથી આપણે અપરિવર્તનશીલ આનંદઘન પ્રેમ-પાત્રથી દૂર થઈ ગયા છીએ. .... જ્યારે આપણે તેમની તરફ જોઈશું,

ત્યારે દૂરતાનો અંત થઈ જશે. આપણે બસ એ જ કરવાનું છે કે એક વાર તેમની તરફ જોઈએ. તેમની તરફ ત્યારે જોઈ શકીએ છીએ, જ્યારે તેમના બની જઈએ. તેમના ત્યારે બની શકીએ છીએ, જ્યારે કોઈ બીજાના ના રહીએ. — સંત પત્રાવલી 1

17. પ્રભુના મહિમાની કોઈ સીમા નથી. તેમના શિખવવાના અનેક ઢંગ છે. જેણે કોઈ પણ રીતે એક વાર પણ તેમને સ્વીકાર્યા, તેનો બેડો પાર થયો, એવો મારો વિશ્વાસ તથા અનુભવ છે.— સંત પત્રાવલી 2

18. પ્રભુ સિવાય બીજો કોઈ ન જોનારો છે કે ન સાંભળનારો. તેઓ જ સૌને જોઈ રહ્યા છે અને સૌનું સાંભળી રહ્યા છે. આ તેમનો સહજ સ્વભાવ છે. — સંત પત્રાવલી 2

19. પરમાત્મા તેને નથી કહેતા, જે કોઈ વસ્તુ-વિશેષ દ્વારા પ્રાપ્ત થાય અથવા કોઈ યોગ્યતા-વિશેષતા દ્વારા પ્રાપ્ત થાય અથવા કોઈ સામર્થ્ય-વિશેષ દ્વારા પ્રાપ્ત થાય. પરમાત્મા તેને કહે છે કે જેની પ્રાપ્તિ વિશ્વાસથી થાય છે. — સંતવાણી 3

20. જે આપણા જ છે, ભલા તેઓ કદી આપણને ભૂલી શકે ખરા ? તેમનામાં ભૂલની ગંધ પણ નથી. પરંતુ તેમના આપેલા સીમિત સૌંદર્યને પામીને સાધક જ તેમને ભૂલે છે. — પાથેય

21. જેણે એક વાર પણ વહાલા પ્રભુને પોતાના કહ્યા છે, તેનો સર્વાંતોમુખી વિકાસ અનિવાર્ય છે. — પાથેય

22. તેઓ પોતાની વસ્તુને હંમેશાં જોતા રહે છે. તેમણે કદી પણ તમને પોતાની આંખોથી ઓઝલ નથી કર્યા. ...... સાધક ભલેને તેમને ભૂલી જાય પણ તેઓ નથી ભૂલતા. ...... જેની જે વસ્તુઓ છે, તેને તે જુએ જ છે, સંભાળે જ છે. ...... પોતાના સર્જનથી શું સર્જક અપરિચિત હોય ખરો ? કદાપિ નહિ. — પાથેય

23. સાધ્યના વિશે જે કોઈએ જે કંઈ કહ્યું છે, તે અધૂરું છે; અથવા એમ કહો કે તેટલું તો છે જ, તેનાથી વિલક્ષણ પણ છે. — પાથેય

24. અવિનાશીમાં આસ્થા તથા તેનો બોધ ન થવા છતાં પણ વિનાશીનો આશ્રય છોડીને દરેક સાધક અવિનાશીથી અભિન્ન થઈ શકે છે. — દુ:ખકા પ્રભાવ

25. જેમની (પરમાત્માની) સત્તાથી જ બધાને સત્તા મળી હોય, તેમને (પરમાત્માને) કોઈ અસ્તિત્વની તો અપેક્ષા છે જ નહિ. તો પછી આપણે તેમને શું આપી શકીએ છીએ ? માત્ર એ જ આપી શકીએ છીએ કે, 'અમે સદા તારા છીએ અને તમે સદા મારા છો.' અર્થાત્ તેમની સાથે નિત્ય સંબંધ સ્વીકાર કરવો એ જ તેમના અધિકારની રક્ષા છે. — જીવન-દર્શન

26. તેમની કૃપાનો આશ્રય લઈ જે એક વાર એવું કહી દે છે કે 'હું તમારો છું અને તમે મારા છો' બસ, તેઓ સદાને માટે તેના થઈ જાય છે. — જીવન-દર્શન

27. જેણે આપણું નિર્માણ કર્યું છે, તે આપણામાં જ છે અને આપણા છે. એટલું જ નહિ, નિર્માતાએ પોતાનામાંથી જ નિર્માણ કર્યું છે. તેને સ્વીકાર ન કરી માત્ર દુઃખ-નિવૃત્તિથી સંતુષ્ટ થઈ જવું એ પોતાને અનંતરસથી વંચિત રાખવા જેવું છે. પોતાનામાં સંતુષ્ટ થવું સાધન છે, સાધ્ય નહિ. — સફલતાકી કુંજી

28. ઉપાસ્યમાં વ્યક્તિભાવ સ્વીકાર કરવો મોટી ભૂલ છે. ઉપાસ્યના નામ, રૂપની કલ્પના તો માત્ર લઘુલિપિના ચિહ્ન સમાન છે. વિચારશીલ ઉપાસક નામરૂપમાં પણ વ્યક્તિભાવ નથી જોતા. — સંત-સમાગમ 1

29. સત્યની વ્યાખ્યા કરવી એ પોતાના માનેલા સ્વભાવનો પરિચય આપવાના સિવાય કોઈ અર્થ નથી. કેમ કે વ્યાખ્યા કરવાની સત્તા સીમિત છે અને સત્ય અસીમ છે. 'અસીમ' શબ્દ સત્યનો પર્યાય નથી, બલકે સંકેત માત્ર છે. — સંત-સમાગમ 1

30. સત્યના સ્વરૂપની વ્યાખ્યા કરી શકાતી નથી, બલકે તેનો સ્વયં અનુભવ કરી શકાય છે; કેમ કે વ્યાખ્યા કરનારાં બધાં જ સાધનો અપૂર્ણ છે. અપૂર્ણ કદી પૂર્ણની વ્યાખ્યા કરી શકતું નથી. — સંત-સમાગમ 1

31. નિત્ય જીવન અનિત્ય જીવન પર શાસન નથી કરતું, બલકે પ્રેમ કરે છે. શાસન તે કરે છે, જે સીમિત હોય છે. નિત્ય જીવન અસીમ છે. અથવા એમ કહો કે શાસન તે કરે છે, જેની સત્તા કોઈ સંગઠનથી પેદા થાય છે. — સંત-સમાગમ 2

32. પ્રાકૃતિક નિયમ મુજબ અનંત શક્તિ નિરંતર દરેક પ્રાણીને પોતાના તરફ સ્વાભાવિક રીતે આકૃષ્ટ કરતી રહે છે; પરંતુ સ્વતંત્રતા છીનવી લેતી નથી અને શાસન પણ કરતી નથી. — સંત-સમાગમ 2
33. પ્રાકૃતિક વિધાન પ્રેમ તથા ન્યાયનો ભંડાર છે; તેથી તે દંડ નથી આપતું; પરંતુ તેની શિખવવાની અનેક રીત છે. — સંત-સમાગમ 2
34. ભગવાનનું કોઈ એક ઠેકાણું નથી. એવું નથી કે સંસાર અલગ હોય, તત્ત્વજ્ઞાન અલગ હોય, ભક્તિ અલગ હોય અને ભગવાન અલગ હોય. બધું મળીને જે ચીજ છે, તેનું જ નામ ભગવાન છે. — સંત-સમાગમ 2
35. જે કોઈનો નથી તથા જેનું કોઈ નથી, ભગવાન તેના પોતાની જાતે થઈ જાય છે; કેમ કે તેઓ અનાથના નાથ છે. — સંત-સમાગમ 2
36. ભગવાન શું છે ? આ સવાલ ત્યારે જ ઉકલી શકે છે, જ્યારે ભગવાન મળી જાય. આમ તો ભગવાનના વિષે એ કહેવું પૂરતું છે કે તેના વિના આપણે અપૂર્ણ છીએ. અપૂર્ણને પૂર્ણની અભિલાષા થાય છે. આનાથી એ સારી રીતે સિદ્ધ થઈ જાય છે કે આપણી જે સ્વાભાવિક ઈચ્છા છે, એ જ ભગવાનનું સ્વરૂપ છે અને આપણી જે અસ્વાભાવિક ઈચ્છા છે, એ જ સંસારનું સ્વરૂપ છે. — સંત-સમાગમ 2
37. ભગવાનના બનીને 'ભગવાનનું સ્વરૂપ શું છે ?' એ પ્રશ્નનો શું અર્થ ? ઊંડાણથી જુઓ, તરસે કદી નથી પૂછ્યું, 'પાણી શું છે ?' ભૂખે કોઈને નથી પૂછ્યું, 'ભોજન શું છે ?' પાણી મેળવીને તરસ તૃપ્ત થઈ ગઈ. ભોજન મેળવીને ભૂખ તૃપ્ત થઈ ગઈ. તૃપ્તિ થવાથી પાણી અને તરસની ભિન્નતા તથા ભૂખ અને ભોજનની ભિન્નતા રહેતી નથી. — સંત-સમાગમ 2
38. મનુષ્ય ભક્ત બનીને જ ભગવાનને જાણી શકે છે અને એકમાત્ર ભગવાનનો બનીને જ ભક્ત બની શકે છે. — સંત-સમાગમ 2
39. પ્રેમપાત્રની આવશ્યકતા પ્રેમપાત્રથી પણ વધારે મહત્ત્વની વસ્તુ છે; કેમ કે તે બધી જ ઈચ્છાઓને મટાડવાને, બધા જ સંબંધોનો વિચ્છેદ કરવા તેમ જ બધી જ પરિસ્થિતિઓથી અસંગ કરવામાં સમર્થ છે. — સંત-સમાગમ 2

40. ભગવાન અનંત છે; સવિશેષ પણ છે, નિર્વિશેષ પણ છે અને બન્નેથી પર પણ છે. આ અલૌકિકતા માત્ર ભગવત્તત્ત્વમાં જ છે કે જેના વિશે કોઈ સીમિત ધારણા કરી શકાતી નથી.

— સંત-સમાગમ 2

41. જ્યારે આપણે પોતાનામાં શરીર ભાવનો અભિનય સ્વીકાર કરીએ છીએ, ત્યારે આપણા વહાલા વિશ્વરૂપ બનીને લીલા કરે છે. શરીર 'હું છું' એવું જાણનાર મનુષ્યે વિશ્વથી ભિન્ન કંઈ નથી જાણ્યું. ........ આપણે શરીર બનીને તો માત્ર પરમાત્માને વિશ્વરૂપમાં જ જોઈ શકીએ છીએ. — સંત-સમાગમ 2

42. આપણે પોતાને સીમિત કરી પોતાના વહાલાને સીમિત ભાવમાં જોવાનો પ્રયત્ન કરીએ છીએ. — સંત-સમાગમ 2

43. ઈશ્વર માનવની સ્વાધીનતા છીનવી લેવા ચાહતો નથી, એટલા માટે માનવ જ્યાં સુધી સ્વયં ઈશ્વરને સન્મુખ નથી થતો, ત્યાં સુધી ઈશ્વર તેની પાછળ જ રહે છે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

44. જીવ અને ઈશ્વર બન્નેય પ્રેમી છે. એમનામાંથી કોઈ પણ ભોગી નથી. જીવમાં જે ભોગબુદ્ધિ જાગ્રત થાય છે, તે માત્ર દેહના સંબંધથી થાય છે, સ્વાભાવિક નથી. — સંત-સૌરભ

45. ભગવાનનો અવતાર પોતાની રસમયી લીલા દ્વારા ભક્તોને રસ પ્રદાન કરવા માટે અને સ્વયં તેમના પ્રેમનો રસ લેવા માટે જ થાય છે. — સંત-સૌરભ

46. જેણે આપણું સર્જન કર્યું છે, આપણે તેનામાં આસ્થા ન કરીએ, આપણે તેને પોતાના ન માનીએ, તો શું આ વાત પેલા સર્જકને ગમશે ? ........ જેણે આપણું સર્જન કર્યું છે, તેને પણ પ્રસન્નતા થાય છે. ક્યારે ? જ્યારે આપણે તેને પોતાના માનીએ છીએ.

— સંતવાણી 5

❊ ❊ ❊

# પરમાત્મ-પ્રાપ્તિ

1. આપણે તેને પ્રાપ્ત કરવાના છે, કે જેનો આપણે ત્યાગ કરી જ નથી શકતા. — સંતવાણી 4
2. સંસાર પરમાત્માની પ્રાપ્તિમાં બાધક નથી, બલકે સહાયક છે. સંસારના સંબંધનો આપણે જે સ્વીકાર કરીએ છીએ, એ જ બાધક છે. — સંત-ઉદ્‌બોધન
3. જગતની સત્તા સ્વીકારીને ભગવાનને પ્રાપ્ત કરવા ચાહો છો ? તો નથી કરી શકતા. કારણ કે ભગવાન આવશે, પરંતુ તમે કહેશો કે મારી સ્ત્રી બીમાર છે, સારી થઈ જાય. ભગવાનને પ્રાપ્ત કરવા ચાહતા હતા કે સ્વસ્થ સ્ત્રીને જોવા ચાહતા હતા ? જરા વિચારો. — સંતવાણી 4
4. પરમાત્માની પ્રાપ્તિને માટે શરીરની મદદ નહિ જોઈએ, વસ્તુની મદદ નહિ જોઈએ, સામર્થ્યની મદદ નહિ જોઈએ, યોગ્યતાની મદદ નહિ જોઈએ. એટલે કે પરમાત્માને પામવા માટે તમારે કોઈ સામગ્રી નહિ જોઈએ. તો શરીરનું શું અથાણું કરશો ? એ પરમાત્માની પ્રાપ્તિમાં તો કામ આવશે નહિ. શરીર દ્વારા પરમાત્માના સંસારની સેવા કરી દો. — સાધન-ત્રિવેણી
5. જો તમે ક્યારેક પણ આ અનુભવ કરો, ક્યારેક પણ માનો કે શરીર અલગ થઈ જશે, તો હમણાં જ માની લો કે હમણાં જ અલગ છે અને આ વાતમાં વિશ્વાસ કરો કે ક્યારેક પણ પરમાત્મા મળી જશે, તો હમણાં જ માની લો કે હમણાં જ પાસે છે, હમણાં પણ મળેલા છે. — સંતવાણી 5
6. પરમાત્મા જ પ્રાપ્ત થાય છે. બીજી કોઈ ચીજ પ્રાપ્ત થતી નથી. બીજી ચીજની તો પ્રતીતિ થાય છે. — સંતવાણી 5
7. બ્રહ્મને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, જીવને બ્રહ્મની પ્રાપ્તિ નથી થતી. — સંતવાણી 3

8. પરમાત્મા સાથે તમે મળી તો શકો છો, પરંતુ શરીર દ્વારા નહિ. તમે પોતાના દ્વારા મળી શકો છો. હા, શરીર દ્વારા પરમાત્માની સૃષ્ટિનું કાર્ય કરી શકો છો. — સંતવાણી 7
9. બુદ્ધિનો સહારો છોડો, શરીરનો સહારો છોડો, સંસારનો સહારો છોડો, પરમાત્માને મળવા માટે. — સંતવાણી 7
10. જે પરમાત્મા શરીર દ્વારા મળશે, મન દ્વારા મળશે, બુદ્ધિ દ્વારા મળશે, તે યંત્ર દ્વારા પણ મળશે; કેમ કે શરીરના દ્વારા જે કામ કરો છો, તે યંત્ર દ્વારા પણ થાય છે ભાઈ ! પરંતુ પરમાત્મા તો તમને પોતાના દ્વારા જ મળશે. — સંતવાણી 7
11. મિલનની ત્રણ સીડીઓ છે— પહેલી સીડી છે સમીપતા, બીજી છે એકતા અને ત્રીજી છે અભિન્નતા. એટલા માટે પહેલી સીડીને 'યોગ' કહે છે, બીજીને 'બોધ' અને ત્રીજીને 'પ્રેમ' કહે છે. — સંતવાણી 7
12. ભગવાન શું કોઈ ખેતી છે કે આજે રોપીશું તો કાલે ઉગશે અને પરમ દિવસે મળશે ? શું ભગવાન કોઈ વૃક્ષ છે, જેને આજે લગાડીશું તો બાર વર્ષે ફળ લાગશે ? ભગવાન આવી વસ્તુ નથી. ભગવાન તો વર્તમાનમાં પણ છે તેવાને તેવા જ હાજર છે. — સંતવાણી 7
13. કદાચ ભોજન મળવું દુર્લભ છે, પાણી પીવું દુર્લભ છે, શ્વાસ લેવો દુર્લભ છે; પરંતુ ભગવાનનું મળવું સુલભ છે. હું દલીલ અને યુક્તિ સાથે આ કહું છું. — સંતવાણી 7
14. જે લોકો એવું વિચારે છે કે સત્ય દુર્લભ છે, તેમનું આ વિચારવું જ તેમને સત્યથી વિમુખ કરી દે છે. — પ્રેરણા પથ
15. ઈચ્છા-રહિત થવામાત્રથી તમને-અમને એ જ સત્ય મળી શકે છે, જે કોઈને પણ ક્યારેક મળ્યું હશે અને કોઈને પણ મળશે. —પ્રેરણા પથ
16. જો કોઈને પરમાત્માને પ્રાપ્ત કરવા છે અને સંસારથી મુક્ત થવું હોય તો તેને એવો રસ્તો બતાવો કે એક વારમાં બેડો પાર થઈ જાય અર્થાત્ કંઈ ન ચાહો, કંઈ ન કરો, કોઈ વસ્તુમાં મમત્વ ન રાખો— આ ત્રણ બાબતોથી જ પરમાત્માની પ્રાપ્તિ થઈ જશે અને સંસારની નિવૃત્તિ થઈ જશે. — સાધન-ત્રિવેણી

17. પ્રભુ આપણામાં છે, હમણાં છે અને પોતાના છે— આવી દૃઢ માન્યતાથી પરમાત્મા મળી જશે. — સાધન-ત્રિવેણી
18. જો ભગવાનનાં દર્શન નથી થતાં, તો એમાં પણ એક રહસ્ય છે. જો દર્શન થઈ જાય, તો આપણા લોકોની પ્રભુના પ્રત્યે પ્રિયતા શિથિલ થઈ જશે. — સંત પત્રાવલી 1
19. પોતાપણાના બળ પર જ તેમને ખરીદી શકો છો, બીજી કોઈ રીત નથી. — સંત પત્રાવલી 1
20. રામ પોતાનામાં, અથવા રામાયણમાં, અથવા રામની અભિલાષિણી સીતામાં, અથવા પોતાના ભક્તોમાં, અથવા પૂર્ણ દુઃખીઓમાં મળે છે. 'પૂર્ણ દુઃખી' તે છે, જેને સંસાર પ્રસન્નતા આપી શકતો નથી. ભક્ત તે છે, જે રામથી વિભક્ત નથી થતો. 'સીતા' તે જ છે, જે રામના વિના કોઈ રીતે રહી શકતી નથી. — સંત પત્રાવલી 1
21. પોતાપણાનું બળ ગુણોના બળથી વિશેષ બળ છે. ભલા જેનામાં અનંત ગુણ હોય, તેને સીમિત ગુણોથી કેવી રીતે પામી શકો છો ? કદાપિ નહિ. — સંત પત્રાવલી 1
22. જે મનુષ્યને પોતાના કર્તવ્યનું બળ હોય છે, તે કર્તવ્યની શક્તિ સમાપ્ત કરી દેતાં ભગવત્પ્રાપ્તિ કરી શકે છે અને જે પ્રાણીને પોતાના કર્તવ્યનું બળ નથી હોતું, તે ભગવત્કૃપાથી ભગવત્પ્રાપ્તિ કરી લે છે. — સંત પત્રાવલી 1
23. પરમાત્માને પ્રાપ્ત કરવાનો ઉપાય પોતે ખોવાઈ જવામાં છે. — પાથેય
24. તે પ્રેમાસ્પદ પોતાના છે, પોતાનામાં છે અને હમણાં જ છે— આ સદ્ગુરુ-વાક્ય છે, વેદવાણી છે. આમાં અવિચળ આસ્થા અનિવાર્ય છે. પોતાના હોવાથી પોતાને સ્વાભાવિક રીતે પ્રિય છે અને પોતાનામાં હોવાથી તેમને ક્યાંય બહાર શોધવાના નથી. હાલમાં હોવાથી ભવિષ્યને માટે પ્રતીક્ષા કરવાની નથી. — પાથેય
25. બીજું સર્વ કંઈ જોવાનું છોડી દો, ભગવાન દેખાઈ જશે. .... સર્વ કંઈ જોવાનું છોડવાનો અર્થ આંખો બંધ કરી દેવાની નથી. આનો અર્થ છે જોવામાં રુચિ ન હોવી, સંસારથી પૂરી અસંગતા. — સંત-જીવન-દર્પણ
26. પ્રાપ્તિ તો માત્ર પરમાત્માની થાય છે. જગત તો મળીને છૂટી જ જાય છે. — સંત-જીવન-દર્પણ

27. સત્યનો માર્ગ એટલો સાંકડો છે કે તેના પર તમે એકલા જ જઈ શકો છો. એટલા માટે ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેની સાથે રહેવાનો મોહ છોડી દો. એમની સાથે રહીને તમે તે સાંકડા રસ્તા પર ચાલી શકશો નહિ. એકલા હોવાથી રસ્તો પોતાની મેળે દેખાશે. —સંત-સમાગમ 1
28. જે સમયે તમે એકલા થઈ જશો, તેઓ બોલાવ્યા વિના આવશે. જો તેમને મળવા ઇચ્છો છો, તો એકલા થઈ જાઓ. —સંત-સમાગમ 1
29. જ્યારે તમે એકલા થઈ જશો, ત્યારે ભગવાનની કૃપાથી જ ભગવાનને જાણી લેશો. વ્હાલા, કોઈ પણ પ્રેમી પોતાના પ્રેમપાત્રને કોઈની સામે નથી મળતો, તો પછી જ્યાં સુધી તમે શરીર વગેરે અનેક સંબંધીઓને સાથે લીધેલા છે, તમારું પ્રેમપાત્ર તમને કેવી રીતે મળી શકે છે ? ભગવાન કેવા છે ? જો એ જાણવા ચાહો છો તો એકલા થઈ જાઓ. — સંત-સમાગમ 1
30. બધાથી નિરાશ થઈ જશો ત્યારે ઈશ્વરનો અનુભવ થશે; કેમ કે ઈશ્વરથી ભિન્ન વસ્તુઓની આશા ફક્ત વિષયોને માટે કરવામાં આવે છે. ત્યાં સુધી કે બુદ્ધિ વગેરે પણ વિષયોની પ્રાપ્તિમાં જ સમર્થ હોય છે. — સંતવાણી 1
31. ચેતનનો અનુભવ થઈ જતાં ચેતનથી ભિન્ન કોઈ પણ સત્તાની પ્રતીતિ બાકી નથી રહેતી. — સંત-સમાગમ 1
32. કૃપયા કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો તેમ જ મન-બુદ્ધિ વગેરે બધા જ સંબંધીઓને કહી દો કે હવે અમે પોતાના પ્રેમપાત્રથી મળીશું. તમારા બધાની કૃપાથી વિષયોનો યથાર્થ અનુભવ થઈ ગયો. હવે અમે વિષયોથી તૃપ્ત થઈ ચુક્યા છીએ. કૃપા કરી તમે પણ આરામ કરો. — સંત-સમાગમ 2
33. 'કરવું' ભોગોની પ્રાપ્તિને માટે હોય છે, પ્રેમપાત્રથી મળવા માટે નહિ. જે સમયે આપણે બધાને રજા આપી દઈશું અર્થાત્ એકલા થઈ જઈશું, તે સમયે આપણા પ્રેમપાત્ર આપણને જરૂર અપનાવી લેશે, એમાં બિલકુલ પણ શંકા નથી. — સંત-સમાગમ 2
34. જેને પ્રસન્નતા આપવાને માટે સંસાર અસમર્થ છે અર્થાત્ જેને ભોગમાં રોગ, હર્ષમાં શોક, સંયોગમાં વિયોગ, સુખમાં દુઃખ, ઘરમાં વન, જીવનમાં મૃત્યુનો અનુભવ થાય છે, એ જ સત્યનો અધિકારી છે. — સંત-સમાગમ 1

35. ભોગને માટે ભવિષ્યની આશા આવશ્યક છે; કેમ કે તે ‘કર્મ’થી પ્રાપ્ત થાય છે. પ્રેમ-પાત્રને માટે ભવિષ્યની આશા આવશ્યક નથી; કેમ કે તે ‘ત્યાગ’થી પ્રાપ્ત થાય છે. — સંત-સમાગમ 1

36. કોઈને બોલાવો નહિ; કેમ કે જે તમારો છે, તે તમારા વિના રહી શકતો નથી અર્થાત્ પોતાના પ્રેમપાત્રને નિરંતર પોતાનામાં જ અનુભવ કરો..... પોતાના સિવાય પોતાના માટે પોતાનાથી ભિન્નની આવશ્યકતા નથી. — સંત-સમાગમ 1

37. જેવી રીતે ઊંઘવાની જરૂરિયાત વધી જવાથી ઊંઘનો અભિલાષી કોઈ બીજાની સહાયતા વિના જાતે સૂઈ જાય છે અને એ સમજી નથી શકતો કે કયારે સૂઈ ગયો, તેવી જ રીતે અત્યંત વ્યાકુળતા વધી જવાથી સત્યનો અભિલાષી બીજા કોઈની સહાયતા વિના સ્વયં સત્યનો અનુભવ કરી લે છે અને એ નથી જાણવા પામતો કે કયા સમયે સત્યનો અનુભવ થઈ ગયો. — સંત-સમાગમ 2

38. વ્યાકુળતા વિના કોઈ રીતે પણ તમે તમારા અભિષ્ટને પામી શકતા નથી. — સંત-સમાગમ 2

39. તેમની તથા સંસારની ચાહ ન રહેતાં સંસાર હઠી જશે અને ‘તેઓ’ (પરમાત્મા) આવી જશે. — સંત-સમાગમ 2

40. સતની ખોજ અસતના ત્યાગમાં છે, અસતના દ્વારા નથી.
— જીવન-દર્શન

41. દર્શનનું એટલું મહત્ત્વ નથી, જેટલું પ્રેમનું મહત્ત્વ છે. ...... જો પ્રેમ ન હોય અને દર્શન થઈ જાય તો દર્શનનો કોઈ લાભ નથી થતો. આપણી અને પરમાત્માની વચ્ચે જે અંતર દૂર કરનારી ચીજ છે, તે પ્રેમ છે. — સંતવાણી 8

42. જે બધી બાજુથી વિમુખ થઈને પોતાનામાં જ ‘પોતાને’ પામી લે છે, તેને કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. — સંતવાણી 8

43. સમાધિ સુધી કારણશરીરનું તાદાત્મ્ય રહે છે. બોધ થતાં કારણશરીરની નિવૃત્તિ થાય છે, અને પ્રેમ થતાં પરમાત્માની પ્રાપ્તિ થાય છે. — સંતવાણી 8

44. જેના મનમાં શરીરને ટકાવી રાખવાની રુચિ છે, જે શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે, તે ઈશ્વરને પ્રાપ્ત નથી કરી શકતો.

— સંત-સૌરભ

45. ઈશ્વર-પ્રાપ્તિને માટે વનમાં જવાની જરૂર નથી. જે ઘરમાં આરામથી રહીને ભજન નથી કરી શકતો, તે વનમાં કષ્ટ સહીને કેવી રીતે કરી શકે છે ? વનમાં રહેવું તો તપ માટે જરૂરી છે.

— સંત-સૌરભ

46. તપ અને સેવા સંસારને માટે કરો તથા વિશ્વાસ, ચિંતન અને પ્રેમ ઈશ્વરને માટે કરો. ભગવાનની કૃપા પર નિર્ભર રહો. ભગવાનની કૃપાથી જ મનુષ્ય ભગવાનને પાપ્ત કરી શકે છે. — સંત-સૌરભ

47. પરમાત્મા છે તો ખરો, પણ ન જાણે ક્યારે મળશે ? અરે ભલા માણસ ! જ્યારે તમે કહો છો કે તે સદૈવ છે, સર્વત્ર છે, બધાનો છે; તો પછી ક્યારે મળશે ? અરે એ તો અત્યારે મળેલો જ છે. કેટલી નવાઈની વાત છે ! આનાથી મોટું બીજું કોઈ પાગલપણું હોઈ શકે ખરું કે પરમાત્મા ક્યારે મળશે ? જ્યારે કે પરમાત્માથી તમે કદી અલગ થઈ શકતા નથી, છો નહિ. — સંતવાણી 7

48. જેને તમે પ્રાપ્ત કરવા ચાહો છો, તેની આવશ્યકતા અનુભવ કરો. તેને બળપૂર્વક પકડવાની કોશિશ ન કરો, માત્ર આવશ્યકતા અનુભવ કરો. — સંતવાણી 6

49. પસંદ કરો છો કંઈ બીજું, અને ચર્ચા કરો છો પરમાત્માની, એટલા માટે પરમાત્મા મળતા નથી. આમાં વાંક પરમાત્માનો નથી કે કેમ નથી મળતા. એ આપણી જ ભૂલ છે; કેમ કે આપણે તેને પસંદ નથી કરતા. — સંતવાણી 5

50. તમે સાચું માનો, સિદ્ધિ વર્તમાનમાં જ થાય છે. ભવિષ્યમાં કદી સિદ્ધિ નથી થતી. ભવિષ્યમાં તો તેની પ્રાપ્તિ થાય છે, જે વર્તમાનમાં નથી એટલે કે જેની ઉત્પત્તિ થવાની બાકી હોય....... જરા વિચારો, સાધ્ય તો હોય વર્તમાનમાં અને સાધક એ માને

કે અમને ભવિષ્યમાં મળશે ! જરા વિચારો. સાધ્ય તો છે વર્તમાનમાં, અને મળશે ભવિષ્યમાં ! — સંતવાણી 4

51. ન ઓછો ખર્ચ કરવાથી સત્ય મળે છે, અને ન વધારે ખર્ચ કરવાથી સત્ય મળે છે. સત્ય મળે છે— વસ્તુને પોતાની ન માનવાથી.
— સંતવાણી 4

52. તમારી અને પરમાત્માની વચ્ચે સંસાર પરદો નથી, તેની સાથેનો સંબંધ પરદો છે. — સંત-ઉદ્‌બોધન

53. અલ્પમાં અલ્પ ઉંમર, વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય હોવા છતાં પણ મનુષ્યે વાસ્તવિક જીવનથી નિરાશ નહિ થવું જોઈએ. કારણ કે વાસ્તવિક જીવનથી મનુષ્યમાત્રની જાતીય તથા સ્વરૂપની એકતા છે. — મંગલમય વિધાન

❊ ❊ ❊

**અસ્વાભાવિક દશામાં કરેલું કાર્ય ઉપયોગી સિદ્ધ નથી થતું. કારણ કે અસ્વાભાવિકતા કર્તાને અસ્ત-વ્યસ્ત કરી નાખે છે, જેથી કાર્યનો ઉદ્દેશ્ય, કાર્ય કરવાનો ઢંગ અને પવિત્ર ભાવની વિસ્મૃતિ થઈ જાય છે. તેથી દરેક કાર્યનું સંપાદન સ્વાભાવિકતામાં જ કરવું અનિવાર્ય છે.**

# પરિસ્થિતિ (અનુકૂળતા–પ્રતિકૂળતા)

1. બુદ્ધિમાન દ્વારા સૌથી મોટી ભૂલ એ થાય છે કે તે વિચારે છે કે અત્યારે જે પરિસ્થિતિ મારી સમક્ષ છે, એને જો હું એ બદલી નાખું તો મારા ઉદ્દેશ્યની પૂર્તિ થઈ જશે. — સંતવાણી 4
2. માનવને પ્રભુ દંડ નથી આપતા, વિધાન માનવને દંડ નથી આપતું, તો પછી શું આપે છે ? જે પરિસ્થિતિથી તમારો વિકાસ થાય છે, તે જ પરિસ્થિતિ તમને આપે છે. — પ્રેરણા પથ
3. આ માનસિક કુતૂહલ છે કે કોઈ ખાસ પરિસ્થિતિની પ્રાપ્તિથી અમે એવા બની જઈશું, જે આપણે આજે નથી. બંદા, અહીંયાં જ રહેશે, અહીંયાં જ. ફરક એટલો જ થશે કે તમે ત્રણ ચતુર્થાંશ ન લખીને પંચોતેર સોઆંશ લખશો. — જીવન-પથ
4. પરિસ્થિતિ એક પ્રકારનો પ્રાકૃતિક ન્યાય છે, અને પ્રાકૃતિક ન્યાય પોતાના વિકાસને માટે હોય છે, વિનાશને માટે નહિ.

   — સંતવાણી 3
5. સાધકને માટે શું ઉપયોગી છે ? પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ. શું બાધક છે ? અપ્રાપ્ત પરિસ્થિતિનું ચિંતન. — સંતવાણી 3
6. પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગમાં માનવ સ્વાધીન છે, પરંતુ પરિસ્થિતિના પરિવર્તનમાં બધા જ પરાધીન છે. — સંત-ઉદ્‌બોધન
7. દરેક પરિસ્થિતિ સાધન-સામગ્રી છે, જીવન નથી. — સંત-ઉદ્‌બોધન
8. આવેલી પરિસ્થિતિનો વિરોધ પોતાની વ્યક્તિગત રુચિનું પોષણ છે. — પાથેય
9. પ્રાકૃતિક નિયમ મુજબ દરેક પરિસ્થિતિ મંગળમય છે, આ જ ધ્રુવ સત્યને કારણે જે બની રહ્યું છે, તે જ ઠીક છે. — પાથેય
10. દરેક પરિસ્થિતિ સ્વભાવથી જ અપૂર્ણ તથા અભાવયુક્ત છે.

    — ચિત્તશુદ્ધિ

11. દરેક પરિસ્થિતિ પ્રાકૃતિક ન્યાય છે. પ્રાકૃતિક ન્યાયમાં કોઈનું અહિત નથી; કેમ કે પ્રાકૃતિક ન્યાય ક્ષોભ તથા ક્રોધથી રહિત છે.
— ચિત્તશુદ્ધિ
12. જે કંઈ આપમેળે થઈ રહ્યું છે, તેમાં પ્રાણીનું કદી અહિત નથી. અહિત થાય છે પ્રાપ્ત પરિસ્થિતિઓનો સદુપયોગ ન કરવાથી.
— ચિત્તશુદ્ધિ
13. પ્રતિકૂળ પરિસ્થિતિ ભોગમાં ભલેને બાધક હોય, પણ યોગમાં નહિ. — ચિત્તશુદ્ધિ
14. કોઈ પરિસ્થિતિને કારણે કોઈ વાસ્તવમાં ઊંચ-નીચ નથી, બલકે જે સાધક પરિસ્થિતિનો સદુપયોગ કરે છે, તે જ ઊંચો છે અને જે દુરુપયોગ કરે છે, તે જ નીચો છે. — ચિત્તશુદ્ધિ
15. એવી કોઈ અનુકૂળતા છે જ નહિ, જેણે પ્રતિકૂળતાને જન્મ ન આપ્યો હોય અને ન એવી કોઈ પ્રતિકૂળતાય છે, જેમાં પ્રાણીનું હિત ન હોય. — ચિત્તશુદ્ધિ
16. પ્રાકૃતિક નિયમ મુજબ જે ઇચ્છાઓમાં પ્રવૃત્ત થવું અનિવાર્ય છે, તેમની પ્રવૃત્તિને માટે પરિસ્થિતિ આપમેળે મળે છે અને જે ઇચ્છાઓની પ્રવૃત્તિ અનાવશ્યક છે, તેમને માટે પરિસ્થિતિ પ્રાપ્ત થતી નથી. આ રહસ્યને ન જાણવાને કારણે બિચારા માણસો અપ્રાપ્ત પરિસ્થિતિનું ચિંતન કરતા હોય છે. — ચિત્તશુદ્ધિ
17. અનંતની અભિવ્યક્તિ અનંતથી ભિન્ન નથી. આ દૃષ્ટિથી પણ પરિસ્થિતિનું કોઈ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થતું નથી, બલકે તે જેની અભિવ્યક્તિ છે, તેમાં તેની જ સત્તા છે અથવા એ જ છે. — ચિત્તશુદ્ધિ
18. ચિત્તની શુદ્ધિ ભૌતિક દૃષ્ટિથી પરિસ્થિતિના સદુપયોગમાં, અધ્યાત્મ-દૃષ્ટિથી પરિસ્થિતિઓના અભાવમાં અને આસ્તિક દૃષ્ટિથી પરિસ્થિતિઓના દ્વારા પ્રેમાસ્પદની પૂજામાં રહેલી છે.
— ચિત્તશુદ્ધિ
19. પ્રાકૃતિક નિયમ મુજબ અનુકૂળતા અને પ્રતિકૂળતા બન્નેય કર્તવ્ય-નિષ્ઠ બનવાને માટે જરૂરી અંગ છે; કેમ કે પ્રતિકૂળતા વિના વસ્તુઓના સ્વરૂપનું ખરેખરું જ્ઞાન નથી થતું અને અનુકૂળતા વિના પ્રાપ્ત વસ્તુઓનો ઉદારતાપૂર્વક સદુપયોગ નથી થતો. — ચિત્તશુદ્ધિ

20. પ્રાપ્ત પરિસ્થિતિમાં હિત છે, આ વાતને તે જ જાણી શકે છે, જે અનંતના મંગળમય વિધાન પર વિશ્વાસ કરે છે. — ચિત્તશુદ્ધિ
21. માત્ર પરિસ્થિતિનો દુરુપયોગ કરવો જ પ્રતિકૂળતા છે, પરિસ્થિતિ ખરેખર તો પ્રતિકૂળ હોતી નથી. — સંત-સમાગમ 2
22. જેટલા આસ્તિક હોય છે, તેઓ દરેક પ્રતિકૂળતામાં પોતાના પરમ પ્રેમાસ્પદની અનુકૂળતાનો અનુભવ કરે છે કે હવે અમારા વહાલાએ પોતાના મનને અનુકૂળ કરવાનો આરંભ કરી દીધો. હવે તેઓ અમને જરૂર અપનાવશે. — સંત-સમાગમ 2
23. જે પરિસ્થિતિથી હાર સ્વીકારી લે છે તથા લક્ષથી નિરાશ થઈ જાય છે, તે ન તો આસ્તિક બની શકે છે અને ન શરણાગત. — સંત-સમાગમ 2
24. જ્યારે પ્રતિકૂળતાઓમાં પૂર્ણ અનુકૂળતાઓનો અનુભવ થાય અને એકરસતાની ઉત્પત્તિ થાય તો સમજવું જોઈએ કે આજથી આપણો સંબંધ ભગવાનની સાથે પાક્કો થઈ ગયો. જો ભગવાનનું નામ લીધું અને નોકરી મળી ગઈ તો સમજો ભગવાન સાથેનો સંબંધ તૂટી ગયો અને નામ લેવાની મજૂરી મળી ગઈ. — સંત-સમાગમ 2
25. જે મનની અનુકૂળતામાં રમણ કરે છે, તે ભગવાનના પ્રેમથી વંચિત થઈ જાય છે, ઓછામાં ઓછી મને આમાં શંકા નથી. અનુકૂળતાએ મને ભગવાનથી વિમુખ કર્યો છે બીજા કોઈએ નહિ. ....... જે પ્રતિકૂળતાને હૃદયે ચાંપી શકે છે, તેઓ ભગવાનની સન્મુખ થાય છે, એ પણ મારા હૃદયની વાત છે. — સંત-સમાગમ 2
26. પરિસ્થિતિના પરિવર્તન કરતાં પરિસ્થિતિનો સદુપયોગ વધારે કામની વસ્તુ છે; કેમ કે પરિસ્થિતિના પરિવર્તનથી ત્યાગનું અભિમાન આવે છે અને પરિસ્થિતિના સદુપયોગથી પરિસ્થિતિથી સંબંધ-વિચ્છેદ થાય છે. ત્યાગનું અભિમાન રાગનું મૂળ છે, આને વિચારશીલ જાણે છે. — સંત-સમાગમ 2
27. દરેક પરિસ્થિતિ સ્વરૂપથી પ્રતિકૂળ છે. આપણે પ્રતિકૂળતાને અનુકૂળતા માની લઈએ છીએ. — સંત-સમાગમ 2

28. જોકે પ્રાકૃતિક વિધાન મુજબ દરેક સંયોગ વિના પ્રયત્ને જ વિયોગમાં વિલીન થઈ જાય છે; પરંતુ સંયોગની ગુલામીને કારણે વિયોગ થવા છતાં પણ સંયોગ જ બની રહે છે, જે પ્રાકૃતિક વિધાનનો નિરાદર છે. — સંત-સમાગમ 2

29. ઊંડાણથી જુઓ, એવી કોઈ પરિસ્થિતિ નથી હોતી, જેનાથી ઉચ્ચ તથા નિમ્ન અન્ય પરિસ્થિતિ ન હોય અર્થાત્ દરેક વસ્તુ તથા પરિસ્થિતિમાં આબદ્ધ પ્રાણી પોતાનાથી ઉચ્ચ તથા નિમ્નનો સ્વતઃ અનુભવ કરે છે. આ જ કારણે ઉચ્ચને જોઈ દીનતામાં અને નિમ્નને જોઈને અભિમાનમાં આબદ્ધ થઈ જાય છે. દીનતાનું બંધન 'ત્યાગ'થી અને અભિમાનનું બંધન 'સેવા'થી મટી જાય છે, અર્થાત્ એવી કોઈ નિર્બળતા નથી જે ત્યાગથી, અને એવું કોઈ અભિમાન નથી, જે સેવાથી મટી ન જતું હોય. — સંત-સમાગમ 2

30. પ્રતિકૂળતા જ મનુષ્યના જીવનને ઉન્નત કરનારી છે. જેના જીવનમાં પ્રતિકૂળતાનો અનુભવ નથી થતો, તેની ઉન્નતિ તરફ પ્રગતિ થતી નથી. જો પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા ન થાત તો શરીર અને સંસારથી અહંતા-મમતાનું દૂર થવું ઘણું કરીને શક્ય જ ન હતું. — સંત-સૌરભ

31. અનુકૂળ પરિસ્થિતિમાં જે સરસતા 'ઉદારતા'થી આવે છે, તે જ સરસતા પ્રતિકૂળ પરિસ્થિતિમાં 'ત્યાગ'થી પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિથી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ વર્તમાનને સરસ બનાવવામાં હેતુ નથી, પરંતુ તેનો સદુપયોગ જ નીરસતા મટાડવામાં સમર્થ છે. — ચિત્તશુદ્ધિ

32. પ્રતિકૂળ પરિસ્થિતિ વિકાસનું સાધન છે, વિનાશનું નહિ. — સંત-ઉદ્બોધન

33. નિષ્કામતાને અપનાવતાં જ પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરવાની તથા અપ્રાપ્ત પરિસ્થિતિઓના ચિંતનથી રહિત થવાનું સામર્થ્ય આપમેળે આવી જાય છે. — સાધન-નિધિ

❊ ❊ ❊

# પ્રવૃત્તિ-નિવૃત્તિ

1. પ્રવૃત્તિનું સૌંદર્ય એ જ છે કે કોઈને કામ આવી જઈએ; અને નિવૃત્તિનું સૌંદર્ય એ જ છે કે પોતાનામાં જ પોતાના પ્રેમપાત્રનો અનુભવ થઈ જાય. જે પ્રવૃત્તિ કોઈના હિતનું સાધન નથી બનતી, તે ત્યાગવા યોગ્ય છે; અને જે નિવૃત્તિ પ્રેમાસ્પદથી અભેદ નથી કરતી, તે નિર્જીવ છે. — સંત પત્રાવલી 1
2. જે પ્રવૃત્તિનું પરિણામ નિવૃત્તિ નથી, તે પ્રવૃત્તિ દૂષિત છે, ત્યાજ્ય છે. વ્યક્તિગત સુખની આશાને લીધે જે પ્રવૃત્તિ શરૂ થાય છે, તેનું પરિણામ નિવૃત્તિ નથી હોતું, બલકે પ્રવૃત્તિના અંતમાં પણ પ્રવૃત્તિની જ રુચિ શેષ રહે છે. — દુઃખકા પ્રભાવ
3. પ્રવૃત્તિ એ જ સાર્થક છે, જે કોઈને માટે અહિતકર ન હોય, પરંતુ સર્વહિતકારી હોય. — દુઃખકા પ્રભાવ
4. સંકલ્પપૂર્વક જે નિવૃત્તિનું સંપાદન કરવામાં આવે છે, તે નિવૃત્તિ થવા છતાં પણ ઘોર પ્રવૃત્તિ જ છે. — દુઃખકા પ્રભાવ
5. સર્વહિતકારી પ્રવૃત્તિ જ વાસ્તવિક નિવૃત્તિની જનની છે. — જીવન-દર્શન
6. સર્વહિતકારી પ્રવૃત્તિ ખરેખર તો કરેલા સંગ્રહનું પ્રાયશ્ચિત છે, કોઈ વિશેષ મહત્ત્વની વાત નથી; અને નિવૃત્તિ પ્રાકૃતિક વિધાન છે. તેને પોતાનો મહિમા માની લેવો મિથ્યા અભિમાનને જ જન્મ આપવો છે, બીજું કાંઈ નથી. — જીવન-દર્શન
7. પ્રવૃત્તિના દ્વારા જે કોઈને જે કંઈ મળે છે, તે સમય જતાં આપોઆપ નષ્ટ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
8. સર્વહિતકારી પ્રવૃત્તિ અથવા દેહાભિમાનનો ત્યાગ વાસ્તવિક નિવૃત્તિનું સાધન છે. — ચિત્તશુદ્ધિ

9. જીવનમાં દુઃખનું પ્રમાણ વધી જતાં નિવૃત્તિ સુગમ છે અને સુખનું પ્રમાણ વધી જવાથી પ્રવૃત્તિ સુગમ છે. — સંત-સમાગમ 2
10. દરેક પ્રવૃત્તિ મહાન રોગ છે; કેમ કે પ્રવૃત્તિના અંતે નિર્બળતા પ્રાપ્ત થાય છે. — સંત-સમાગમ 2
11. જ્યાં સુધી આપણે પોતાને માટે આપણાથી ભિન્નની જરૂરિયાતનો અનુભવ કરીએ છીએ, ત્યાં સુધી કોઈ ને કોઈ રીતની પ્રવૃત્તિ ચાલુ જ રહે છે અર્થાત્ સંયોગની જરૂરિયાત જ પ્રવૃત્તિ છે. — સંત-સમાગમ 2
12. તે પ્રવૃત્તિનો કાયમ અંત કરી દેવો જોઈએ, જે કોઈ બીજાના હિત તથા પ્રસન્નતાનું સાધન ન હોય. — સંત-સમાગમ 2
13. એ સારી રીતે જાણી લો કે હઠપૂર્વક કરેલી નિવૃત્તિ પ્રવૃત્તિનું મૂળ છે, અને પ્રેમાસ્પદના સંબંધથી અભિનયરૂપે કરેલી પ્રવૃત્તિ નિવૃત્તિનું મૂળ છે. — સંત-સમાગમ 2
14. પ્રત્યેક પ્રવૃત્તિ નિવૃત્તિને માટે સ્વીકાર કરવામાં આવે છે, પ્રવૃત્તિને માટે નહિ; કેમ કે દરેક સંયોગનો વિયોગ પરમ આવશ્યક છે. — સંત-સમાગમ 2
15. એ જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાધનરૂપ બની શકે છે, જે સુખની આશારહિત છે. — સાધન-તત્ત્વ
16. સર્વપ્રિય પ્રવૃત્તિ સંસારનું સૌંદર્ય છે, સર્વ પ્રવૃત્તિઓની નિવૃત્તિ સંસારનો અંત છે; નિવૃત્તિની નિવૃત્તિ ઈશ્વરવાદનો આરંભ છે. — સંત-સમાગમ 2

❊ ❊ ❊

**પ્રાપ્ત વસ્તુઓની મમતા આપણને નુકસાનથી તથા પ્રાપ્ત વ્યક્તિઓની મમતા આપણને વિયોગના ભયથી મુક્ત થવા દેતી નથી અને અપ્રાપ્ત વસ્તુઓ અને વ્યક્તિઓની ઈચ્છા આપણને વ્યર્થ ચિન્તનમાંથી મુક્ત થવા દેતી નથી. વિયોગ તથા નુકસાનનો ભય, લોભ તથા મોહમાં બાંધે છે અને વ્યર્થ ચિન્તન આપણને ચિન્તામુક્ત થવા દેતું નથી અને સાર્થક ચિન્તન થવા પણ દેતું નથી.**

# પ્રાર્થના

1. પ્રાર્થના કરવાનું કારણ એ નથી કે તમે કહેશો, ત્યારે પરમાત્મા સાંભળશે. પ્રાર્થનાનું અસલી રૂપ છે— પોતાની આવશ્યકતાનો યથાયોગ્ય અનુભવ કરવો. — સંતવાણી 7
2. પ્રાર્થના શબ્દો દ્વારા કરવામાં આવતી નથી. પ્રાર્થનાનો મતલબ છે— પોતાની જરૂરતની વિસ્મૃતિ ન થાય. — સંતવાણી 7
3. પ્રભુનો મહિમા સ્વીકાર કરો; 'સ્તુતિ' થઈ ગઈ. પ્રભુ સાથે સંબંધ સ્વીકાર કરો, 'ઉપાસના' થઈ ગઈ. પ્રભુના પ્રેમની આવશ્યકતા અનુભવ કરો, 'પ્રાર્થના' થઈ ગઈ. — સંત-ઉદ્‌બોધન
4. જે રીતે તરસ લાગવી એ જ પાણીનું માગવું છે, એ જ રીતે અભાવની વેદના જ પ્રાર્થના છે. — માનવકી માંગ
5. પ્રાર્થનાનો અર્થ દીનતા તથા પરાધીનતા નથી; બલકે પોતાની ખરેખરી જરૂરિયાતની જાગૃતિ છે. — માનવકી માંગ
6. પ્રાર્થના જ નિર્બળનું બળ છે. પ્રાર્થીને જરૂર લક્ષની પ્રાપ્તિ થાય છે. — સંત પત્રાવલી 2
7. જો માનવ-સમાજ વ્યથિત હૃદયથી કરુણાસાગરને પોકારે તો પ્રકૃતિનો ક્ષોભ મટી શકે છે અને દુકાળ સુકાળમાં બદલાઈ શકે છે. પરંતુ આ બાજુ તો આજે દૃષ્ટિ જ નથી જતી. જગતની મદદથી જગતની સમસ્યાઓનું પૂરેપૂરું સમાધાન થતું નથી. કરુણાસાગર જગદાધારને પોકારો અને તેમના દ્વારા આપેલા બળથી ક્રિયાત્મક સેવા કરો. — સંત-પત્રાવલી 2
8. પ્રકૃતિ ક્ષોભિત કેમ થાય છે ? આ સંબંધમાં મારો વિચાર છે કે જ્યારે જનસમાજ ન કરવાવાળી બાબતો પણ કરતો રહે છે, ત્યારે દૈવી આપત્તિઓ આવે છે. તેની શાંતિને માટે પ્રાર્થના અને પ્રાયશ્ચિત બન્નેય થવાં જોઈએ, ત્યારે જ વ્યાપક સંકટની સમસ્યા ઉકલી શકે છે. પ્રાયશ્ચિત તો એ છે કે સંઘરેલી વસ્તુ દુઃખીઓને કામ આવી જાય અને વ્યથિત હૃદયથી પરમકૃપાળુને પોકારવામાં આવે. — સંત પત્રાવલી 2

9. શું આપણાથી આપણી કોઈ વાત છુપી છે, જે તેમને કહેવામાં આવે ? — પાથેય
10. જ્યારે સાધક લક્ષથી નિરાશ નથી થતો અને પોતાના દ્વારા તેને પૂરું કરવા પામતો નથી, ત્યારે આપમેળે એક વેદના જાગ્રત થાય છે, જે વાસ્તવિક પ્રાર્થનાનું રૂપ ધારણ કરી લે છે. વૈધાનિક પ્રાર્થના જરૂર પૂરી થઈ જાય છે, એ સર્વસમર્થ સર્વાધારનો મહિમા છે. — પાથેય
11. ‘મારા નાથ’થી સુંદર શબ્દ આપણી ભાષામાં નથી. — પ્રેરણા પથ
12. પ્રાર્થના કરવાનો અધિકાર ત્યારે થાય છે, જ્યારે કર્તા પોતાની તમામ શક્તિ પૂરી કરી દે. કેમ કે શક્તિ રહેતાં સાચી પ્રાર્થના થતી નથી. પ્રાર્થના ખરેખર તો દુઃખી હૃદયનો અવાજ છે. જે પ્રાર્થી પોતાની પૂરી શક્તિ સમાપ્ત કરી સર્વસમર્થ ઈષ્ટદેવને પ્રાર્થના કરે છે, તેની પ્રાર્થના જરૂર સફળ થાય છે. પ્રાર્થના કરવામાં નથી આવતી, બલકે થાય છે; કેમ કે જ્યારે અભિલાષાને રોકી શકતા નથી અને તેને પૂરી કરવા માટે શક્તિ નથી હોતી, ત્યારે જે અવાજ હૃદયથી ઉત્પન્ન થાય છે, એ જ પ્રાર્થના હોય છે. — સંત-સમાગમ 1
13. જે રીતે માને બાળકની બધી જ જરૂરિયાતોની જાણ છે તેમ જ બાળકના કહ્યા વિના જ મા તે કરે છે, જે તેણે કરવું જોઈએ, એ જ રીતે આનંદઘન ભગવાન આપણા કહ્યા વિના જ તે જરૂર કરે છે, જે તેમણે કરવું જોઈએ. પરંતુ આપણે તેમની આપેલી શક્તિનો સદુપયોગ નથી કરતા અને નિર્બળતા દૂર કરવા માટે નકલી પ્રાર્થના કરતા રહીએ છીએ. — સંત-સમાગમ 2
14. એ નિયમ છે કે અસમર્થતાની વેદનામાં સર્વસમર્થને પોકાર સ્વતઃ રહે જ છે. ............. જે અસમર્થતામાં વેદના નથી, તે અસમર્થતા નિર્જીવ છે અર્થાત્ આંશિક સામર્થ્યનો સુખભોગ છે. — સાધન-તત્ત્વ
15. જો પોતાના તરફથી પૂરો પ્રયાસ કરવા છતાં પણ આપણે સુખના ભોગ અને તેના આકર્ષણને છોડવામાં પોતાને અસમર્થ જાણીએ છીએ તો સરળ વિશ્વાસપૂર્વક દુઃખી હૃદયથી સર્વસમર્થ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. દુઃખ જરૂર મટી જશે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

16. દાર્શનિક દૃષ્ટિ તથા માન્યતાઓનો ભેદ હોવા છતાં પણ પ્રાર્થના બધાની એક જ છે. કારણ કે સ્વાભાવિક આવશ્યકતા બધાની એક અને અસ્વાભાવિક ઈચ્છાઓ અનેક છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
17. પ્રાર્થના વ્યથિત હૃદયનો પોકાર તથા નિર્બળનું બળ તેમ જ આસ્તિકનું જીવન છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
18. પ્રાપ્ત શક્તિનો સદ્‌વ્યય કરવાથી જ પ્રાર્થના કરવાનો અધિકાર મળે છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
19. પ્રાર્થના અસમર્થનો અંતિમ પ્રયાસ, સફળતાનું અચૂક અસ્ત્ર અને જરૂરી સામર્થ્ય પ્રદાન કરનારો મહામંત્ર છે. અથવા એમ કહો કે આ દુ:ખીઓની ખરેખરી સાધના છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
20. પ્રાર્થના વિશે જે કંઈ કહેવામાં આવે, ઓછું છે; કેમ કે એના દ્વારા નિરાશાને આશામાં, નિર્બળતાને બળમાં અને અસફળતાને સફળતામાં ફેરવીને પ્રાણી તેના અભિષ્ટને મેળવવા સમર્થ બને છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
21. ભાવાત્મક સેવા એકમાત્ર પ્રાર્થનાથી જ થઈ શકે છે.
— માનવતાકે મૂલ સિદ્ધાંત
22. જે તમારી બાબતમાં તમારાથી પણ વધારે જાણે છે; શું તેમને પણ કંઈ કહેવાની જરૂર છે ? — પાથેય
23. પ્રાર્થનાના દ્વારા માનવ દરેક પરિસ્થિતિમાં સર્વોત્કૃષ્ટ સેવા કરી શકે છે અને ત્યાગ તથા પ્રેમને મેળવીને કૃતકૃત્ય બની શકે છે.
— માનવતાકે મૂલ સિદ્ધાંત
24. માનવ પ્રાર્થી છે, આ અનુભવસિદ્ધ સત્ય છે, જો કે પ્રાર્થ્ય (ભગવાન) પ્રાર્થીમાં પણ રહેલો છે અને પ્રાર્થનાનો પુંજ (ઢગલો) જ માનવનું અસ્તિત્વ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
25. પ્રાર્થના શ્રમસાધ્ય ઉપાય નથી, બલકે વ્યથિત હૃદયનો મૂક અવાજ છે. મૂક અવાજ વિભુ (સર્વવ્યાપી) હોય છે, આ વૈજ્ઞાનિક તથ્ય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

26. પ્રાર્થનાને અનુરૂપ યથાશક્તિ કાર્ય પણ કરવું જોઈએ. કર્તવ્યનિષ્ઠ મનુષ્ય જ ખરેખરો પ્રાર્થી બની શકે છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

27. 'મારા નાથ' આ વાક્યનું ઉચ્ચારણ કરતાં જ હૃદયમાં એવો ભાસ થાય છે કે આપણે અનાથ નથી, કોઈ આપણો પોતાનો છે. અને જે આપણો પોતાના છે, તે કેવો છે ? તે સમર્થ છે અને રક્ષક છે. હવે તમે વિચારો કે સમર્થ અને રક્ષકના રહેતાં અમારા અને તમારા જીવનમાં ચિંતા અને ભયનું કોઈ સ્થાન જ નથી રહેતું.

— સંતવાણી 8

❊ ❊ ❊

**માનવમાત્રમાં ક્રિયા, ભાવ તથા વિવેક વિદ્યમાન છે. આ કારણે વિવેકના પ્રકાશથી પ્રકાશિત ભાવ અને પવિત્ર ભાવથી ભાવિત કર્મ સિદ્ધિદાયક છે. વર્તમાન કર્તવ્ય-કર્મને કર્યા વિના ક્રિયાશક્તિનો સદુપયોગ શક્ય નથી. એ નિયમ છે કે મળેલી વસ્તુઓનો સદુપયોગ ન કરવાથી તેની આસક્તિનો નાશ થતો નથી. તેથી માનવમાત્રે કરવાના રાગથી મુક્ત થવા માટે પવિત્ર ભાવથી વર્તમાન કાર્ય કરવું અનિવાર્ય છે.**

# પ્રેમ

1. જ્યાં સુધી મિલનમાં વિયોગ ન ભાસે તો પ્રેમ કેવો ? અને વિયોગમાં મિલન ન ભાસે તો પ્રેમ કેવો ? — સંતવાણી 5
2. પરસ્પરમાં (શરીરનાં અંગોમાં) પ્રીતિની કેટલી ઊંડી એકતા છે કેપગમાં કાંટો વાગે છે તો આંખમાં આંસૂ નીકળે છે. આંખમાં જ્યારે ઈજા થાય છે, તો પગ લથડે છે. આ રીતે પૂરા વિશ્વની સાથે આપણી સ્નેહની એકતા થાઓ. — સંતવાણી 6
3. જ્યાં આપણું પોતાપણું થઈ જાય છે, ત્યાં પ્રિયતા ઉદય થાય છે. — સંતવાણી 7
4. અલગ-અલગ સાધન જ્યારે એકમાં વિલીન થઈ જાય છે, તેને કહે છે, સાધન-તત્ત્વ. તો સમસ્ત સાધન કોનામાં વિલીન થાય છે ? તો માનવું પડે છે કે પ્રેમની પ્રાપ્તિમાં, પ્રેમની જાગૃતિમાં. તો પ્રેમ થયું સાધન-તત્ત્વ. — સંતવાણી 5
5. જે લોકો એમ કહે છે કે ‘શું કહીએ, તેમણે તો એટલું વહાલ કર્યું કે અમે લાચાર થઈ ગયા.’ તેમને નિવેદન છે કે કોઈ માણસ તમને લાચાર કરે, શું તે પણ કોઈ વહાલ છે ? નહિ મહારાજ, આજે તો ખાઈ જ લો. અરે મહારાજ ખાઈ જ લઈએ, તો આ વહાલ છે કે શાસન ? વહાલ છે કે આસક્તિ છે ?— પ્રેરણા પથ
6. પ્રેમમાં એક વિલક્ષણતા છે, તે વિલક્ષણતા એ છે કે તેનો આંરભ ગમે ત્યાંથી થાય પણ તે સર્વવ્યાપક બની જાય છે. — જીવન-પથ
7. જે પરમાત્માને પ્રેમ નથી કરતો, સંતોને પ્રેમ નથી કરતો, પોતાને પ્રેમ નથી કરતો; સાચું પૂછો તો તે કોઈને પ્રેમ નથી કરતો. — સંતવાણી 7
8. આ નિર્વિવાદ સત્ય છે કે પ્રેમની પ્રાપ્તિમાં જ જીવનની પૂર્ણતા છે. — સંતવાણી 5

9. જો પોતે પોતાનું પ્રિય નથી કરી શકતો તો પ્રેમની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય જ નથી. — સંત-ઉદ્‌બોધન
10. પ્રેમીઓની સૂચીમાં નામ લખાવવા નીકળ્યા અને કામનાને સાથે રાખી તો શું પ્રેમ થશે ? પોતાની ઇચ્છા સંતોષીને શું પ્રેમ થાય છે ? કદાપિ નહિ. — સંત-ઉદ્‌બોધન
11. કામનાપૂર્તિ અને મોક્ષ ચાહનાર પ્રાણી ઈશ્વર-પ્રેમી નથી બની શકતો, ઈશ્વર સાથે પ્રેમ નથી કરી શકતો. — સંત-ઉદ્‌બોધન
12. જ્યાં પોતાના જ લાભનું ધ્યાન છે, ત્યાં ઈમાનદારી રહી શકતી નથી. ઈમાનદારી વિના પ્રેમનો પ્રાદુર્ભાવ થતો જ નથી. — સંત-ઉદ્‌બોધન
13. પ્રેમનો ઉદય થવાથી એક જ બે દેખાય છે. એવું નથી કે બે થાય તો જ પ્રેમ થશે. — સંત-ઉદ્‌બોધન
14. કોઈ પણ વિચારક એ સિદ્ધ નથી કરી શકતો કે બે હોવાથી પ્રેમ થઈ શકે છે. બેમાં તો ન્યાય થઈ શકે છે, પ્રેમ નહિ; કેમ કે પ્રેમનો ઉદય ત્યાં જ થાય છે, જ્યાં એક જ બે માલૂમ પડે છે. — માનવકી માંગ
15. જીવનમુક્ત થયા પછી મનુષ્ય પ્રેમ-પ્રાપ્તિનો અધિકારી બને છે. — સંત-ઉદ્‌બોધન
16. જેના હૃદયમાં ભોગ-સુખોની લાલચ અને કામ-ક્રોધાદિ વિકારોનું અસ્તિત્વ છે, તે પ્રેમની પ્રાપ્તિ તો શું પ્રેમની ચર્ચા કરવા તથા સાંભળવાનો પણ અધિકારી નથી. હકીકતમાં તો જેના હૃદયમાં મમતા, આસક્તિ, કામના અને સ્વાર્થની ગંધ પણ ન હોય, તે જ પ્રેમી બની શકે છે. — સંત-ઉદ્‌બોધન
17. અહમ્‌નો નાશ થયા વિના ભેદનો નાશ નથી થતો અને તેના વિના અનંતના પ્રેમની પ્રાપ્તિ થતી નથી. — સંત-ઉદ્‌બોધન
18. ઇચ્છા-રહિત પ્રાણી જ પ્રેમ કરી શકે છે. — માનવકી માંગ
19. ઇચ્છા-રહિત થયા વિના માનવ પ્રેમનો અધિકારી થતો નથી. — માનવ-દર્શન
20. પ્રભુનો મહિમા સાંભળીને જે ઈશ્વરવાદી થાય છે, તે કામી છે, તે પ્રેમી નથી. — જીવન-પથ

21. જેને ભગવાન તો પ્યારા લાગે અને સંસાર ખારો લાગે. તેને પ્રેમી નથી કહેતા. — સંતવાણી 5
22. પ્રેમી આપણે ક્યારે બનીશું ? જ્યારે આપણે એ સ્વીકાર કરીએ કે પ્રભુ આપણા છે. — સંતવાણી 7
23. પ્રેમનો એ સ્વભાવ છે કે પ્રેમ પ્રેમીનું સર્વસ્વ હરી લે છે. એનો અર્થ એ નથી કે પ્રેમીનો વિનાશ થઈ જાય છે. પ્રેમ અને પ્રેમીની વચ્ચે જે અંતર હતું, તે દૂર થઈ જાય છે અર્થાત્ પ્રેમી પણ ગળીને પ્રેમ જ બની જાય છે. — માનવકી માંગ
24. જેવી રીતે નદીનું નિર્મળ જળ કોઈ ખાડામાં ભરાઈ જવાથી ઝેરી જંતુઓનું ઘર બની જાય છે, એ જ રીતે પ્રેમરૂપી તત્ત્વ કોઈ વસ્તુ તેમજ કોઈ વ્યક્તિ વગેરેમાં બંધાઈને લોભ, મોહ વગેરેનું રૂપ ધારણ કરી અનેક વિકાર પેદા કરે છે. — માનવકી માંગ
25. આસક્તિનો અત્યંત અભાવ થયા વિના અનુરક્તિના સામ્રાજ્યમાં પ્રવેશ જ નથી થતો. — માનવ-દર્શન
26. જેના જીવનમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ જાય છે, તેના જીવનમાં ભોગ, મોક્ષ વગેરે કોઈ પણ કામના બાકી નથી રહેતી. — માનવકી માંગ
27. બોધમાં પ્રેમ અને પ્રેમમાં બોધ ઓત-પ્રોત છે. — માનવ-દર્શન
28. પ્રીતિના જેવું બીજું કોઈ અલૌકિક મહાન તત્ત્વ નથી. — માનવ-દર્શન
29. તેની પ્રાપ્તિ તેની પ્રિયતામાં જ રહેલી છે, જિજ્ઞાસામાં નથી. — માનવ-દર્શન
30. પ્રેમ જ ભગવાનને અત્યંત પ્રિય છે. એ જ તેમનો માનવ પર અધિકાર છે. — માનવકી માંગ
31. પ્રિયતા પ્રાપ્ત કરવાને માટે સેવા અને ત્યાગ તથા આસ્થાપૂર્વક આત્મીયતા અનિવાર્ય છે. — માનવ-દર્શન
32. પ્રેમની શરૂઆત કોઈ પણ પ્રતીકમાં કેમ ન હોય, પરંતુ પ્રેમ સ્વભાવથી જ વ્યાપક બની જાય છે. તેથી વિશ્વપ્રેમ પણ વિશ્વથી અતીત આત્મરતિ તેમ જ પ્રભુ-પ્રેમના રૂપમાં પરિણત થાય છે. કારણ કે પ્રેમ-તત્ત્વને કોઈ સીમામાં બાંધી શકતું નથી. — માનવ-દર્શન

33. પ્રેમની અંતિમ ભેટ છે— 'અહમ્' અને 'મમ'ને અર્પિત કરી દેવાં. — માનવ-દર્શન

34. જેને ભોગ અને મોક્ષ પણ નથી ગમતા, તેને કરુણામય પોતાની પ્રીતિ પ્રદાન કરે છે. — સાધન-નિધિ

35. જે પ્રિયતા કાયમ નથી રહેતી, તે હકીકતમાં પ્રિયતા નથી, પરંતુ આસક્તિ છે. — મૂકસત્સંગ

36. શરણાગત થયા વિના શરણ્યની અગાધ પ્રિયતા કેવી રીતે મળી શકે છે ? કદાપિ નહિ. — મૂકસત્સંગ

37. જ્યાં સુધી જીવિત શરીર મૃતક જેવું ન માલૂમ પડે ત્યાં સુધી પ્રેમ પેદા થઈ શકતો નથી— એવો મારો વિશ્વાસ છે. —સંત પત્રાવલી 1

38. પ્રેમીના હૃદયમાં કામના તથા ક્રોધ પેદા નથી થતા, એવો મારો અનુભવ છે. — સંત પત્રાવલી 1

39. જે રીતે ગંગાનું પવિત્ર જળ, જે આનંદનું કારણ છે, ખાડામાં બંધાઈ જવાથી અનેક ઝેરી જંતુઓને પેદા કરી દુઃખનું કારણ બને છે, એ જ રીતે પવિત્ર પ્રેમ મળ-મૂત્ર ભરેલા શરીરમાં બંધાઈ જવાથી અનેક વાસનારૂપી કીડાઓને પેદા કરી મહાન દુઃખનું કારણ બને છે. — સંત પત્રાવલી 1

40. જ્યાં સુધી કોઈ પ્રકારની વાસના બાકી છે, ત્યાં સુધી સમજવું જોઈએ કે પ્રેમ પેદા નથી થયો; કેમ કે પ્રેમ પેદા થવાથી હૃદય આનંદ તથા સમતાથી ભરાઈ જાય છે અને ચારે બાજુ પોતાનું સ્વરૂપ જ નજરે પડે છે. — સંત પત્રાવલી 1

41. પવિત્ર પ્રેમને શરીરમાં કેદ કરવાથી મોહની ઉત્પત્તિ થાય છે. — સંત પત્રાવલી 1

42. વૃદ્ધિ પામેલો રોગ આરોગ્યતામાં અને વૃદ્ધિ પામેલો પ્રેમ પ્રેમપાત્રમાં વિલીન થઈ જાય છે. — સંત પત્રાવલી 1

43. પ્રેમીનું સ્નાન શું છે ? રડવું. પ્રેમીનું ધ્યાન શું છે ? પોતે પોતાને મટાડી દેવું. પ્રેમીની પૂજા શું છે ? સાચી વ્યાકુળતા. પ્રેમીનું ભોજન શું છે ? હર્ષ અને શોક. પ્રેમી નિવાસ ક્યાં કરે છે ? જ્યાં બીજું કોઈ ન હોય. પ્રેમીનો પાઠ શું છે ? મૌન. — સંત પત્રાવલી 1

44. પોતાના પ્રિયતમને પોતાનાથી ભિન્ન કોઈ બીજામાં અનુભવ ન કરો. — સંત પત્રાવલી 1

45. પ્રેમરૂપી ધન અત્યંત છુપાવીને રાખવું જોઈએ. ત્યાં સુધી કે મન, ઈન્દ્રિયો વગેરેને પણ ખબર ન પડે. નહિ તો એ નિર્મળ પ્રેમને ગંદો કરી દેશે. — સંત પત્રાવલી 1

46. પ્રેમાસ્પદથી ભિન્નની અસ્વીકૃતિને માટે વિવેક અપેક્ષિત છે અને પ્રેમાસ્પદથી નિત્ય-સંબંધ સ્વીકાર કરવા માટે વિશ્વાસ હેતુ છે. — પાથેય

47. પ્રીતિ સ્વરૂપથી દિવ્ય, ચિન્મય તથા અનંત છે. એ નિયમ છે કે જે ચિન્મય છે, તે વિભુ છે. જે વિભુ છે, તેનાથી દેશ-કાળનું અંતર તથા ભેદ નથી રહી શકતા. હા, એક વાત જરૂર છે કે પ્રીતિ એવું અલૌકિક તત્ત્વ છે, જે વિયોગમાં મિલન અને મિલનમાં વિયોગનો ભાસ કરાવે છે. પરંતુ આ રહસ્યને તે જ પ્રેમીઓ જાણે છે, જેઓ મુક્તિ અને મુક્તિની દાસતાથી મુક્ત છે. અર્થાત્ જેમણે ભોગ અને મોક્ષને ઠુકરાવી દીધા છે અને પ્રેમને જ પોતાનું સર્વસ્વ માન્યું છે. — સંત પત્રાવલી 2

48. પ્રીતિનું ક્રિયાત્મક રૂપ જ સેવા છે અને પ્રીતિનું વિવેકાત્મક રૂપ જ બોધ છે અને પ્રીતિનું ભાવાત્મક રૂપ જ પ્રીતમને રસ આપવો છે. — સંત પત્રાવલી 2

49. જેનું કાંઈ નથી અને જેને કાંઈ નહિ જોઈએ; તે જ પ્યારા પ્રભુને પોતાના માની શકે છે અને તેને જ પ્રેમની પ્રાપ્તિ થાય છે. — સંત પત્રાવલી 2

50. પ્રેમાસ્પદથી ભિન્નની સત્તા સ્વીકાર કરવાથી પ્રીતિમાં શિથિલતા આવે છે. પ્રીતિને સુરક્ષિત રાખવાને માટે પ્રેમાસ્પદથી ભિન્ન અન્યનું અસ્તિત્વ જ નહિ સ્વીકારવું જોઈએ. ત્યારે જ પ્રીતિ સબળ તથા સ્થાયી બની શકે છે. — પાથેય

51. પ્રીતિનો ઉદય ત્યારે જ થાય છે, જ્યારે અનેક વિશ્વાસ એક વિશ્વાસમાં, અનેક સંબંધ એક સંબંધમાં તેમ જ અનેક ચિંતન એક ચિંતનમાં વિલીન થઈ જાય છે. — પાથેય

52. પ્રીતિ કોઈ કર્મ અને અભ્યાસથી પ્રાપ્ત નથી થતી, પરંતુ આત્મીયતાથી પ્રાપ્ત થાય છે, જે વિશ્વાસથી સિદ્ધ છે. જેણે એક વાર 'મારા નાથ' કહી દીધું, બસ, પ્રીતિ પ્રાપ્ત થઈ ગઈ.— પાથેય
53. શું પ્રીતિને શરીરની આવશ્યકતા છે ? કદાપિ નહિ. — પાથેય
54. જેને કંઈ નહિ જોઈએ, તેને જ પ્રેમાસ્પદ પોતાનું પ્રેમ-તત્ત્વ પ્રદાન કરે છે. જેને કંઈ બીજું જોઈએ, તેને પ્રેમની પ્રાપ્તિ નથી થતી. — પાથેય
55. અભ્યાસનું મહત્ત્વ કાર્યકુશળતામાં ભલે હોય, પરંતુ પ્રેમના સામ્રાજ્યમાં તો અભ્યાસનો પ્રવેશ જ શક્ય નથી.

— સત્સંગ ઔર સાધન
56. જેના સંબંધમાત્રમાં જ દેહાભિમાન ગળી જાય છે, તેમના પ્રેમની પ્રાપ્તિમાં ભલા દેહાદિની શું અપેક્ષા હશે ? — સત્સંગ ઔર સાધન
57. 'પ્રેમ'માં તો સ્વયં-પોતાને મટી જવાનું હોય છે અને 'સેવા'ને માટે પોતાનું સર્વ કંઈ આપવાનું હોય છે. જે પોતે પોતાને મિટાવી નથી શકતો, તે પ્રેમ નથી કરી શકતો અને જે પોતાનું સર્વસ્વ નથી આપી શકતો, તે સેવા કરી શકતો નથી. — જીવન-દર્શન
58. કર્મ કરવાનું સામર્થ્ય અને વિવેક તો અનંતની અહૈતુકી કૃપાથી સ્વતઃ પ્રાપ્ત છે; પરંતુ પ્રેમ-પ્રાપ્તિને માટે તો આપણે એ અનંતને સમર્પિત થવું પડશે. — જીવન-દર્શન
59. જીવનનો મુખ્ય ઉદ્દેશ પ્રેમ-પ્રાપ્તિ છે. તે ત્યારે જ પ્રાપ્ત થશે, જ્યારે આપણે તેમની કૃપાનો આશ્રય લઈને પોતાને તેમને સમર્પિત કરી દઈએ. આ બાબત માટે ચિંતિત ન થઈએ કે આપણે કેવા છીએ ? જેવા પણ છીએ, તેમના છીએ. તેઓ જેવા પણ છે, આપણા છે. તેમની કૃપા જાતે આપણને તેમની સાથે પ્રેમ કરવાને લાયક બનાવી દેશે. — જીવન-દર્શન
60. પ્રેમના સામ્રાજ્યમાં પ્રેમાસ્પદથી ભિન્ન કશું થયું જ નથી.

— જીવન-દર્શન
61. ત્યાગરૂપી ભૂમિમાં જ પ્રેમરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે અર્થાત્ ત્યાગનું ફળ જ પ્રેમ છે. — જીવન-દર્શન

62. 'અહં' અને 'મમ'નો નાશ થયા વિના પ્રેમના સામ્રાજ્યમાં પ્રવેશ થઈ શકતો નથી. — જીવન-દર્શન
63. પ્રેમ-પ્રાપ્તિ પ્રેમાસ્પદની અહૈતુકી કૃપા પર નિર્ભર છે અને જિજ્ઞાસાની પૂર્તિ જિજ્ઞાસાની પૂર્ણ જાગૃતિ પર નિર્ભર છે. — જીવન-દર્શન
64. પ્રેમને સ્થાયી તથા સબળ બનાવવાને માટે ઇચ્છારહિત થવું અનિવાર્ય છે; કેમ કે ઇચ્છાની ઉત્પત્તિ પ્રેમને દૂષિત કરે છે. ત્યાં સુધી કે પ્રેમ ત્યારે જ સુરક્ષિત રહી શકે છે, જ્યારે સદ્‌ગતિની પણ કામના ન હોય. એટલું જ નહિ, કામનારહિત બનવાની પણ કામના ન હોય; કેમ કે કામનાની ઉત્પત્તિ ભિન્નતા ઉત્પન્ન કરે છે, જે પ્રેમમાં બાધક છે. — જીવન-દર્શન
65. પ્રેમ ત્યારે જ સુરક્ષિત રહી શકે છે, જ્યારે પ્રેમીમાં આ ભાવનો પણ ઉદય ન થાય કે હું પ્રેમી છું; કેમ કે પ્રેમ પ્રેમીને ખાઈને જ પુષ્ટ થાય છે. — જીવન-દર્શન
66. એ પ્રશ્ન જ નથી કે તમારા સાધ્ય કોણ છે. પ્રશ્ન એ છે કે તમારી તમારા સાધ્યમાં પ્રિયતા છે કે નહિ ? જીવનમાં મૂલ્ય પ્રિયતાનું છે. — સફલતાકી કુંજી
67. જેને પોતાને માટે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ વગેરેની અપેક્ષા છે, તેનો પ્રેમના સામ્રાજ્યમાં પ્રવેશ જ થવા પામતો નથી. — દર્શન ઔર નીતિ
68. પ્રેમ તે જ કરી શકે છે, જે કામનાથી રહિત હોય, જેની પ્રસન્નતા બીજાઓ પર નિર્ભર છે, તે પ્રેમ નથી કરી શકતો.— ચિત્તશુદ્ધિ
69. જેને કોઈ પણ વસ્તુ, અવસ્થા વગેરેની આવશ્યકતા છે, તેને પ્રીતિ પ્રાપ્ત નથી થતી. — ચિત્તશુદ્ધિ
70. પ્રેમ એક એવું અલૌકિક તત્ત્વ છે, જેની નિવૃત્તિ, ક્ષતિ કે પૂર્તિ શક્ય નથી. નિવૃત્તિ કામનાઓની અને પૂર્તિ જિજ્ઞાસાની થાય છે. આ દૃષ્ટિથી પ્રેમ પ્રેમાસ્પદની જ અભિવ્યક્તિ છે, બીજું કંઈ નથી. — ચિત્તશુદ્ધિ
71. પ્રેમમાં નિર્દોષતા અને નિર્દોષતામાં પ્રેમ ઓતપ્રોત છે અર્થાત્ પ્રેમ અને નિર્દોષતામાં વિભાજન થઈ શકતું નથી. — ચિત્તશુદ્ધિ

72. પોતાને પ્રેમી માનીને પ્રેમાસ્પદને રસ પ્રદાન કરવો સાધન અને પ્રેમાસ્પદ પાસેથી કંઈ પણ માગવું અસાધન છે. — ચિત્તશુદ્ધિ
73. પ્રેમ ક્ષતિ, પૂર્તિ તથા નિવૃત્તિથી રહિત છે. નિવૃત્તિ 'કામ'ની થાય છે, પ્રેમની નહિ. પૂર્તિ 'જિજ્ઞાસા'ની થાય છે, પ્રેમની નહિ. ક્ષતિ 'સુખભોગ'ની થાય છે, પ્રેમની નહિ. પ્રેમની તો ઉત્તરોત્તર વૃદ્ધિ જ થાય છે. — ચિત્તશુદ્ધિ
74. કામનાઓની નિવૃત્તિ અને જિજ્ઞાસાની પૂર્તિ થવાથી જ પ્રેમની પ્રાપ્તિ થાય છે. — ચિત્તશુદ્ધિ
75. ઇચ્છા-રહિત થયા વિના પ્રીતિનો ઉદય થતો જ નથી. આ દૃષ્ટિથી પ્રીતિની ભૂમિ બંધનથી રહિત છે અથવા એમ કહો કે મુક્તિ જ પ્રીતિનું ઉદ્‌ગમ સ્થાન છે. — ચિત્તશુદ્ધિ
76. પ્રીતિમાં જ સમસ્ત સાધનોની સમાપ્તિ છે. પ્રીતિના વિના કદી કોઈને રસની ઉપલબ્ધિ થઈ શકતી જ નથી. તેના વિના ખિન્નતા, ક્ષોભ, ક્રોધ, રાગ વગેરે વિકારોનો અંત થઈ શકતો જ નથી. — ચિત્તશુદ્ધિ
77. પ્રીતિ એકમાં બે અને બેમાં એકનું દર્શન કરાવે છે અથવા એમ કહો કે એક અને બેની ગણનાથી વિલક્ષણ છે. તેમાં ભેદ અને ભિન્નતાની તો ગંધ જ નથી. — ચિત્તશુદ્ધિ
78. પ્રીતિ એવી નિર્મળ ધારા છે, તે કોઈમાં બંધાયેલી નથી રહેતી, બલકે બધાને પાર કરીને અનંતમાં જ સમાઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
79. (1) આ (સંસાર) જે કંઈ છે, તે તેમનું છે અર્થાત્ પ્રેમપાત્રનું છે— આ પ્રેમની પહેલી અવસ્થા છે. (2) આ જે કંઈ દૃશ્ય છે, તે તેમનું જ સ્વરૂપ છે— આ પ્રેમની બીજી અવસ્થા છે. આ અવસ્થામાં સૃષ્ટિ મટીને પ્રેમપાત્રનું સ્વરૂપ પ્રતીત થાય છે અર્થાત્ સંસારનો ભાવ મટી જાય છે. (3) પ્રેમની જે ત્રીજી છેલ્લી અવસ્થા છે, તે કોઈ રીતે કહી શકાતી નથી. ફક્ત એટલો સંકેત કરી શકાય છે કે પ્રેમપાત્રના સિવાય બીજું કંઈ કદી થયું જ નથી. — સંત-સમાગમ
80. જે પોતાના પ્રેમપાત્રને પોતાનામાં અનુભવ કરે છે, તેમને વિયોગનું દુઃખ ઉઠાવવું નથી પડતું. હૃદયથી ભિન્ન ભલે તદ્દન નજીક કેમ

ન હોય, છતાં પણ વિયોગ અવશ્ય લાગશે. તેથી પ્રેમપાત્રને પોતાનામાં અનુભવ કરવાથી તેમની સાથે સ્થાયી સંગ થઈ જાય છે. પ્રેમપાત્રને પોતાનાથી ભિન્ન તે જ જુએ છે, જે વિષયોની સત્તાનો ત્યાગ નથી કરી શકતા. આ જ કારણે વિષયી પ્રેમ-પાત્રની ખોજ કરવાને માટે સંસારમાં ભટકે છે.— સંત-સમાગમ

81. એ સારી રીતે સમજી લો કે પ્રેમ કોઈ વ્યક્તિથી નથી થતો. વ્યક્તિઓથી તો રાગ-દ્વેષ જ થઈ શકે છે અને ત્યાગ પણ કોઈ વ્યક્તિ-વિશેષનો નથી થતો. 'ત્યાગ' સમગ્ર સંસારનો અને 'પ્રેમ' જે સંસારથી અતીત છે, તેની સાથે થાય છે અથવા 'ત્યાગ' શરીરનો અને 'પ્રેમ' જે શરીરથી પર છે, તેની સાથે થાય છે. —સંત-સમાગમ

82. એક સમયમાં, એક હૃદયમાં બે સ્વતંત્ર સત્તાઓ રહી શકતી નથી. પ્રેમ-પાત્રના આવતાં જ પ્રેમીની સત્તાનો અંત થઈ જાય છે. પ્રેમીના રહેતાં પ્રેમપાત્ર આવી શકતું નથી. ફક્ત માનેલા સંબંધના આધાર પર હૃદય ક્યારેક ક્યારેક ભાવાવેશથી ભરાઈ જાય છે, તે ખરેખરો પ્રેમ કહી શકાતો નથી. — સંત-સમાગમ

83. અભિલાષી જાતે અભિલાષાને પોતાના સ્વરૂપમાં અનુભવે છે, જેવી રીતે એમ.એ.નો અભિલાષી એમ.એ. થવાથી 'હું એમ.એ. થઈ ગયો' એવો અનુભવ કરે છે, અર્થાત્ પ્રેમી પ્રીતમને પોતાનાથી અલગ નથી જોતો. વહાલા, પ્રીતમ જ્યારે રુચિ સ્વરૂપે હોય છે, ત્યારે પ્રેમી કહેવાય છે. રુચિ પૂર્ણ થતાં પ્રેમી 'પ્રીતમ' બની જાય છે. પ્રેમી અને પ્રીતમની જેમ જ 'અપૂર્ણ' તથા 'પૂર્ણ'ને સમજો. પૂર્ણની અભિલાષા જ અપૂર્ણતા છે. — સંત-સમાગમ 1

84. ઊંડાણથી જુઓ, પોતાના જેવું બીજું કોઈ પ્રિય નથી. એ અત્યંત પ્રિયનો પોતાનામાં જ અનુભવ કરવો સાચો સંબંધ છે. ક્રિયા તથા ભાવ દ્વારા થયેલો સંબંધ માત્ર વેપાર છે— અથવા એમ કહો કે માનેલી અહંતાને જીવિત રાખવાનો ઉપાય છે.

— સંત-સમાગમ 1

85. જે મનુષ્ય પોતાનાથી ભિન્ન પોતાના પ્રેમ-પાત્રને જુએ છે, તેમનો પ્રેમાસ્પદથી યોગ નથી થતો, બલકે સંયોગ થાય છે.

— સંત-સમાગમ 1

86. પ્રેમ-પાત્રના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા છે; કેમ કે તેઓ માત્ર જગા ન મળવાને કારણે આવી શકતા નથી. પ્રેમીથી વધારે પ્રેમપાત્રને પ્રેમીની આવશ્યકતા છે; કેમ કે પ્રેમી સિવાય બીજે ક્યાંય સંસારમાં પ્રેમ-પાત્રને જગા નથી મળતી. —સંત-સમાગમ 1
87. જોકે દરેક પ્રાણીમાં પ્રેમ ઉપસ્થિત છે, પરંતુ સ્વીકૃતિમાત્રને સત્તા માની લેવાથી પ્રેમ-જેવું અલૌકિક તત્ત્વ પણ સીમિત થઈ જાય છે. સીમિત પ્રેમ સંહારનું કામ કરે છે, જે પ્રેમ તદ્દન વિપરીત છે. જેમ કે દેશના પ્રેમે દેશો પર, સંપ્રદાયના પ્રેમે અન્ય સંપ્રદાયો પર, જાતિના પ્રેમે અન્ય જાતિઓ પર અત્યાચાર કર્યા છે. — સંત-સમાગમ 2
88. જો પ્રેમપાત્રના પ્રેમને ચાહો છો તો બધી રીતે તેમના થઈ જાઓ. આમ કરવાથી ભિન્ન-ભિન્ન પ્રકારનાં સાધનોની ખોજ નહિ કરવી પડશે. — સંત-સમાગમ 2
89. પ્રેમી તથા પ્રેમપાત્રને મળવા માટે કોઈ ત્રીજાની મદદની જરૂર નથી હોતી અર્થાત્ પ્રેમી સ્વતંત્રતાપૂર્વક પ્રેમપાત્રને મળી શકે છે. — સંત-સમાગમ 2
90. આત્મીયતા સાધન છે અને પ્રેમ સાધ્ય છે. પ્રેમી આત્મીયતાના બળથી પ્રેમપાત્રને પામે છે. — સંત-સમાગમ 2
91. ત્યાગ તથા પ્રેમ— એ બન્નેય એક જ વસ્તુ છે. બિચારો કામનાયુક્ત મનુષ્ય ત્યાગ તથા પ્રેમનું આસ્વાદન કરવા પામતો નથી. — સંત-સમાગમ 2
92. પ્રેમ પોતાને થાય છે, ભિન્નને નહિ. ઊંડાણથી જુઓ, જેનો કોઈ રીતે પણ ત્યાગ થઈ શકે છે, તેનાથી પ્રેમ થઈ શકતો નથી. પ્રેમ તેનો થાય છે, જેનો ત્યાગ થઈ શકતો નથી. — સંત-સમાગમ 2
93. મોહ દ્વારા માનેલા તમામ સંબંધોનો વિચ્છેદ થઈ જતાં સર્વસમર્થ પ્રેમપાત્ર સાથે આપમેળે પ્રેમ થઈ જાય છે. આત્મીયતા થતાં જ પ્રેમની ગંગા લહેરાવા લાગે છે. — સંત-સમાગમ 2
94. કામનાયુક્ત મનુષ્યો પાસે પ્રેમની આશા કરવી એ મોટી ભૂલ છે. — સંત-સમાગમ 2

95. પ્રેમી તથા પ્રેમપાત્રની વચ્ચે ફક્ત ચિંતન જ રુકાવટ છે, જે બન્નેને મળવા નથી દેતું. — સંત-સમાગમ 2

96. જે રીતે નદીનું શુદ્ધ પાણી કોઈ ખાડામાં બંધિયાર થઈ અનેક વિકાર ઉત્પન્ન કરે છે, એ રીતે સ્નેહ કોઈ શરીર, વસ્તુ કે અવસ્થામાં બંધાઈને મોહયુક્ત અનેક વિકાર ઉત્પન્ન કરે છે. — સંત-સમાગમ 2

97. ભગવત્-પ્રેમનું મહત્ત્વ છે, ભગવત્-દર્શનનું કોઈ મહત્ત્વ નથી. ભગવાન રોજ દેખાય અને પ્રિય ન લાગે તો તમારો વિકાસ થશે નહિ. ભગવત્-વિશ્વાસ, ભગવત્-સંબંધ અને ભગવત્-પ્રેમનું મહત્ત્વ છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

98. કામી કામિનીને પ્રેમ નથી કરતો. તેઓ એકબીજાને નષ્ટ કરે છે, ખાઈ જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

99. એકમાત્ર પ્રભુને પોતાના માનવા અને બીજી કોઈ કામના રાખવી નહિ. આ જ પ્રેમ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન છે.
— સંતવાણી (પ્રશ્નોત્તર)

100. પ્રેમમાં પ્રેમનું જ આદાન-પ્રદાન છે; કારણ કે પ્રેમના બદલામાં પ્રેમ જ થઈ શકે છે, કંઈ બીજું નહિ. — માનવતાકે મૂલ સિદ્ધાંત

101. પ્રેમની પ્રાપ્તિમાં જીવનની પૂર્ણતા રહેલી છે, જે આસ્તિકવાદની પરાકાષ્ઠા છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

102. પ્રિયતા નિષ્કામતાના વિના વ્યાપક નથી થતી. સીમિત પ્રિયતા આસક્તિઓની જનની છે અને અસીમ પ્રિયતામાં જ પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે, જે વાસ્તવિક જીવન છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

103. જે પ્રેમ થાય છે, તે વ્યક્તિ કેવો છે એ વાત પર નિર્ભર નથી બલકે એ વાત પર નિર્ભર છે કે તે વ્યક્તિ પોતાનો છે. તે કેવો છે, એ વાતની જરૂર ત્યારે ઊભી થાય છે, જ્યારે આપણે તેની પાસેથી કંઈક લેવું હોય. અર્થાત્ પોતાના સુખ માટે માણસ વિચારે છે કે અમુક વસ્તુ કેવી છે, અમુક વ્યક્તિ કેવી છે. — સંતવાણી 8

104. જેને કંઈ નહિ જોઈએ અને જેની પાસે પોતાનું કરીને કંઈ નથી, તે જ પ્રેમ આપી શકે છે અને જેની પાસે સર્વ કંઈ છે, તે જ માત્ર પ્રેમથી પ્રસન્ન થઈ શકે છે. આ દૃષ્ટિથી જોવામાં આવે તો તમારા

પ્રેમનું પાત્ર કોણ હશે ? જેની પાસે સર્વ કંઈ હોય અને જેને કંઈ નહિ જોઈએ. અને પ્રેમ આપી કોણ શકે છે ? જેની પાસે કંઈ નહિ હોય અને જેને કંઈ નહિ જોઈએ. તો પ્રેમ આપવાને માટે બે બાબતો જરૂરી થઈ ગઈ— મારી પાસે મારું કહેવાય એવું કંઈ નથી અને મારે કંઈ જોઈતું નથી અને ત્રીજી બાબત— જેને પ્રેમ આપવાનો છે, તે જ મારો પોતાનો છે, બીજું કોઈ મારું પોતાનું નથી.

— સંતવાણી 8

105. જે ખરેખર નિત્ય વર્તમાન છે, તે પરમાત્મા પોતાને અને જે સદા-સર્વદા નથી, તે (સંસાર)ને પણ પ્રકાશિત કરે છે. પણ પરમાત્માની પ્રીતિ, જે વાસ્તવમાં નથી, તે (સંસાર)ની નિવૃત્તિમાં અને જે છે, તે (પરમાત્મા)ની પ્રાપ્તિમાં સમર્થ છે. એટલા માટે ભગવત્-પ્રીતિનું મહત્ત્વ ભગવાનથી વધારે છે. — સંત-સૌરભ

106. ભોગી મનુષ્ય પ્રેમનો અધિકારી નથી થતો. તે તો સેવાનો અધિકારી છે. — સંત-સૌરભ

107. પ્રેમીનું મન અને ઈન્દ્રિયો વગેરે કંઈ પણ ભૌતિક નથી રહેતાં; કેમ કે ભગવાન સ્વયં જે ચિન્મય પ્રેમની ધાતુથી બન્યાં છે, તેનાથી તેમનો પ્રેમી, તેમનું દિવ્ય ધામ અને સર્વ કંઈ બન્યું છે. —સંત-સૌરભ

108. બોધ પછી પ્રેમ થવો અસંગત નથી. એમાં તો સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ લીલામય પરમેશ્વરના સગુણ-સાકાર રૂપની સાર્થકતા છે. પ્રેમ સિવાય સગુણ બ્રહ્મના હોવામાં કોઈ કારણ જ નથી.

— સંત-સૌરભ

109. પ્રેમ કોઈ પણ કર્મને આધીન થતો નથી. તે કોઈ પ્રકારની ક્રિયામાં બંધાતો નથી કે અમુક પ્રકારની ક્રિયા કે વ્યવહારનું નામ જ પ્રેમ છે. — સંત-સૌરભ

110. જ્યાં પ્રેમ પ્રગટ થઈ જાય છે, ત્યાં ઈન્દ્રિયોના દરવાજા બંધ થઈ જાય છે. — સંત-સૌરભ

111. પ્રેમની કદી પૂર્ણતા થતી નથી. આ કારણે પ્રેમીને દરેક અવસ્થામાં પ્રેમની કમીનો બોધ થાય છે. — સંત-સૌરભ

112. જેના પર વિશ્વાસ થાય છે, તેનાથી સંબંધ થઈ જાય છે. જેનાથી સંબંધ થાય છે, તેનું ચિંતન થાય છે. અને જેનું ચિંતન થાય છે, તેમાં પ્રેમ થાય છે. ભગવાન પર વિશ્વાસ અને પ્રેમ સ્વાભાવિક

થવો જોઈએ, કોઈ રીતનું બળ કરીને નહિ; કેમ કે પ્રયત્નસાધ્ય વસ્તુ કાયમી નથી હોતી. — સંત-સૌરભ

113. જે તનથી, ધનથી, બુદ્ધિથી તમે સંસારમાં ભલા માણસ કહેવાયા તે તન-બુદ્ધિ વગેરેથી તમે પરમાત્માના પ્રેમી થઈ જાઓ, એ શક્ય નથી. — સંત-સૌરભ

114. જ્યાં સુધી પ્રાણીનો શરીર અને સંસાર સાથેનો સંબંધ નથી છૂટતો, જ્યાં સુધી તે શરીરને 'હું' અને સંસારને પોતાનો માને છે, ત્યાં સુધી ગોપી-પ્રેમની વાત સમજમાં આવતી નથી. — સંત-સૌરભ

115. જ્યાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ કોઈ પણ શરીરમાં અહંભાવ છે, ત્યાં સુધી મનુષ્યને ગોપી-ભાવ પ્રાપ્ત થતો નથી; તેથી તે ગોપી-પ્રેમનો અધિકારી નથી. — સંત-સૌરભ

116. ગોપી-ભાવ પ્રાપ્ત કરવા માટે વસ્તુના સંયોગ અને ક્રિયાજન્ય સુખનું તો શું કહેવું, ચિંતનના સુખનો પણ ત્યાગ કરવો પડે છે. — સંત-સૌરભ

117. જ્યાં સુધી દેહભાવ રહે છે, હું પુરુષ છું, હું સ્ત્રી છું, એવો ભાવ થાય છે, ત્યાં સુધી ગોપી-ચરિત્ર સાંભળવા અને સમજવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પછી ગોપી-પ્રેમ શું છે— એ તો કોઈ સમજી જ કેવી રીતે શકે છે ? — સંત-સૌરભ

118. વ્રજમાં પ્રવેશ થઈ ગયા પછી પણ ગોપી-ભાવની પ્રાપ્તિ ઘણી દૂરની વાત છે. દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ પછી છેલ્લે ગોપીભાવની ઉપલબ્ધિ થાય છે. પછી સામાન્ય માણસ તે ગોપી-પ્રેમની વાત કેવી રીતે સમજી શકે છે અને કેવી રીતે કહી શકે છે ? — સંત-સૌરભ

119. જેનામાં જેટલી ચતુરાઈ-ચાલાકી હોય છે, તેટલો જ તે પ્રેમના રાજ્યથી દૂર રહે છે અને જેમાં જેટલું ભોળપણ હોય છે, તેટલો જ તે પ્રેમના રાજ્યમાં પ્રવેશ પામે છે. — સંત-સૌરભ

120. તમે તમારા નજીકના પ્રિયજનોને પૂછો કે તમે અમને ઘણા વહાલા લાગો છો, પરંતુ અમારી પાસે જે વસ્તુ છે, તે અમે તમને નથી આપી શકતા, તો તમને તરત જવાબ મળશે કે તમારો પ્યાર ચૂલામાં જાય. ...... માત્ર પ્રેમથી રીઝવામાં પ્રભુ જ સમર્થ છે. .....

સમગ્ર સંસારમાં તમે શોધો, એક પણ માણસ તમને એવો નહિ મળે કે જે તમને એમ કહે કે અમે તમને અમારા માનીએ છીએ, માત્ર આટલાથી તમે પ્રસન્ન થઈ જાવ. — જીવન-પથ

121. પ્રેમના સામ્રાજ્યમાં કોઈ પણ પ્રેમી પોતાની પાસે પોતાની માનીને કોઈ વસ્તુ રાખી શકતો નથી. — સંતવાણી 5

122. પ્રેમ કોઈ અભ્યાસ નથી, કોઈ અનુષ્ઠાન નથી, કોઈ શ્રમસાધ્ય પ્રયોગ નથી, પરંતુ માનવમાત્રમાં સ્વભાવથી સ્થિત છે. પરંતુ તેનો બોધ ક્યારે થાય છે ? જ્યારે માનવ આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસ-પૂર્વક સાંભળેલ પ્રભુને પોતાના માની લે છે. — સંતવાણી 5

123. તમે તમારા સુખ માટે થોડી આશા રાખો છો, ત્યારે વિચારો છો કે તે (પ્રભુ) કેવા છે. જો તમે પ્રેમી છો, તો આવો પ્રશ્ન ક્યાં આવે છે કે તે કેવા છે ! અને તે ક્યાં છે એ પ્રશ્ન પણ આવતો નથી ! તેઓ શું કરે છે એવો પ્રશ્ન પણ ક્યાં થાય છે ! ગમે તેવા હોય, ગમે ત્યાં હોય, ગમે તે કરતા હોય, છે તો મારા પોતાના અને પ્રિય છે. આ છે પ્રેમની દીક્ષા. — સંતવાણી 5

124. જો કોઈ પણ પ્રત્યે તમારા હૃદયમાં પ્રેમની ઊણપ છે અથવા તમે પ્રેમ આપી શકતા ન હો તો તમે પ્રભુ સાથે પ્રેમ કરી શકતા નથી. — સંતવાણી 4

125. પ્રેમીના હૃદયમાં જ્યારે પ્રીતિની વૃદ્ધિ થાય છે તો તેની દરેક પ્રવૃત્તિમાં પ્રીતિ આવી જાય છે. પ્રીતિ કોઈ એવી ચીજ નથી કે તમે જ્યારે બધો કામ-ધંધો છોડી દેશો, ત્યારે પ્રેમ કરશો. — સંતવાણી 3

126. જો કોઈને પોતાના પ્રિયની ભૂખ છે કે અમારો કોઈ પ્રિય હોય તો એનો અર્થ છે કે તેને પરમાત્માના સિવાય બીજું કોઈ નહિ મળશે. જે સૌનો પ્રિય હોય, એવા પરમાત્મા જ હોઈ શકે છે.— સંતવાણી 3

127. જે મનુષ્ય ભગવાનને છોડીને કંઈ પણ ચાહે છે તથા ભગવાનનું ભજન કરીને ભગવાનથી કંઈ પણ માગે છે, તે ભગવાનનો પ્રેમપાત્ર બનતો નથી, એટલે કે તેને ભગવાનનો પ્રેમ નથી મળતો. તેનું કલ્યાણ પણ નથી થતું. — સંત-ઉદ્બોધન

128. આત્મીયતા એ જ કરી શકે છે, જે ભોગ અને મોક્ષને ફુટબોલની જેમ ઠોકરાવી દે. તે મોંઘી છે તો એટલી અને સસ્તી છે તો એટલી કે કપટપૂર્વક, વિચાર્યા વિના, સમજ્યા વિના એક વાર એટલું કહીને ચુપ થઈ જઈએ કે 'પ્રભુ, નિઃસંદેહ તમે સદા મારા છો', 'તમે સદા મારા છો'. — જીવન-પથ

129. પોતનામાં પોતાનાથી ભિન્ન પ્રેમાસ્પદની સ્વીકૃતિ શું જરૂરી છે ? જરૂર છે. કારણ કે માનવે પોતાનામાં જ પરાધીનતા, જડતા, અભાવ વગેરેનો સ્વીકાર કર્યો છે, જે હકીકતમાં ભૂલભરેલો છે. ભૂલ પોતાનામાં છે, તત્ત્વમાં નહિ. ભૂલનો અત્યંત અભાવ ત્યારે જ થઈ શકે છે, જ્યારે પોતાનામાં જ પોતાના પ્રેમાસ્પદને અપનાવવામાં આવે. પોતાનામાં પોતાના પ્રેમાસ્પદની સ્વીકૃતિ ભેદ પેદા કરતી નથી, બલકે ભિન્નતાની નાશક છે. — મૂક સત્સંગ

130. જે રીતે દેહાભિમાન રહેતાં ભોગની રુચિ સ્વાભાવિક છે, એ જ રીતે દેહાભિમાન ગળી જવાથી પ્રીતિની લાલસા સ્વાભાવિક છે. — ચિત્તશુદ્ધિ

131. પ્રેમ-પાત્રનો સંગ કરીને નિશ્ચિંત થઈ જાઓ અને સર્વદા અભય રહો. સ્મરણ, ચિંતન, ધ્યાન તથા સજ્જનતાના આધાર પર જીવિત રહેવું પ્રેમનું અધૂરાપણું છે, જે કોઈ પણ પ્રેમી માટે શોભાસ્પદ નથી. ચિંતન, ધ્યાન વગેરે અથવા 'સંગ'માં મોટો ભેદ છે. ધ્યાન વગેરેથી અહંભાવ દબાઈ જાય છે અને 'સંગ'થી નષ્ટ થઈ જાય છે; કેમ કે ચિંતન, ધ્યાન વગેરેથી કંઈક ને કંઈક અંતર જરૂર રહે છે અને 'સંગ'થી કોઈ પ્રકારનું અંતર તથા ભેદ રહેતા નથી.

— સંત-સમાગમ 1

❊ ❊ ❊

**મળેલું સામર્થ્ય, યોગ્યતા તથા વસ્તુનો દુરુપયોગ કરવો ભૂલ છે. તેથી માનવમાત્રને માટે મળેલનો સદુપયોગ કરવો અનિવાર્ય છે.**

# બૂરાઈ (પરદોષદર્શન)

1. મારો એ અનુભવ છે કે જો આપણે પોતાની સાથે બૂરાઈ ન કરત તો સંસારની તાકાત નથી કે તે આપણી સાથે બૂરાઈ કરી શકે.
— પ્રેરણા પથ

2. જ્યારે જ્યારે હું વિચારું છે, ત્યારે ત્યારે હું આ જ નિષ્કર્ષ પર પહોંચ્યું છે કે હે માનવ ! તેં પોતાની સાથે જેટલી બૂરાઈ કરી છે, કોઈ બીજો તારી સાથે તેટલી બૂરાઈ કદી કરી જ નથી શકતો.
— પ્રેરણા પથ

3. બૂરાઈરહિત થતાં જ ભલાઈ પોતાની જાતે જ થવા લાગે છે; પરંતુ તેનું અભિમાન નથી થતું. ભલાઈનું અભિમાન તો બૂરાઈને જન્મ આપે છે.
— પ્રેરણા પથ

4. જ્યાં સુધી માનવ ભૂલથી પોતાને બૂરો નથી બનાવી લેતો, ત્યાં સુધી તેનાથી બૂરાઈ થતી નથી.
— સાધન-નિધિ

5. બૂરાઈરહિત બનવું સત્સંગસાધ્ય છે અને ભલા થઈ જવું દૈવી વિધાન છે. ભલાઈ શીખી શકાતી નથી, શિખવાડાતી નથી. બૂરાઈરહિત બનવાથી ભલાઈ આપમેળે અભિવ્યક્ત થાય છે.
— સંત-ઉદ્‌બોધન

6. પોતાની ભલાઈનો ભાસ થઈ જવા છતાં પણ ભલાઈ 'ભલાઈ' રહેતી નથી. ત્યારે સૂક્ષ્મરૂપે બૂરાઈનો જન્મ થઈ જાય છે.
— સંત-ઉદ્‌બોધન

7. આપણે કોઈ બીજાની તરફ કોઈ ભલાઈ તથા બૂરાઈ કરી જ નથી શકતા, જ્યાં સુધી કે પોતાને ભલા કે બૂરા ન બનાવી લઈએ.
— માનવકી માંગ

8. આપણે કોઈ બીજાને કોઈ હાનિ પહોંચાડી જ નથી શકતા, જ્યાં સુધી કે સ્વયંનો સર્વનાશ નથી કરી લેતા.
— માનવકી માંગ

9. જો આપણે આપણું કલ્યાણ તથા સુંદર સમાજનું નિર્માણ ચાહીએ છીએ તો એ અનિવાર્ય બની જાય છે કે આપણે બીજાઓમાં તથા પોતાનામાં બૂરાઈની સ્થાપના ન કરવી.
— માનવકી માંગ

10. જે વ્યક્તિ કદી કોઈને કોઈ રીતની હાનિ નથી પહોંચાડતી, તે પ્રકૃતિના વિધાનથી અજાતશત્રુ બની જાય છે. — સંતવાણી 6
11. જ્યારે તેની સાથે કોઈ બૂરાઈ કરે છે, ત્યારે પોતાને નિર્દોષ માનીને બૂરાઈના બદલામાં બૂરાઈ કરવા માટે પોતાને બૂરો બનાવે છે. પરંતુ તેને આ વાતની જાણ નથી રહેતી કે બૂરાઈનો સામનો કરવાને માટે હું જાતે બૂરો બની ગયો ! — સાધન-નિધિ
12. બૂરાઈનું ચિંતન બૂરાઈથી વધારે બૂરું છે; કેમ કે ચિંતન મુજબ ચિંતકનું સ્વરૂપ બની જાય છે. — સંત પત્રાવલી 1
13. દરેક બૂરાઈનો જવાબ ભલાઈથી આપો અથવા સહન કરો અને મૌન થઈ જાઓ; કેમ કે બૂરાઈનો જવાબ બૂરાઈથી આપવો પશુતા છે. — સંત પત્રાવલી 1
14. બૂરાઈને બૂરાઈ જાણીને ન કરવી અને ભલાઈને ભલાઈ જાણીને કરવી સાધના છે. પરંતુ કોઈ પ્રલોભનથી પ્રેરિત થઈને કરેલી ભલાઈ અને કોઈ ભયથી ભયભીત થઈને ત્યાગેલી બૂરાઈ હકીકતમાં સાધનના રૂપમાં અસાધન છે. — સત્સંગ ઔર સાધન
15. જે કોઈની સાથે બૂરાઈ નથી કરતો, તેનું ભલું પોતાની મેળે થઈ જાય છે. — દર્શન ઔર નીતિ
16. પ્રાકૃતિક નિયમ મુજબ કોઈને ભલા બનાવવાનો ઉપાય છે— તેના તરફ ભલાઈ કરવી, તેને બૂરો ન સમજવો, તેનું બૂરું ન ચાહવું અને તેના તરફ કોઈ જાતની પણ બૂરાઈ ન કરવી. — માનવતાકે મૂલ સિદ્ધાંત
17. એ નિયમ છે કે જે પોતાની સાથે છળ નથી કરતો, તે બીજાઓની સાથે પણ છળ કરી શકતો નથી અર્થાત્ જે બૂરાઈ પ્રાણી પોતાના પ્રતિ કરે છે, તે જ બીજાઓના પ્રતિ પણ કરે છે. એટલું જ નહિ, આપણે આપણા પ્રતિ પણ કોઈ બૂરાઈ ન કરીએ તો બીજાઓની કરેલી બૂરાઈની અસર આપણા પર પડી જ શકતી નથી. — ચિત્તશુદ્ધિ
18. પ્રાકૃતિક નિયમ મુજબ કોઈ કોઈની સાથે ભલાઈ તથા બૂરાઈ કરે તો તેની અસર પૂરા વિશ્વની સાથે થઈ જાય છે. એટલું જ નહિ, દરેક પ્રવૃત્તિની અસર અખિલ લોક-લોકાંતર સુધી પહોંચે છે;

કારણ કે સર્વ કંઈ એકથી જ સત્તા પામીને એકમાં જ સ્થિત છે અર્થાત્ સર્વનો પ્રકાશક એક જ છે, જે અનંત છે. પ્રાણી જે કંઈ કરે છે, તે તેના પ્રતિ થાય છે અને તેની પ્રતિક્રિયા પણ તેનાથી થાય છે. — ચિત્તશુદ્ધિ

19. પોતાના પ્રતિ થનારી બૂરાઈનું જ્ઞાન એ સાબિત કરે છે કે વ્યક્તિ બૂરાઈને બૂરાઈ જાણે છે. — ચિત્તશુદ્ધિ

20. બૂરાઈનો ત્યાગ થવાથી ભલાઈ ઉત્પન્ન થાય છે. ભલાઈ કોઈ દ્વારા શિખાતી નથી. — સંત-સમાગમ 1

21. મોટામાં મોટી ભલાઈ પણ અભિમાન આવવાથી બૂરાઈમાં ફેરવાઈ જાય છે. — સંત-સમાગમ 2

22. જાણેલી બૂરાઈને છોડી દો તો તમને સર્વ કંઈ મળશે— શાંતિ, મુક્તિ, ભક્તિ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

23. બૂરાઈ કરવા માટે આપણે સ્વયંને બૂરા બનાવવા પડશે. કોઈના દ્વારા કરેલી બૂરાઈથી આપણી એટલી ક્ષતિ થતી નથી, જેટલી સ્વયંને બૂરા બનાવવાથી થાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

24. ભલાઈ જે છે, તે દૈવી છે, તે મનુષ્યકૃત નથી, બૂરાઈ મનુષ્યની ભૂલથી થાય છે. — સંતવાણી 8

25. બૂરા કહેવડાવવાનો ભય અને સજ્જન કહેવડાવવાનું પ્રલોભન જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી ચિત્ત શુદ્ધ થઈ શકતું નથી. જો બૂરાઈ હોય તો તેનો ત્યાગ કરવાનો છે. આપણને કોઈ બૂરા ન સમજે— એનાથી આપણે ભલા નથી થઈ જતા. ભલા તો બૂરાઈના ત્યાગથી જ બની શકીએ છીએ. — ચિત્તશુદ્ધિ

26. સૌથી મોટો માણસ, જેને સુપરમેન, મહામાનવ કહીએ, કોણ છે ? જેના જીવનમાં કોઈ જાતની બૂરાઈ નથી, તે સૌથી મોટો માણસ છે. કોના જીવનમાં બૂરાઈ નથી હોતી ? જે ખરેખર કદી કોઈ પાસેથી કંઈ ચાહતો નથી. — સંતવાણી 7

❊ ❊ ❊

# ભક્ત

1. ભક્ત તે છે, જે માત્ર ભગવાનને જ પોતાના માને છે. ભગવાન મળે ન મળે, તેમની ઇચ્છા. તેમનાથી કંઈ લેવાનું નથી. માત્ર ભગવાનને પોતાના માની લેવા જ ભગવાનને પ્રિય છે. શાંતિ, મુક્તિથી પણ વધીને ભક્તિ છે. — સંત-ઉદ્‌બોધન
2. ભક્ત તે બને છે, જે જીવનમુક્તિને ફગાવી દે છે. — સંતવાણી 4
3. ભક્ત સ્વતંત્ર એટલા માટે છે કે તેને જગતનો આધાર જોઈતો નથી. તેને ભગવાન પાસેથી પણ કંઈ જોઈતું નથી. — સંત-ઉદ્‌બોધન
4. આત્મીયતા તે જ કરી શકે છે, જે ભોગ અને મોક્ષને ફુટબોલની જેમ ફગાવી દે. — જીવન-પથ
5. પ્રેમ પણ ભિન્નથી નથી થતો અને મુક્તિમાં પણ ભિન્નતાનું અસ્તિત્વ જ રહેતું નથી. આનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જ્યાં ખરેખરી મુક્તિ છે, ત્યાં જ પૂર્ણ ભક્તિ છે. — માનવકી માંગ
6. જેમાં અનંત સૌંદર્ય હોય, અનંત ઐશ્વર્ય હોય, અનંત માધુર્ય હોય, તેને રસ આપવા માટે કોઈ ગુણ-વિશેષની અપેક્ષા નથી હોતી. માત્ર એટલી જ અપેક્ષા હોય છે કે તેઓ આપણને વહાલા લાગે અને કોઈને વહાલા લાગવા માટે આના સિવાય બીજો કોઈ ઉપાય નથી કે આપણે તેને પોતાના માનીએ. — જીવન-પથ
7. ભક્તિ અને મુક્તિનું વિભાજન નથી થઈ શકતું. કારણ કે જે મુક્ત છે, તે જ ભક્ત બનવા પામે છે અને જે ભક્ત છે તે જ સંસારથી મુક્ત છે. શરીર અને સંસારથી મુક્ત થયા વિના શું કોઈ માત્ર પ્રભુને પોતાના માની શકે છે, શું પ્રભુના બનીને રહી શકે છે ? કદાપિ નહિ. — સંત-ઉદ્‌બોધન

8. સિદ્ધાંત તો એ છે કે ચાહે મુક્ત બની ભક્ત બને અથવા ભક્ત બની મુક્ત બને, ખરેખરો પ્રેમી ન તો ભોગ ઈચ્છે છે અને ન મોક્ષ. — માનવકી માંગ
9. ભક્તની દૃષ્ટિમાં ભગવાન સિવાય બીજા કોઈની સત્તા નથી. તે વિચારે છે કે આજે અમારી ઈચ્છા પ્રમાણે થયું નથી તો આનો અર્થ છે કે તે ભગવાનની ઈચ્છા પ્રમાણે થયું છે. — સંત-સમાગમ 2
10. જેને ભગવાનના બનીને રહેવું છે, તેના માટે ભક્ત બનવું અનિવાર્ય છે. એ નિયમ છે કે જે જેનો ભક્ત બની જાય છે, તેને તેના વિના કળ નથી પડતી. તેનામાં સ્વાભાવિક વ્યાકુળતા પેદા થઈ જાય છે. — સંત-સમાગમ 2
11. ભક્ત તથા જિજ્ઞાસુ વર્ણાશ્રમમાં હોવા છતાં પણ ખરેખર તો વર્ણાશ્રમથી અતીત જ હોય છે. — પાથેય
12. જ્યારે પ્રાણી સંસારથી વિભક્ત થઈ જાય છે, ત્યારે તે પોતાની મેળે ભક્ત બની જાય છે. — સંત-સમાગમ 2
13. ભક્તના હૃદયમાં જેવી રુચિ વિદ્યમાન છે, તેને અનુરૂપ ભગવાનનું પ્રાગટ્ય આપોઆપ થશે. ભક્તનો પરમ ધર્મ માત્ર એ જ છે કે તે સદ્‌ભાવપૂર્વક તેમનો બની જાય. — સંત-સમાગમ 2
14. પોતાપણાનું બળ બધાં જ બળોથી શ્રેષ્ઠ છે. પોતાપણું (આત્મીયતા) થઈ જવાથી કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. આત્મીયતા થઈ જવી જ ભક્તિની દૃષ્ટિથી પરમ પુરુષાર્થ છે. — સંત-સમાગમ 2
15. સાચો ભક્ત તે જ છે, જે માત્ર પોતાના પ્રેમાસ્પદના સિવાય બીજા કોઈની તરફ જોતો નથી; કારણ કે ભક્તની દૃષ્ટિમાં સૃષ્ટિ છે નહિ, અર્થાત્ ભક્તના હૃદયમાંથી સંસારના બધા જ સંબંધ છૂટી જાય છે. — સંત-સમાગમ 2
16. જે સાધક સાંભળેલ પ્રભુને અર્થાત્ જેને ઇન્દ્રિય-દૃષ્ટિથી, બુદ્ધિ-દૃષ્ટિથી જોયા નથી, ફક્ત અવિચળ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસના આધાર પર પોતાના માની લીધા છે, તેમનામાં જે આત્મીયતા સ્વીકાર કરી લીધી છે, એ માની લીધું છે કે તેઓ આપણા છે, આનું નામ 'ભક્તિ' છે. — સંતવાણી 5

17. જેને લોકો મુક્તિ કહે છે, તે ભક્તિનું સહયોગી સાધન છે.
— સંતવાણી 5

18. ભક્તનો અર્થ એ નથી કે ભક્તે ભગવાન પાસેથી કંઈ લેવાનું છે. જેને ભગવાન પાસેથી કંઈ લેવાનું છે, તે તો ભક્ત છે જ નહિ.
— સંતવાણી 5

19. પ્રભુને પોતાના તે માને છે, જેને ભોગ અને મોક્ષની કામના નથી.
— સંતવાણી 5

20. ભક્ત બનવાથી ભક્તિ આવશે; કેમ કે અહંતાને અનુરૂપ પ્રવૃત્તિ થાય છે.
— સંત-સમાગમ 2

21. ભક્તના જીવનમાં ભય તથા ચિંતાના માટે કોઈ સ્થાન નથી.
— સંત-સમાગમ 2

* * *

**પ્રાકૃતિક નિયમ મુજબ આવશ્યક વસ્તુઓની પ્રાપ્તિ મળેલી વસ્તુઓના સદુપયોગમાં રહેલી છે. આ દૃષ્ટિએ કર્તવ્યપરાયણતામાં જ દરિદ્રતાનો નાશ છે. મળેલ વસ્તુઓને વ્યક્તિગત માની લેવી એટલે પોતે વસ્તુઓની ગુલામી એટલે કે લોભમાં બંધાવું છે. લોભની ઉત્પત્તિ થતાં જ દરિદ્રતા આપમેળે આવી જાય છે. પણ આ રહસ્યને પેલા જ વિજ્ઞાનવેત્તાઓ જાણે છે, જેમણે આ વિધાનની ખોજ કરી છે, જેનાથી વસ્તુઓ મળે છે. તેથી એ નિર્વિવાદ સિદ્ધ છે કે નિર્લોભતાના વિના આર્થિક સ્વતંત્રતા શક્ય નથી.**

# ભય

1. પ્રાકૃતિક નિયમ મુજબ ભયભીત તેને જ થવું પડે છે, જે પોતે નિર્બળોને ભયભીત કરે છે. — સંત-ઉદ્બોધન
2. ભયભીત પ્રાણી જ બીજાઓને ભયભીત કરે છે. જે અભય થઈ જાય છે, તે કોઈને ભયભીત કરતો નથી. — સફલતાકી કુંજી
3. અનાદરનો ભય જીવનમાં ત્યાં સુધી જ ચાલુ રહે છે, જ્યાં સુધી આપણે પોતાની દૃષ્ટિમાં આદરને યોગ્ય નથી બનતા. — માનવકી માંગ
4. ભય તથા ચિંતામાં ઘેરાયેલ પ્રાણીનો વિકાસ થતો નથી, એ પ્રાકૃતિક વિધાન છે. — મૂકસત્સંગ
5. ચિંતિત તથા ભયભીત થવાથી સાધકને ઘણું મોટું નુકસાન થાય છે, કારણ કે ચિંતા અને ભયથી પ્રાપ્ત સામર્થ્યનો હ્રાસ થાય છે. — પાથેય
6. માનવ સ્વભાવથી જ નિર્ભય બનવાની આવશ્યકતાનો અનુભવ કરે છે, પરંતુ પરાધીનતાને પસંદ કરવાથી નિર્ભય બનવા પામતો નથી. — સફલતાકી કુંજી
7. કોઈ ભયથી દોષનો ઉપર-ઉપરથી ત્યાગ ભલેને થઈ જાય પરન્તુ દોષ-જનિત સુખના રાગનો નાશ થતો નથી. તેનું પરિણામ એ થાય છે કે કોઈને ડરાવીને નિર્દોષ બનાવી શકાતો નથી. કારણ કે ભય પોતે જ એક મોટો દોષ છે. — દર્શન ઔર નીતિ
8. આ પ્રાકૃતિક નિયમ છે કે જે કોઈને પણ ભયભીત કરે છે કે દબાવે છે, તેને પોતાને પણ ભયભીત થવું પડે છે અને તેની વિરોધી શક્તિ તેને અવશ્ય દબાવે છે. — ચિત્તશુદ્ધિ
9. પ્રલોભન રહેતાં ભયરહિત થવું અશક્ય છે; કારણ કે પ્રલોભન તે પરિસ્થિતિ સાથે સંબંધ જોડી દે છે, જેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. — ચિત્તશુદ્ધિ
10. સુખની આશામાં દુઃખનો ભય રહેલો છે. — ચિત્તશુદ્ધિ

11. જ્યારે વ્યક્તિ એ સ્વીકારી લે છે કે જે કંઈ બની રહ્યું છે, તે મંગળમય વિધાનથી બની રહ્યું છે, ત્યારે દરેક પરિસ્થિતિમાં તે નિશ્ચિંત તથા નિર્ભય રહે છે. — ચિત્તશુદ્ધિ
12. સંસારનો ભય ત્યાં સુધી જીવિત રહે છે, જ્યાં સુધી પોતાની જરૂરિયાત માટે સંસારની આવશ્યકતા છે. — સંત-સમાગમ 2
13. જે પોતાનાથી નિર્બળને ભયભીત નથી કરતો, તેને પોતાનાથી સબળનો ભય કદી થતો નથી; કારણ કે પ્રાકૃતિક વિધાન મુજબ વ્યક્તિ જે આપે છે, તે જ મેળવે છે. — સંત-સમાગમ 2
14. સંયોગનો રસ વિયોગનો ભય પેદા કરે છે. — સંત-સમાગમ 2
15. દુઃખ ડરવાથી બમણું અને ન ડરવાથી અડધું રહી જાય છે. — સંત-સમાગમ 2
16. દેહાભિમાનમાં જ તમામ ભય રહેલા છે. — સાધન-તત્ત્વ
17. મમતા છોડવાથી ભયનો અને કામના છોડવાથી દરિદ્રતાનો નાશ થઈ જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
18. ભય તો તેને થાય છે, જે શરીર અને સંસાર પર વિશ્વાસ કરે છે, તેમ જ જેની પાસે કંઈક હોય છે. જેની પાસે પોતાનું કંઈ પણ નથી હોતું, જે સર્વસ્વ ભગવાનને સોંપી ચૂક્યો છે, તેને ભય શા માટે થશે ? — સંત-સૌરભ
19. જે એ અનુભવ કરે છે કે સંસારમાં મારું કંઈક છે, તે કદી પણ નિર્ભય થશે નહિ; તેને તો ભય લાગ્યા જ કરશે. જેણે એ સ્વીકારી લીધું છે કે પ્રભુ મારામાં છે, મારા છે, હમણાં છે, તેને ભય થશે નહિ. જેની પાસે કંઈ પણ નથી, તેને પણ ભય થશે નહિ; કેમ કે તેની પાસે કંઈ પણ નથી અને તેને કંઈ જોઈતું પણ નથી. જેને કંઈ જોઈએ નહિ, તેને ભય ક્યાંથી થશે ? — સંતવાણી 7
20. અન્યાયકર્તા ગમે તેટલોય સબળ હોય, તેનાથી ભયભીત થશો નહિ. તેના પ્રસ્તાવનો સ્વીકાર કરશો નહિ. ત્યાં સુધી કે પ્રસન્નતા અને ધીરજપૂર્વક પોતાના પ્રાણો સુધીની આહુતિ આપીને અન્યાયની અસ્વીકૃતિનો પરિચય આપી ન દો. — દર્શન ઔર નીતિ
21. જ્યારે જીવનમાં સુખનું પ્રલોભન રહેતું નથી, ત્યારે દુઃખનો ભય પણ રહેતો નથી. — સંતવાણી 6

# ભોજન

1. કેટલાક મહાનુભાવ જેમના દ્વારા ભોજન બનાવડાવે છે, તેમને (નોકર વગેરેને) પોતાના જેવું ભોજન ખવડાવી શકતા નથી. ભોજન બનાવનારના મનમાં ભોજન કરવાનો રસ ઘણું કરીને રહેતો હોય છે; પરંતુ તેને મળતું નથી. તેથી તે ભોજનમાં માનસિક દોષ આવી જાય છે. આવું ભોજન કરવાથી માનસિક અવનતિ થાય છે. નોકર દ્વારા ભોજન તેણે બનાવડાવવું જોઈએ, જે પોતાના જેવું તેને ખવડાવી શકે, નહિ તો પોતાના ઘરના જ લોકો દ્વારા બનાવડાવવું જોઈએ, જેથી ભોજનમાં માનસિક અપવિત્રતા આવવા ન પામે. ભોજન બનાવવાને માટે તે જ યોગ્ય હોય છે, જેનું હૃદય માતાના જેવું વિશાળ હોય. — સંત-સમાગમ 1
2. જે ભોજનનો સંયમ નથી કરી શકતો, તે વીર્ય-રક્ષા નથી કરી શકતો. — સંત-સમાગમ 1
3. બ્રહ્મચર્ય પાળવા માટે અસ્વાદ-વ્રત પરમ અનિવાર્ય છે. જીભ પર વિજય મેળવવાથી વીર્ય-રક્ષામાં મદદ મળે છે. વાસ્તવમાં બધી ઈન્દ્રિયોનું બ્રહ્મચર્ય જ ‘બ્રહ્મચર્ય’ છે. બિનજરૂરી ચેષ્ટાઓનો નિરોધ કરવાથી બ્રહ્મચર્યનું વ્રત સ્વાભાવિક બની જાય છે.

— સંત પત્રાવલી 1
4. રુચિકર અને સુખકર ભોજનમાં માત્ર એટલો જ ફેર છે કે રુચિ છ રસોમાંથી કોઈ રસ-વિશેષની હોય છે અને સુખકર ભોજનમાં વસ્તુ-વિશેષનો આગ્રહ હોય છે. રુચિકર આહાર શરીરની માગ છે અને સુખકર આહાર સ્વાદની આસક્તિ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
5. ભોજન ખરેખર તો યજ્ઞ છે, ઉપભોગ નથી.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

6. ભોજન તેવા લોકોનું જ બનાવેલું સ્વાસ્થ્યકર હોય છે, જેમની કર્મ, વિચાર તથા સ્નેહમાં એકતા હોય.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

7. ભોજનની ઉત્પત્તિ તથા તેને પચાવવાનો સંબંધ સૂર્ય સાથે છે. આ જ કારણે દિવસના બીજા પ્રહરની અંદર તથા રાત્રિના પ્રથમ પ્રહરમાં ભોજન કરવું હિતકર હોય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

8. ખાદ્ય પદાર્થોમાં થોડી વસ્તુઓ એવી હોઈ શકે છે, જે સ્થૂળશરીરને માટે તો ઉપયોગી હોય, પરંતુ સૂક્ષ્મશરીરને માટે તો હાનિકારક હોય ........... તેથી ખોરાકનો સંબંધ માત્ર શરીરનાં અંગોને હૃષ્ટ-પુષ્ટ કરવા પૂરતો જ નથી, પરંતુ ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેને પણ સ્વસ્થ રાખવાનો છે. તે ત્યારે જ શક્ય બનશે, જ્યારે પેલા ખોરાકનો કે જે સૂક્ષ્મશરીર માટે હિતકર નથી, ત્યાગ કરી દેવામાં આવે. ક્ષોભ, અસહનશીલતા વગેરે દોષોનો સંબંધ સૂક્ષ્મશરીરના અસ્વસ્થ થવા સાથે જ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

❊ ❊ ❊

**પોતાનાથી વસ્તુઓને વધારે મહત્ત્વ આપવું દરિદ્રતાનું આહ્વાન કરવું છે. સ્વયં-પ્રકાશ જીવન પર-પ્રકાશ્ય વસ્તુઓને આધીન થઈ જાય. આનાથી વધીને અસાવધાની બીજી કંઈ નથી. વસ્તુઓની ગુલામીએ જ જરૂરી વસ્તુઓના અભાવને જન્મ દીધો છે. તેથી વસ્તુઓની ગુલામીના નાશમાં જ જરૂરી વસ્તુઓની પ્રાપ્તિ રહેલી છે. પરંતુ આ રહસ્ય પેલા તત્ત્વવેત્તાઓ જ જાણે છે, જેમણે વસ્તુઓથી અતીત જીવનમાં પ્રવેશ મેળવ્યો છે.**

# મન

1. જગતમાં જે પ્રભુનાં દર્શન નથી કરી શકતો, તેનું મન સંસારથી કદી હઠી શકતું નથી. — સંતવાણી 7
2. જ્યાં સુધી આપણે જગતમાં પ્રભુનાં દર્શન નથી કરી શકતા અથવા એમ કહો કે દરેક વસ્તુમાં પ્રભુનું દર્શન નથી કરી શકતા, ત્યાં સુધી સદાને માટે મન ભગવાનમાં પરોવાઈ જાય એવું કદી પણ શક્ય નથી. — સંતવાણી 7
3. મનમાં કોઈ ખરાબી હોતી જ નથી. પોતાની ખરાબી ઠીક કરો, મન ઠીક થઈ જશે. — સંત-ઉદ્‌બોધન
4. પોતાને દેહ માનીને કદી પણ કોઈનું મન સંસારથી અલગ નથી થઈ શકતું નથી. — સંત-ઉદ્‌બોધન
5. એ તો આપણામાં સુખ-ભોગની જે રુચિ છે, તેનું નામ 'મન' રાખી દીધું છે. — સંત-ઉદ્‌બોધન
6. જે વસ્તુ આપણને રુચિકર થશે, જેને આપણે પસંદ કરીશું, ચાહીશું, મન તેનું ચિંતન કરશે. એટલે કે જ્યાં આપણી આવશ્યકતા હશે, મન ત્યાં જ જશે. — સંત-ઉદ્‌બોધન
7. મન કર્તા નથી, કરણ છે. 'ગુણ-દોષ જે થાય છે, તે બધા કર્તામાં થાય છે, કરણ તો માત્ર તેમને દેખાડી દે છે. ....... મન પણ એક દર્પણ અથવા થર્મોમિટર જેવું છે. તે તો આપણી અસલિયતને બતાવે છે. — સંત-ઉદ્‌બોધન
8. જો મનને ભગવાનમાં પરોવવા ચાહો છો, તો ભગવાનના બનીને રહો. ભગવાન સિવાય બીજું કંઈ પણ પસંદ ન કરો, બીજું કંઈ પણ ન ચાહો. જુઓ, પછી મન ભગવાનમાં લાગે છે કે નહિ. — સંત-ઉદ્‌બોધન
9. જો આપણે સર્વ કંઈને નાપસંદ કરીને માત્ર ભગવાનને જ પસંદ કરી લઈએ, બીજું કંઈ ન ચાહીને ભગવાનને જ ચાહવા લાગી

જઈએ, તો પછી આપણું મન ભગવાનમાં લાગી જશે, હઠાવવાથી પણ હઠશે નહિ. — સંત-ઉદ્‌બોધન

10. જો વિવેકપૂર્વક પોતાને દેહ ન સ્વીકારવામાં આવે તો મન સ્વભાવથી જ ચિંતનરહિત બની પેલા ચેતનમાં વિલીન થઈ જાય છે, જેની સાથે આપણી જાતીય તથા સ્વરૂપની એકતા છે. — સંત-ઉદ્‌બોધન
11. પ્રેમી અને તત્ત્વજ્ઞ બન્નેય અમના (મનથી પર) થઈ જાય છે; કારણ, તેમની પાસે પોતાનું મન રહેતું નથી. — માનવકી માંગ
12. જ્યાં સુધી લેશમાત્ર પણ સંસાર સુખરૂપ, સત્યરૂપ અને સુંદર લાગે છે, ત્યાં સુધી સમજવું જોઈએ કે હજુ આ અભાગી મનમાં સત્યની શોધ નથી થઈ. — સંત પત્રાવલી 1
13. જ્યાં સુધી કોઈ પણ પોતાનાથી તુચ્છ માલૂમ પડે, ત્યાં સુધી સમજવું જોઈએ કે મન શુદ્ધ થયું નથી. મન શુદ્ધ થવાથી ગુણહીન પુરુષ તરફ પણ આદરભાવ થાય છે, જે રીતે સૂર્ય મળ-મૂત્રને પણ પ્રકાશ આપે છે. — સંત પત્રાવલી 1
14. હવે તારું મન તારું નથી. તેથી તેની તરફ કદી જોઈશ નહિ. તેની પાછળ દોડીશ નહિ અને તેને દબાવીશ નહિ કે તેના સંકલ્પોને જોઈશ નહિ. જ્યારે તું તેની તરફ જોઈશ નહિ, ત્યારે તે વિવશ બની પોતે તારા વાહાલની પ્રીતિ બની જશે, જે વાસ્તવમાં તારી વાસ્તવિક સત્તા છે— પ્રીતિ. — પાથેય
15. કાર્યની અધિકતાથી સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે, પરંતુ માનસિક સ્થિતિમાં કોઈ વિકૃતિ થવી ન જોઈએ. માનસિક વિકૃતિનું મૂળ કારણ પરાધીનતા છે, એટલે કે જેની પ્રસન્નતા કોઈ બીજા પર આધારિત હોય છે, તેના મનની સ્થિતિમાં ક્ષોભ પેદા થઈ જાય છે, જેથી માનસિક સંતુલન રહેતું નથી અને પછી મસ્તિષ્કમાં અનેક ખ્યાલ ઉઠતા રહે છે. — પાથેય
16. જ્યાં સુધી આપણે પોતાના મનને પોતાની પાસે જ રાખીએ છીએ, ત્યાં સુધી રાગ તથા ક્રોધ વગેરે દોષોથી બચી શકતા નથી. કારણ કે જેમના દ્વારા આપણા મનની વાત સંતોષાશે, તેમની સાથે રાગ થઈ જશે અને જે મનની વાત પૂરી કરવામાં બાધક બનશે, તેમના પર ક્રોધ આવી જશે. — જીવન-દર્શન

17. જ્યાં સુધી આપણે માત્ર પોતાના જ મનની વાત પૂરી કરતા રહીશું, ત્યાં સુધી કર્તવ્યનિષ્ઠ નહિ બની શકીએ. — જીવન-દર્શન
18. ચિત્તની ચંચળતા તથા મલિનતાનો બોધ ચિત્તની એકાગ્રતા તથા નિર્મળતાનું સાધન છે; કેમ કે જે જ્ઞાનથી ચિત્તના વિકારોનો બોધ થાય છે, એ જ જ્ઞાનમાં ચિત્તને નિર્વિકાર બનાવવાનું સામર્થ્ય વિદ્યમાન છે; કેમ કે તે જ્ઞાન જેણે આપ્યું છે, તે સર્વસમર્થ છે. —ચિત્તશુદ્ધિ
19. ચિત્તમાં અશુદ્ધિ સામર્થ્યના દુરુપયોગથી આવે છે અને શુદ્ધિ સ્વાભાવિક છે. — ચિત્તશુદ્ધિ
20. ચિત્ત સ્વરૂપથી અશુદ્ધ નથી, પરંતુ વ્યક્તિ પોતાની બનાવેલી અશુદ્ધિને ચિત્તની અશુદ્ધિ માની લે છે અને પછી ચિત્ત વ્યક્તિને આધીન નથી રહેતું. એ સ્થિતિમાં વ્યક્તિ ચિત્તની નિંદા કરવા લાગે છે અને એ વાતને ભૂલી જાય છે કે મારો જ દોષ ચિત્તમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે. — ચિત્તશુદ્ધિ
21. ચિત્ત સ્વરૂપથી અશુદ્ધ નથી, કારણ કે ચિત્ત સ્વયં કર્તા નથી. — ચિત્તશુદ્ધિ
22. જ્યાં સુધી મનુષ્યને ચિત્ત જેવી કોઈ વસ્તુ ભાસિત થાય છે, ત્યાં સુધી ચિત્તમાં કોઈ ને કોઈ અશુદ્ધિ છે. જ્યારે ચિત્ત સર્વાંશમાં શુદ્ધ થઈ જાય છે, ત્યારે તેનો ભાસ નથી થતો. — ચિત્તશુદ્ધિ
23. સાધક અસાવધાનીને કારણે જાતે તો માનેલા સંબંધનો ત્યાગ કરતો નથી અને જે અનંત સાથે નિત્ય સંબંધ છે, તેને સ્વીકાર કરતો નથી અને પોતાનું ચિત્ત ક્યાંય ન ભટકે એવી આશા રાખે છે કે તે એકમાં જ લાગેલું રહે ! ભલા આમાં ચિત્તનો શું દોષ છે ?— ચિત્તશુદ્ધિ
24. કર્મેન્દ્રિય ક્રિયાશક્તિનો ભાગ છે અને જ્ઞાનેન્દ્રિય ઇચ્છાશક્તિનો ભાગ છે. મનમાં આ બન્ને ભાગ એકઠા રહે છે. ક્રિયાશક્તિ પ્રાણનો ભાગ છે અને ઇચ્છાશક્તિ જ્ઞાનનો ભાગ છે. મન ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિનો સમૂહ છે. આ જ કારણે પ્રાણના નિરોધથી મનમાં સ્થિરતા અને મનના નિરોધથી પ્રાણનો નિરોધ થઈ જાય છે. પ્રાણ અને મનમાં ઘણી જ ઘનિષ્ઠ એકતા છે. બુદ્ધિ માત્ર જ્ઞાનનું પ્રતીક છે, આ જ કારણે બુદ્ધિનો નિર્ણય મનને માન્ય હોય છે. — ચિત્તશુદ્ધિ

25. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો બન્ને મનમાં એક થઈ જાય છે. એટલા માટે મનમાં ક્રિયા અને જ્ઞાન બન્નેય માલૂમ પડે છે મનમાં જે જ્ઞાનશક્તિ છે, તે બુદ્ધિનું અંગ છે અને જે ક્રિયાશક્તિ છે, તે પ્રાણનું અંગ છે. — સંત-સમાગમ 1
26. જેમની સાથે દ્વેષ છે, તેમને પ્રેમ કરો. જેમની સાથે રાગ છે, તેમનો ત્યાગ કરો. આમ કરવાથી મન શાંત થઈ જશે. — સંત-સમાગમ 1
27. ભાવ તથા વિચારની પ્રબળતાથી મનનો નિરોધ સહેલાઈપૂર્વક થાય છે. પ્રાણાયામ વગેરેની આવશ્યકતા ભાવની કમી થવાથી રહે છે. — સંત-સમાગમ 1
28. જપથી મનનો નિરોધ થતો નથી, બલકે મનની સફાઈ થાય છે. — સંત-સમાગમ 1
29. ક્રિયાજન્ય નિરોધ કોઈ પ્રકારની શક્તિ જરૂર આપે છે પણ શાંતિ આપવામાં અસમર્થ છે. અસંગતાપૂર્વક સ્વાભાવિક નિરોધ શક્તિ તથા શાંતિ બન્નેને માટે સમર્થ છે. — સંત-સમાગમ 1
30. હઠયોગ તથા રાજયોગમાં માત્ર એ જ ફેર છે કે હઠયોગ પ્રથમ પ્રાણનો નિરોધ કરવાનો પ્રયત્ન કરે છે, તથા રાજયોગ પ્રથમ મનનો. મનના નિરોધથી પ્રાણનો નિરોધ આપોઆપ થઈ જાય છે અને પ્રાણના નિરોધથી મન દબાઈ જાય છે. ...... મનનો નિરોધ થવાથી છુપાયેલી શક્તિઓનો વિકાસ થવા લાગે છે. —સંત-સમાગમ 2
31. જ્યાં સુધી પ્રાણી પોતાની પ્રસન્નતાને માટે પોતાનાથી ભિન્નની ખોજ કરે છે, ત્યાં સુધી મનમાં સ્થાયી સ્થિરતા આવતી નથી. — સંત-સમાગમ 2
32. એકલું મન હકીકતમાં કદી હોતું નથી; કેમ કે મનનો જન્મ જ ત્યારે થાય છે, જ્યારે કોઈ ને કોઈ જાતની વાસના ઉત્પન્ન થઈ જાય છે. — સંત-સમાગમ 2
33. મનમાં નિર્મળતા આવી જવાથી સ્થિરતા આવી જાય છે. — સંત-સમાગમ 2
34. મન દર્પણની જેમ પોતાની દશાનું યથાર્થ જ્ઞાન કરાવે છે. તેથી તેને બૂરું સમજવું કે તેની નિંદા કરવી યોગ્ય નથી. — સંતવાણી (પ્રશ્નોત્તર)
35. સંસારથી હઠાવી લેવાથી ભગવાનમાં મન પોતાની મેળે લાગી જશે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

36. મનુષ્ય જાતે અલગ રહીને પોતાનાં મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોને ભગવાનમાં પરોવવા ચાહે છે, ભૂલ અહીંથી જ થાય છે.
— સંતવાણી (પ્રશ્નોત્તર)

37. ભગવાનમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક આત્મીયતા કરવાથી તેમનામાં પ્રીતિ થશે, ત્યારે પ્રભુની સ્મૃતિ જાગશે અને સહજ જ પ્રભુમાં મન લાગી જશે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

38. જ્યાં સુધી આપણે સંસારની મમતા, આસક્તિ અને કામનાઓનો ત્યાગ કરીશું નહિ, ત્યાં સુધી સંસાર આપણી છાતી પર ચઢેલો જ રહેશે. આપણે ભગવાનનું ચિન્તન કરવા પ્રયત્ન કરીશું પણ થશે સંસારનું. હાથમાં માળા તેમજ મુખથી નામ લેતાં રહેવા છતાં પણ મન સંસારમાં ભટકતું રહેશે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

39. મનને જ્યાં પરોવવા ચાહો છો, તેને પસંદ કરી લઈએ અને જ્યાંથી હઠાવવા ચાહીએ છીએ, તેને નાપસંદ કરી દઈએ. મનની ચંચળતાનો ભાસ ત્યારે જ થાય છે, જ્યારે આપણે પસંદ તો સંસારને કરીએ છીએ અને મન ભગવાનમાં લગાડવા ચાહીએ છીએ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

40. સ્વપ્નમાં મનનું જેવું સ્વરૂપ છે, તેવું સામે આવી જાય છે.
— સંત-સૌરભ

41. સંસારના સંબંધની જે અસર છે, સાચું પૂછો તો તેનું જ નામ મન છે. મન કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. — સંતવાણી

42. ખરેખર તો ભલાઈ અને બૂરાઈ કર્તામાં હોય છે, કરણમાં નથી હોતી. જ્યારે કરણમાં નથી હોતી, ત્યારે મન કર્તા છે જ નહિ, તે તો કરણ છે. જ્યારે મન કર્તા છે જ નહિ, ત્યારે અમે અને તમે કયા ન્યાયથી, કઈ ઈમાનદારીથી પોતાના મનને ભલું અને બૂરું કહીએ છીએ ? આપણે ભલા હોઈએ તો મન ભલું છે, આપણે બૂરા હોઈએ તો મન બૂરું થાય છે. — સંતવાણી

43. જો પરમાત્માને તમે પોતાના માની લો, તેમની સાથે સંબંધ જોડી દો તો તમારું મન આપમેળે પરમાત્મામાં લાગી જશે.
— સંત-જીવન-દર્પણ

44. શ્રીકૃષ્ણમાં આ જ તો ચમત્કાર છે કે તેઓ બધાનાં મનને જાતે ખેંચે છે, એ નથી કે મનને લગાડવું પડે. તેઓ પોતે જાતે ખેંચી લે છે, પરંતુ ક્યારે ? જ્યારે તેમને કોઈ પોતાના માની લે છે ત્યારે.— સંતવાણી 3

❊ ❊ ❊

# મમતા

1. મમતાનો નાશ થવાથી સમતાની અભિવ્યક્તિ આપમેળે થાય છે.
— જીવન-પથ
2. સેવા કરવી અને પોતાનું કંઈ ન માનવું— આનાથી મમતા નાશ થઈ જાય છે. — સાધન-ત્રિવેણી
3. જે વસ્તુને આપણે પોતાની માની લઈએ છીએ, તે દૂર હોય કે નજીક, તેની સાથે સંયોગ સિદ્ધ થઈ જાય છે. — માનવકી માંગ
4. કોઈને પોતાના ન માનવા અથવા બધાને પોતાના માનવા એક જ વાત છે. આ જ કારણે વિચારશીલ વ્યક્તિ સુખભોગ પ્રાપ્ત કરવા માટે કોઈને પોતાના નથી માનતા અને સેવા કરવાને માટે બધાયને પોતના માને છે. — માનવકી માંગ
5. શરીર સૃષ્ટિરૂપી સાગરના એક ટીપાના બરાબર છે. જ્યારે સાગર વ્યક્તિગત નથી તો ભલા તેનું ટીપું આપણું કેવી રીતે હોઈ શકે છે ? તેથી શરીર પર મમતા રાખવી પણ ભૂલ જ છે.— માનવ-દર્શન
6. અસતની મમતા જેવી બીજી કોઈ જડતા નથી અને સતની જિજ્ઞાસાના બરાબર બીજી કોઈ સજગતા નથી. — માનવ-દર્શન
7. જે ક્યારેક છે, ક્યારેક નથી, તેનો સદુપયોગ કરી શકીએ છીએ, તેની સેવા કરી શકીએ છીએ; પરંતુ તેને પોતાનું માની શકતા નથી. — માનવ-દર્શન
8. મળેલ વસ્તુઓમાં મમતા કરવી અને દાતાને પોતાનો ન માનવો, એ ક્યાં સુધી ન્યાયયુક્ત છે ? — માનવ-દર્શન
9. મમતા મળેલા જ્ઞાનના અનાદરથી ઉત્પન્ન થાય છે, પ્રાકૃતિક દોષ નથી. — સાધન-નીધિ
10. મમતા તો સાધકને સેવાથી વિમુખ જ કરે છે. શરીરની મમતા પરિવારના હિતથી, પરિવારની મમતા સમાજના હિતથી, સમાજની મમતા દેશના હિતથી અને દેશની મમતા વિદેશના હિતથી વિમુખ કરી દે છે. — સાધન-નિધિ

11. મમતા જેનામાં ઉત્પન્ન થાય છે અને જેના માટે થાય છે તે બન્નેયના માટે અહિતકર છે. — સાધન-નિધિ
12. આ પ્રાકૃતિક નિયમ છે કે જે આપણી નથી, તે આપણા માટે પણ નથી. આપણું જ આપણા માટે હોય છે. — સાધન-નિધિ
13. મારું કંઈ નથી, મારે કંઈ નહિ જોઈએ. આ નિર્ણય માનવે પોતાના જ દ્વારા કરવાનો છે. — મૂક સત્સંગ
14. પ્રાપ્ત વસ્તુ વગેરેની મમતા જ અપ્રાપ્તની કામનાને પેદા કરે છે અને કામનાયુક્ત માનવ જ અહંકૃતિમાં આબદ્ધ થાય છે. — મૂક સત્સંગ
15. સર્વાંશમાં મમતાનો નાશ પૂરેપૂરો થતાં કામનાનો નાશ અને કામનાઓના નાશમાં જ તાદાત્મ્યનો નાશ રહેલો છે. — મૂક સત્સંગ
16. કોઈ પણ વસ્તુને બગાડવાનો તથા તેને પોતાની સમજવાનો કોઈને બિલકુલ પણ અધિકાર નથી. — સંત પત્રાવલી 1
17. જ્યારે તું પોતાનામાં પોતાનું કંઈ નહિ પામશે, ત્યારે સર્વ કંઈ આપમેળે થઈ જશે. — પાથેય
18. જે વસ્તુથી પોતાની મમતા હઠી જાય છે, તે વસ્તુ આપોઆપ પ્રેમાસ્પદની સેવાને લાયક બની જાય છે; કેમ કે બધી જ નિર્બળતાઓ તથા અપવિત્રતાઓ મમતાની મલિનતાથી પેદા થાય છે. — પાથેય
19. શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે સમષ્ટિ શક્તિઓ છે. તેમનામાં મમતા કરી લેવી એ જ તેમને દૂષિત કરવી છે, અને આવી મમતાથી રહિત થઈ જવું એ જ તેમને શુદ્ધ કરવાનો સહેલો, સહજ અને છેવટનો ઉપાય છે. — સંત પત્રાવલી 2
20. શાંત તથા મૌન બનીને એકાંતમાં પોતાના જ દ્વારા પોતે નિજ જ્ઞાનના પ્રકાશમાં અનુભવ કરો કે કોઈ પણ કાળમાં મારું કંઈ નથી. મમતાનો સંપૂર્ણ નાશ થતાં જ નિષ્કામ તથા અસંગ થવાનું સામર્થ્ય આપમેળે આવી જાય છે. — સંત પત્રાવલી 2
21. 'મારું કંઈ નથી'— આ જ્ઞાન 'પર' અને 'સ્વ'માં વિભાજન કરી દે છે, આવું થતાં જ ચિન્મય અવિનાશી જીવનથી આપમેળે એકતા થાય છે. — સંત પત્રાવલી 2

22. જે વસ્તુ પ્રત્યે પોતાની મમતા રહે છે, તેમાં અનેક દોષ આવી જાય છે. મમતા કરવા યોગ્ય તો કેવળ પરમાત્મા જ છે.— પાથેય
23. પ્રાણી પોતાને દેહ માનીને જ કોઈ શરીર તરફ મમતા કરી બેસે છે, જે ખરેખર તો પ્રમાદ છે, અનંતમાં (પરમાત્મામાં) દેહ અને દેહીનું વિભાજન નથી. જેમાં દેહ-દેહીનું વિભાજન નથી, તેમાં મમતા કરવાની છે અર્થાત્ તેને પોતાના માનવાના છે અને સર્વદા તેની પ્રીતિ બનીને રહેવાનું છે. — પાથેય
24. જેમની સાથે આપણી મમતા થાય છે, શું તેમનો વિકાસ થઈ શકે છે ? કદાપિ નહિ. — જીવન-દર્શન
25. મમતા-રહિત ઉદારતા જ ત્યાગને પોષે છે. પરંતુ મમતાયુક્ત ઉદારતા દેનારમાં અભિમાન અને લેનારમાં લોભ તથા અધિકાર-લાલસાને જન્મ આપે છે. — પાથેય
26. મમતાના નાશ માટે જ 'સેવા' કરવામાં આવે છે, અને 'અહં' તથા 'મમ'નો અંત કરવાને માટે જ 'ત્યાગ' અપનાવવામાં આવે છે. — પાથેય
27. મમતા કરવામાત્રથી જ શરીરનું કોઈ હિત નથી થતું અને મમતાના ત્યાગથી કોઈ અહિત નથી થતું. એટલું જ નહિ, મમતા કોઈ વસ્તુને સુરક્ષિત પણ રાખી શકતી નથી. — જીવન-દર્શન
28. જો આપણે 'શરીર'ને પોતાનું ન માન્યું હોત તો કદી કામની ઉત્પત્તિ ના થાત; 'મન'ને પોતાનું ન માન્યું હોત તો કદી અશુદ્ધ સંકલ્પ પેદા ન થાત અને 'બુદ્ધિ'ને પોતાની ન માની હોત તો કદી વિવેકનો અનાદર ન થાત. — જીવન-દર્શન
29. જ્યાં સુધી આપણે કોઈની સાથે મમતા નથી કરતા, ત્યાં સુધી કામનાઓનો જન્મ જ નથી થતો. દેહને પોતાનો માનવાથી જ કામનાઓ પેદા થાય છે. — જીવન-દર્શન
30. જેમનાથી મમતા છે, તેમના અધિકારની રક્ષા કરવાથી જ તેમના પ્રતિ રાગની નિવૃત્તિ થઈ શકે છે અને પોતાના અધિકારના ત્યાગથી જ તેમનાથી અસંગતા થઈ શકે છે. — જીવન-દર્શન
31. એ નિયમ છે કે જેનાથી પોતાની મમતા ન હોય અને જેનો ઉપયોગ બધાયના હિતમાં હોય, તેને બધા જ પોતાનો માની લે

છે. તેથી જ્યારે આપણી દેહમાં મમતા નહિ રહેશે અને દેહનો ઉપયોગ બધાયના હિતમાં થશે, ત્યારે બધા જ તે દેહને પોતાના દેહની જેમ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરશે. તે સમયે લેવાનું પણ દેવાનું બની જશે. દેહ વગેરે વસ્તુઓથી મમતા કરીને દેવું પણ લેવું થઈ જાય છે. — જીવન-દર્શન

32. વસ્તુઓની મમતા આપણને સંગ્રહી બનાવે છે અને સમાજમાં દરિદ્રતા ઉત્પન્ન કરે છે, જે બળવાનું કારણ છે. વ્યક્તિઓની મમતા આપણને મોહી બનાવીને આસક્ત કરી દે છે અને જેમની સાથે મમતા કરવામાં આવે છે, તેમનામાં અધિકાર-લાલસા જાગ્રત કરે છે. — જીવન-દર્શન

33. કોઈને ભલા અને બૂરા માનીને તેની મમતા નષ્ટ કરવી શક્ય નથી. મમતા તેની મટી શકે છે, જેને ભલા અથવા બૂરા ન માનીએ. કોઈને ભલા-બૂરા સમજવા તેના સાથે સંબંધ જોડવો છે. — દર્શન ઔર નીતિ

34. જ્યાં સુધી પ્રાણી પોતાને વ્યક્તિત્વ, કુટુંબ, વર્ગ, જાતિ અને દેશની મમતામાં બાંધેલ રાખે છે, ત્યાં સુધી તેનું જીવન વિશ્વને માટે ઉપયોગી સિદ્ધ નથી થતું. — દર્શન ઔર નીતિ

35. શરીરની મમતાએ વિશ્વની આત્મીયતાનું હનન કર્યું છે. તેનું બહુ જ ભયંકર પરિણામ એ થયું છે કે પ્રીતિની એકતા પર દૃષ્ટિ નથી રહી. — દર્શન ઔર નીતિ

36. જે વસ્તુથી મમતા નથી રહેતી, તે અનંતને સમર્પિત થઈ જાય છે. એ નિયમ છે કે જે વસ્તુ અનંતને સમર્પિત થઈ જાય છે, તે અનંતની કૃપા-શક્તિથી આપમેળે શુદ્ધ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

37. જે પોતાના જ છે અથવા તો જે પોતાનાથી ભિન્ન નથી, તેમની સાથે 'પ્રેમ' થઈ શકે છે; અને જેમનાથી માનેલી એકતા છે અથવા તો જે પોતાનાથી ભિન્ન છે, તેમની 'સેવા' કરી શકાય છે, તેમની સાથે મમતા કરી શકાતી નથી. — ચિત્તશુદ્ધિ

38. અહંતાશૂન્ય મમતા નથી હોતી. — સંત-સમાગમ 2

39. જે જે વસ્તુઓને તમે પોતાની ન માનશો, તે જાતે પવિત્ર બની ભગવાનની બની જશે, આ પરમ સત્ય છે. — સંત-સમાગમ 2

40. જ્યાં સુધી તું લેશમાત્ર પણ પેલા બધા જ સંબંધીઓને પોતાના સમજશે, ત્યાં સુધી તેમનો સુધારો કદાપિ થઈ શકતો નથી.

— સંત-સમાગમ 2

41. મમતા સુખ લેવાનો એક ઉપાય છે. જેનાથી જેટલું વધારે સુખ લેશો, તેનાથી મમતા તોડવી એટલી જ મુશ્કેલ થશે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

42. મમતાનો ત્યાગ કરવો પડશે, જિજ્ઞાસાની પૂર્તિ વિધાનથી થશે અને પ્રિયતા પ્રભુ-કૃપાથી મળશે. કર્તવ્ય ન આત્માનું છે ન ઈશ્વરનું. તે તો તમારું છે અને તેનો મૂળ મંત્ર છે— મમતાનો ત્યાગ. મમતાનો નાશ કરવાથી જ આપણે બીજું કાર્ય શરૂ કરીશું. ત્યારે જ સાધન છે, ત્યારે જ સત્સંગ છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

43. સંસારમાં મારું કંઈ નથી— આમ નિર્મમ થવાથી તમારા ઉપર સંસારનો કોઈ ટેક્ષ નહિ રહેશે. જેની પાસે કંઈ નથી, તેના પર શું કોઈ ટેક્ષ હોય છે ? — સંતવાણી 8

44. જેની સાથે જાતીય એકતા નથી, તેની સેવા કરી શકાય છે, તેની સાથે મમતા કરી શકાતી નથી. — સંતવાણી 7

45. આજકાલ લોકો શું કહે છે ? મમતા કેવી રીતે છૂટશે, કામના કેવી રીતે મટશે ? અરે, મમતા જો પોતાની જાતે છૂટતે તો થાત જ નહિ. કેમ ? જે ચીજ તમે બનાવી છે, તેને કોઈ બીજું મટાડી શકતું નથી. — સંતવાણી 6

46. વિચારીએ છીએ કે કોઈ ગ્રંથ વાંચીશું, ત્યારે આપણા જીવનમાં નિર્મમતા આવશે. કોઈ ગુરુની પાસે જઈશું, ત્યારે આપણે નિષ્કામ બની જઈશું. બીજા લોકો પરામર્શ આપી શકે છે, આ વાતનું સમર્થન કરી શકે છે, પણ તમારી મમતા તમારે છોડવાની છે, ન પોતાની જાતે મટશે અને એને કોઈ છોડાવી શકશે નહિ.

— સંતવાણી 6

47. તે વસ્તુ તો પોતાની જાતે નષ્ટ થશે, જેમાં મમતા છે. પરંતુ મમતા પોતાની જાતે નષ્ટ નહિ થાય. ....... પોતાની સ્વીકૃતિનો નાશ પોતાના જ દ્વારા થશે. — સંતવાણી 5

48. નિર્મમતાથી નિષ્કામતા અને નિષ્કામતાથી અસંગતા આપમેળે પ્રાપ્ત થશે. — સંતવાણી 5

49. જો કોઈની ગાડી ફસાઈ ગઈ હોય તો ફસાઈ રહી છે ગાડી અને દુ:ખી છે પેલો જાતે. કેમ ? આ મમતાની અસર છે. —સંતવાણી 5

50. જેમાં આપણી મમતા થઈ જાય છે, તે દૂષિત બની જાય છે. જેમાં આપણી મમતા નથી રહેતી, તે શુદ્ધ બની જાય છે. —સંતવાણી 4

51. કોઈ પણ વિચારક, કોઈ પણ સમાજ-વિજ્ઞાની આ વાતને સાબિત કરી જ નથી શકતો કે કોઈ પણ વસ્તુ અને વ્યક્તિ કોઈ એકની જ છે. તો ભાઈ, જાહેર વસ્તુ પર પૂરો અધિકાર જમાવવો શું ઈમાનદારી છે ? — જીવન-પથ

52. જેમની સાથે મમતા નથી, તેમનો સુધારો લાડ તથા પ્યારપૂર્વક જ શક્ય છે, ઉપેક્ષા દ્વારા નહિ. જેમનાથી મમતા છે, તેમનો સુધારો મોહરહિત થવાથી જ શક્ય છે, ક્ષોભિત થવાથી નહિ. પોતાના ચિત્તનો સુધારો પોતાના પ્રત્યે ઘોર ન્યાય તથા અસહયોગથી જ શક્ય છે, લાડ તથા પ્યારથી નહિ. — ચિત્તશુદ્ધિ

53. જે વ્યક્તિ સંસારમાં કોઈ પણ વસ્તુને પોતાની માને છે, તે સૌથી મોટી બેઈમાન છે અને જે વ્યક્તિ ભગવાનને પોતાના નથી માનતી તે મહામૂર્ખ છે. — સંત-જીવન-દર્પણ

❊ ❊ ❊

**પ્રાકૃતિક નિયમ મુજબ કોઈ પણ મનુષ્યની પાસે વ્યક્તિગત કોઈ વસ્તુ નથી. કારણ કે જે શરીર મળેલું છે, તે પણ સમષ્ટિ ભૌતિક પદાર્થોથી નિર્મિત છે. તે મળેલા શરીરના સદુપયોગ દ્વારા આવશ્યક વસ્તુઓનું ઉત્પાદન થાય છે. કારણ કે શારીરિક તથા બૌદ્ધિક શ્રમના સહયોગથી જ વસ્તુઓ પેદા થાય છે. જો તેમનો સંગ્રહ તથા તેમનાથી મમતા ન કરવામાં આવે અને તેમનો દુરુપયોગ પણ ન કરવામાં આવે તો મંગળમય વિધાન મુજબ જરૂરી વસ્તુઓ મળે છે. તેથી દરિદ્રતાનો અંત કરવાને માટે મળેલી વસ્તુઓનો સદુપયોગ અનિવાર્ય છે.**

# માનવ

1. માનવ-જીવનનું સૌથી મોટું કલંક એ જ છે કે માનવ થઈને પોતાના માટે કોઈની આવશ્યકતા અનુભવ કરીએ. — સંતવાણી 7
2. જો નિષ્પક્ષ ભાવથી અમે અને તમે વિચાર કરીએ તો સમજાશે કે પહેલાં મનુષ્ય બન્યો પછી વેદ અવતરિત થયા. ...... વેદોના પ્રાદુર્ભાવથી અગાઉ તમારા માનવ-જીવનનું નિર્માણ થયું છે. — સંતવાણી 7
3. માનવનું નિર્માણ વિધાતાએ પોતામાંથી પોતાની અહૈતુકી કૃપાથી પ્રેરિત થઈને કર્યું છે. આ દૃષ્ટિથી માનવની તેની સાથે જાતીય એકતા, નિત્ય સંબંધ તેમ જ આત્મીયતા છે. — પ્રેરણા પથ
4. આ માનવ-જીવનનું કલંક છે કે તેની કોઈ આવશ્યકતા હોય. આ માનવ-જીવનનું ભૂષણ છે કે તમે કોઈની આવશ્યકતા થાઓ. — જીવન-પથ
5. માનવ-જીવન સાધકનું જીવન છે. માનવ કહો અથવા સાધક કહો, એક જ વાત છે. — જીવન-પથ
6. માનવ જન્મજાત સાધક છે. — સાધન-ત્રિવેણી
7. ઇચ્છાનો જન્મ અવિવેકથી થાય છે. આનું નામ અમાનવતા છે, તેથી અવિવેક અને અમાનવતા એક જ વાત છે. ઇચ્છાની નિવૃત્તિ વિવેકથી થાય છે અને તેનું જ નામ માનવતા છે. — માનવકી માંગ
8. તમે સાચું માનો, આ માનવ-જીવન ભોગયોનિ નથી. આ જીવન પ્રેમયોનિ છે. આ જીવનમાં જ મનુષ્યને પ્રેમની પ્રાપ્તિ થાય છે. — સંતવાણી 6
9. આત્મા અને પરમાત્માની ‘જિજ્ઞાસા’ અને અનાત્માની ‘કામના’ જેનામાં છે, એ જ માનવ છે. — સંત-ઉદ્બોધન

10. પોતાની ભૂલ મટાડવાની જવાબદારી માનવના રચયિતાએ માનવ પર જ રાખી છે. — સંત-ઉદ્‌બોધન
11. પોતાની કામનાથી જ માનવ પોતે પરાધીન બની ગયો છે. — સંત-ઉદ્‌બોધન
12. માનવ-જીવન મળવું જ પરમાત્માની આપણા પર અહૈતુકી કૃપા છે. — માનવકી માંગ
13. પોતાને માનવ માનીને જેને આપણે માનવતા કહીએ છીએ, જિજ્ઞાસુ માનીને તેને તત્ત્વ-જિજ્ઞાસા કહીએ છીએ, ભક્ત માનીને તેને પરમાત્માની લાલસા કહીએ છીએ અને વિષયી માનીને તેને આસક્તિ કહીએ છીએ. — માનવકી માંગ
14. માનવ-જીવનમાં એક મોટી અલૌકિક વાત છે. તે એ છે કે તે એવી વાતની આશા નથી આપતું, જેને તમે વર્તમાનમાં પ્રાપ્ત નથી કરી શકતા અને ન કોઈ એવી આશા તરફ પણ લઈ જાય છે, જેની પૂર્તિ બીજાઓ પર આધારિત હોય. — માનવકી માંગ
15. વાસ્તવમાં આકૃતિ માનવ નથી, માનવ છે— સાધનયુક્ત જીવન. — માનવકી માંગ
16. કોઈ પોતાને મનુષ્ય કહે છે તો તેણે વિચાર કરવો પડશે કે મનુષ્ય માનવાથી જે કર્તવ્યની પ્રેરણા મળે છે, એ કર્તવ્યના સમૂહનું નામ જ મનુષ્ય થયું, કોઈ આકૃતિનું નહિ. — માનવકી માંગ
17. રાગ-દ્વેષથી રહિત થવાથી જ માનવ ખરેખર માનવ બની શકે છે. — માનવકી માંગ
18. જીવનમાં બે વાતો સૌને અનુભવાય છે— એક તો ‘હું કરી રહ્યો છું’ અને બીજું ‘આપમેળે થઈ રહ્યું છે’ આ બન્નેનો સમૂહ જ માનવ-જીવન છે. — માનવકી માંગ
19. કર્તવ્યનિષ્ઠ જીવન જ માનવ-જીવન છે. — માનવકી માંગ
20. પ્રેમના પ્રાદુર્ભાવમાં જ માનવ-જીવનની પૂર્ણતા રહેલી છે. — માનવ-દર્શન
21. પ્રાકૃતિક નિયમ મુજબ એવી કોઈ ઉત્પન્ન થયેલી વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરે છે જ નહિ, જેના વિના માનવ ન રહી શકે અને જે માનવના વિના ન રહી શકે. — માનવ-દર્શન

22. સંસાર પણ તમારી સામે અધિકારની રક્ષા માટે આવે છે અને ભગવાન પણ તમને કહે છે કે તું મારે શરણે આવી જા. તાત્પર્ય શું છે ? તમારી માગ સંસારને પણ છે અને ભગવાનને પણ.
— માનવકી માંગ
23. કોઈનાથી શાસિત રહેવા જેવું માનવ-જીવનનું બીજું કોઈ અપમાન નથી. પોતાના પર પોતાનું શાસન કરવાથી જ માનવ 'પર'ના શાસનથી મુક્ત થાય છે, એ નિર્વિવાદ સત્ય છે. — માનવ-દર્શન
24. માનવમાં માનવતા ત્યારે જ શરૂ થાય છે, જ્યારે એ સુખ-દુઃખથી અતીત જીવનની ખોજ કરે છે. આ મૌલિક માંગની જાગૃતિથી પહેલાં માનવ પ્રાણી છે, માનવ નથી. — માનવ-દર્શન
25. આસ્થા અને જિજ્ઞાસા માનવમાં જ થાય છે. — માનવ-દર્શન
26. દુઃખ શું છે અને કેમ છે ? આ પ્રશ્ન માનવનો પ્રશ્ન છે, પ્રાણીનો નહિ. બિચારાં માનવતેર પ્રાણી તો સુખ-દુઃખ ભોગવે છે.
— માનવ-દર્શન
27. મળેલ શરીરનું નામ માનવ રાખવું ભૂલ છે; કારણ કે શરીર કર્મ-સામગ્રી છે, બીજું કાંઈ નહિ. — સાધન-નિધિ
28. માનવમાત્ર પોતાને સાધક સ્વીકાર કરે, આ અનિવાર્ય છે.
— સાધન-નિધિ
29. માનવની સ્વાધીનતા બીજાઓના અધિકારની રક્ષામાં જ છે; પોતાના અધિકારને મેળવવામાં માનવ સ્વાધીન નથી. — સાધન-નિધિ
30. સત્સંગ માનવથી ભિન્ન કોઈ અન્ય પ્રાણીને માટે શક્ય જ નથી અર્થાત્ માનવ-જીવનમાં જ સત્સંગની ઉપલબ્ધિ થાય છે.
— મૂક સત્સંગ
31. માનવના નિર્માતાને માનવ અત્યંત પ્રિય છે. — મૂક સત્સંગ
32. અસતની આસક્તિ અને સતની પ્રિયતા અસત અને સતમાં નથી હોઈ શકતી, પરંતુ તેમાં હોય છે, જે જાણેલનો આદર અથવા અનાદર તથા મળેલનો સદુપયોગ અથવા દુરુપયોગ, તેમ જ સાંભળેલમાં શ્રદ્ધા અથવા અશ્રદ્ધા કરે છે. તેનું જો નામકરણ જરૂરી છે તો તેને 'માનવ' કહી શકીએ છીએ. — મૂક સત્સંગ

33. માનવનું પોતાનું મૂલ્ય કોઈ ઉત્પન્ન થયેલી વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ પર આધારિત નથી. — મૂક સત્સંગ
34. બોલ-ચાલ, રહેણી-કરણી, આવવા-જવાની સુવિધા-અસુવિધાના નામ પર આપણે એક સાથે નથી રહી શકતા, આ મોટી અમાનવતા છે. આ અમાનવતાનો અંત ત્યારે જ થશે, જ્યારે માનવમાં માનવતાનો સંચાર થશે. — પાથેય
35. અધિકાર-લાલસા અને ભેદભાવની ભાવનાએ માનવમાં માનવતા નથી રહેવા દીધી. — પાથેય
36. દરેક માનવ માનવતા વિકસિત થવાથી એટલો સુંદર થઈ શકે છે કે તેની બધાયને આવશ્યકતા હોય પણ તેને કોઈની આવશ્યકતા હોતી નથી. — પાથેય
37. દરેક માનવ 'માનવ' હોવાના સંબંધે ઘણા જ મહત્ત્વનો છે. પરંતુ ક્યારે ? જ્યારે કોઈ વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય, પદ વગેરેના આધાર પર પોતાનું મૂલ્યાંકન ન કરે. — પાથેય
38. વસ્તુ તથા વ્યક્તિઓના સંબંધે જ માનવને માનવ નથી રહેવા દીધો. — પાથેય
39. માનવ તેમના (પરમાત્મા) જેવો અદ્વિતીય છે. — પાથેય
40. સર્જનહારને માનવ અત્યંત પ્રિય છે. આ તેનું પોતાનું રમકડું છે. આનું સર્જન તેણે પોતાની મોજને માટે જ કર્યું છે. પરંતુ મનુષ્ય દીનતાવશ તેનાથી વિમુખ થઈ તેની વાડીમાં (સંસારમાં) રમવા લાગ્યો છે. — પાથેય
41. માનવ-જીવન સત્સંગને માટે જ મળ્યું છે, જે એકમાત્ર નિર્મમતા, નિષ્કામતા તેમ જ આત્મીયતાથી સાધ્ય છે. — પાથેય
42. સૃષ્ટિનું નિર્માણ ભલેને માનવને માટે હોય; પરંતુ માનવનું નિર્માણ તો તેમણે પોતાને માટે જ કર્યું છે. — પાથેય
43. દરેક પરિસ્થિતિમાં માનવ તેટલો જ મોટો માનવ છે, જેટલો કોઈ ક્યારેક થયો છે. — પાથેય
44. માનવ-જીવનમાં જ ધર્મની ચર્ચા છે; કારણ કે માનવ જ ધર્માત્મા બને છે. — પાથેય

45. શરીર માનવનું સ્વરૂપ નથી. કર્તવ્યપરાયણતા, વિવેકનો પ્રકાશ અને વિશ્વાસનું તત્ત્વ જેમાં છે, તે જ માનવ છે. — પાથેય
46. પ્રાણી અને માનવમાં એક ભેદ છે— તે એ છે કે માનવને માનવના રચયિતાએ બળ, વિવેક તથા વિશ્વાસનું તત્ત્વ આપ્યું છે; અન્ય પ્રાણીઓમાં વિવેક અને વિશ્વાસનું તત્ત્વ નથી. — પાથેય
47. માનવ પોતાના જ પ્રમાદથી બળનો દુરુપયોગ, વિવેકનો અનાદર અને વિશ્વાસમાં વિકલ્પ કરવાથી સર્વશ્રેષ્ઠ હોવા છતાં પણ આજે પશુ, પક્ષી તથા હિંસક જંતુઓથી પણ નિમ્ન સ્તર પર ચાલ્યો ગયો છે. — પાથેય
48. એવું માનવું કે આપણું કોઈ સાધ્ય નથી, આપણા પર કોઈ જવાબદારી નથી, આ માનવ-જીવનની ઘોર નિંદા છે. — દુઃખકા પ્રભાવ
49. જે કોઈ માનવને જે કંઈ મળ્યું છે, તે કોઈકનું આપેલું છે. — સફલતાકી કુંજી
50. અહમ્‌ને માનવ માનવું યુક્તિયુક્ત છે; કારણ કે જેમાં કોઈ માગ છે અને જેના પર કોઈ જવાબદારી છે, તે જ માનવ છે. — સફલતાકી કુંજી
51. માનવ-જીવન ઘણું જ મહત્ત્વનું જીવન છે. આ જ જીવનમાં પ્રાણી પોતાના વાસ્તવિક લક્ષ્યને મેળવી શકે છે. — સફલતાકી કુંજી
52. જેને તમે માનવ કહો છો, તે વાસ્તવિક માનવ ત્યારે જ બની શકશે, જ્યારે તેનામાં દેહાભિમાન ન રહે. — સફલતાકી કુંજી
53. માનવનું નિર્માણ પણ માનવના રચિયતાએ પોતાના સહજ સ્વભાવથી જ કર્યું છે. આ કારણે સાધકમાં બીજરૂપથી ઉદારતા, સમતા તથા પ્રિયતા વિદ્યમાન છે. જે વિદ્યમાન છે, તેની અભિવ્યક્તિ થાય છે. — સફલતાકી કુંજી
54. વિવેકનો વિરોધ કરવાથી માનવમાં અમાનવતાની ઉત્પત્તિ થઈ છે. — દર્શન ઔર નીતિ
55. માનવનું નિર્માણ માનવના પોતાના પ્રયાસનું ફળ નથી; કેમ કે પ્રયાસની જવાબદારી માનવ થયા પછી જ આવે છે. — સફલતાકી કુંજી

56. ઉદ્દેશ્ય વિનાનું જીવન માનવ-જીવન નથી. — દર્શન ઔર નીતિ

57. માનવની માંગ બધાયને છે; કેમ કે તેના દ્વારા સૌના અધિકાર સુરક્ષિત થાય છે. આ દૃષ્ટિથી માનવ સર્વપ્રિય છે. —સફલતાકી કુંજી

58. અવિવેકી માનવ માનવના વેશમાં અમાનવ છે. અમાનવને પશુ કહેવો પશુની નિંદા છે. કારણ કે પશુમાં વિવેક જાગ્રત નથી, એથી તેના પર વિવેકી હોવાની જવાબદારી નથી. પરંતુ માનવમાત્રમાં વિવેક જાગ્રત છે, એ કારણે તેના પર જવાબદારી છે કે તે વિવેકનો અનાદર ન કરે. તેથી દરેક વર્ગ, સમાજ તથા દેશનો એ જ માનવ આદરણીય છે જે વિવેકી છે. — દર્શન ઔર નીતિ

59. અનંતની અહૈતુકી કૃપાથી માનવ-જીવનનું નિર્માણ થયું છે; કેમ કે વિવેકયુક્ત જીવન જ માનવ-જીવન છે. આ જીવનમાં પોતાને માટે કંઈ પણ કરવાની વાત નથી, આ એનો મહિમા છે. — દર્શન ઔર નીતિ

60. માનવ-જીવનમાં જે થોડી પરાધીનતા છે, તે પોતાની જ ભૂલ છે. — દર્શન ઔર નીતિ

61. પોતાની કમીનો અનુભવ કરવો અને તેને મટાડવાનો પ્રયત્ન કરવો, એ જ માનવ-જીવનની શરૂઆત છે. — સંત-સમાગમ 1

62. માનવતા વ્યક્તિ નથી, બલકે જીવનની એક અવસ્થા છે, જે ઉન્નતિને માટે એકમાત્ર સર્વોત્તમ અવસ્થા છે. જીવિત તે જ અવસ્થા રહે છે, જે પૂર્ણ નથી હોતી. પૂર્ણ માનવતા થતાં માનવતાનો અંત થઈ જાય છે અર્થાત્ માનવતા 'પૂર્ણ'થી અભિન્ન થઈ જાય છે. — સંત-સમાગમ 1

63. પોતાની કમીનો અનુભવ કરવો તથા તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો માનવતા છે. — સંત-સમાગમ 2

64. માત્ર વસ્તુઓના આધાર પર જીવન પસાર કરવું મનુષ્યના રૂપમાં પશુતા છે. — સંત-સમાગમ 2

65. દરેક માનવ સાધક છે; કેમ કે તેનામાં બીજરૂપે સાધન-તત્ત્વ વિદ્યમાન છે. — સાધન-તત્ત્વ 3

66. શાંતિ, મુક્તિ અને ભક્તિમાં તો મનુષ્યનો જન્મજાત અધિકાર છે. — સંતવાણી 8

67. માનવતા શું છે ? માનવતા સાધન છે. કયા રૂપમાં ? ભાઈ, જે આપણી પાસે છે, તે આપણું નથી અને જે બીજાઓની પાસે છે, તેની આપણને માગ નથી. એવી માનવતાનું ફળ છે—સ્વાધીનતા, ઉદારતા અને પ્રેમ– આ ત્રણેને એકઠાં કરી દઈએ તો આ જ માનવતાયુક્ત માનવનું ચિત્ર છે. — સંતવાણી 7

68. તમારું માનવ-જીવન ઘણું જ અનુપમ જીવન છે, અદ્‌ભુત જીવન છે. કેમ ? આ જ જીવનમાં સદ્‌ગતિ થાય છે. આ જ જીવનમાં દુઃખ-નિવૃત્તિ થાય છે. આ જ જીવનમાં પરમાનંદની પ્રાપ્તિ થાય છે. — સંતવાણી 5

69. માનવ-જીવનના વિકાસની ચરમ સીમા યોગ, બોધ અને પ્રેમની પ્રાપ્તિમાં છે અને ભોગ, મોહ, આસક્તિની નિવૃત્તિમાં છે. — સંતવાણી 7

70. જેનું જીવન બધાયને માટે ઉપયોગી છે, તેનું નામ છે—માનવજીવન. — સંતવાણી 4

❊ ❊ ❊

**વસ્તુઓને સિક્કામાં બદલવાથી સંગ્રહની ભાવના પેદા થાય છે. સંગ્રહ થતાં જ મિથ્યા અભિમાન, આળસ, અકર્મણ્યતા અને વિલાસિતાનો જન્મ થાય છે, જે વ્યક્તિના સર્વનાશનું કારણ છે. તે સંગ્રહને કારણે સમાજમાં પણ બળવો પેદા થઈ જાય છે. તેથી સિક્કામાં અર્થ-બુદ્ધિ સ્વીકાર કરવી પ્રમાદ સિવાય બીજું કંઈ નથી. શ્રમનું મહત્ત્વ વધાર્યા વિના આળસ, સંગ્રહ તથા અકર્મણ્યતા નષ્ટ થશે નહિ અને તે થયા વિના શારીરિક તથા બૌદ્ધિક શ્રમનો સદુપયોગ થશે નહિ, તેમ જ મિથ્યા અભિમાન પણ નષ્ટ ન થશે, જે દરિદ્રતાનું મૂળ છે.**

# માનવ-સેવા-સંઘ

1. એકથી વધુ વ્યક્તિ મળીને જ્યારે પોત-પોતાની નિર્બળતાઓનો અંત કરવા માટે પારસ્પરિક સહયોગ અર્પિત કરે છે અને નિર્બળતાઓથી નિવૃત્ત થાય છે, ત્યારે 'સંઘ'નો જન્મ થાય છે. — જીવન-દર્શન
2. તમે અનીશ્વરવાદીઓની સૂચીમાં તમારું નામ લખાવવા માગો છો તો પણ કોઈ મુશ્કેલી નથી. પછી ભલેને હું કટ્ટર ઈશ્વરવાદી છું, પરંતુ હું તમને સલાહ આપું છું કે માનવ-સેવા-સંઘમાં તમારું એટલું જ સ્થાન છે, જેટલું ઈશ્વરવાદીનું. — સંતવાણી 3
3. માનવ-સેવા-સંઘની નીતિમાં આદેશ અને ઉપદેશ સ્વયંને આપવામાં આવે છે. — સંતવાણી 5
4. માનવ-સેવા-સંઘની નીતિ મુજબ સાંપ્રદાયિક ભેદ બૂરો નથી પરંતુ સાંપ્રદાયિક ભેદમાં પ્રીતિનો ભેદ થયો, એ બૂરું છે. એટલા માટે દરેક સાધકનું સાધન જુદું જુદું હોવા છતાં પણ જો દરેક સાધકમાં દરેક સાધક પ્રત્યે પ્રીતિની એકતા નથી, તો તે સાધક નથી બની શકતો. — સંતવાણી 5
5. માનવ-સેવા-સંઘની નીતિમાં પોતાનો વિચાર કોઈના ઉપર લાદવાનો નિયમ નથી. — સંતવાણી 6
6. અમે સિદ્ધ બનીને સંસ્થાનું નિર્માણ નથી કર્યું. અમે તો પોતાને, પોતાના સાથીઓને સાધક માન્યા છે. — પ્રેરણા પથ
7. માનવ-સેવા-સંઘ કોઈ એવો સંઘ નથી, જે તમારો પોતાનો નથી. — પ્રેરણા પથ
8. માનવ-સેવા-સંઘનો અર્થ શું છે ? માનવનો પોતાનો સંઘ. માનવ-સેવા-સંઘની વાત શું છે ? માનવની પોતાની વાત. હું તો લોકોને કહું છું કે જે લોકો માનવ-સેવા-સંઘની વાતને નથી માનતા, તેઓ જાણે પોતાની વાત નથી માનતા. — જીવન-પથ

9. માનવ-સેવા-સંઘ કોઈની સ્વાધીનતાનું અપહરણ કરતો નથી.
— જીવન-પથ

10. સાધક એટલે માનવ-સેવા-સંઘનો માલિક; કેમ કે આ સાધકોનો સંઘ છે, કોઈ વ્યક્તિનો તો છે નહિ. — સાધન-ત્રિવેણી

11. માનવ સેવા સંઘ એ જ વિચારધારાનું પ્રતીક છે, જેનો શરણાનંદ. આ દૃષ્ટિથી સંઘની સેવા જ શરણાનંદની સેવા છે. —સંત-ઉદ્‌બોધન

12. માનવમાત્રને સંઘે 'પોતાની આંખોએ જુઓ અને પોતાના પગે ચાલો'ની પ્રેરણા આપી છે. — સંત-ઉદ્‌બોધન

13. તમે જીવનમાં એવું માનતા હો કે, 'બીજા લોકોએ અમારું જ સત્ય માનવું જોઈએ'. જ્યારે તમારું જીવન આવું છે, તો તમે માફ કરશો, તમારા દ્વારા માનવ-સેવા-સંઘ કલંકિત થઈ શકે છે, પ્રકાશિત નથી થઈ શકતો અને તમે માનવ-સેવા-સંઘ દ્વારા પોતાનો વિકાસ કરી શકશો નહિ. — સંતવાણી 4

14. હવે રહી માનવ-સેવા-સંઘના પ્રચાર તથા પ્રસારની વાત. આ બાબતે મારો નિશ્ચિત મત છે કે જે વાત આપણા જીવનમાં આવી જશે, તેનો પ્રચાર તથા પ્રસાર આપમેળે થશે. આ દૃષ્ટિથી પ્રાપ્ત સામર્થ્યના સદુપયોગમાં જ સંઘનો પ્રચાર રહેલો છે. — સંત પત્રાવલી 2

15. માનવ-સેવા-સંઘ કોઈ વ્યક્તિ-વિશેષનો તથા કોઈ દેશ-વિદેશનો તથા કોઈ દલ કે વર્ગ વિશેષનો સંઘ નથી. માનવ-સેવા-સંઘ માનવ-માત્રનો સંઘ છે. તેથી તેની આવશ્યકતા, માનવમાત્રની આવશ્યકતા છે. તો પછી આનો પ્રચાર કેમ નહિ થાય ? — સંત પત્રાવલી 2

16. આ સમયે એવા કાર્યકર્તાઓની જરૂરિયાત છે, જે પોતાના જીવન દ્વારા સંઘની વિચારધારાનો પરિચય આપી શકે. —સંત પત્રાવલી 2

17. માનવ-સેવા-સંઘનો કાર્યક્રમ practical છે, માત્ર theoritical નથી; કેમ કે દરેક પ્રવૃત્તિ દ્વારા સંઘની વિચારધારાનો પ્રચાર કરવાનો છે. — સંત પત્રાવલી 2

18. દરેક કાર્યમાં સંઘની વિચારધારાની અસર દેખાવા લાગી જાય, ત્યારે સમજવું જોઈએ કે આપણે માનવ સેવા સંઘના સદસ્ય છીએ. — સંત પત્રાવલી 2

19. માનવ-સેવા-સંઘની વિચારધારા માનવમાત્રની માંગ છે. એ વિચારધારાનો પ્રચાર સનાતન સત્યનો પ્રચાર છે. સંઘની સાધન પ્રણાલી આધુનિક છે પણ ઉદ્દેશ્ય સનાતન છે. — સંત પત્રાવલી 2
20. કાર્યકર્તાઓના અભાવમાં જ સંઘનું કાર્ય શિથિલ છે. સાચા કાર્યકર્તાઓનું નિર્માણ થતાં સંઘની વિચારાધારા ઘણી જ સહેલાઈથી વ્યાપક થઈ શકે છે; કેમ કે માનવમાત્રને તેની જરૂર છે. — સંત પત્રાવલી 2
21. માનવ સેવા સંઘનો પ્રચાર માનવનું વ્યક્તિગત જીવન છે. જે માનવ જે અંશમાં પોતાને સુંદર બનાવે છે, તે અંશમાં તે સંઘનો પ્રચાર કરી શકે છે. — સંત પત્રાવલી 2
22. માનવ સેવા સંઘનો પ્રાદુર્ભાવ માત્ર એ ઉદ્દેશ્યની પૂર્તિ માટે થયો છે કે માનવમાત્ર એવા જીવનને પામી શકે છે, જે કોઈ પણ મહામાનવને મળ્યું છે. — સંત પત્રાવલી 2
23. માનવ સેવા સંઘ કોઈ મત, દલ કે સંસ્થા નથી. તે તો માનવમાત્રની માંગ છે. — સંત પત્રાવલી 2
24. માનવ સેવા સંઘનો પ્રકાશ ગ્રહણ કરી લેવાથી માનવ સૌને માટે ઉપયોગી બની જાય છે. — સંત પત્રાવલી 2
25. પોતાના જ્ઞાનનો આદર કરવાનો સ્વભાવ બનાવવો એ જ માનવ સેવા સંઘની સત્સંગ-પ્રણાલી છે. — પાથેય
26. માનવ સેવા સંઘનો સત્સંગ વર્તમાન જીવનની દરેક સમસ્યાનો ત્યાગ તથા પ્રેમ દ્વારા ઉકેલ કરે છે. — પાથેય
27. માનવ સેવા સંઘના સાહિત્યનો પ્રચાર પોત-પોતાની રીતે, જેને જેવી રીત પ્રિય હોય, કરે. વાસ્તવમાં તો માનવમાત્રની અનુભૂતિ જ માનવ સેવા સંઘનું સાહિત્ય છે. — પાથેય
28. સંઘનું દર્શન માનવનું પોતાનું દર્શન છે. જે પોતાની તરફ જુએ છે, તે જ સંઘના દર્શનથી પરિચિત થઈ જાય છે. સંઘ કોઈને કોઈ એવી વાત નથી બતાવતો, જે તેની પોતાની વાત નથી. — પાથેય
29. અહંરૂપી અણુનો અંત કરવાથી જ સંઘનો સંદેશ (વ્યાપક) બની શકે છે. ..... અંહનો નાશ કર્યા વિના સંઘનો સંદેશ વ્યાપક થઈ શકતો નથી. — પાથેય

30. માનવ સેવા સંઘ પણ પ્રભુનો જ છે. આ કારણે સંઘની સેવા પ્રભુની નિજ સેવા છે. — પાથેય
31. સાધકે જગત પ્રત્યે ઉદાર, પ્રભુ પ્રત્યે પ્રેમી અને પોતાના પ્રત્યે ઇચ્છારહિત બનવાનું છે. આ જ માનવ-દર્શન પર આધારિત માનવ સેવા સંઘની દીક્ષા છે. — પાથેય
32. માનવ-સેવા-સંઘ સાધકોનો સંઘ છે. સાધકોની સેવા સંઘની સર્વોત્કૃષ્ટ સેવા છે. — પાથેય
33. સંઘની મૂળ નીતિ છે કે સંઘની વસ્તુઓ પર કોઈનો વ્યક્તિગત અધિકાર કદી પણ ન હોય. — પાથેય
34. પોત-પોતાના અધિકાર-ત્યાગની ભાવના જે જે સાધકોમાં હોય, તેઓ જ સંઘની યથેષ્ટ સેવા કરી શકે છે. સંઘની સેવાનો અર્થ માનવ-જાતિની સેવા છે, કોઈ વર્ગ-વિશેષની નથી. — પાથેય
35. માનવ સેવા સંઘનો ઉદ્દેશ્ય માનવનું પોતાનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
36. સાચો માનવ સેવા સંઘી કદી ઘર નથી છોડતો, બલકે મમતા અને પોતાનો અધિકાર છોડી દે છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
37. માનવમાત્રનું જે સત્ય છે, તેનું જ નામ માનવ સેવા સંઘનો સિદ્ધાંત છે. — સંતવાણી 8
38. સંઘની સાધન-પ્રણાલીમાં કોઈ મત, સંપ્રદાયની ગંધ નથી અને ન કોઈનો વિરોધ છે. કેમ ? ભલા બતાવો તો ખરા કે ભૂમિ કયા છોડનો વિરોધ કરે છે અને કોનો પક્ષ કરે છે ? ભૂમિ ન કોઈ છોડનો વિરોધ કરે છે અને ન કોઈનો પક્ષપાત કરે છે, બલકે દરેક છોડને વિકસિત કરે છે. એ જ રીતની સાધન-પ્રણાલી માનવ સેવા સંઘની સાધન-પ્રણાલી છે. — સંતવાણી 4
39. સંઘની નીતિમાં ગુરુ એક તત્ત્વ છે અને તે ગુરુ-તત્ત્વ વિવેકના રૂપમાં તમને પ્રાપ્ત છે. — સંતવાણી 4
40. માનવ સેવા સંઘની નીતિમાં પ્રવચનને પણ સત્-ચર્ચા કહ્યું છે, સત્સંગ નહિ. ..... માનવ-સેવા-સંઘમાં 'મૂક સત્સંગ'ને મુખ્ય સત્સંગ માન્યો છે. — સંત-ઉદ્‌બોધન
41. સંઘની સર્વોત્કૃષ્ટ સેવા એ જ છે કે ઇચ્છારહિત બનીને પ્રાપ્ત શક્તિનો સદુપયોગ કરવામાં આવે. — સંત-ઉદ્‌બોધન

# મુક્તિ (કલ્યાણ)

1. તમારું કલ્યાણ કોઈ બહારની મદદથી થશે નહિ, કોઈ બીજાના દ્વારા થશે નહિ. તમારું કલ્યાણ થશે— તમારા નિજજ્ઞાનની અસરથી. — સંતવાણી 7
2. ખરું કામ કરવાથી સમાજમાં શાંતિ થાય છે, એટલે કે વિશ્વમાં શાંતિ થાય છે અને ન કરવાથી પોતાનું કલ્યાણ થાય છે. — સાધન-ત્રિવેણી
3. જે થાય છે, તેને મુક્તિ થોડી જ કહે છે. જે છે તેને મુક્તિ કહે છે. — સંત-ઉદ્‌બોધન
4. આપણે શરીર અને સંસાર બન્નેથી મુક્ત થવાનું છે. તે ત્યારે જ શક્ય છે, જ્યારે કે આપણી કોઈ કામના ન રહે, એટલે કે આપણે નિરિચ્છ થઈ જઈએ. — સંત-ઉદ્‌બોધન
5. પોતાના કલ્યાણનો અર્થ શું છે ? પોતાની પ્રસન્નતાને માટે પોતાનાથી ભિન્નની જરૂરત ન રહે. — સંત-ઉદ્‌બોધન
6. જે વસ્તુ જે કામને માટે હોય છે, તેને માટે તે કામ મુશ્કેલ નથી હોતું. આ મનુષ્યજન્મ માત્ર જીવના કલ્યાણને માટે જ મળે છે. તેથી મનુષ્યજન્મ મેળવીને કલ્યાણની પ્રાપ્તિને મુશ્કેલ માનવી ભારે ભૂલ છે. — સંત-ઉદ્‌બોધન
7. જ્યાં સુધી આપણને કંઈક પ્રાપ્ત કરવાનું બાકી છે, જ્યાં સુધી આપણે કોઈ પણ અભાવનો અનુભવ કરીએ છીએ, ત્યાં સુધી આપણે માનવું પડશે કે આપણું કલ્યાણ નથી થયું. — માનવકી માંગ
8. ભગવત્પ્રેમ વિના કલ્યાણ નથી થઈ શકતું. — માનવકી માંગ
9. જે કલ્યાણ ચાહનારા ભાઈ-બહેન એવું વિચારે છે કે અમારું કલ્યાણ કોઈ બીજા પર આધારિત છે તો માનવું પડશે કે તેઓ પોતાનું કલ્યાણ નથી ચાહતા. તમારું કલ્યાણ તો તમારા પર જ આધારિત છે, એટલે કે તમારા સાધન પર આધારિત છે. — માનવકી માંગ

10. કોઈ મુક્તિ પછી ભક્તિ માને છે અને કોઈ મુક્તિ પછી મૌન થઈ જાય છે; પરંતુ મુક્તિ સુધી તો સૌ સાથે છે. — માનવકી માંગ
11. અહમ્ તથા મમરૂપ જે સંબંધ છે, તેનાથી મુક્ત થવું જ ખરેખર મુક્તિ છે. મુક્તિના માટે આના સિવાય બીજો કોઈ પ્રયત્ન અપેક્ષિત નથી. જેની પ્રાપ્તિ સંબંધ-વિચ્છેદ કરવામાત્રથી થાય છે, તેના માટે ભવિષ્યની આશા કરવી પ્રમાદના સિવાય બીજું કંઈ નથી. કારણ કે ભવિષ્યની આશા તેના માટે કરવામાં આવે છે, જેના માટે કોઈ કર્મ અપેક્ષિત હોય. આ નિયમ છે કે કર્મ તેના માટે અપેક્ષિત હોય છે, જેનાથી દેશ-કાળનું અંતર હોય અથવા જે ઉત્પત્તિ-વિનાશયુક્ત હોય. — માનવકી માંગ
12. વિજાતીયથી મુક્ત થવું જ વાસ્તવમાં મુક્તિ છે; કેમ કે ભિન્નતા તેનાથી થઈ શકે છે, જેનાથી જાતીય તથા સ્વરૂપની ભિન્નતા છે. આનાથી એ સિદ્ધ થયું કે પોતાનામાંથી વિજાતીયતાનું નીકળી જવું જ મુક્ત થઈ જવું છે. — માનવકી માંગ
13. જો અમે અને તમે જાણેલ અસતનો ત્યાગ કરી શકીએ છીએ તો સિદ્ધિ વર્તમાનની વસ્તુ છે. — સંતવાણી 4
14. મુક્તિમાં ભક્તિ અને ભક્તિમાં મુક્તિ ઓતપ્રોત છે; કારણ કે જ્ઞાન અને પ્રેમમાં વિભાજન નથી થતું. — સંત પત્રાવલી 2
15. ઈચ્છાઓ રહેતાં પ્રાણ ચાલ્યા જાય તો 'મૃત્યુ' થઈ ગયું, પાછો જન્મ લેવો પડશે અને પ્રાણ રહેતાં ઈચ્છાઓ ચાલી જાય 'મુક્તિ' થઈ ગઈ. જેમ બજાર ગયા પણ પૈસા પૂરા થઈ ગયા અને જરૂરત બાકી રહી ગઈ તો પાછું બજાર જવું પડશે અને જો પૈસા રહેતાં જરૂરત પૂરી થઈ જાય તો બજાર શા માટે જવું પડશે ? —સંતવાણી (પ્રશ્નોત્તર)
16. કર્તવ્યપરાયણતામાં સુંદર સમાજનું નિર્માણ તથા અસંગતામાં પોતાનું કલ્યાણ રહેલું છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત
17. જે જીવનમાં મુક્ત નથી થતો, તે મર્યા પછી પણ મુક્ત નથી થતો અને જે એવું માને છે કે મુક્તિ હજુ નથી મળી, મર્યા પછી મળશે, તે પોતાને છેતરે છે. — સંતવાણી 8

18. મમતા અને કામનાનો નાશ કર્યા પછી જે ગૃહસ્થ બને છે, તે ગૃહસ્થ જીવન્મુક્ત બને છે. — સંતવાણી 4
19. કર્તાભાવ અને ભોક્તાભાવનું મટી જવું જ જીવન્મુક્તિ છે. — સંત-ઉદ્‌બોધન
20. જીવન્મુકત તે હોય છે, જે નિજ વિવેકનો આદર કરે છે. — સંતવાણી 4
21. મુક્તિ કોઈ મોટી ચીજ નથી. જો ઈમાનદારીથી જોવામાં આવે તો જેમ વૈરાગ્ય 'યોગ'નું સાધન છે, એમ જ યોગ 'બોધ'નું સાધન છે અને બોધ 'પ્રેમ'નું સાધન છે. — સંતવાણી 8
22. તમે કહેશો કે શુદ્ધ-બુદ્ધ-મુક્તમાં પણ કોઈ ઇચ્છા હોય છે ? વાત તો બરાબર છે. પરંતુ તે કામ-રહિત છે કે માગ-રહિત છે ? વિચાર કરો. ........ મુક્ત કોને કહીએ છીએ ? જે કામ-રહિત છે. શું અનંત રસની માગ મુક્તમાં નથી ? જો તે મુક્તમાં ન હોત તો તેને મુક્તિ ખારી નથી લાગતી ? મુક્તને મુક્તિ પણ ખારી લાગે છે. ક્યારે ? જ્યારે અખંડ રસની ભૂખને અનંત રસની ભૂખમાં પરિવર્તિત જુએ છે. — સંતવાણી 6
23. જો તમને એ અનુભવ થઈ જાય કે મારું કંઈ નથી, મારે કંઈ નહિ જોઈએ, બસ, મુક્ત થઈ ગયા. — સંત-ઉદ્‌બોધન
24. મારા જીવનની અંતિમ અનુભૂતિ છે કે શ્રમ વિના, વસ્તુ વિના, સાથી વિના આપણને સૌને સિદ્ધિ મળી શકે છે. — સંતવાણી 4

❊ ❊ ❊

**પ્રાકૃતિક વિધાનના મુજબ જેની વાસ્તવમાં ઉપયોગિતા અપેક્ષિત છે, તેની રક્ષાનાં સાધન પોતાની મેળે મળે છે. આ દૃષ્ટિથી જીવનની ઉપયોગિતામાં જ સમસ્ત વિકાસ રહેલો છે. શ્રમ, સંયમ, સદાચાર અને સેવા દ્વારા જીવન જગતને માટે તેમ જ ત્યાગ દ્વારા પોતાના માટે અને પવિત્ર પ્રેમ દ્વારા અનંતને માટે ઉપયોગી સિદ્ધ થાય છે. તેથી જીવનને ઉપયોગી બનાવવામાં જ અભાવોનો અભાવ રહેલો છે.**

# મૂક સત્સંગ

1. જે રીતે દરેક છોડને માટે ભૂમિ અનિવાર્ય છે, એ જ રીતે દરેક સાધકને માટે મૂક સત્સંગ અનિવાર્ય છે. — મૂક સત્સંગ
2. જેવી રીતે તમામ છોડ જમીનથી પેદા થઈ તેમાં જ રહે છે અને તેમાં જ વિલીન પણ થાય છે, એ જ રીતે મૂક સત્સંગ તમામ સાધનોની અભિવ્યક્તિથી અગાઉ પણ અપેક્ષિત છે અને તમામ સાધનોની પૂર્ણતા પણ મૂક સત્સંગમાં જ રહેલી છે. — મૂક સત્સંગ
3. મૂક સત્સંગમાં બધાં જ સાધનોનો સમાવેશ છે. — પાથેય
4. મૂક સત્સંગ હકીકતમાં આદિ સાધન છે અથવા એમ કહો કે અંતિમ સાધન છે. કારણ કે જે કંઈ કરવામાં આવે છે, તેના મૂળમાં 'ન કરવું' જ હોય છે અને કરવાના અંતમાં પણ 'ન કરવું' હોય છે. આ દૃષ્ટિથી આદિ અને અંતમાં મૂક થવાથી જ બધાને સર્વ કંઈ મળે છે. — પાથેય
5. મૂક-સત્સંગની શરૂઆત શાંત રસથી અને અંત, અનંત-રસમાં થાય છે. — સાધન-તત્ત્વ
6. આ જે શાંત રહેવું છે, એ ઘણી મોટી સાધના છે. પરંતુ આ રહસ્યને કોઈ વિરલા જ જાણે છે. — સંત-ઉદ્‌બોધન
7. આપણે મોટાં-મોટાં કામ કરી શકીએ છીએ, મોટા મોટા અભ્યાસી બની શકીએ છીએ, મોટા મોટા પુરુષાર્થી બની શકીએ છીએ, પરંતુ બે-ત્રણ મિનિટ પણ શાંત રહી શકતા નથી. — સંતવાણી 4
8. દરેક સાધકને માટે આ અત્યંત અનિવાર્ય છે કે તે દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવથી જ શાંત બની મૂક સત્સંગ કરવાનો સ્વભાવ બનાવી લે. ....... જ્યારે આપણે મૂક સત્સંગ કરવાનો સ્વભાવ બનાવી લઈશું તો તમે સાચું માનો કે, જે સત્ય કોઈને પણ મળ્યું છે, તે અમને અને તમને મળશે. — પ્રેરણા પથ

9. મૌનનો અર્થ ખાલી ચૂપ થવું નથી, બલકે વિચારરહિત થવું છે અને પોતાના તરફથી ન જોવું પણ છે. મારે જે જોઈએ, તે તો મારામાં છે, પછી ઈન્દ્રિયોની શું જરૂર ? મૌનની પાછળ એક દર્શન છે કે, અમારે જે જોઈએ, તે અમારામાં છે, અમારો છે અને અત્યારે છે. — સંત-ઉદ્બોધન
10. દરેક સંકલ્પની ઉત્પત્તિના પહેલાં અને દરેક સંકલ્પની પૂર્તિ પછી સ્વભાવથી નિર્વિકલ્પતા રહે છે. આ નિર્વિકલ્પતાનું નામ જ 'મૂક સત્સંગ' છે, જેનાથી જરૂરી શક્તિનો વિકાસ થાય છે. — સંત-ઉદ્બોધન
11. કોઈ કામ કરતાં રહીને કોઈ એવી વાતની યાદ આવવી, જેનો સંબંધ એ કાર્ય સાથે નથી, આ જ 'જાગ્રતનું સ્વપ્ન' છે અને વર્તમાન કાર્યથી સંબંધ ન રહે તથા અન્ય કામની પણ યાદ ન આવે, આ ભીતર-બહારનું મૌન જ 'જાગ્રતની સુષુપ્તિ' છે. — માનવકી માંગ
12. મૂક સત્સંગ ખરેખરો સત્સંગ છે. વિચાર-વિનિમય વગેરેનો પ્રયાસ ખરેખરા સત્સંગનું સહયોગી અંગ છે અર્થાત્ વિચાર-વિનિમયથી મૂક સત્સંગનું સામર્થ્ય આવી જાય છે. — મૂક સત્સંગ
13. મૂક સત્સંગ કોઈ અભ્યાસ નથી, બલકે તમામ સાધનોની ભૂમિ છે. મૂક સત્સંગ કરવામાં નથી આવતો, આવશ્યક કાર્યના અંતમાં આપમેળે થાય છે. — મૂક સત્સંગ
14. જે જાતે કરવાનું છે, એ જ સત્સંગ છે. નિર્મમ તથા નિષ્કામ થતાં જ મૂક સત્સંગ આપમેળે સિદ્ધ થઈ જાય છે. — મૂક સત્સંગ
15. મૂક સત્સંગથી જ સર્વતોમુખી વિકાસ થાય છે. — મૂક સત્સંગ
16. મૂક સત્સંગથી વિસ્મૃતિ નાશ થાય છે. — મૂક સત્સંગ
17. મૂક સત્સંગ કલ્પતરુના જેવો છે અર્થાત્ આવશ્યક સામર્થ્ય, વિચારનો ઉદય અને પ્રીતિની જાગૃતિ મૂક સત્સંગમાં જ રહે છે. — મૂક સત્સંગ
18. મૂક સત્સંગ કોઈ ઉપાય નથી, બલકે વાસ્તવિક જીવનનું એક પાસું છે. — મૂક સત્સંગ
19. દેહાભિમાનનો અંત કરવાને માટે સહજ નિવૃત્તિપૂર્વક મૂક સત્સંગ અનિવાર્ય છે. — મૂક સત્સંગ

20. મૂક સત્સંગ વિના દેહાભિમાનનો નાશ શક્ય નથી.— મૂક સત્સંગ
21. મૂક સત્સંગ વિશ્વાસ તથા વિચાર બન્નેય માર્ગોને માટે સમાન છે; કારણ કે વિચારનો ઉદય તથા પ્રીતિની જાગૃતિ મૂક સત્સંગથી આપમેળે થાય છે. — મૂક સત્સંગ
22. મૂક સત્સંગ માનવને કોઈ સ્થિતિમાં બાંધતો નથી, બલકે બધાથી અસંગ કરે છે. — મૂક સત્સંગ
23. મૂક સત્સંગ અકર્મણ્યતા, જડતા તેમજ અભાવમાં આબદ્ધ નથી થવા દેતો, બલકે કર્તવ્યપરાયણતા, ચિન્મયતા તેમ જ પૂર્ણતાથી અભિન્ન કરે છે. — મૂક સત્સંગ
24. મૂક સત્સંગથી નિર્મમ, નિષ્કામ તેમ જ અસંગ થવાનું સામર્થ્ય આપમેળે આવી જાય છે. — મૂક સત્સંગ
25. સત્-ચર્ચા તથા સત્-ચિંતન કરતાં રહીને આંશિક અસતનો આશ્રય રહે છે; પરંતુ મૂક સત્સંગથી સર્વાંશમાં સત્સંગ થાય છે અથવા એમ કહો કે મૂક સત્સંગ જ સત્સંગ છે. — મૂક સત્સંગ
26. મૂક સત્સંગ તથા નિત્યયોગ એક જ સિક્કાની બે બાજુ છે. આ બન્નેમાં સ્વરૂપથી વિભાજન નથી, પરંતુ મૂક સત્સંગમાં જ નિત્યયોગ અને નિત્યયોગમાં જ મૂક સત્સંગ ઓતપ્રોત છે. — મૂક સત્સંગ
27. એ નિયમ છે કે જ્યારે માનવ વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિના આધારથી રહિત થાય છે, ત્યારે સર્વાધારનો આધાર આપમેળે પ્રાપ્ત થઈ જાય છે. આ દૃષ્ટિથી આસ્થામાં સજીવતા મૂક સત્સંગથી જ સાધ્ય છે. — મૂક સત્સંગ
28. મૂક સત્સંગમાં કોઈ અભ્યાસ, અનુષ્ઠાન તેમ જ શ્રમસાધ્ય પ્રયોગ નથી; પરંતુ સહજ તથા સ્વાભાવિક સ્વતઃ સિદ્ધ તથ્ય છે. નિત્યપ્રાપ્તની પ્રાપ્તિ તથા પરાશ્રયની નિવૃત્તિ મૂક સત્સંગમાં જ રહેલી છે. — મૂક સત્સંગ
29. જો આપણે થોડી થોડી વારને માટે વિશ્રામ કરવાનો સ્વભાવ બનાવી લઈએ, એકલા થવાનો સ્વભાવ બનાવી લઈએ, તો આપણને આપણામાં જ (ક્યાંય બહાર નહિ) પ્રીતમની પ્રાપ્તિ થઈ જશે. — સંતવાણી 6

30. એકલા હોવું ઘણું જ ઉત્તમ છે; પરંતુ શરીરથી એકલા હોવું 'એકલા હોવું નથી'. જ્યારે પ્રાણી માનેલા સંબંધોથી તથા સ્વીકૃતિજન્ય સત્તાથી પોતાને પર કરી લે છે, ત્યારે એકલો થવા પામે છે.

— સંત પત્રાવલી 1

31. ચાહરહિતરૂપી ભૂમિમાં જ મૂક સત્સંગરૂપી વૃક્ષ પેદા થાય છે અને સંબંધ-વિચ્છેદરૂપી જળથી તેને સીંચવામાં આવે છે. વર્તમાન પરિસ્થિતિનો સદુપયોગ જ તે વૃક્ષની રક્ષા કરનારી વાડ છે. તેમની મધુર સ્મૃતિ તે વૃક્ષનો મોર છે અને અમરત્વ જ તે વૃક્ષનું ફળ છે, જેમાં પ્રેમરૂપી રસ ભરપૂર છે. — પાથેય

32. મૂક સત્સંગમાં આળસ તથા શ્રમ બન્નેનો અભાવ છે. મૂક સત્સંગમાં ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેની ચેષ્ટાઓથી પૂર્ણ અસંગતા તથા અસહયોગ છે. — પાથેય

33. બળનો સદુપયોગ થવાથી જે સ્વાભાવિક વિશ્રામ છે, તે પણ મૂક સત્સંગ છે અને પોતે પોતાને અનંતની અહૈતુકી કૃપા પર નિર્ભર કરી દેવાનું પણ મૂક સત્સંગ છે અને બધી બાજુએથી વિમુખ થઈને પોતાનામાં જ સંતુષ્ટ થઈ જવું પણ મૂક સત્સંગ છે. — પાથેય

34. હવે રહી વૈજ્ઞાનિક દૃષ્ટિ, જેનાથી નિશ્ચિત સમય પર મૂક સત્સંગ કરવાની યોજના છે— સવારે 3-30 વાગ્યાથી લઈને 5 વાગ્યા સુધીનો સમય ઘણો જ યોગ્ય છે. ...... ખરેખર તો દરેક પ્રવૃત્તિનો ઉદય અને અંત મૂક સત્સંગમાં જ થવો જોઈએ. મૂક સત્સંગ અખંડ સાધન છે, એ કોઈ અભ્યાસ નથી, પરંતુ બધી રીતથી એ અનંતના બની જવાનું છે, જે સર્વમાં છે, સર્વથી અતીત છે, જેનાથી દેશ, કાળ વગેરેનું અંતર જ નથી. — પાથેય

35. અસતના સંગનો પ્રભાવ પ્રગટ થયા વિના નાશ નથી થતો. શ્રમ-સાધ્ય સાધન પેલા પ્રભાવને દબાવે છે, પ્રગટ થવા દેતું નથી. મૂક સત્સંગ પેલા પ્રભાવને પ્રગટ કરે છે. — સત્સંગ ઔર સાધન

36. 'છે'નો સંગ શ્રમ-સાધ્ય નથી. તેથી મૂક સત્સંગથી જ 'છે'નો સંગ સાધ્ય છે. મૂક સત્સંગ વર્તમાન દશાનો બોધ કરાવવામાં અચૂક મંત્ર છે. — સત્સંગ ઔર સાધન

37. મૂક સત્સંગ વિના સતનો સંગ શક્ય નથી. — સત્સંગ ઔર સાધન

38. જે સાધક અસમર્થતાનો અનુભવ કરે છે, તે મૂક સત્સંગ દ્વારા કર્તવ્યનિષ્ઠ થાય છે અને જે સાધક મળેલા સામર્થ્યનો પવિત્ર ભાવથી સદુપયોગ કરે છે, તે કર્તવ્યનિષ્ઠ બની મૂક સત્સંગ પ્રાપ્ત કરે છે. — સત્સંગ ઔર સાધન

39. ભૌતિકવાદની દૃષ્ટિથી કર્તવ્યપરાયણતા, અધ્યાત્મવાદની દૃષ્ટિથી અસંગતા અને આસ્તિકવાદની દૃષ્ટિથી શરણાગતિ જ અંતિમ પ્રયાસ છે. આ ત્રણે પ્રયાસોની પૂર્ણતા મૂક સત્સંગમાં રહેલી છે. — સત્સંગ ઔર સાધન

40. મૂક સત્સંગ સિદ્ધ થતાં જ 'કરવું' 'બનવું'માં અને 'બનવું' 'છે'માં વિલીન થઈ જાય છે, એ થતાં જ અમરત્વ સાથે અભિન્નતા થાય છે. — સત્સંગ ઔર સાધન

41. અહમ્નો નાશ શ્રમ-સાધ્ય નથી. શ્રમના મૂળમાં બીજરૂપથી પોતાનું સુખ છુપાયેલું રહે છે. મૂક સત્સંગ સાધકને સુખની દાસતા અને દુઃખના ભયથી રહિત કરી દે છે, એ થતાં જ અહમ્ પોતાની જાતે ગળી જાય છે. — સત્સંગ ઔર સાધન

42. જીવનની પૂર્ણતા જે વિશ્રામ, સ્વાધીનતા અને પ્રેમમાં રહેલી છે, તે મૂક સત્સંગથી જ સિદ્ધ છે. — સત્સંગ ઔર સાધન

43. મૂક સત્સંગને માટે તો કોઈ ખાસ પરિસ્થિતિની અપેક્ષા જ નથી. તેથી સાધક ગમે તે પરિસ્થિતિમાં હોય, મૂક સત્સંગ સ્વાધીનતાપૂર્વક થઈ શકે છે. — સત્સંગ ઔર સાધન

44. યોગ્યતા, રુચિ તથા સામર્થ્યનો ભેદ હોવા છતાં પણ મૂક સત્સંગ સૌને માટે સમાન છે. મૂક સત્સંગ દ્વારા સઘળાં અસાધનોનો નાશ થઈ શકે છે અને યોગ્યતા, રુચિ તથા સામર્થ્યને અનુરૂપ વ્યક્તિગત સાધનની અભિવ્યક્તિ પણ થઈ શકે છે. — સત્સંગ ઔર સાધન

45. મૂક સત્સંગ અભ્યાસ નથી, બલકે જીવનનું સહજ, સ્વાભાવિક તેમ જ અવિભાજ્ય અંગ છે. તેનો કોઈ પણ સાધક ત્યાગ નથી કરી શકતો; પરંતુ તેને સત્સંગનું રૂપ કોઈ વિરલો જ આપવા પામે છે. — સત્સંગ ઔર સાધન

46. ભીતર-બહારથી એકલા રહેવાનો સ્વભાવ બનાવો. આમ કરવાથી તેને તે (આનંદ) મળી જશે, જે તમારા વિના નથી રહી શકતો અથવા એમ કહો 'જે તમારી આવશ્યકતા છે'. — સંત-સમાગમ 2

47. મૂક સત્સંગ અભ્યાસ નથી, બલકે ચિર-વિશ્રામ છે, જેની માગ સ્વભાવથી જ દરેક સાધકને છે. — સાધન-તત્ત્વ

48. ભૌતિકવાદની દૃષ્ટિથી ‘કર્તવ્યપરાયણતા’નું, અધ્યાત્મવાદની દૃષ્ટિથી વિવેકપૂર્વક ‘અસંગતા’નું અને આસ્તિકવાદની દૃષ્ટિથી ‘સમર્પણ’નું પરિણામ મૂક સત્સંગ છે. કર્તવ્યપરાયણતા, અસંગતા અને સમર્પણથી મૂક સત્સંગ આપમેળે થઈ જાય છે.— સાધન-તત્ત્વ

49. મૂક સત્સંગ વિના અહમ્ ભાવનો અંત થઈ જ શકતો નથી. તેથી દરેક સાધકે સર્વ કંઈ કરવા છતાં પણ મૂક સત્સંગને અપનાવી લેવો અનિવાર્ય છે; કેમ કે તેને અપનાવ્યા વિના અચાહ, અપ્રયત્ન તેમજ અભિન્નતા શક્ય નથી. — સાધન-તત્ત્વ

50. જ્યારે તમારી સુષુપ્તિ જાગૃતિમાં બદલાય તો તે સમયે પથારીમાં તે દશામાં, જે રીતે તમને સુખ મળે, થોડી વારને માટે જાગ્રત અવસ્થામાં જ સુષુપ્તિવત્ વિશ્રામ કરો. તેનું પરિણામ એ થશે કે જો તમને બે-ત્રણ મિનિટની વિશ્રામ કરવાની આદત થઈ જશે તો તમારું ધ્યાન આપમેળે થઈ જશે, પોતાની જાતે થઈ જશે. દસ-બાર મિનિટમાં ધારણા થઈ જશે; અડધા કલાકમાં સમાધિ થઈ જશે. — સંતવાણી 4

51. આપણે થોડી વાર માટે બે, ચાર કે દસ મિનિટ (આનાથી વધારે નહિ) કોઈ કામ કર્યા વિના એકલા રહેવાનો સ્વભાવ બનાવો. એ કોશિશ કરવી કે દસ મિનિટ સુધી આપણે કોઈ કામ નહિ કરીશું, એકલા રહીશું, સામાન વિના, સાથી વિના રહીશું, શરીર પણ નહિ. આપણને જે ઘણાંય સાથી દેખાય છે, ઘણોય સામાન દેખાય છે, તેના વિના રહીશું. આનો અર્થ એ નથી કે આપણે સાથીઓને નારાજ કરી દઈએ કે સામાન બરબાદ કરી દઈએ. આવો મારો હેતુ નથી. પરંતુ થોડી વારને માટે એવો અનુભવ કરીએ કે માની લો, આપણી પાસે આપણું શરીર પણ રહેશે નહિ, ત્યારે આપણે હોઈશું કે નહિ ? આવો પ્રશ્ન પોતાની સામે રાખીએ. — સંતવાણી 6

# મૃત્યુ

1. જ્યાં સુધી જીવવાની આશા છે, ત્યાં સુધી મરવાનો ભય દૂર થઈ શકતો નથી; અને કરવા લાયક કામ બાકી રહેવાથી જીવવાની આશા મટતી નથી. — સંત-ઉદ્‌બોધન
2. મૃત્યુના જેવી બીજી કોઈ હિતકર વસ્તુ નથી. તેના આવવાથી જ આસ્તિક પ્રાણી પોતાના ઈષ્ટલોક અથવા વિદેહ-મુક્તિને પામે છે. જે માનવનું પરમ લક્ષ છે. — સંત પત્રાવલી 2
3. મોહવશ મરેલા મનુષ્યને યાદ કરી દુઃખી થવાથી મરેલાના સૂક્ષ્મશરીરને દુઃખ વધારે થાય છે; કેમ કે જ્યાં સુધી સંબંધ બાકી રહે છે, ત્યાં સુધી તેને બીજી યોનિ ધારણ કરવામાં વિલંબ થાય છે. જો સદ્‌ભાવથી, પ્રસન્નતાપૂર્વક મરેલા મનુષ્યથી સંબંધ-વિચ્છેદ કરી દેવામાં આવે તો પછી તે પોતાનાં કર્મોના અનુસાર જલદી, સહેલાઈથી બીજી યોનિ ધારણ કરી લે છે. ....... જ્યારે જ્યારે મોહના આવેશના કારણે તેની યાદ થાય, ત્યારે ત્યારે હૃદયમાં ભાવના કરો કે તમારે અમારી સાથે કોઈ સંબંધ નથી. —સંત પત્રાવલી 1
4. સંયોગમાં જ વિયોગનો, જીવનમાં જ મૃત્યુનું દર્શન કરવાથી તે દિવ્ય જીવનથી અભિન્નતા થાય છે, જે જીવન કોઈને માટે પણ દુઃખકર નથી થતું, પરંતુ બધાને માટે હિતકર જ થાય છે. — સંત પત્રાવલી 2
5. કામનાઓ અંત થઈ ગયા પછી મૃત્યુ થાય તો તેને ‘કાળ મૃત્યુ’ સમજવું જોઈએ. કામનાઓના રહેતાં પ્રાણોનો અંત થવો ‘અકાળ મૃત્યુ’ છે. તે ભલે ગમે તે રીતે થાય, ગમે તેટલી ઉંમરમાં થાય. — સંત પત્રાવલી 2
6. મરેલા પ્રાણીની સર્વોત્કૃષ્ટ સેવા એ જ છે કે તેમની સાથે પ્રયત્નપૂર્વક સંબંધ-વિચ્છેદ કરી લેવામાં આવે અને જ્યારે જ્યારે તેમની યાદ

આવે, ત્યારે ત્યારે પ્રાર્થના કરવામાં આવે. તેમના નિમિત્તે યથાશક્તિ પોતાના વિશ્વાસ મુજબ પુણ્યકર્મ વગેરે પણ કરી શકાય છે, પરંતુ તેમને પોતાના માનવા, તેમનું ચિંતન કરવું પોતાના અને તેમના માટે અહિતકર જ સિદ્ધ થાય છે. — સંત પત્રાવલી 2

7. વર્તમાન જીવન શું છે ? જીવનશક્તિ, પ્રાણ અને ઇચ્છાઓનો સમૂહ છે. મૃત્યુ શું છે ? પ્રાણશક્તિ ખર્ચાઈ જવી અને ઇચ્છાઓનું બાકી રહી જવું. ........ જીવનમાં જ મૃત્યુનો અનુભવ કરવાને માટે સાધકે પ્રાણના રહેતાં જ ઇચ્છાઓનો અંત કરવો પડશે. જીવનમાં જ મૃત્યુનો અનુભવ કર્યા વિના કોઈ પણ યોગી, વિવેકી અને પ્રેમી નથી બની શકતો. — જીવન-દર્શન

8. સૌથી મોટી નિર્બળતા જીવનમાં ક્યારે આવે છે ? જ્યારે માનવ પ્રસન્નતાપૂર્વક મૃત્યુને નથી અપનાવતો. પરંતુ સબળના અત્યાચારને સ્વીકાર કરી જીવવા ચાહે છે. આ નિર્બળતાએ જ સબળના બળનો દુરુપયોગ કરવાની પ્રવૃત્તિને પોષી છે. — સાધન-નિધિ

9. મૃતકની સાથે સૌથી મોટું કર્તવ્ય એ જ છે કે તેનાથી આપણે પોતાનો સંબંધ તોડી દેવો જોઈએ અને હૃદયથી સદ્‌ભાવપૂર્વક મૂક પ્રાર્થના કરવી જોઈએ કે તે પ્રાણીનું કલ્યાણ થાય. ...... જો તમે તેની સાથે સંબંધ રાખશો તો તેને યોનિ ધારણ કરવામાં વિલંબ થશે. — સંત-સમાગમ 1

10. જે કામનાઓ બાકી રહી જાય છે, તેમની પૂર્તિ માટે મૃત્યુ એક અવસ્થા છે, બીજી કોઈ વસ્તુ નથી. — સંત-સમાગમ 1

11. જેવી રીતે થાકેલા પ્રાણીને થાક દૂર કરવા માટે ઊંઘ જરૂરી છે, એવી રીતે ઇચ્છાઓ બાકી રહી જતાં પ્રાણીને જીવનને માટે મૃત્યુ જરૂરી છે. — સંત-સમાગમ 1

12. ઊંડાણથી જુઓ, જેને તમે મૃત્યુ કહો છો, તે તો નવીન જીવનને ઉત્પન્ન કરવાને માટે એક ખાસ અવસ્થા છે. — સંત-સમાગમ 1

13. મરવાથી ડરો નહિ અને કંઈ ચાહો નહિ તો મરવાથી પહેલાં અમર જીવન મળશે, આમાં શંકા નથી. — સંતવાણી (પ્રશ્નોત્તર)

14. જો જન્મની સાથે મૃત્યુ, સંયોગની સાથે વિયોગ, ઉત્પત્તિની સાથે વિનાશ અને પ્રવૃત્તિની સાથે અસમર્થતા ન હોત તો ન જાણે કેટલીય ભયંકર દુર્દશા માનવ-સમાજની થઈ જાત. — મંગળમય વિધાન

15. એક મૃત્યુ જ બીજા નવા જીવનનું કારણ બને છે. જો સંસારમાં કોઈ ન મરે તો જનસંખ્યા એટલી વધી જાય કે રહેવાને માટે પૃથ્વી પર કોઈ જગા જ ન મળે અને એટલું દુઃખ વધી જાય કે કોઈ જીવવું પસંદ ન કરે. તેથી મૃત્યુની પણ આવશ્યકતા છે અને તે ઘણી મહત્ત્વની ચીજ છે. એક શરીરનો નાશ થઈ બીજું નવું શરીર મળે છે. તેથી મૃત્યુ જ નવું જીવન પ્રદાન કરે છે. આ સમજવાવાળો બુદ્ધિમાન મનુષ્ય કદી મૃત્યુથી ડરતો નથી; બલકે તેનું સ્વાગત કરે છે. — સંત-સૌરભ

16. જ્યાં સુધી અમારા વિશ્વાસની વાત છે, તે એ છે કે મરવામાં કોઈ કષ્ટ નથી થતું. કષ્ટ જે થાય છે, તે એ વાતનું થાય છે કે આપણે જીવવા ચાહીએ છીએ અને મરવું પડે છે. ....... જો આપણે જીવવા ન ઇચ્છીએ તો મરવામાં કોઈ કષ્ટ નથી. — સંતવાણી 3

❊ ❊ ❊

**જ્યાં સુધી શ્રમનો ઉપયોગ શરીરના પોષણ અને સજાવવામાં તથા સિક્કાઓના સંગ્રહમાં જ કરવામાં આવશે, ત્યાં સુધી દરિદ્રતા નષ્ટ થશે નહિ. શ્રમનો ઉપયોગ સમાજને માટે ઉપયોગી વસ્તુઓના ઉત્પાદનમાં જ છે.**

# યોગ

1. યોગ ક્યારે થાય છે ? કે જ્યારે તમારો શરીરથી સંબંધ નથી રહેતો. — સંતવાણી 5
2. રાગરહિત થતાં જ બધાને યોગ મળી જશે. — સંતવાણી 4
3. યોગની આ પરિભાષા પર ધ્યાન આપો કે સંસારનો પોતાના માટે ઉપયોગ કરવો ભોગ, સંસારની સેવામાં શરીરને લગાડી દેવું યોગ. પરમાત્માને પોતાના માનવા યોગ, પરમાત્માથી કંઈ માંગવું ભોગ. — સંતવાણી 7
4. યોગ પોતાના માટે અને કર્તવ્ય 'બીજા'ને માટે હોય છે. યોગની પ્રાપ્તિને માટે કોઈ કર્મ-સામગ્રી અપેક્ષિત નથી, માત્ર કરવાના રાગની નિવૃત્તિ માત્રથી જ યોગના સામ્રાજ્યમાં પ્રવેશ થાય છે અર્થાત્ યોગ-પ્રાપ્તિમાં શ્રમ અપેક્ષિત નથી. આ કારણે યોગ પોતાના માટે અને કર્તવ્ય 'પર'ને માટે વિકાસનું મૂળ છે. — માનવ-દર્શન
5. યોગની અભિવ્યક્તિ માટે કોઈ જાતની પ્રવૃત્તિ અપેક્ષિત નથી, પરંતુ મૂક સત્સંગ જ અપેક્ષિત છે. — મૂક સત્સંગ
6. રાગ-રહિત ભૂમિમાં જ 'યોગ' રૂપી વૃક્ષનો પ્રાદુર્ભાવ થાય છે, જે કલ્પતરુના જેવું છે અર્થાત્ તેમાં સઘળો વિકાસ થાય છે. એટલું જ નહિ, 'યોગ'રૂપી વૃક્ષ પર જ તત્ત્વજ્ઞાન રૂપી ફળ લાગે છે, જે 'પ્રેમ'રસથી પરિપૂર્ણ છે. — દુઃખકા પ્રભાવ
7. ભોગની રુચિ રહેતાં યોગની ઉપલબ્ધિ શક્ય નથી. — ચિત્તશુદ્ધિ
8. ભોગનો અત્યંત અભાવ થઈ જવો જ વાસ્તવમાં યોગ છે. — સંત-સમાગમ 1
9. યોગથી શક્તિ સંચય થાય છે, તત્ત્વ-સાક્ષાત્કાર નહિ. — સંત-સમાગમ 1

10. જે સંયોગમાં જ વિયોગનો અનુભવ કરી લે છે, તેનો નિત્યયોગ અવશ્ય થઈ જાય છે. — સંત-સમાગમ 1

11. ભોગ તરફ જવામાં સદ્‌ભાવ ક્રિયામાં વિલીન થઈ જાય છે અને યોગની તરફ જવામાં ક્રિયા ભાવમાં વિલીન થઈ પરમતત્ત્વથી અભિન્ન થઈ જાય છે. — સંત-સમાગમ 2

12. યોગથી શક્તિ સંચિત થાય છે પણ શાંતિ નહિ. સ્વાભાવિક પૂર્ણ અસંગ થઈ જતાં નિજ-સ્વરૂપનો સ્વયં બોધ થઈ જાય છે. બોધ થવાથી પરમ શાંતિ આપમેળે આવી જાય છે. ..... યોગ વિના શક્તિ મળતી નથી અને યથાર્થ બોધ વિના શાંતિ આવતી નથી. — સંત-સમાગમ 2

13. ભોગ-બુદ્ધિનો અંત થતાં જ યોગ પ્રયત્ન વિના જ થઈ જાય છે. — સંત-સમાગમ 2

14. નિષ્કામતાની અભિવ્યક્તિ થતાં જ ભોગ આપમેળે 'યોગ'માં વિલીન થઈ જાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

15. પરાશ્રય અને પરિશ્રમથી રહિત તથા હરિ-આશ્રય અને વિશ્રામના દ્વારા જે જીવન છે, તે જીવન જેને પસંદ છે, તે યોગી છે. યોગનો ઉપાય શું છે ? હરિ-આશ્રય અને વિશ્રામ. — સંતવાણી 3

16. યોગ તો શરીર-વિજ્ઞાન અને મનોવિજ્ઞાન– આ બન્નેથી પર છે. — સંતવાણી 2

* * *

**સંયમ તથા સદાચાર વિના શ્રમ ઉપયોગી સિદ્ધ થતો નથી. આ દૃષ્ટિથી શ્રમના આદિ અને અંતમાં સંયમની અત્યંત આવશ્યકતા છે. સદાચાર સંયમનું જ ક્રિયાત્મક રૂપ છે અને સદાચારયુક્ત પ્રવૃત્તિ જ સમાજની સેવા છે. સમાજસેવાની ભાવના જેમ જેમ સબળ તથા સ્થાયી થતી જાય છે, તેમ તેમ સુખભોગની રુચિ નષ્ટ થતી જાય છે. સુખભોગની રુચિનો સંપૂર્ણ નાશ થતાં જ દુઃખનો ભય તથા સુખનું પ્રલોભન રહેતું નથી. સુખનું પ્રલોભન ન રહેતાં સુખી અને દુઃખીમાં એકતા થઈ જાય છે અને પછી દરિદ્રતાની ગંધ પણ નથી રહેતી.**

# રાગ-દ્વેષ

1. તમારી એક પોતાની મોટાઈ છે. તમારું એક પોતાનું મહત્ત્વ છે. તમારી એક પોતાની સુંદરતા છે અને તે સુંદરતા રાગ-દ્વેષ રહિત થયા વિના પ્રાપ્ત નથી થતી. — સંતવાણી 4
2. સંસારની મોટામાં મોટી વાસના આપણને ત્યાં સુધી પોતાની તરફ આકર્ષિત કરે છે, જ્યાં સુધી, આપણા મનમાં કોઈ જાતનો રાગ છે. — માનવકી માંગ
3. રાગ વિના દ્વેષ પેદા જ થતો નથી. તેથી એ સ્પષ્ટ થઈ જાય છે કે દ્વેષની નિવૃત્તિ માટે રાગની નિવૃત્તિ અનિવાર્ય છે. — માનવકી માંગ
4. સીમિત 'હું' અને સીમિત 'મારું' જ રાગ-દ્વેષનું મૂળ છે, જે વાસ્તવમાં અવિવેક છે. — માનવકી માંગ
5. કોઈની વાસ્તવિકતાનો બોધ ત્યારે જ શક્ય બનશે, જ્યારે તેના પ્રત્યે લગીરે રાગ તથા દ્વેષ ન હોય. — માનવ-દર્શન
6. રાગ અને દ્વેષ બન્નેય સંબંધ પુષ્ટ કરે છે. સંબંધ છોડ્યા વિના બોધ શક્ય નથી. — માનવ-દર્શન
7. જેના પ્રત્યે ભિન્નતા પ્રતીત થાય, એનો ત્યાગ કરવાનો છે, દ્વેષને નહિ. અને જેનામાં એકતા પ્રતીત થાય છે, તેની સેવા કરવાની છે, રાગ નહિ. — માનવ-દર્શન
8. દ્વેષનો નાશ કરવામાં પ્રેમની જરૂર છે અને રાગનો નાશ કરવા માટે બોધની જરૂર સ્વતઃસિદ્ધ છે. — માનવ-દર્શન
9. રાગ તથા દ્વેષ જ્યાં સુધી શેષ છે, ત્યાં સુધી કોઈ વસ્તુને યથાર્થ સમજવી તથા જાણી શકવી મુશ્કેલ છે. — સંત પત્રાવલી 1

10. રાગ અને દ્વેષની નિવૃત્તિ માટે શરીરભાવનો અત્યંત અભાવ કરવો પડશે. જ્યાં સુધી આ સ્વાભાવિક ન થઈ જાય કે હું શરીર કોઈ પણ કાળમાં નથી, ત્યાં સુધી રાગ અને દ્વેષ કદાપિ દૂર થઈ શકતા નથી. — સંત પત્રાવલી 1
11. રાગ એક એવું મધુર વિષ છે, જે સદા મૃત્યુ તરફ જ દોરે છે અર્થાત્ રાગ છોડ્યા વિના આપણે અમર નથી થઈ શકતા અને ન બંધનમુક્ત પણ થઈ શકીએ છીએ; કેમ કે રાગ ત્યાગના સામર્થ્યનું અપહરણ કરી લે છે અને ત્યાગ વિના કર્તવ્યપાલન શક્ય જ નથી. — જીવન-દર્શન
12. દ્વેષનો મહિમા એ છે કે ગુણનું દર્શન થવા દેતો નથી. આ નિયમ છે કે કોઈનો દ્વેષ કોઈનો રાગ બની જાય છે. જે રીતે દ્વેષ ગુણનું દર્શન નથી થવા દેતો, એ રીતે રાગ દોષનું દર્શન થવા દેતો નથી. — દર્શન ઔર નીતિ
13. રાગ 'ત્યાગ'થી અને દ્વેષ 'પ્રેમ'થી નષ્ટ થાય છે. ત્યાગ વિવેકમાં અને પ્રેમ આત્મીયતામાં રહે છે. — દર્શન ઔર નીતિ
14. સ્વપ્નની ઘટના સ્વપ્નકાળમાં જાગ્રતના જેવી જ સત્ય છે અને જાગ્રતમાં ભૂતકાળની ઘટનાઓ વર્તમાનમાં સ્વપ્ન જેવી જ મિથ્યા છે. આ દૃષ્ટિથી સ્વપ્ન અને જાગ્રતની ઘટનાઓ સરખો જ અર્થ ધરાવે છે; પરંતુ પ્રાણી જાગ્રતની ઘટનાને સત્ય માનીને તેના રાગ-દ્વેષમાં આબદ્ધ થઈ ચિત્તને અશુદ્ધ કરી લે છે.— ચિત્તશુદ્ધિ
15. રાગરહિત થવામાં જ યોગીમાં યોગ, જિજ્ઞાસુમાં તત્ત્વજ્ઞાન અને પ્રેમીમાં પ્રેમની અભિવ્યક્તિ રહેલી છે અથવા એમ કહો કે સમસ્ત વિકાસ રાગરહિત થવામાં જ છે; કેમ કે રાગરહિત થયા વિના ન તો ચિત્તનો નિરોધ પણ થઈ શકે છે કે ન દેહાભિમાન પણ ગળી શકે છે અને ન સમર્પિત થવાનું સામર્થ્ય પણ આવે છે. —ચિત્તશુદ્ધિ
16. જો રાગ તથા દ્વેષ ન કર્યા હોત તો ત્યાગ તથા પ્રેમ ન કરવા પડત. — સંત-સમાગમ 1
17. રાગ ત્યાગથી અને દ્વેષ પ્રેમથી દૂર થાય છે. — સંત-સમાગમ 1
18. જો જગતના વાસ્તવિક સ્વરૂપને જાણવા ચાહો છો તો રાગનો અંત કરી દો; કેમ કે રાગ થવાથી યથાર્થ દૃષ્ટિ ઉત્પન્ન થતી નથી. — સંત-સમાગમ 1

19. જોનારમાં જ્યાં સુધી જોવાની અભિલાષા છે, ત્યાં સુધી જોવાનો રાગ (આસક્તિ) છે, પછી દશ્ય-સત્તા સત હોય અથવા અસત. અસત સિનેમાની આસક્તિ પણ બંધન છે. — સંત-સમાગમ 1

20. માત્ર અસતના જ્ઞાનથી રાગરહિત થવાતું નથી, બલકે પોતાનાથી ભિન્ન કોઈની પણ આવશ્યકતા ન હોય, આને રાગરહિત નિષ્ઠા કહે છે. કોઈ બીજાની આવશ્યકતાનું હોવું રાગ છે.

— સંત-સમાગમ 1

21. રાગરૂપી ભૂમિમાં જ ભોગરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે, જેના પર સુખ-દુઃખરૂપી અનેક ફળ લાગે છે. ..... રાગરહિત ભૂમિમાં જ યોગરૂપી વૃક્ષની અભિવ્યક્તિ થાય છે, જેના પર તત્ત્વજ્ઞાનરૂપી ફળ લાગે છે, જે પ્રેમરસથી પૂર્ણ છે. — સાધન-તત્ત્વ

22. દોષ માલૂમ પડવા છતાં પણ ત્યાગ ન કરવો 'રાગ' છે. ગુણ માલૂમ પડવા છતાં પણ ગ્રહણ ન કરવું 'દ્વેષ' છે. રાગ ત્યાગ નથી થવા દેતો અને દ્વેષ પ્રેમ નથી થવા દેતો. ત્યાગ અને પ્રેમથી જ રાગ-દ્વેષ મટી જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

23. રાગની ભૂમિમાં જ સમસ્ત વિકારોની ઉત્પત્તિ થાય છે.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

24. રાગ-દ્વેષ રહિત થવાનો ઉપાય શું છે ? પોતાના સુખ-દુઃખનું કારણ કોઈ બીજાને ન માનવું. — સંતવાણી 4

25. જે માન્યતા તથા જે સિદ્ધાંત મનુષ્યને સ્નેહથી દૂર કરીને રાગ-દ્વેષમાં આબદ્ધ કરે છે, તે ભલે કેટલાય સુંદર કેમ ન હોય, તેમનાથી ચિત્ત શુદ્ધ થતું નથી. — સંત-સૌરભ

26. સુખની આશા કરતાં જ 'રાગ' ઉત્પન્ન થઈ જશે. પોતાનાં દુઃખોનું કારણ બીજાઓને માનતાં જ 'દ્વેષ' ઉત્પન્ન થઈ જશે. ....... દ્વેષ જ ભિન્નતાને પોષે છે, રાગ જ બધાને પરાધીન બનાવે છે.

— સંતવાણી

❊ ❊ ❊

# રાજનીતિ

1. વિધાન-ઘડનારાઓએ રાષ્ટ્રના સંચાલક કદી બનવું ન જોઈએ. તેઓ રાષ્ટ્રને વિધાનના રૂપમાં પ્રકાશ આપતા રહે. રાષ્ટ્રના બનાવેલા વિધાનથી અને વિધાન-ઘડનારાઓ દ્વારા રાષ્ટ્રનું સંચાલન થાય તો કદી પણ દેશમાં ખરેખરી એકતા સુરક્ષિત રહી શકતી નથી. તેથી રાષ્ટ્રના સંચાલક અને વિધાન-ઘડનારા— આ બન્નેનું અલગ-અલગ હોવું અનિવાર્ય છે. — દર્શન ઔર નીતિ
2. વિધાન-ઘડવાનો અધિકાર કોઈ રાષ્ટ્રને નથી, બલકે વીતરાગ પુરુષોને છે. રાષ્ટ્ર વિધાનનું પાલન કરાવવામાં પ્રયત્નશીલ થઈ શકે છે; પરંતુ વિધાન તેઓ જ બનાવી શકે છે, જેનું જીવન આદર્શ હોય. — દર્શન ઔર નીતિ
3. રાષ્ટ્રનું નિર્માણ સમાજના તેવા વ્યક્તિઓ દ્વારા થવું જોઈએ, જેમણે ક્રિયાત્મકરૂપથી જનસમાજની સેવા કરી છે અર્થાત્ સેવા કરનારાઓ દ્વારા જ રાષ્ટ્રનું નિર્માણ યથાયોગ્ય થઈ શકે છે, પરંતુ તેમણે પોતે રાષ્ટ્ર-સંચાલક બનવું જોઈએ નહિ. — દર્શન ઔર નીતિ
4. સાચો સેવક તે જ બની શકે છે, જેના જીવનમાં રાષ્ટ્રના સંચાલક બનવાનું પ્રલોભન નથી. સન્માનની ગુલામીએ અભિમાનને જન્મ આપીને સેવાભાવને નષ્ટ કરી નાંખ્યો છે. તેથી સેવક રાષ્ટ્રનો નિર્માતા બની શકે છે, પરંતુ રાષ્ટ્રનો સંચાલક નહિ. — દર્શન ઔર નીતિ
5. સેવક જનતાનો પ્રતિનિધિ તો સ્વાભાવિક જ બની જાય છે. તેનામાં ન તો પદની લાલચ હોય છે, ન પક્ષપાત, ન સ્વાર્થ; તેથી તે તેવી વ્યક્તિને પસંદ કરશે, જે ખરેખરો સાચો સેવક અને ઈમાનદાર હશે. — સંત-સમાગમ 2

6. જો પૂંજીપતિઓ ધર્મશૂન્ય રાજનૈતિક નેતાઓના અત્યાચારોથી બચવા ઈચ્છતા હોય તો તેમણે સંઘરેલી સંપત્તિ સ્વેચ્છાપૂર્વક બાલ-મંદિર, સેવા-શુશ્રૂષા કરનારો આશ્રમ બનાવવામાં વાપરી દેવી જોઈએ અર્થાત્ પોતાની સંપત્તિ સાચા સેવકોના હાથમાં આપી દેવી જોઈએ, નહિ તો સમાજ-સુધારના ગીત ગાઈને સામ્યવાદીઓ અને સમાજવાદીઓ ડાકુઓની જેમ છીનવી લેશે અથવા વિધાન બદલીને પૂંજીવાદને નષ્ટ કરી દેશે. જેમ કોંગ્રેસ સરકાર જમીનદારી પ્રથાને નષ્ટ કરી રહી છે. — સંત-સમાગમ 2
7. પાર્ટીનો પ્રતિનિધિ બનીને જે કાર્ય કરવામાં આવશે, તેનાથી ફક્ત પાર્ટી સુદૃઢ બનશે, વ્યક્તિનું નિર્માણ થશે નહિ. વ્યક્તિઓના નિર્માણ વિના સચ્ચાઈ, ઈમાનદારી અને નિષ્પક્ષતાનો પ્રાદુર્ભાવ થતો નથી અને નથી સ્વાર્થ-ભાવના મટતી. — સંત-સમાગમ 2
8. જે દેશના પૂંજીપતિઓ તથા વિદ્વાનો વિષયાસક્ત બની જાય છે, તે દેશનું શાસન બગડી જાય છે; કેમ કે શાસન કરનારી સંસ્થાનો જન્મ વિદ્વાનો તથા પૂંજીપતિઓના આધાર પર જ નિર્ભર છે. ....... તેથી પૂંજીપતિઓ તથા વિદ્વાનો આદર્શ હોય તો જ રાષ્ટ્રનું યથેષ્ટ નિર્માણ થઈ શકે છે. — સંત-સમાગમ 2
9. બાલ-મંદિર તથા શુશ્રૂષા-આશ્રમોની સેવા કરનારાઓ વિદ્વાનોના દ્વારા જ સરકારનું નિર્વાચન થવું જોઈએ. જે સહાયતા કરનારા વિદ્વાનોમાંથી અનાસક્ત પુરુષો હોય અર્થાત્ જેમનો મોહ નષ્ટ થઈ ગયો હોય, તેમને વિધાન બનાવવાનો અધિકાર હોવો જોઈએ. ....... રાષ્ટ્રનું કર્તવ્ય તો માત્ર વીતરાગ પુરુષો દ્વારા બનાવેલા વિધાનનું પાલન કરવાનું છે. — સંત-સમાગમ 2
10. ગણ્યા-ગાંઠ્યા વ્યક્તિઓ પ્રચાર દ્વારા જનતાને પોતાના પક્ષમાં લઈને જનતાને બહાને મનમાની કરે છે. અને ચુંટણીમાં સચ્ચાઈ હોતી નથી. ચૂંટાયેલા સદસ્ય કહેવાને માટે જ જનતાના પ્રતિનિધિ હોય છે, ખરેખરમાં જનતાના નથી હોતા. — સંત-સમાગમ 2
11. સેવા કરવાવાળાઓનું પસંદ કરેલું રાષ્ટ્ર હોય અને વીતરાગ પુરુષો દ્વારા બનાવેલું વિધાન હોય, ત્યારે જ સમાજમાં ન્યાય તથા શાંતિની સ્થાપના થઈ શકે છે. — સંત-સમાગમ 2
12. હિત અપરાધના નાશમાં છે, અપરાધીના નાશમાં નથી. અપરાધી નિરપરાધ બની જાય, આ સદ્ભાવના સ્વભાવથી જ પોતાનામાં

જ પોતાના પ્રત્યે થાય છે અથવા પેલા વીતરાગ તત્ત્વવિદ્ મહાપુરુષોમાં થાય છે, જેમના જીવનમાં સર્વાત્મભાવની અભિવ્યક્તિ થઈ ગઈ છે. આ કારણે વિધાન બનાવવાનો વાસ્તવિક અધિકાર વીતરાગ તત્ત્વવેત્તાઓનો છે, અન્યને નથી.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

13. રાણીના પેટથી નીકળેલો રાજા નાપસંદ છે તો જનતાના પેટથી નીકળેલો પ્રધાન ગરીબી નાબૂદ કરશે, એ તદ્દન ભ્રમાત્મક ધારણા છે. — સંતવાણી 8

14. આજકાલ એ જ તો સત્ય માની લીધું છે કે બહુમતી લોકો જે વાત કહે, એ વાત માની લેવામાં આવે, ભલે જૂઠી હોય. એવું માની લો કે સો બેવકૂફ હોય અને નવ્વાણું બુદ્ધિમાન હોય તો સો બેવકૂફ નવ્વાણું બુદ્ધિમાનોને હરાવી દે. આ નીતિ ખોટી છે કે નહિ ? — સંતવાણી 8

15. જો જનતા પોતે સચ્ચાઈને જાણવામાં સમર્થ હોત તો શાસકોની ચૂંટણીની જરૂરત જ શું હતી ? જનતા તો અબોધ બાળક જેવી હોય છે; જનતા દ્વારા ચૂંટણી થેવાથી તો સો મૂર્ખ નવ્વાણું ભલા માણસોને હરાવી શકે છે. આવી સરકાર કદી સત્યની શોધ કરનારી હોઈ શકતી નથી. — સંત-સમાગમ 2

16. જે રીતે પાગલનું સ્વસ્થ શરીર પણ કંઈ કામ નથી આવતું, એ જ દશા ધર્મશૂન્ય સામ્યવાદની થશે. — સંત-સમાગમ 2

17. સેવક શાસક નથી બની શકતો અને શાસક સેવા નથી કરી શકતો.

— સાધન-નિધિ

❊ ❊ ❊

**જેણે વ્યક્તિગત સુખને માટે જ શારીરિક તથા બૌદ્ધિક શ્રમનો ઉપયોગ કર્યો છે, તેણે વ્યક્તિ અને સમાજની એકતા ભંગ કરી છે, જે થતાં સર્વાત્મભાવ સુરક્ષિત રહ્યો નથી અને પ્રજા અભિમાન તથા દીનતામાં આબદ્ધ થઈ ગઈ. આ કારણે આર્થિક વિષમતા સુદૃઢ થઈ ગઈ. તેથી શારીરિક તથા બૌદ્ધિક શ્રમનો ઉપયોગ સમાજના હિતમાં જ કરવો અનિવાર્ય છે. ત્યારે જ આર્થિક સ્વતંત્રતા સુરક્ષિત રહી શકે છે.**

# રોગ

1. રોગ શરીરની વાસ્તવિકતા સમજાવવાને માટે આવે છે.
— સંત પત્રાવલી 1
2. રોગ પર એ જ વિજય મેળવી શકે છે, જે શરીરથી અસંગતાનો અનુભવ કરી લે છે. — સંત પત્રાવલી 1
3. જ્યારે વ્યક્તિ તપ નથી કરતી, ત્યારે તેને રોગના સ્વરૂપમાં તપ કરવું પડે છે. — સંત પત્રાવલી 1
4. પ્રાપ્તનો અનાદર અને અપ્રાપ્તનું ચિંતન, અપ્રાપ્તની રુચિ અને પ્રાપ્તથી અરુચિ— આ જ માનસિક રોગ છે. — સાધન-ત્રિવેણી
5. ખરેખર તો જીવનની આશા જ પરમ રોગ અને નિરાશા જ આરોગ્યતા છે. દેહભાવનો ત્યાગ જ સાચું ઔષધ છે. —સંત પત્રાવલી 2
6. રાગનો અંત કરવાને માટે જ રોગ ઉત્પન્ન થયો છે. રાગનો અંત કરીને રોગ આપમેળે નાશ થઈ જશે અને પછી બોલાવવા છતાં પણ નહિ આવશે. — સંત પત્રાવલી 2
7. રોગ પ્રાકૃતિક તપ છે. તેનાથી ડરો નહિ. રોગ ભોગની રુચિનો નાશ તથા દેહાભિમાન ગળાવવાને માટે આવે છે. આ દૃષ્ટિથી રોગ ઘણી જરૂરી વસ્તુ છે. — સંત પત્રાવલી 2
8. રોગ પણ પ્રાકૃતિક તપ છે, બીજું કંઈ નથી. રોગનું ખરેખરું મૂળ તો કોઈ ને કોઈ પ્રકારનો રાગ જ છે; કેમ કે રાગરહિત કરવાને માટે જ રોગના સ્વરૂપમાં પોતાના વહાલા પ્રભુ પ્રીતમનું જ મિલન થાય છે. આપણે પ્રમાદવશ તેમને ઓળખી શકતા નથી અને રોગથી ભયભીત થઈને તેનાથી છુટકારો મેળવવાને માટે આતુર તથા વ્યાકુળ બની જઈએ છીએ, જે ખરેખર તો દેહાભિમાનને બતાવે છે, બીજું કાંઈ નથી. — પાથેય
9. બધા જ રોગનું મૂળ એકમાત્ર રાગ છે. — પાથેય

10. ભોજનની રુચિએ બધાયને રોગી બનાવ્યા છે. જોકે ભોજન પરિવર્તનશીલ જીવનનું મુખ્ય અંગ છે; પરંતુ તેની રુચિ અનેક રોગ પણ પેદા કરે છે. અસંગતા સુરક્ષિત જળવાઈ રહે અને ભૂખ તથા ભોજનનું મિલન સહજભાવથી થતું રહે તો ઘણી જ સહેલાઈપૂર્વક ઘણાય રોગ મટી જાય છે. રોગ રાગનું પરિણામ છે, બીજું કાંઈ નથી— પછી ભલે વર્તમાનનો રાગ હોય કે ભૂતકાળનો. — પાથેય
11. દેહજનિત સુખની ગુલામીનો અંત કરવા માટે રોગના સ્વરૂપમાં તમારા જ પ્રીતમ આવ્યા છે. તેમનાથી ડરો નહિ, પરંતુ તેમનું આદરપૂર્વક સ્વાગત અને વિધિવત્ તેમની પૂજા કરો. રોગ ભોગના રાગનો અંત કરી પોતાની મેળે ચાલ્યો જશે. — પાથેય
12. સ્વરૂપથી તમે કોઈ પણ કાળમાં રોગી નથી થયા. માત્ર દેહની તદ્રુપતાથી જ તમને પોતાનામાં રોગ પ્રતીત થાય છે.— પાથેય
13. દેહાભિમાન ગળાવવાને માટે જ રોગ ભગવાન આવ્યા છે.— પાથેય
14. રોગ પ્રાકૃતિક તપ છે. રોગાવસ્થામાં શાંત તથા પ્રસન્ન રહેવું અનિવાર્ય છે. પ્રાણશક્તિ સબળ થવાથી દરેક રોગ આપમેળે નષ્ટ થઈ જાય છે. ચિત્તમાં પ્રસન્નતા તથા હૃદયમાં નિર્ભયતા રહેવાથી પ્રાણશક્તિ સબળ બની જાય છે. — પાથેય
15. મારા માનવા મુજબ કેટલાક રોગ અભિમાન વધી જવાથી પણ થાય છે. કોઈ સાધકને એવું છૂપું અભિમાન હોય છે કે જેની નિવૃત્તિ કરવાને માટે પણ રોગ આવે છે. એક સાધકે કોઈ પ્રત્યે ઘૃણાની ભાવના કરી અને તે તરત રોગી થઈ ગયો. તેના શિખવવાના અનેક ઢંગ છે. ભયથી પણ રોગ થઈ જાય છે. ભય અને અભિમાનનો નાશ થવાથી કેટલાક રોગ આપમેળે નાશ પામે છે. — પાથેય
16. જે સાધન-સામગ્રી છે, તેના દ્વારા સાધક કોઈ જાતનું સુખ-સંપાદન ન કરી શકે, આ જ કારણે તેઓ રોગના સ્વરૂપમાં પ્રગટ થાય છે. પરંતુ સાધક આ રહસ્ય જાણવા પામતો નથી કે મારા જ પ્રભુ રોગના વેશમાં આવ્યા છે. — પાથેય
17. શારીરિક બળનો આશ્રય તોડવાને માટે રોગ આવ્યો છે. તેમનાથી ડરો નહિ, પરંતુ તેનો સદુપયોગ કરો. રોગનો સદુપયોગ એટલે દેહની વાસ્તવિકતાનો અનુભવ કરી તેનાથી અસંગ થઈ જવાનું છે.— પાથેય

18. ચિત્તમાં પ્રસન્નતા, મનમાં નિર્વિકલ્પતા જેમજેમ સબળ તથા સ્થાયી થતી જશે, તેમતેમ આપમેળે આરોગ્યતા આવતી જશે, આમાં લગીરે શંકા નથી. — પાથેય
19. નિશ્ચિતતા તથા નિર્ભયતા આવવાથી પ્રાણશક્તિ સબળ થાય છે, જે રોગ મટાડવામાં સમર્થ છે. તેના માટે હરિ-આશ્રય તથા વિશ્રામ જ અચૂક ઉપાય છે. — પાથેય
20. દુઃખના ભયથી શક્તિનો હ્રાસ થાય છે તથા શારીરિક તથા માનસિક રોગો પેદા થાય છે. — દુઃખકા પ્રભાવ
21. શરીરનું પૂર્ણ સ્વસ્થ હોવું શરીરની પ્રકૃતિથી વિપરીત છે; કેમ કે જેવી રીતે દિવસ અને રાત બન્ને દ્વારા જ કાળની સુંદરતા હોય છે, તેવી જ રીતે રોગ અને આરોગ્ય બન્ને દ્વારા જ શરીરની વાસ્તવિકતા પ્રકાશિત થાય છે. — સંત-સમાગમ 1
22. જે રોગ ઔષધીથી મટતો નથી, તેનું કારણ અદશ્યની મલિનતા હોય છે. અદશ્યની મલિનતા શુભ કર્મ વગેરેથી દૂર થાય છે, ઔષધથી નહિ. — સંત-સમાગમ 1
23. રોગ-નિવૃત્તિનો એક સર્વોત્તમ ઉપાય એ પણ છે કે જો રોગી રોગી-ભાવનો સદ્ભાવ પોતાનામાંથી કાઢી નાખે તો પછી બિચારો (રોગ) નિર્જીવ થઈ જાય છે; કેમ કે 'હું'ની સત્તાથી બધી જ સત્તાઓ પ્રકાશિત થાય છે. ...... સદ્ભાવથી પ્રતીતિમાં સત્યતા આવી જાય છે, જે દુઃખનું મૂળ છે. — સંત-સમાગમ 1
24. રોગ એ જ છે કે 'હું રોગી છું'; ઔષધિ એ જ છે કે 'હું સદા આરોગ્ય છું; કેમ કે આરોગ્યતા સાથે જાતીય એકતા છે. ..... જો એકવાર પણ પોતાની પૂરી શક્તિથી એ અવાજ લગાવી દો કે 'હું આરોગ્ય છું' તો રોગ ભાગી જશે.' — સંત-સમાગમ 1
25. રોગનો ભય પરમ રોગ છે અને જો હૃદયમાં રોગનો ભય ન રહે તો બિચારો રોગ નિર્જીવ થઈ જાય છે. — સંત-સમાગમ 2
26. ક્યારેક-ક્યારેક જ્યારે પ્રાણી પ્રમાદવશ વિશ્વનાથની વસ્તુને પોતાની માનવા લાગે છે, ત્યારે તેની આસક્તિ મટાડવાને માટે 'રોગ ભગવાન' આવે છે. શરીર વિશ્વની વસ્તુ છે અને વિશ્વ વિશ્વનાથનું છે, તેને પોતાનું ન માનો. — સંત-સમાગમ 2

27. મનમાં સ્થિરતા, ચિત્તમાં પ્રસન્નતા અને હૃદયમાં નિર્ભયતા જેમ જેમ વધતી જશે, તેમ તેમ આરોગ્યતા આપમેળે આવતી જશે; કેમ કે મન તથા પ્રાણનો ઘનિષ્ઠ સંબંધ છે. તેથી મન સ્વસ્થ થવાથી શરીર પણ સ્વસ્થ બની જાય છે. — સંત-સમાગમ 2
28. ખરેખર તો શરીરની આસક્તિ જ પરમ રોગ છે. વિચારશીલ પોતાને શરીરથી અસંગ કરીને બધા રોગોથી મુક્ત રહે છે.
— સંત-સમાગમ 2
29. રોગ ભોગનો ત્યાગ કરાવવાને માટે આવે છે. આ દૃષ્ટિથી રોગ ભોગના કરતાં વધારે મહત્ત્વની વસ્તુ છે. — સંત-સમાગમ 2
30. જ્યારે વ્યક્તિ તપ નથી કરતી, ત્યારે તેને રોગના રૂપમાં તપ કરવું પડે છે. — સંત-સમાગમ 2
31. રોગથી શરીરની વાસ્તવિકતાનું જ્ઞાન થઈ જાય છે, જેનાથી ભોગ-વાસનાઓનો ત્યાગ કરવાની શક્તિ આવી જાય છે.
— સંત-સમાગમ 2
32. જ્યાં સુધી તમારું મન સ્થિર અને પ્રસન્ન નહિ થશે, ત્યાં સુધી રોગ પ્રતિકારક શક્તિ જાગ્રત થઈ શકતી નથી; કેમ કે મન ઠીક થવાથી જ પ્રાણશક્તિ સબળ થાય છે અને પ્રાણશક્તિના સબળ થવાથી જ રોગ પ્રતિકારની શક્તિ આવી શકે છે. — સંત-સમાગમ 2
33. રોગ શરીરનું અભિમાન મટાડવાને માટે આવે છે. જે દિવસે શરીરનું અભિમાન ગળી જશે, તે દિવસે રોગ બોલાવવા છતાં પણ નહિ આવશે; કેમ કે શરીર તમારું થઈને સ્વસ્થ નથી થઈ શકતું. તેથી રોગ દૂર કરવા માટે સૌથી સહેલો ઉપાય એ જ છે કે શરીરને પોતાનું ન માનો અને મૂક બનીને હૃદયથી પ્રેમાસ્પદને પોકારતા રહો. — સંત-સમાગમ 2
34. રોગથી 'અશુભ કર્મનાં ફળ'નો અંત થાય છે અને તપથી અશુભ કર્મનો અંત થાય છે. જેવી રીતે તપસ્વીને તપના અંતે શાંતિ મળે છે, એવી રીતે રોગીને રોગના અંતે શાંતિ મળે છે. —સંત-સમાગમ 2
35. જે ભોગી બને છે, તે રોગી જરૂર બને છે. આ નિયમ છે.
— સંતવાણી 5

# લક્ષ્ય (ઉદ્દેશ્ય)

1. લક્ષ્ય એ નથી બની શકતું, જેનો વિયોગ થાય અને લક્ષ્ય એ પણ નથી બની શકતું, જેની પ્રાપ્તિ ન થઈ શકે. આ દૃષ્ટિએ કોઈ પણ પરિસ્થિતિ લક્ષ્ય બની શકતી નથી; પરંતુ દરેક પરિસ્થિતિ લક્ષ્યપ્રાપ્તિનું સાધન બની શકે છે. — માનવકી માંગ
2. દર્શન તો અનેક છે પણ જીવન એક છે અર્થાત્ એક જ લક્ષ્યની પ્રાપ્તિને માટે અનેક દૃષ્ટિકોણ છે. લક્ષ્યની એકતાથી બધા દાર્શનિક એક છે; પરંતુ લક્ષ્યની પ્રાપ્તિને માટે સાધનરૂપ દર્શન ભિન્ન ભિન્ન છે. — માનવ-દર્શન
3. પોતાના લક્ષ્યનો નિર્ણય થવાથી જ પોતાના પથનું નિર્માણ થાય છે. — માનવ-દર્શન
4. પોતાનું લક્ષ્ય એ જ બની શકે છે, જેની ઉપલબ્ધિ પોતાના જ દ્વારા પોતાને થઈ શકે. — સાધન-નિધિ
5. દેહાદિ વસ્તુઓના આશ્રયથી જ લક્ષ્યની પ્રાપ્તિ થશે, આ જ મૂળ ભૂલ છે. — મૂક સત્સંગ
6. પોતાના લક્ષ્યથી નિરાશ થવા જેવી બીજી કોઈ ભૂલ નથી. — મૂક સત્સંગ
7. જીવનની તમામ ક્રિયાઓ એક જ લક્ષ્યને માટે થવી જોઈએ; કેમ કે એ જ સચ્ચાઈ છે. — સંત પત્રાવલી 1
8. લક્ષ્ય એક જ સાચું હોય છે. ક્રિયાઓમાં અનેકતા હોય છે, લક્ષ્યમાં નહિ. — સંત પત્રાવલી 1
9. જ્યારે સાધક પોતાના લક્ષ્યને મળેલ વસ્તુ, યોગ્યતા, સામર્થ્યના દ્વારા મેળવવા ચાહે છે, જે તેને વિશ્વ-સેવાને માટે મળેલ છે, ત્યારે લક્ષ્યથી દૂરતા, ભેદ, ભિન્નતા પ્રતીત થાય છે. —સાધન-નિધિ

10. સતત પરિવર્તન દ્વારા અનંત નિત્ય તરફ, ઉત્પત્તિ-વિનાશથી અમરત્વ તરફ તથા દુઃખથી આનંદ તરફ ગતિશીલ થવું જ આપણું લક્ષ્ય છે. તેથી તે લક્ષ્ય સુધી પહોંચવા માટે જે કંઈ કરી શકીએ છીએ, કરવાનું છે. — માનવકી માંગ
11. ભોગ-પ્રાપ્તિ વિવેકયુક્ત જીવનનો ઉદ્દેશ્ય નથી. વિવેકયુક્ત જીવનનો ઉદ્દેશ્ય તો માત્ર કામનાઓની નિવૃત્તિ, જિજ્ઞાસાની પૂર્તિ અને પ્રેમની પ્રાપ્તિ જ હોઈ શકે છે. — જીવન-દર્શન
12. ઉદ્દેશ્ય એ જ બની શકે છે, જેનો સંબંધ વર્તમાન જીવન સાથે હોય, જેની પૂર્તિ અનિવાર્ય હોય, જેની પૂર્તિમાં કોઈનું અહિત ન હોય અને તમામ પ્રવૃત્તિઓ તેના જ માટે હોય અર્થાત્ પૂરું જીવન એ એક લાલસાની પૂર્તિમાં જ જોડાઈ જાય. — જીવન-દર્શન
13. આવશ્યકતાના જ્ઞાનમાં જ ઉદ્દેશ્યનું જ્ઞાન વિદ્યમાન છે. — જીવન-દર્શન
14. ઉદ્દેશ તે જ બની શકે છે, જે અવિનાશી હોય; કેમ કે જેને મેળવીને કંઈ બીજું મેળવવાનું બાકી રહે છે, તે ઉદ્દેશ્ય નથી હોતો. — દર્શન ઔર નીતિ
15. દર્શન, સંપ્રદાય, મત તેમજ વાદ અલગ-અલગ પ્રકારના હોવા છતાં પણ માનવમાત્રનો ઉદ્દેશ એક જ છે. — દર્શન ઔર નીતિ
16. કોઈ કોઈ સાધક સાર્થક ચિંતન અને નિર્વિકલ્પ સ્થિતિને જ જીવનનું લક્ષ્ય માની બેસે છે. જોકે 'નિર્વિકલ્પ સ્થિતિ' ઘણી જ મહત્ત્વની વસ્તુ છે; પરંતુ તેમાં રમણ કરવું 'નિર્વિકલ્પ બોધ'માં બાધક છે. — સફલતાકી કુંજી
17. પ્રાકૃતિક નિયમ મુજબ વ્યક્તિનું લક્ષ્ય એ જ બની શકે છે, જેની પ્રાપ્તિ અનિવાર્ય છે, જેનો સંબંધ વર્તમાન જીવનથી છે અને જેમાં કોઈ પણ રીતે પરિવર્તન શક્ય નથી અર્થાત્ લક્ષ્ય સદા નિત્ય હોય છે અને પરિસ્થિતિ ભલે ગમે તેવી કેમ ન હોય, તેમાં સતત પરિવર્તન થતું રહે છે. આ દૃષ્ટિથી કોઈ પણ પરિસ્થિતિ કોઈનું પણ લક્ષ્ય બની શકતી નથી. — ચિત્તશુદ્ધિ
18. જેનું જે લક્ષ્ય છે, તેને તે શિખવી શકાતું નથી; કેમ કે જે વાત સ્વયં જાણવાની છે, તેને શીખવું-શિખવવું તેનાથી વિમુખ થવું તથા કરવું છે. — ચિત્તશુદ્ધિ

# વસ્તુ

1. વસ્તુ સંઘરાખોરથી ઘણી ગભરાય છે, ઘણી દુઃખી થાય છે. ....... તેનો દુરુપયોગ કરનારાથી બહુ ગભરાય છે, ઘણી ભયભીત થાય છે. ......... વસ્તુ પર જે પોતાની મમતાનો પથ્થર મૂકી દે છે, તેનાથી તો વસ્તુ પરેશાન થઈ જાય છે. — સંતવાણી 7
2. જો તમે વસ્તુઓનો સદુપયોગ કરો છો, જો તમારી વસ્તુઓમાં મમતા નથી, જો તમે વસ્તુઓનો સંગ્રહ નથી કરતા તો તમે સાચું માનો, તમારા જીવનમાંથી દરિદ્રતા સદાને માટે ચાલી જશે. — સંતવાણી 7
3. જો તમારા જીવનમાંથી વસ્તુ-વિશ્વાસ નીકળી જાય, વસ્તુ-સંબંધ નીકળી જાય અને વસ્તુનો દુરુપયોગ નીકળી જાય તો તમારી સેવામાં આવવા માટે વસ્તુ આતુર બનશે. — સંતવાણી 7
4. આપણે વસ્તુને પોતાની માનીને પોતાને પરાધીન અને વસ્તુનો વિનાશ, વસ્તુના વિકાસનો અવરોધ પેદા કરી દઈએ છીએ. — જીવન-પથ
5. કોઈ પણ વસ્તુ વ્યક્તિગત નથી. ........ તમામ શક્તિઓ, જે આપણી પાસે છે, તે સમષ્ટિ શક્તિઓનો જ એક ભાગ છે; અને સમષ્ટિ શક્તિ કોઈ વ્યક્તિની નથી. — સાધન-ત્રિવેણી
6. સમસ્ત સૃષ્ટિને વસ્તુના અર્થમાં જ લેવી જોઈએ; કેમ કે ઇન્દ્રિય-જ્ઞાનથી ભલેને વસ્તુઓ અલગ અલગ લાગતી હોય પણ બુદ્ધિના જ્ઞાનથી સમસ્ત વસ્તુઓ એક છે અને બુદ્ધિથી અતીતના જ્ઞાનમાં વસ્તુઓનો અભાવ છે. — સંત-ઉદ્‌બોધન
7. જો વસ્તુઓનું પોતાનું સ્વતંત્ર સૌંદર્ય હોત તો તેમનામાં ફેરફાર ન થાત. સતત પરિવર્તન એ સાબિત કરે છે કે ઉત્પન્ન થયેલી વસ્તુઓને કોઈથી સૌંદર્ય મળ્યું છે. — માનવ-દર્શન

8. પોતાના માટે કોઈ પણ વસ્તુ, યોગ્યતા, સામર્થ્યની અપેક્ષા નથી.
— સફલતાકી કુંજી

9. વસ્તુઓ તો આપણો ત્યાગ કરી જ રહી છે. જો આપણે પણ તેમનો ત્યાગ કરી દીધો તો તેઓ આપણો આદર કરશે. તેઓ ગભરાય છે, ઘણી દુઃખી થાય છે, સંગ્રહથી, દુરુપયોગ કરનારાઓથી અને તેનાથી, જે તેમના પર મમતાનો પથ્થર મૂકી દે છે. તેઓ પ્રસન્ન ક્યારે થાય છે ? તમે જ્યારે તેમના પર મમતા ન રાખો, ન તેમનો સંગ્રહ કરો અને ન દુરુપયોગ. તેમની પ્રસન્નતાની ઓળખાણ એ છે કે પછી તમારા માટે જરૂરી વસ્તુઓ પોતાની મેળે આવવા લાગે છે, જીવનથી દરિદ્રતા સદાને માટે દૂર થઈ જાય છે.
— સફલતાકી કુંજી

10. પ્રાકૃતિક નિયમ તો એવો છે કે જે વસ્તુ જેટલી વધારે ઉપયોગી છે, તેટલી જ સહેલાઈથી મળે છે. — દર્શન ઔર નીતિ

11. જ્યારે જીવનમાં વસ્તુથી વ્યક્તિનું મહત્ત્વ વધારે થઈ જાય છે; ત્યારે નિર્લોભતાની અભિવ્યક્તિ થાય છે. — દર્શન ઔર નીતિ

12. વસ્તુમય થઈ જનાર વ્યક્તિનું મહત્ત્વ નથી. વ્યક્તિનું મહત્ત્વ વિવેકશીલ થવામાં છે. — દર્શન ઔર નીતિ

13. ઉત્પન્ન થયેલી દરેક વસ્તુ વિશ્વની જ સંપત્તિ છે.— દર્શન ઔર નીતિ

14. મળેલી વસ્તુઓને વ્યક્તિગત માની લેવી પોતાને વસ્તુઓની ગુલામી અર્થાત્ લોભમાં બાંધવું છે. લોભની ઉત્પત્તિ થતાં જ દરિદ્રતા પોતાની મેળે આવી જાય છે. — દર્શન ઔર નીતિ

15. પોતાનાથી વસ્તુઓને વધારે મહત્ત્વ આપવું એ દરિદ્રતાનું આવાહન કરવું છે. — દર્શન ઔર નીતિ

16. મળેલ વસ્તુઓની મમતાનો ત્યાગ, અપ્રાપ્ત વસ્તુઓની કામનાનો ત્યાગ તથા મળેલ વસ્તુઓનો સદુપયોગ કરવાથી પ્રાકૃતિક વિધાન મુજબ જરૂરી વસ્તુઓ પોતાની મેળે મળવા લાગે છે.
— દર્શન ઔર નીતિ

17. શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે બધું જ ‘વસ્તુઓ’ના અર્થમાં આવી જાય છે. એટલું જ નહિ, જેને આપણે સૃષ્ટિ કહીએ છીએ, તે પણ એક ‘વસ્તુ’ જ છે; કેમ કે સૃષ્ટિ પોતાને પોતાની જાતે પ્રકાશિત નથી કરતી. — ચિત્તશુદ્ધિ

18. દરેક વસ્તુ સમસ્ત સૃષ્ટિથી અભિન્ન છે. આ દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ પણ એક વસ્તુ જ છે. તો પછી કોને પોતાનું અને કોને પરાયું માનશો ? ક્યાં તો બધા પોતાના છે, ક્યાં તો કોઈ પણ વસ્તુ પોતાની નથી. — ચિત્તશુદ્ધિ

19. પ્રાકૃતિક વિધાનમાં વસ્તુઓની કમી નથી. કારણ કે દરેક વસ્તુ અનંત છે. એવું કોઈ બીજ નથી, જેમાં અનેક વૃક્ષ વિદ્યમાન ન હોય અર્થાત્ કોઈ ગણના જ નથી કરી શકતું કે દરેક દાણામાંથી કેટલા દાણા નીકળે છે. એટલું જ નથી, 'કંઈ નથી'થી જ 'સર્વ કંઈ' પેદા થાય છે. — ચિત્તશુદ્ધિ

20. વસ્તુઓના મહત્ત્વએ પ્રાણીઓને વસ્તુથી વંચિત કર્યા અને ચિન્મય જીવનથી વિમુખ કરી દીધા. — ચિત્તશુદ્ધિ

21. ચિંતનમાત્રથી કોઈ વસ્તુની પ્રાપ્તિ નથી થતી, બલકે તેમની આસક્તિ જ દૃઢ થાય છે; કેમ કે વસ્તુઓનું પેદા થવું કર્મ-સાપેક્ષ છે, ચિંતનજન્ય નથી. જે કર્મસાપેક્ષ છે, તેનું ચિંતન કરવું ચિત્તને અશુદ્ધ કરવું છે, બીજું કાંઈ નથી. — ચિત્તશુદ્ધિ

22. વસ્તુઓના સંબંધે યોગને ભોગમાં, જ્ઞાનને અવિવેકમાં અને પ્રેમને અનેક આસક્તિઓમાં બદલી દીધો છે. — ચિત્તશુદ્ધિ

23. વસ્તુઓની વિમુખતામાં જ અનંતની સન્મુખતા રહેલી છે. — ચિત્તશુદ્ધિ

24. વસ્તુઓમાં પોતાની સ્થાપના વસ્તુ સાથે 'અભેદભાવ'નો અને પોતાનામાં વસ્તુની સ્થાપના તેમનાથી 'ભેદભાવ'નો સંબંધ સ્થાપિત કરે છે. અભેદભાવનો સંબંધ સત્યતા અને ભેદભાવનો સંબંધ પ્રિયતા પેદા કરે છે. ...... વસ્તુઓના ભેદ-અભેદ સંબંધથી જ 'અહમ્' અને 'મમ' પેદા થઈ જાય છે, જે ચિત્તને અશુદ્ધ કરી દે છે. — ચિત્તશુદ્ધિ

25. ન તો અનંતને સંબંધ અપેક્ષિત છે અને ન વસ્તુઓ સંબંધ જોડવામાં સમર્થ છે. તો પછી તે કોણ છે કે જેણે વસ્તુઓ સાથે સંબંધ સ્વીકાર કર્યો છે ? આ સંબંધમાં એ જ કહેવું યુક્તિસંગત થશે કે જેનામાં સત્યની જિજ્ઞાસા છે અને વસ્તુઓની કામના છે, તેણે વસ્તુઓ સાથે સંબંધ સ્વીકાર કર્યો છે. — ચિત્તશુદ્ધિ

26. જો કે વસ્તુઓ કરતાં વ્યક્તિ વધારે મહત્ત્વની વસ્તુ છે, પરંતુ વાસ્તવિક દૃષ્ટિથી તો વ્યક્તિ પણ વસ્તુ જ છે. એટલું જ નહિ પોતાનો દેહ પણ એક વસ્તુ જ છે અને સમસ્ત સૃષ્ટિ પણ એક વસ્તુ જ છે. એવી કોઈ વસ્તુ છે જ નહિ જે ઉત્પત્તિ-વિનાશયુક્ત તથા પર-પ્રકાશ્ય ન હોય. — ચિત્તશુદ્ધિ
27. જે ઉત્પત્તિ-વિનાશયુક્ત છે, જેમાં સતત પરિવર્તન છે અને જે પર-પ્રકાશ્ય છે, તેને 'વસ્તુ' કહે છે. — ચિત્તશુદ્ધિ
28. વસ્તુઓના સંબંધે જ પ્રાણીઓમાં જડતા પેદા કરી દીધી અને તેમના દ્વારા સુખની આશાએ જ પરાધીન બનાવી દીધા. — ચિત્તશુદ્ધિ
29. આ બધાયની અનુભૂતિ છે કે ગાઢ નિદ્રાને માટે પ્રાણી પ્રિયમાં પ્રિય વસ્તુ અને વ્યક્તિનો ત્યાગ કરી દે છે. પ્રાણીનો એટલો ઘનિષ્ઠ સંબંધ કોઈ પણ વસ્તુ તથા વ્યક્તિ સાથે નથી, જેના માટે તે નિદ્રાનો ત્યાગ કરી શકે. પરંતુ નિદ્રાને માટે બધી જ વસ્તુઓ તેમ જ વ્યક્તિઓનો ત્યાગ કરે જ છે. આ દૃષ્ટિથી સમસ્ત વસ્તુઓનો સંબંધ જાગ્રત અને સ્વપ્ન અવસ્થા સુધી જ સીમિત છે. એટલે કે કોઈ પણ વસ્તુ અને વ્યક્તિ સાથે નિત્ય સંબંધ નથી. — ચિત્તશુદ્ધિ
30. વસ્તુઓની મમતા લોભને અને તેમનો દુરુપયોગ મોહને પેદા કરે છે. — ચિત્તશુદ્ધિ
31. સંસારની બધી જ વસ્તુઓથી બુદ્ધિદેવી શ્રેષ્ઠ છે, આમાં કંઈ પણ શંકા નથી; પરંતુ સત્ય સુધી જવામાં અસમર્થ છે, એ પરમ સત્ય છે. — સંત-સમાગમ 1
32. જેની ઉત્પત્તિ થાય, જેમાં પરિવર્તન થાય, જેનો વિનાશ થાય, તેને વસ્તુ કહે છે. આ દૃષ્ટિથી આ સકળ સંસાર એક વસ્તુ છે. — સંતવાણી 8
33. દરેક વસ્તુ પ્રભુની છે અથવા વ્યક્તિગત રૂપે કોઈની નથી. આ આ એક વિજ્ઞાન છે. — પાથેય
34. જે વસ્તુઓ આપણા વિના રહી શકે છે અથવા આપણને અપ્રાપ્ત છે, તેમની અપ્રાપ્તિમાં જ આપણો વિકાસ રહેલો છે. — જીવન-દર્શન

35. મળેલું પોતાના માટે ઉપયોગી નથી થતું; બલકે બીજાઓના માટે હોય છે. — માનવ-દર્શન

36. જે કોઈને જે કંઈ મળ્યું છે, તે કોઈકની દેણ છે. — મૂક સત્સંગ

37. કોઈ વસ્તુને નષ્ટ કરવાની વાત વિચારવી એ પણ તેના અસ્તિત્વનો સ્વીકાર કરવો છે અને તે વસ્તુ સાથે દ્વેષ કરવો છે, જે ખરેખર તો એક જાતનો સંબંધ છે. — માનવકી માંગ

38. વ્યક્તિગતરૂપે જેને જે મળેલ છે, તેની ઉપયોગિતા બીજાઓના પ્રત્યે છે અને બીજાઓને જે પ્રાપ્ત છે, તેની ઉપયોગિતા આપણા પ્રત્યે છે. — માનવ-દર્શન

39. બે વર્ગોની વચ્ચે, બે વ્યક્તિઓની વચ્ચે, બે દેશોની વચ્ચે તમે જોશો કે જે જેની પાસે છે, તે તેને કામ નથી આવતું. તે બીજાને કામ આવે છે અને બીજાની પાસે જે કંઈ છે, તે આપણને કામ આવે છે. — સંતવાણી 5

❊ ❊ ❊

**બાળક, રોગી, વૃદ્ધ અને પશુ— એમની સેવાની જવાબદારી માનવમાત્ર પર છે. એમની યથેષ્ટ સેવા કર્યા વિના ન તો દરિદ્રતાય નાશ પામશે અને ન સમાજ જરૂરી વસ્તુથી પરિપૂર્ણ થશે. તેથી સંઘરેલી સંપત્તિ રોગી, બાળક, વૃદ્ધ તથા પશુઓની જ છે.**

# વિવેક

1. બુદ્ધિ તો એક પ્રાકૃતિક યંત્રના જેવી છે અને વિવેક પ્રકૃતિથી પર અર્થાત્ અલૌકિક તત્ત્વ છે. — માનવકી માંગ
2. બુદ્ધિ પ્રકૃતિનું કાર્ય છે અને વિવેક પ્રકૃતિથી પરની અલૌકિક વિભૂતિ છે. — માનવકી માંગ
3. વિવેકનો આદર કરવામાં શું મુશ્કેલી છે ? મુશ્કેલી એ છે કે આપણે મન, ઈન્દ્રિયો વગેરેના વ્યાપારને જ જીવન માની લઈએ છીએ. — માનવકી માંગ
4. વિવેકના પ્રકાશને જ જ્યારે કોઈ ભાષા-વિશેષ કે લિપિ-વિશેષમાં બાંધી દઈએ છીએ, તો તે 'ગ્રંથ' કહેવાય છે અને જ્યારે તે વિવેકના પ્રકાશને કોઈના જીવનમાં જોઈએ છીએ તો તેને 'સંત' કહીએ છીએ. — માનવકી માંગ
5. વિવેક-વિરોધી વિશ્વાસ ત્યાજ્ય છે પણ વિશ્વાસને માટે એ જરૂરી નથી કે વિવેકનું સમર્થન હોય. પેદા થયેલી વસ્તુ, અવસ્થા વગેરેનો વિશ્વાસ વિવેક-વિરોધી છે. — માનવ-દર્શન
6. શા માટે કરી રહ્યા છીએ ? કયા ભાવથી કરી રહ્યા છીએ અને કેવી રીતે કરી રહ્યા છીએ ?— જો આ ત્રણે વાતો વિવેકના પ્રકાશથી પ્રકાશિત છે તો સમજવું જોઈએ કે આપણે કરવામાં સાવધાન છીએ. એ નિયમ છે કે જે કરવામાં સાવધાન છે, તેનો કદી હ્રાસ થશે નહિ, બલકે તેનો ઉત્તરોત્તર વિકાસ થશે. — પાથેય
7. વિવેક માનવની સજગતાપૂર્વક અધિકાર-ત્યાગની પ્રેરણા આપે છે. વિવેકથી જીવનમાં અધિકાર-લોલુપતાની ગંધ પણ રહેતી નથી. બીજાઓના અધિકારની રક્ષા કરવી ધર્મ છે અને અધિકાર-ત્યાગનું નામ વિવેક છે. — પાથેય
8. વિવેક કોઈ કર્મનું ફળ નથી; કેમ કે કર્મના અનુષ્ઠાન માટે પ્રથમ વિવેક, સામર્થ્ય અને પ્રાકૃતિક વસ્તુઓની જરૂરિયાત હોય છે.

આ દૃષ્ટિથી કર્મ વિવેકનું કાર્ય છે, કારણ નથી. તેથી વિવેક અલૌકિક તત્ત્વ છે, જે અનંતની અહૈતુકી કૃપાથી મળ્યો છે.

— જીવન-દર્શન

9. આપણને શિખવવામાં આવે છે કે વિવેક-વિરોધી કર્મ ન કરો. પરંતુ જો વિવેક-વિરોધી વિશ્વાસ કે સંબંધ રહેશે તો વિવેક-વિરોધી કર્મ જરૂર થશે. એટલા માટે સૌથી પહેલો વિવેક-વિરોધી સંબંધ અને વિશ્વાસનો નાશ જરૂરી છે. — સફલતાકી કુંજી
10. આજે આપણે વિવેક-વિરોધી સંબંધ નથી ત્યાગતા અને ગીતા ચાટી જઈએ છીએ પણ શું તેનાથી મોહનો નાશ થાય છે ? .... આનાથી સફળતા મળશે નહિ. તે તો મળશે વિવેક-વિરોધી સંબંધ તોડવાથી, જે એ જ ક્ષણે મોહનો નાશ કરી દેશે, અને જેના વિના સાધનનો આરંભ જ થઈ શકતો નથી, ભલે ગીતા વાંચે, ભલે સમાધિ લગાવે. — સફલતાકી કુંજી
11. એવું પણ નથી થઈ શકતું કે વિવેક-વિરોધી સંબંધનો ત્યાગ ધીરે ધીરે થાય. સંબંધના ટુકડા થતા નથી. સંબંધ જ્યારે તૂટે છે તો એક સાથે તૂટે છે. — સફલતાકી કુંજી
12. રાગરૂપી ભૂમિમાં જ વિવેક-વિરોધી કર્મનો જન્મ થાય છે આ નિયમ છે કે જેનો જન્મ થાય છે, તેનું મૃત્યુ આપમેળે થાય છે; પરંતુ જન્મનું બીજ રહી જતાં નાશ થવા છતાં પણ ઉત્પત્તિ થતી રહે છે. — દર્શન ઔર નીતિ
13. જે કંઈ બની રહ્યું છે, તે મંગળમય વિધાનથી બની રહ્યું છે અને જે કંઈ કરવાનું છે, તે વિવેકપૂર્વક કરવાનું છે. મંગળમય વિધાન અને વિવેક— આ બન્નેમાં જાતીય એકતા છે. નિજ-વિવેકના પ્રકાશમાં કરેલું કર્મ અનંતના મંગળમય વિધાનને અનુરૂપ જ હોય છે. — દર્શન ઔર નીતિ
14. વિવેક એ પ્રકાશ છે, જેમાં બુદ્ધિ-દૃષ્ટિ દ્વારા માનવ ઇન્દ્રિય-દૃષ્ટિ પર વિજય મેળવે છે. — દર્શન ઔર નીતિ
15. વિવેકનું મહત્ત્વ સત્ય તરફ અગ્રસર થવામાં છે, વિવાદમાં નહિ. વિવેક સાધન છે, સાધ્ય નથી. સાધનનું અનુસરણ સિદ્ધિદાતા છે; પરંતુ સાધનની મમતા સાધનના રૂપમાં અસાધન છે.

— દર્શન ઔર નીતિ

16. વિવેક-વિરોધી કર્મથી જ અકર્તવ્યનો, વિવેક-વિરોધી સંબંધથી જ દેહાભિમાનનો તેમ જ વિવેક-વિરોધી વિશ્વાસથી જ વસ્તુ,વ્યક્તિ વગેરેના વિશ્વાસનો જન્મ થયો છે. — દર્શન ઔર નીતિ
17. નિજ-વિવેકનો અનાદર અને ઈન્દ્રિયોના જ્ઞાનનો આદર જ સાધકને દેહથી અસંગ નથી થવા દેતો. ઈન્દ્રિયોના જ્ઞાનનો ઉપયોગ ભલેને હોય પણ આદર નિજ-વિવેકનો થવો જોઈએ. — ચિત્તશુદ્ધિ
18. કાર્ય કર્તાનું જ એક ચિત્ર છે, બીજું કાંઈ નથી. કર્તામાં શુદ્ધિ કાર્યની શરૂઆતના પહેલાં હોવી જોઈએ અર્થાત્ શુદ્ધ કર્તા દ્વારા જ શુદ્ધ કાર્ય સિદ્ધ થઈ શકે છે. કર્તામાં શુદ્ધતા ભાવની શુદ્ધિથી આવે છે અને ભાવમાં શુદ્ધિ નિજ-વિવેકના આદરમાં છે. — ચિત્તશુદ્ધિ
19. અવિવેક વિવેકનો અભાવ નથી, બલકે વિવેકનો અનાદર છે. — ચિત્તશુદ્ધિ
20. વિવેકના અનાદરથી જ કામ, કામના અને અકર્તવ્યનો જન્મ થાય છે. — ચિત્તશુદ્ધિ
21. વિવેકરૂપી વિધાનમાં કર્તવ્યવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને અધ્યાત્મ-વિજ્ઞાન વિદ્યમાન છે. જો પ્રાણી મળેલ વિવેકનો અનાદર ન કરે તો અકર્તવ્ય, ભોગ અને મિથ્યા અહંભાવની ઉત્પત્તિ જ થઈ શકતી નથી. વિવેકનો અનાદર જ શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેમાં અહંભાવ પેદા કરે છે, જેનાથી કર્તૃત્વ અને ભોક્તૃત્વ પેદા થાય છે અર્થાત્ મનુષ્ય પોતાને કર્તા અને ભોક્તા માની લે છે. — ચિત્તશુદ્ધિ
22. વિવેકનો સૂર્ય ઉદય થતાં જ આ જે કંઈ જોવામાં આવે છે, તેનાથી સંબંધ-વિચ્છેદ થઈ જાય છે અને પછી ભોગ 'યોગ'માં તથા અવિવેક 'બોધ'માં પરિવર્તિત થઈ જાય છે. — સંતવાણી 4
23. વિવેક-વિરોધી સંબંધ ધીરેધીરે તોડવામાં નથી આવતો. સંબંધના ટુકડા થયા કરતા નથી. સંબંધ જ્યારે તૂટે છે, ત્યારે એક સાથે તૂટે છે. — સંતવાણી 7

❊ ❊ ❊

# વિશ્વશાંતિ

1. પોતાનાથી સુખીને જોઈને એકદમ પ્રસન્ન થઈ જઈએ અને દુઃખીઓને જોઈને કરુણિત થઈ જઈએ. વિશ્વશાંતિનો આ મહામંત્ર છે. — સંતવાણી 4
2. સામર્થ્યનો સદુપયોગ વિશ્વશાંતિનો મૂળ મંત્ર છે. — પ્રેરણા પથ
3. વિશ્વશાંતિ ક્યારે થશે ? જ્યારે દરેક ભાઈમાં, દરેક બહેનમાં આ ભાન થઈ જાય કે હું પહેલાં માનવ છું, હિન્દુ, ઈસાઈ, મુસલમાન, પારસી, સામ્યવાદી, સમાજવાદી અને ન જાણે શું શું— પછી છું. હું બળનો દુરુપયોગ કરીશ નહિ; કેમ કે હું માનવ છું, ઈન્સાન છું. — સાધન-ત્રિવેણી
4. જો તમે એ ઈચ્છો છો કે વિશ્વશાંતિનો પ્રશ્ન ઉકલી જાય; કલ્પના ન રહે, સ્વપ્ન રહે; તો આપણે બધાએ આ વાતનું વ્રત લેવું પડશે કે અમે કોઈને બૂરા નહિ સમજીશું. — સાધન-ત્રિવેણી
5. જ્યાં સુધી તમે એટલી મહાનતાથી નહિ વિચારો કે ‘આ’ એક સંસાર છે— અને ‘તે’ એક પરમાત્મા છે, ત્યાં સુધી વિશ્વશાંતિનો પ્રશ્ન ઉકલી શકતો નથી. — સાધન-ત્રિવેણી
6. જો તમે સમજો છો કે ધર્મ બદલવાથી, વાદ બદલવાથી, પરિસ્થિતિ બદલવાથી વિશ્વશાંતિ થઈ જશે તો આ તદ્દન ભ્રમ છે; કેમ કે પરિસ્થિતિ ગમે તેવી પણ હોય, બધું અભાવયુક્ત છે. કોઈ પરિસ્થિતિ શાંતિદાયક નથી હોતી. પરિસ્થિતિનો સદુપયોગ જ શાંતિદાયક હોય છે. — સાધન-ત્રિવેણી
7. કર્તવ્યપરાયણતાથી વિશ્વશાંતિની સમસ્યા ઉકલી જાય છે. — સફલતાકી કુંજી
8. એક શરીરમાં પણ દરેક અંગની આકૃતિ તથા કર્મ અલગ-અલગ છે; તેમ છતાં પણ શરીરના દરેક અંગમાં પરસ્પર પ્રેમ અને એકતા છે. કર્મમાં ભિન્નતા હોવાથી પ્રેમનો ભેદ હોતો નથી.

આના મૂળમાં કારણ એ જ છે કે સમસ્ત શરીર એક છે. આ વાતમાં કોઈનો જ વિરોધ નથી. એવી રીતે જો વિશ્વની એકતામાં આસ્થા કરી લેવામાં આવે તો ભાષા, મત, કર્મ, વિચારધારા, પદ્ધતિ, આકૃતિ, રહેણી-કરણી વગેરેમાં અલગ-અલગ પ્રકારનો ભેદ હોવા છતાં પણ પ્રેમમાં એકતા સુરક્ષિત રહી શકે છે.

— દર્શન ઔર નીતિ

9. તત્ત્વવેત્તાઓ દ્વારા અથવા પરમ ભક્તો દ્વારા વિશ્વનું કલ્યાણ સ્વયં થાય છે. ફેર માત્ર એ જ હોય છે કે વિશ્વ તેમને નથી જાણવા પામતું કે તેઓ અમારું કલ્યાણ કરી રહ્યા છે, એટલે કે ભૌતિક દૃષ્ટિથી 'લીડર'ના રૂપમાં જોવામાં આવતા નથી. ...... સ્થૂળ શરીરના અભિમાનના કારણે સામાન્ય પ્રાણી સૂક્ષ્મ સેવાને જોવા પામતા નથી, આ તેમની દૃષ્ટિની કમી છે. — સંત-સમાગમ 1

10. શરીર વિશ્વની વસ્તુ છે, તેથી તેને પ્રસન્નતાપૂર્વક વિશ્વને આપી દેવું જોઈએ. આપણે જ્યારે વિશ્વની વસ્તુને કોઈ કાલ્પનિક સમાજ, રાષ્ટ્ર તેમજ સંપ્રદાયને આપી દઈએ છીએ, ત્યારે વિશ્વમાં ઘોર અશાંતિ પેદા થઈ જાય છે. આ અશાંતિનું મૂળ કારણ એ જ છે કે જે વિશ્વની વસ્તુ છે, તેને આપણે વિશ્વને નથી આપતા.

— સંત-સમાગમ 2

❊ ❊ ❊

**મળેલી વસ્તુઓની મમતાનો ત્યાગ, અપ્રાપ્ત વસ્તુઓની કામનાનો ત્યાગ તથા મળેલી વસ્તુઓનો સદુપયોગ કરવાથી પ્રાકૃતિક વિધાન મુજબ જરૂરી વસ્તુઓ આપમેળે મળવા લાગે છે. કારણ કે નિર્લોભતાયુક્ત ઉદારતા દરિદ્રતાને ખાઈ જાય છે.**

# વિશ્વાસ

1. 'આ' (સંસાર)નો જે વિશ્વાસ છે, તે વિવેક-વિરોધી વિશ્વાસ છે. પરંતુ 'છે'(પરમાત્મા)નો જે વિશ્વાસ છે, તે વિવેક-વિરોધી નથી.
— સંતવાણી 4
2. પ્રભુ-વિશ્વાસ કોઈ કામના માટે રાખશો તો તે સાધ્ય ન રહીને સાધન બની જશે. જ્યારે પરમાત્મા સાધ્ય ન રહીને સાધન બની જશે, ત્યારે પરમાત્મા દૂર થઈ જશે. — સંતવાણી 7
3. વિશ્વાસ કરવા લાયક એકમાત્ર સર્વસમર્થ પ્રભુ છે.—માનવકી માંગ
4. દેખેલમાં વિશ્વાસ અને ન દેખાયેલા પર વિચાર કરવો (અર્થાત્ સંસાર પર વિશ્વાસ અને ભગવાન પર વિચાર કરવો એ) વિશ્વાસ અને વિચારનો દુરુપયોગ છે. — માનવ-દર્શન
5. તમને જે વ્યક્તિ મળી છે, તે વિશ્વાસ કરવાને માટે નથી, સેવા કરવાને માટે મળી છે. તમને જે વસ્તુઓ મળી છે, સંગ્રહ કરવાને માટે અથવા વિશ્વાસ કરવાને માટે નથી, સદુપયોગ કરવાને માટે મળી છે. — માનવકી માંગ
6. તમે જોયેલામાં વિશ્વાસ કરશો તો દગો થશે. — સંતવાણી 5
7. જાણવાનો જન્મ શંકાથી અને વિશ્વાસની ઉત્પત્તિ નિઃશંકતાથી થાય છે અર્થાત્ શંકા જિજ્ઞાસા જાગ્રત કરે છે અને નિઃશંકતા વિશ્વાસ ઉત્પન્ન કરે છે. — માનવકી માંગ
8. જ્ઞાનથી વિશ્વની નિવૃત્તિ અને વિશ્વાસથી વિશ્વનાથની પ્રાપ્તિ થાય છે. — પાથેય
9. વિશ્વાસ તેમાં જ થઈ શકે છે, જેને સાધકે ઇન્દ્રિય દૃષ્ટિ તથા બુદ્ધિ-દૃષ્ટિથી જોયું નથી. — સત્સંગ ઔર સાધન
10. દેખેલમાં વિશ્વાસ કરવાથી તો સાધકના જીવનમાં અનેક વિકાર પેદા થયા છે. — સત્સંગ ઔર સાધન

11. જેની પ્રાપ્તિ કર્મ તથા વિવેકથી સિદ્ધ છે, તેમાં વિશ્વાસ કરવો ભૂલ છે. સાધકે વિશ્વાસ એકમાત્ર તેમનામાં જ કરવાનો છે, જેમને તે વિશ્વાસ સિવાય અન્ય કોઈ પ્રકારે પ્રાપ્ત કરી શકતો નથી. — સત્સંગ ઔર સાધન

12. મળેલને પોતાનું માની લેવું વિવેક-વિરોધી વિશ્વાસ છે. આ વિશ્વાસથી જ વિકારોની ઉત્પત્તિ થાય છે. — દુઃખકા પ્રભાવ

13. દેહ-વિશ્વાસ થતાં જ દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ વગેરે અનેક જાતના વિશ્વાસ આપમેળે પેદા થવા લાગે છે અને દેહ-વિશ્વાસનો અંત થતાં જ એ બધા આપોઆપ નષ્ટ થઈ જાય છે.— જીવન-દર્શન

14. એ નિયમ છે કે જેના પર વિશ્વાસ થઈ જાય છે, તેની સાથે નિત્ય-સંબંધ તથા આત્મીયતા આપમેળે થવા લાગે છે. — ચિત્તશુદ્ધિ

15. વસ્તુઓથી અતીત જે અનંત છે, તેનો વિશ્વાસ પ્રાણીને વસ્તુઓની ગુલામીથી મુક્ત જ નથી કરી દેતો, બલકે એ અનંતની સાથે સંબંધ જોડવામાં પણ સમર્થ હોય છે. — ચિત્તશુદ્ધિ

16. વિકલ્પરહિત વિશ્વાસ કોઈ વસ્તુ વગેરે પર થઈ શકતો નથી; કેમ કે જેના સંબંધમાં અધૂરી જાણકારી હોય છે, તેના સંબંધમાં શંકા થાય છે, વિશ્વાસ નહિ. — ચિત્તશુદ્ધિ

17. વિશ્વાસમાં સંબંધ જોડવાનું સામર્થ્ય આપમેળે છે. જેના પર વિશ્વાસ થાય છે, તેમાં મમતા થઈ જ જાય છે. એ નિયમ છે કે મમતા પ્રિયતાને જાગ્રત કરે છે. — ચિત્તશુદ્ધિ

18. વિશ્વાસ તેના પર નહિ કરવો જોઈએ, જેને ઇન્દ્રિય, મન, બુદ્ધિ દ્વારા જાણતા હોય. વિશ્વાસ તેના પર થવો જોઈએ, જે કદી કોઈ ઇન્દ્રિયોનો વિષય બન્યો નથી. — ચિત્તશુદ્ધિ

19. વિકલ્પરહિત વિશ્વાસ જોકે જ્ઞાન નથી, પરંતુ જીવનમાં તેનો પ્રભાવ જ્ઞાનના જેવો જ હોય છે. એ વિશ્વાસને જ તેનો (પરમાત્માનો) વિશ્વાસ કહીએ છીએ, જેના સંબંધમાં કોઈ કંઈ નથી જાણતા; પરંતુ તેની માગ જીવનમાં છે. — સાધન-તત્ત્વ

20. જેના સંબંધમાં કંઈ નથી જાણતા, તેની સાથે સંબંધ જોડવામાં પણ વિશ્વાસ જ કારણ છે અર્થાત્ આસ્તિકતાનું મૂળ વિશ્વાસ જ છે.

— સાધન-તત્ત્વ

21. ધર્મ અને વિવેક પણ ઈશ્વર-વિશ્વાસથી જ પુષ્ટ થાય છે અને સુરક્ષિત રહી શકે છે. દરેક પરિસ્થિતિમાં ઈશ્વર પરનો વિશ્વાસ જ કામ કરે છે. તેના બળ પર મનુષ્ય પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે છે. — સંત-સૌરભ

22. સાંસારિક વ્યક્તિઓનો વિશ્વાસ ઘણો ભયાનક સાબિત થયો છે. એમના પર વિશ્વાસ કરીને મનુષ્ય ધોખો ખાઈ જાય છે. વધુ શું, સાધકે તો પોતાના શરીર, મન, અને બુદ્ધિ પર પણ વિશ્વાસ નહિ કરવો જોઈએ. વિશ્વાસને લાયક એકમાત્ર ઈશ્વર જ છે.

— સંત-સૌરભ

23. જ્યાં સુધી મનુષ્ય સંસાર પર વિશ્વાસ કરે છે, તેને પોતાનો માનતો રહે છે, ત્યાં સુધી તે ભયથી ભરેલો છે. સંસારની બધી ચીજો ધોખો આપે છે. — સંત-સૌરભ

❊ ❊ ❊

**લોભથી જ દરિદ્રતાનો જન્મ થાય છે. અવ્યક્તથી જ સર્વ કંઈ પેદા થાય છે. 'તેનામાં' અભાવ નથી. તો પછી આવશ્યક વસ્તુઓનો અભાવ કેવો ? આ કારણે આ સ્વીકાર કરવું જ પડે છે કે જો માનવ ઉદારતાને અપનાવે તથા અકર્મણ્યતાનો ત્યાગ કરી નાખે તો આવશ્યક વસ્તુઓ પોતાની મેળે પ્રાકૃતિક વિધાનથી મળવા લાગશે. પરંતુ આ રહસ્ય તેઓ જ જાણવા પામે છે, જેમણે અનંતના મંગળમય વિધાનનું અધ્યયન કર્યું છે.**

# વિશ્રામ

1. વિશ્રામ મળે છે ત્રણ પ્રકારે— ક્યાં તો જાણેલના આદરથી, ક્યાં તો મળેલના સદુપયોગથી, ક્યાં તો અનંતની શરણાગતિથી.
— સંતવાણી 4
2. એ વિશ્રામમાં ભક્તના ભગવાન મોજૂદ છે, જિજ્ઞાસુનું તત્ત્વજ્ઞાન મોજૂદ છે અને યોગીનો યોગ મોજૂદ છે. ....... જે ચીજ બધાયને મળી શકે છે, તે વિશ્રામમાં છે, શ્રમમાં નથી. — સંતવાણી 6
3. નિર્વિકલ્પતા, સમતા, અસંગતા અને શરણાગતિ— આ ચાર સ્તંભ અમને લોકોને વિશ્રામના માલૂમ પડે છે. આ ચારે વિશ્રામના સામ્રાજ્યના પ્રવેશદ્વાર છે. — જીવન-પથ
4. ''આપણે પોતાને માટે આ કરીશું. આનાથી અમને કંઈ મળશે'', અમને જગત દ્વારા કંઈક મળશે, અમને પ્રભુ પાસેથી કંઈક મળશે. તો જ્યાં સુધી આ વાતો જીવનમાં રહે છે, ત્યાં સુધી વિશ્રામ નથી મળતો. — જીવન-પથ
5. જરૂરી કાર્ય પૂરું કરી દો અને બિનજરૂરી કાર્ય છોડી દો અને તેના બદલામાં કોઈ ઇચ્છા ન રાખો તો વિશ્રામ મળે છે.— સાધન-ત્રિવેણી
6. વિશ્રામ અકર્મણ્યતા તથા આળસ નથી. તેથી જરૂરી કાર્યનું સંપાદન તથા બિનજરૂરી કાર્યનો ત્યાગ કરવાથી વિશ્રામ સિદ્ધ થશે.
— સંત-ઉદ્‌બોધન
7. મનુષ્યના જીવનમાં કરવું અને મેળવવું જ શ્રમ છે. એટલા માટે આનો અંત એ જ સાચો વિશ્રામ છે. — સંત-ઉદ્‌બોધન
8. શરીરથી કામ ન કરવાનું નામ શ્રમરહિત થવું નથી. શ્રમ-રહિત થવાનો અર્થ છે— સંકલ્પ-રહિત થવું. — સંત-ઉદ્‌બોધન
9. સતનો સંગ તો એકમાત્ર અહં-કૃતિ રહિત વિશ્રામમાં જ રહેલો છે.
— મૂક સત્સંગ

10. વિશ્રામ કોઈ અભ્યાસ તથા અનુષ્ઠાન નથી. તે કોઈના સહયોગથી સિદ્ધ નથી થતો, બલકે પોતાના જ દ્વારા પોતાને સાધ્ય છે.
— મૂક સત્સંગ
11. વિશ્રામ જ શ્રમના આદિ અને અંતમાં છે. જે આદિ અને અંતમાં છે, તેમાં જીવન છે, તે જ અવિનાશી છે. તેનાથી અભિન્ન થવું જ સતનો સંગ છે. — મૂક સત્સંગ
12. અહંકૃતિરહિત થયા વિના વિશ્રામ નથી મળતો. — મૂક સત્સંગ
13. રાગરહિત ભૂમિમાં જ ચિરવિશ્રામ રહેલો છે. — પાથેય
14. શ્રમ શરીર સાથે તાદાત્મ્ય જોડે છે અને વિશ્રામ શરીરથી અસંગ કરી દે છે. — પાથેય
15. વિશ્રામ તેમને મળે છે, જે પોતાને બધી જ વસ્તુ, અવસ્થા વગેરેથી અસંગ કરી લે છે. — જીવન-દર્શન
16. શારીરિક વિશ્રામ આવશ્યક શ્રમથી, માનસિક વિશ્રામ બિનજરૂરી સંકલ્પોના ત્યાગથી અને બૌદ્ધિક વિશ્રામ સંકલ્પપૂર્તિના સુખનો ત્યાગ કરવાથી મળે છે. — જીવન-દર્શન
17. વિશ્રામ તેને જ મળે છે, જે પોતાનામાં પોતાનું કંઈ નથી જોતો તેમજ જે ન તો પ્રાપ્તનો દુરુપયોગ કરે છે અને જે ન અપ્રાપ્ત વસ્તુઓની ઇચ્છા કરે છે. — જીવન-દર્શન
18. વિશ્રામ માટે આ મહામંત્ર અપનાવવો અનિવાર્ય છે કે પોતાના માટે કદી કંઈ નથી કરવાનું અને ન આજ સુધી કરેલું પોતાને કામ આવ્યું છે. કર્મનું પરિણામ જે કંઈ થાય છે, તેની પહોંચ શરીર સુધી જ રહે છે. — સફલતાકી કુંજી
19. પોતાને જે જોઈએ, તે પોતાનામાં છે. પોતાનામાં જે છે, તે કોઈ શ્રમથી સાધ્ય નથી પરંતુ વિશ્રામથી જ સાધ્ય છે. વિશ્રામને માટે કોઈ પણ મળેલ વસ્તુ, યોગ્યતા અને સામર્થ્યની અપેક્ષા નથી.
— સફલતાકી કુંજી
20. બધી જ પરિસ્થિતિઓ સ્વભાવથી જ પરિવર્તનશીલ છે અને વિશ્રામ પોતાનામાં જ મોજૂદ છે. જે પોતાનામાં છે, તેનાથી વિમુખ થવું અને જે પરિસ્થિતિઓમાં સતત પરિવર્તન છે, તેમને મહત્ત્વ આપવું અને તેમની પાછળ દોડવું જ સાધકને વિશ્રામથી વંચિત રાખે છે.
— ચિત્તશુદ્ધિ

21. જ્યારે જીવનમાં વિશ્રામ આવી જાય છે, ત્યારે નિઃસંદેહતા પણ આવી જાય છે તેમ જ જ્યારે નિઃસંદેહતા આવે છે, ત્યારે પ્રેમનો પણ પ્રાદુર્ભાવ આપમેળે થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
22. જો કાર્યના અંતમાં વિશ્રામ નથી મળતો તો સમજવું જોઈએ કે કાર્ય કરવામાં કોઈ અસાવધાની જરૂર થઈ છે, નહિ તો વિશ્રામનું પ્રાપ્ત થવું સ્વાભાવિક છે. — ચિત્તશુદ્ધિ
23. એવું કોઈ સામર્થ્ય છે જ નહિ, જેનું ઉદ્‌ગમ-સ્થાન વિશ્રામ ન હોય. — ચિત્તશુદ્ધિ
24. વિશ્રામ ત્રણ રીતે ઉપલબ્ધ થાય છે— વર્તમાન કાર્યને પવિત્ર ભાવથી પૂરી શક્તિ લગાવીને તેમજ લક્ષ્ય પર દૃષ્ટિ રાખીને કરવાથી, વિવેકપૂર્વક ચાહરહિત થવાથી અને વિશ્વાસપૂર્વક અનંતની અહૈતુકી કૃપાને આશ્રિત થવાથી. — ચિત્તશુદ્ધિ
25. આળસ અને વિશ્રામમાં એક મોટો ભેદ છે. આળસુ વ્યક્તિ સદા વસ્તુઓના ચિંતનમાં બંધાયેલી રહે છે અને જેને ચિરવિશ્રામ પ્રાપ્ત છે, તે વસ્તુઓના ચિંતનથી રહિત થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
26. એવી કોઈ 'ગતિ' નથી, જેનો ઉદ્‌ગમ વિશ્રામ ન હોય; એવી કોઈ સ્થિતિ નથી, જે વિશ્રામથી સિદ્ધ ન હોય; અને એવો કોઈ વિચાર નથી, જેનો ઉદય વિશ્રામમાં ન રહેલો હોય. ......યોગ, જ્ઞાન તથા પ્રેમની પ્રાપ્તિ ચિરવિશ્રામમાં જ રહેલી છે. — ચિત્તશુદ્ધિ
27. કરવાની રુચિનો નાશ થયા વિના કોઈને પણ વિશ્રામ નથી મળતો, જેના વિના જરૂરી વિકાસ થતો નથી. — ચિત્તશુદ્ધિ
28. કોઈ વ્યક્તિ, કોઈ દેશ, કોઈ કાળ એવો નથી કે જેના દ્વારા માણસ કંટાળીને અલગ થઈ વિશ્રામ નથી ચાહતો. દરેક પ્રવૃત્તિના અંતમાં મનુષ્ય વિશ્રામ ચાહે છે— ન કરવાનું ચાહે છે, ન કરવાનું વિચારે છે. — સંત-સમાગમ 2
29. શ્રમ છે સંસારને માટે, વિશ્રામ છે પોતાના માટે. જ્યારે કોઈ કામનો આરંભ કરો તો એ માનીને ન કરો કે મને શું લાભ થશે ? બલકે એ વિચારીને કરો કે આનાથી પરિવારને શું લાભ થશે, સંસારને શું લાભ થશે ? — સંત-ઉદ્‌બોધન
30. 'શ્રમ જ જીવન છે'— આ ત્યાં સુધી પ્રતીત થાય છે, જ્યાં સુધી ખરેખરો વિશ્રામ મળ્યો નથી. — મૂક સત્સંગ

# વૈરાગ્ય

1. વિરક્તિનો ખરેખરો અર્થ છે— ઇન્દ્રિયોના વિષયોથી અરુચિ અર્થાત્ ભોગના કરતાં ભોક્તાનું મૂલ્ય વધારી લેવું. —માનવકી માંગ
2. વૈરાગ્યની પ્રાપ્તિનું અચૂક સાધન તો પોતાના વિવેકનો આદર કરવાનો છે. — સંત-ઉદ્બોધન
3. વીતરાગ થવામાં જ ચરિત્ર-નિર્માણની પરાકાષ્ઠા છે અને વીતરાગ થવામાં જ પૂર્ણ માનવતાનો વિકાસ છે. — માનવકી માંગ
4. અનિત્ય જીવનની નિરાશાના જેવો ન તો કોઈ વિવેક છે, ન કોઈ ત્યાગ છે, ન કોઈ પ્રાયશ્ચિત છે અને ન કોઈ તપ છે. કારણ કે અનિત્ય જીવનથી નિરાશ થતાં જ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરોથી આપમેળે સંબંધ-વિચ્છેદ થઈ જાય છે, જેના થતાં જ જીવનમાં જ મૃત્યુનો અનુભવ અને અમરત્વની પ્રાપ્તિ થઈ જાય છે. — જીવન-દર્શન
5. મનુષ્યને જ્યારે વૈરાગ્ય થાય છે, ત્યારે સત્યની ખોજ સિવાય મારું અન્ય પણ કોઈ કર્તવ્ય છે— એ વાત તેને સૂઝતી નથી. તે તો સર્વ કંઈ ત્યાગીને તત્પરતાથી સત્યની ખોજમાં લાગી જાય છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
6. કર્તવ્યવિજ્ઞાનનું નામ જ ધર્મ છે અને ધર્મ-આચરણનું ફળ વૈરાગ્ય છે. — સંત-સૌરભ
7. જેને વૈરાગ્ય થઈ ગયો અથવા આત્મરતિની પ્રાપ્તિ થઈ ગઈ, તેને માટે કોઈ કાર્ય બાકી નથી રહેતું. ધર્મનું પાલન તો વૈરાગ્ય થવા સુધી જ કરવું પડે છે. કારણ ધર્મના પાલનથી વૈરાગ્ય જાગે છે. વૈરાગ્ય થવાથી તો બધી જાતના ધર્મ અને કર્તવ્યની સમાપ્તિ થઈ જાય છે. — સંત-ઉદ્બોધન

# શરણાગતિ

1. જેમ કોઈ કહે કે, 'અમે પ્રભુની શરણાગતિ સ્વીકાર કરી લીધી; અરે ભાઈ, તેં સ્વીકારી તો તેનાથી અહમ્‌ને કેમ પોષે છે ? શરણાગતિ તો અહમ્‌ને ગાળવાને માટે છે. — જીવન-પથ
2. આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસથી યુક્ત શરણાગત 'શરણાનંદ'થી અભિન્ન થાય છે. — સંત-ઉદ્‌બોધન
3. પ્રિયતાનું ક્રિયાત્મક રૂપ સેવા જ છે. આ દૃષ્ટિથી શરણાગતિમાં પણ કર્તવ્યપરાયણતા આવી જાય છે. — માનવ-દર્શન
4. શરણાગતિની સાધનાથી અહંભાવરૂપી અણુનો નાશ થઈ જાય છે, જેના થતાં જ સર્વને સર્વ કંઈ મળી જાય છે અને પછી કોઈ જાતનો અભાવ, પરાધીનતા તેમ જ નીરસતા બાકી નથી રહેતી, જે જીવનનું લક્ષ્ય છે. — સંત-ઉદ્‌બોધન
5. શરણાગત સાધક પોતાનામાં પોતાનું કરીને કંઈ નથી પામતો. — સાધન નિધિ
6. શરણાગતિ દીનતા નથી, બલકે નિત્ય-સંબંધની સ્મૃતિ છે. — સાધન નિધિ
7. અહંકૃતિ રહેતાં શરણાગતિ સિદ્ધ નથી થતી. આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક પોતાને સમર્પણ કરવામાં જ શરણાગતિ રહેલી છે. આ દૃષ્ટિથી મૂક સત્સંગથી જ શરણાગતિ સજીવ થાય છે. અહમ્‌ના સમર્પણમાં જ અહમ્‌નો નાશ છે. અહમ્ ને મમનો નાશ જ ખરેખર શરણાગતિ છે. — મૂક સત્સંગ
8. કૃતિનો આશ્રય રાખીને શરણાગત નહિ થઈ શકે. આ ધ્રુવ સત્ય છે. જેને પોતાના માટે કંઈ પણ કરવાનું છે, ભલા તે પોતાને કેવી રીતે સમર્પિત કરી શકે છે ? અને જે પોતાને સમર્પિત નથી કરી શકતો, તે ભલા શરણાગત કેવી રીતે થઈ શકે છે ? — મૂક સત્સંગ

9. જેવી રીતે અનંત કાળનો અંધકાર વર્તમાનમાં નાશ થઈ જાય છે, તેવી રીતે જન્મ-જન્માંતરના વિકાર શરણાગત થતાં જ આપમેળે મરી જાય છે. — સંત પત્રાવલી 1
10. વિવેકપૂર્વક અસંગતા અથવા વિશ્વાસપૂર્વક સમર્પણ— આ બન્નેનું ફળ એક છે. — પાથેય
11. શરણાગતની દૃષ્ટિમાં કોઈ બીજાનું અસ્તિત્વ જ નથી રહેતું. તે અનેક રૂપોમાં પોતાના શરણ્યને જ પામે છે અને દરેક બનાવમાં તેમનું જ દર્શન કરે છે. — સંત પત્રાવલી 2
12. પોતાના રચયિતાના સંકલ્પમાં પોતાના બધા જ સંકલ્પ વિલીન કરવા ખરેખરી શરણાગતિ છે. — સંત પત્રાવલી 2
13. શરણાગત થવામાં જ સાધકના પુરુષાર્થની પરાવધિ છે. — પાથેય
14. કોઈ પણ કાળમાં કોઈ બીજું છે જ નહિ. સર્વરૂપમાં પોતાના જ પ્રેમાસ્પદ છે. કોઈ બીજાનો ભાસ થવો જ પોતાની ભૂલ છે. આ ભૂલનો અંત શરણાગત થતાં જ આપમેળે થઈ જાય છે.— પાથેય
15. શરણાગતિ સફળતાની કુંજી છે અને સાધકના પુરુષાર્થની પરાવધિ છે. શરણાગતના જીવનમાં ભય, ચિંતા અને નિરાશા માટે કોઈ સ્થાન જ નથી. શરણાગત શરણ્યને અત્યંત પ્રિય છે; કારણ કે શરણાગતનું કોઈ બીજું છે નહિ. — પાથેય
16. પ્રીતિ અને પ્રિયતમના નિત્ય વિહારમાં જ માનવજીવનની પૂર્ણતા છે, જે એકમાત્ર શરણાગતિથી જ સાધ્ય છે. — પાથેય
17. જેમણે તેમની અહૈતુકી કૃપાનો આશ્રય લઈ શરણાગતિ સ્વીકાર કરી, તે બધા જ તેમના પ્રેમ-ધનને પામી ગયા. — પાથેય
18. શરણાગતે સદાને માટે મન વગરનું બની જવું જોઈએ. — પાથેય
19. જ્યારે સાધક પોતાનામાં ખરેખરી અસમર્થતાનો અનુભવ કરી લે છે, ત્યારે જ શરણાગત થવાનો અધિકારી થાય છે.

— સત્સંગ ઔર સાધન

20. સમર્પણ અને પુરુષાર્થમાં વિરોધ નથી. ...... પુરુષાર્થથી શરણાગતિ અને શરણાગતિથી પુરુષાર્થ આપમેળે થવા લાગે છે.

— ચિત્તશુદ્ધિ

21. વિકલ્પરહિત વિશ્વાસના આધાર પર જ્યારે સાધક 'અહમ્' અને 'મમ'ને પેલા અનંતને સમર્પિ દે છે, ત્યારે પણ એ જ દિવ્ય જીવન પ્રાપ્ત થાય છે, જે પુરુષાર્થ સાધ્ય છે. — ચિત્તશુદ્ધિ
22. કંઈ ન માગવું અથવા કંઈ ન કરવું સમર્પણ છે. માત્ર શાંતિના પૂજારી ત્યાગપૂર્વક તત્ત્વજ્ઞાનથી શાંતિ પામે છે. માત્ર શક્તિના પૂજારી તપ, યોગ, સંયમ વગેરેથી શક્તિ પામે છે. પરંતુ સમર્પિત થવાથી ત્યાગ તથા તપ સ્વાભાવિક થઈ જાય છે. તેથી સમર્પિત થનારો શક્તિ અને શાંતિ બન્ને પામે છે. — સંત-સમાગમ 1
23. શરણાગત થવાથી પછી કંઈ પણ કરવાનું બાકી નથી રહી જતું. આ ભક્તિયોગનું અંતિમ સાધન છે. શરણાગતિ જીવનમાં માત્ર એક વાર થાય છે. જે પ્રાણીને પોતાના વ્યક્તિત્વનું કંઈ પણ અભિમાન નથી રહેતું, તે જ શરણાગતિના રસને ચાખી શકે છે. — સંત-સમાગમ 1
24. સાચું સમર્પણ જીવનમાં એક વાર થાય છે પછી કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. — સંત-સમાગમ 1
25. શરણાગત-ભાવ ભક્તિયોગનું અંતિમ સાધન છે, જે જીવનમાં માત્ર એક વાર આવે છે. — સંત-સમાગમ 1
26. કોઈ પણ વસ્તુ તેમ જ અવસ્થા એવી નથી, જે નિરંતર પરિવર્તન ન થઈ રહી હોય, જાણે આપણને શીખવી રહી છે કે આપણે કોઈ પણ સીમિત ભાવમાં બંધાયેલા નહિ રહેવું જોઈએ, બલકે પોતાના પરમ સ્વતંત્ર કેન્દ્ર (પરમાત્મા) તરફ પ્રગતિશીલ થવું જોઈએ, જે શરણાગત થવાથી સહેલાઈપૂર્વક થઈ શકે છે. — સંત-સમાગમ 2
27. જે જે વ્યક્તિ તેનાથી ન્યાયાનુસાર જે જે આશા કરે છે, તેના પ્રત્યે શરણાગત એ જ અભિનય કરે છે. પોતાના માટે તે શરણ્યથી ભિન્ન બીજા કોઈની આશા નથી કરતો અથવા એમ કહો કે શરણાગત બધાને માટે બધું કંઈ હોવા છતાં પણ પોતાના માટે શરણ્યથી ભિન્ન કોઈ બીજાની તરફ નથી જોતો. — સંત-સમાગમ 2
28. પૂર્ણ સાધન તો તે જ છે, જે સાધકને સાધ્યથી વિભક્ત ન થવા દે. આ દૃષ્ટિથી શરણાગતભાવ સર્વોત્કૃષ્ટ સાધન છે. — સંત-સમાગમ 2

29. પતિતથી પતિત મનુષ્ય પણ શરણાગત થતાં જ પવિત્ર બની જાય છે. — સંત-સમાગમ 2

30. આ નિયમ છે કે જે જેને કામ આવે છે, તે તેનું પ્રીતિ-પાત્ર બની જાય છે. તેથી આ નિયમ મુજબ શરણાગત શરણ્યનો શરણ્ય થઈ જાય છે. — સંત-સમાગમ 2

31. શરણાગત બની જવાથી કરવાના ભાવનો અંત થઈ જાય છે અને એવું જણાય છે કે હવે કંઈ પણ કરવાનું બાકી નથી. કરવાનો ભાવ અહંકારને મટવા દેતો નથી. — સંત-સમગામ 2

32. જે સચ્ચાઈપૂર્વક પ્રભુને શરણાગત થઈ જાય છે, તેમને જરૂરી વસ્તુઓ માગ્યા વિના જ મળી જાય છે, અને બિનજરૂરી માગવા છતાં પણ નથી મળતી. — સંત-સમાગમ 2

33. આપણે પોતાના શરીરને પોતાનું માનીએ છીએ અને ઘણું મહત્ત્વ આપીએ છીએ, એટલા માટે સંસાર આને મહત્ત્વ નથી દેતો. એક સંપત્તિના બે માલિક નથી થઈ શકતા. જે વસ્તુ પ્રભુની થઈ જાય છે, તેની વ્યવસ્થા પોતાની મેળે થઈ જાય છે.— સંતવાણી (પ્રશ્નોત્તર)

34. સંસાર અને શરીરથી વિમુખ થઈ પોતે પોતાને પ્રભુને સમર્પણ કરીને તેમના પર નિર્ભર રહેવામાં, તેમની અહૈતુકી કૃપાને આશ્રિત થઈ જવામાં કોઈ જાતની પણ મુશ્કેલી નથી. તેથી આ સાધન સહેલું અને અમોઘ છે. — સંત-સૌરભ

35. જ્યાં સુધી સાધકની ઈશ્વરમાં સર્વોત્કૃષ્ટ બુદ્ધિ નથી થતી, ત્યાં સુધી તે ઈશ્વરને શરણાગત નથી થઈ શકતો. — સંત-સૌરભ

36. શરણાગતિ કોઈ અભ્યાસ નથી. શરણાગતિ ભાવ છે. શરણાગતિનો અર્થ માત્ર એટલો છે કે પેલા સાંભળેલ પ્રભુને સમર્પણ કરી દેવું. — સંતવાણી 4

❊ ❊ ❊

# શરીર

1. પરિવારની સેવા કરીને શરીરને માટે અધિકાર ન જમાવો. પોતાના શરીરની જરૂરતોને કુટુંબની મરજી પર છોડી દો. ત્યારે જુઓ, તમને કેટલી શાંતિ મળે છે ! — સાધન-ત્રિવેણી
2. પરમાત્માને પામવા માટે તમારે કોઈ સામગ્રી નહિ જોઈએ. જ્યારે કોઈ સામગ્રી નહિ જોઈએ તો શરીરનું શું અથાણું કરશો ? એ પરમાત્માની પ્રાપ્તિમાં તો કામમાં આવશે નહિ. શરીર દ્વારા પરમાત્માના સંસારની સેવા કરી લો. — સાધન-ત્રિવેણી
3. શારીરિક જરૂરિયાત સામાજિક સેવાથી આપમેળે પૂરી થાય છે. — સાધન-ત્રિવેણી
4. શરીરને નભાવી રાખવાનો જે સંકલ્પ છે, તે સમાજ-સેવાને માટે છે. શરીરના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થતી નથી, શરીર દ્વારા જીવન્મુક્તિ મળતી નથી, શરીર દ્વારા ચિરશાંતિ થતી નથી. — સાધન-ત્રિવેણી
5. શરીરનો માલિક એ જ છે કે જે સૃષ્ટિનો માલિક છે. હું આ શરીરનો માલિક નથી. આ વાત જેણે સ્વીકાર કરી, તેનું દેહાભિમાન નાશ થશે. — સાધન-ત્રિવેણી
6. શરીરના સહયોગ વિના આપણે શું કરી શકીએ છીએ ? આપણે ઈચ્છારહિત થઈ જઈ શકીએ છીએ, અપ્રયત્ન થઈ શકીએ છીએ અને શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક શરણાગત થઈ શકીએ છીએ. — સંત-ઉદ્‌બોધન
7. બિચારું શરીર અને સંસાર આપણી માગની પૂર્તિમાં બિલકુલ પણ બાધક કે સહાયક નથી. — સંત-ઉદ્‌બોધન
8. સાધકોને ખરેખર તો પોતાના માટે કોઈ પણ કાળમાં શરીરની જરૂરત નથી. — સંત-ઉદ્‌બોધન
9. વિવેકપૂર્વક શરીરથી પોતાને અલગ સ્વીકાર કરવાથી જગતની જરૂરત નથી રહેતી. — સંત-ઉદ્‌બોધન

10. શરીર આપણું અસ્તિત્વ નથી. આપણી જે સાધના છે, આપણું જે આચરણ છે, એ જ આપણું અસ્તિત્વ છે. — માનવકી માંગ
11. કોઈને કોઈ પૂછે કે તમે લોહીમાં, હાડકામાં, માંસમાં, મજ્જામાં, મૂત્રમાં રહેવા ઈચ્છો છો ? તો બધા જ વિચારશીલ એ જ કહેશે કે એમાં રહેવું નથી. કારણ કે ગંદકી કોઈને ગમતી નથી. હવે આપણે જાતે વિચારીએ કે દેહમાં ગંદકીનાં સિવાય છે શું ? તો માનવું પડશે કે કંઈ નથી. — માનવકી માંગ
12. જ્યાં દેહ છે, ત્યાં જ મૃત્યુ છે. — માનવકી માંગ
13. વસ્તુઓનો સંબંધ પ્રાણ સુધી છે, એનાથી આગળ નહિ. પ્રાણનો સંબંધ શરીર સાથે છે, એનાથી આગળ નહિ અને શરીરનો સંબંધ મૃત્યુ સુધી છે, આનાથી આગળ નહિ. — માનવકી માંગ
14. જો કોઈને કહેવામાં આવે કે સોનાના લોટામાં મળમૂત્ર વગેરે ભરીને અને રેશમી વસ્ત્રથી ઢાંકીને પણ શું તેને પોતાની પાસે રાખવાનું પંસદ કરશો ? તો બધા જ ભાઈ-બહેન કહી દેશે, ના. પછી આપણે શરીરને સુંદર-સુંદર ઘરેણાં તેમ જ વસ્ત્રોથી સુશોભિત કેમ રાખીએ છીએ ? તો કહેવું પડશે કે બુદ્ધિજન્ય જ્ઞાનના નિરાદરથી. — માનવકી માંગ
15. કોઈ પણ મનુષ્ય દેહથી તાદાત્મ્ય કરી પોતાની સ્વતંત્ર સત્તા સિદ્ધ કરી શકતો નથી અને પોતાને દેહથી અલગ માનનારને પોતાના માટે સંસાર પાસેથી કંઈ પ્રાપ્ત થયું નથી. તો પછી માનવું પડશે કે પ્રતીતિમાં પ્રવૃત્તિ તો થાય છે પણ પ્રાપ્તિ કંઈ થતી નથી. — માનવકી માંગ
16. તમે કોઈ એવી વસ્તુ બતાવો જે દેહથી પોતાને અલગ માનવાથી તમને મળે છે. — માનવકી માંગ
17. દેહની મમતાનો ત્યાગ કરવાનો છે, તેનાથી ઘૃણા નથી કરવાની. — માનવકી માંગ
18. દેહાદિ વસ્તુઓના વિશ્વાસે જ આપણને પ્રભુ-વિશ્વાસથી અને દેહમાં અહંબુદ્ધિએ જ આપણને અમર જીવનથી વિમુખ કરી દીધા છે. — માનવકી માંગ
19. શરીર ન રહેવા છતાં પણ જીવન છે તો પછી શરીરને ટકાવી રાખવાની કામનાનો શો અર્થ છે ? કંઈ નહિ. — સાધન-નિધિ

20. દેહાદિ વસ્તુઓના સદુપયોગની જવાબદારી છે, પરંતુ તેમના આશ્રયથી આપણું હિત થશે, એવી ધારણા ભ્રાન્તિ જ છે.— મૂક સત્સંગ
21. સ્વધર્મમાં નિષ્ઠા રાખનારના શરીરધર્મનું પાલન પ્રાકૃતિક નિયમ મુજબ આપમેળે થવા લાગે છે. — મૂક સત્સંગ
22. જે લોકો શરીર માટે સંસાર છે એવું માને છે, તેઓ વિષયોના ગુલામ બની વાસનારૂપી જાળમાં ફસાઈને દુઃખી થાય છે અને જે શરીર સંસાર માટે છે, એવું સમજે છે, તેઓ સંસારથી પાર થઈ નિત્ય આનંદ પ્રાપ્ત કરે છે. — સંત પત્રાવલી 1
23. જેમ સંસાર મારાથી અલગ છે, જેટલો દૂર છે, આ શરીર પણ મારાથી એટલું જ દૂર છે. જેમ સંસાર પર પોતાનો સ્વતંત્ર અધિકાર નથી તેમ જ પોતાના શરીર પર પણ મારો અધિકાર નથી. ઈમાનદારીની વાત તો એ છે કે શરીર અને સંસારનું તમારી સાથે કદી મિલન થયું જ નથી. — સંતવાણી 7
24. શરીર મળવા છતાં પણ દૂર જ રહે છે. ભાવની એકતા તેમ જ વિચારોની એકતા તથા સ્વરૂપની એકતા વાસ્તવમાં મિલન છે. — સંત પત્રાવલી 1
25. બધી જાતનાં દુઃખ શરીરને તમે પોતાનું સમજવાથી જ થાય છે. — સંત પત્રાવલી 1
26. શરીર વિશ્વની વસ્તુ છે. તેને જ્યાં સુધી રહેવાનું છે, તેમને (ભગવાનને) જે કાર્ય કરાવવાનાં છે, કરાવશે. — પાથેય
27. જે રીતે લખતી વખતે કલમને લઈ લીધી અને લખવાનું પૂરું થતાં જ તેને યોગ્ય જગાએ મૂકી દેવામાં આવે છે, એવી રીતે કાર્ય કરતી વેળાએ શરીરનો ઉપયોગ કરો અને કાર્યનો અંત થતાં જ જ્યાંનું ત્યાં, જેમનું તેમ સુરક્ષિત મૂકી દો. આમ કરવાથી દરેક પ્રવૃત્તિના અંતમાં સહજયોગ આપમેળે થઈ જશે, જે જરૂરી સામર્થ્ય પ્રદાન કરવામાં સમર્થ છે. — પાથેય
28. શરીરની જરૂરી દેખરેખ તથા તેનો સદુપયોગ કરતા રહો. તેની સાથે મમતા તો છે જ નહિ. પણ તેની સેવા જરૂર કરવાની છે.— પાથેય
29. પ્રાપ્ત દેહ વગેરે વસ્તુઓને વિશ્વભગવાનની પૂજા-સામગ્રી સમજો, તેને પોતાની ન માનો— દેહાભિમાનથી મુક્ત થવાને માટે આ મહામંત્ર છે. — પાથેય

30. શરીર સેવા-નિધિ છે. તેની રક્ષા કરવી પૂજા છે. પણ તેની મમતા ભૂલ છે. — પાથેય
31. જે કાર્યમાં કર્તાને રસ પડે છે, તેનો પ્રભાવ શરીર માટે ઉપયોગી થાય છે. — પાથેય
32. શારીરિક સ્વાસ્થ્યનું પણ યથાશક્તિ ધ્યાન રાખો. શરીરની સેવાથી પણ શરીરનો રાગ નાશ થાય છે. — પાથેય
33. શરીરના રહેવા ન રહેવાથી વિશ્વાસુ સાધકના જીવનમાં કોઈ લાભ-હાનિની વાત જ નથી. — પાથેય
34. શરીર વિશ્વની સેવા-સામગ્રી છે. તેની પાસેથી આપણે કંઈ પણ લેવાનું નથી. આ વાસ્તવિકતા જીવનમાં આવી જવાથી શરીરને નભાવી રાખવાનો સંકલ્પ થતો નથી. — પાથેય
35. ખરેખર તો શરીર-રહિત જીવન જ જીવન છે. તેમાં જ સાધકની અવિચળ આસ્થા રહેવી જોઈએ. તેવા જીવન-જ્ઞાનમાં જ મોહનો નાશ છે. — પાથેય
36. શરીર વિના સાધક ઇચ્છારહિત થઈ શકે છે; પ્રભુ સાથે આત્મીય સંબંધ જોડી શકે છે; કરેલી તથા જાણેલી બૂરાઈથી રહિત થવાનું વ્રત લઈ શકે છે; પ્રભુ-વિશ્વાસના આધાર પર નિર્ભિક થઈ શકે છે. પ્રભુપ્રેમથી સાધક પ્રભુને માટે ઉપયોગી થઈ શકે છે. — પાથેય
37. તું કોઈ પણ કાળે શરીર નથી અને ન શરીર તારું છે. શરીર તો માત્ર સંસારરૂપી વાટિકાનું ખાતર છે, બીજું કંઈ નથી. — પાથેય
38. શરીર ફાવે ત્યાં રહે, ફાવે તેવું રહે અથવા ન રહે, તેનાથી આપણને કોઈ ક્ષતિ નથી થતી. — પાથેય
39. જ્યારે આપણામાં શરીરભાવ રહેતો નથી, ત્યારે કોઈ પણ શરીરમાં આસક્તિ રહેતી નથી અર્થાત્ નિર્મોહતા આપમેળે સિદ્ધ થઈ જાય છે. — પાથેય
40. શરીર કેવું છે, એ તરફ ધ્યાન જવું એ જ મોટી ભૂલ છે. સેવાપરાયણ થતાં જ શરીરની સુરક્ષાનો પ્રશ્ન સમર્થ સેવ્ય પર આવી જાય છે, સેવક પર રહેતો નથી. — પાથેય

41. જે લોકો એવું વિચારે છે કે, શરીર અમારી રુચિ-પૂર્તિનું સાધન છે, તેઓ કદી પણ શાંતિ પામતા નથી. તેમને ક્યાંય પણ, કદી પણ શાંતિ મળતી નથી. શરીર સેવા કરવાનું સાધન છે.

— સંતવાણી 3

42. શરીરના ઉપયોગની સ્વાધીનતા માનવને મળી છે. તેને ટકાવી રાખવાની સ્વતંત્રતા કોઈ પણ માનવને કદી પણ મળી નથી.

— સફલતાકી કુંજી

43. શરીરરહિત જીવનમાં શ્રમની ગંધ પણ નથી. હવે જો કોઈ એ કહે કે શું શરીરરહિત પણ કોઈ જીવન છે ? શરીરયુક્ત જ જો જીવન છે તો પછી મૃત્યુ શું છે ? તેથી એ નિર્વિવાદ સત્ય છે કે શરીરથી અતીત જ જીવન છે. શરીરમાં જીવન નથી, બલકે શરીરમાં જીવનનો મિથ્યાભાસ છે. — ચિત્તશુદ્ધિ

44. જે પ્રાણી શરીરને કામ-વાસનાઓની પૂર્તિનું સાધન માને છે, તેઓ ન તો મનુષ્યતાને પામે છે, ન સાચું સુખ.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

45. આપણે શરીરમાં બેઠા છીએ, એ મહાપાગલપણું છે. શરીર નહિ રહેશે તો મારી ક્ષતિ થઈ જશે— એવું માનવું તદ્દન પાગલપણું છે. — સંતવાણી 7

46. ભૌતિકવાદીએ પણ સ્વીકારવું પડશે કે શરીર મારું નથી. ઈશ્વર-વાદીએ પણ સ્વીકારવું પડશે કે શરીર મારું નથી. અધ્યાત્મવાદીએ પણ સ્વીકારવું પડશે કે હું શરીર નથી. — સફલતાકી કુંજી

47. પોતાને દેહ માનીને કોઈ પણ વ્યક્તિ સ્વાધીન બની શકતી નથી.

— ચિત્તશુદ્ધિ

48. સઘળાં કાર્યોની ઉત્પત્તિ પોતાને દેહ માની લેવાથી જ થાય છે. એટલે કે દેહની તદ્રુપતા જ પ્રવૃત્તિની જનની છે. — ચિત્તશુદ્ધિ

49. જે આહારથી શરીરનું નિર્માણ થાય છે, તે આહાર વિશ્વની તે શક્તિઓથી મળે છે, જે વ્યક્તિગત નથી. આનાથી એ વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે, શરીર અને વિશ્વમાં સ્વરૂપની એકતા છે.

— દર્શન ઔર નીતિ

50. જો આપણો શરીર વગેરે વસ્તુઓથી સંબંધ-વિચ્છેદ નથી થયો તો સમજવું જોઈએ કે જે વસ્તુઓ આપણને કર્તવ્ય-પાલનને માટે મળી હતી, તેમના દ્વારા કર્તવ્ય-પાલન કર્યું નથી. — ચિત્તશુદ્ધિ

51. પોતાને દેહ માનીને કોઈ પણ મનુષ્ય સંકલ્પ-અપૂર્તિના દુઃખથી તથા પૂર્તિના સુખથી મુક્ત થઈ શકતો નથી અને પોતાને દેહથી અલગ જાણીને ઘણી જ સહેલાઈપૂર્વક ચિરશાંતિને પ્રાપ્ત થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
52. પોતાને દેહ ન માનવાથી બધી જ કામનાઓ નિવૃત્ત થઈ જાય છે, કામનાઓ નિવૃત્ત થતાં જ સુખ-દુઃખનું બંધન તૂટી જાય છે અને ચિરશાંતિ આપમેળે પ્રાપ્ત થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
53. દેહ સાથે તાદાત્મ્યભાવ ન રહેતાં પોતાનું અસ્તિત્વ શું છે, એ વિશે કંઈ પણ કહેવાની જરૂર નથી; કેમ કે જે કંઈ કહેવામાં આવશે, તે દેહ દ્વારા જ કહેવામાં આવશે. દેહ દ્વારા જે કંઈ કહેવામાં આવશે, તેમાં કોઈ ને કોઈ અંશમાં દેહનો પ્રભાવ આવી જશે. પરંતુ આનો અર્થ એ નથી કે જેનું વર્ણન નથી થઈ શકતું, તેનું અસ્તિત્વ નથી. વર્ણન ભલે ન થાય, પરંતુ તેની પ્રાપ્તિ થઈ શકે છે. — ચિત્તશુદ્ધિ
54. શરીરનું યથાર્થ જ્ઞાન થતાં પૂરા વિશ્વનું જ્ઞાન થઈ જાય છે. કારણ કે શરીર વિશ્વરૂપી સાગરની જ એક લહેર છે. — ચિત્તશુદ્ધિ
55. જે સાધકને પોતાના શરીરમાં સત્યતા, સુંદરતાનું દર્શન નથી થતું, તેને કોઈ પણ વસ્તુ તથા વ્યક્તિમાં સત્યતા તથા સુંદરતાનું દર્શન નથી થતું. — ચિત્તશુદ્ધિ
56. દેહભાવની સ્વીકૃતિ છે, તેનાથી એકતા નથી. પરંતુ સ્વીકૃતિમાં જ અહમ્-બુદ્ધિ હોવાથી ભિન્નતા હોવા છતાં પણ એકતા પ્રતીત થવા લાગે છે. ..... સ્વીકૃતિ માત્ર અસ્વીકૃતિથી જ મટી શકે છે, તે બીજી કોઈ રીતે મિટાવી શકાતી નથી. તેથી ‘દેહ હું નથી’ એટલા માત્રથી જ દેહથી સંબંધ-વિચ્છેદ થઈ શકે છે, જે થતાં જ કામનો અંત થઈ જશે અને નિત્યપ્રાપ્તનો પ્રેમ આપમેળે જાગ્રત થશે. — ચિત્તશુદ્ધિ
57. દેહ પ્રાપ્તિની સ્વીકૃતિમાત્રથી જ જે દેહથી અતીત છે, તેની અપ્રાપ્તિ પ્રતીત થાય છે અથવા એમ કહો કે વિશ્વની પ્રાપ્તિની સ્વીકૃતિમાત્રથી જ જે વિશ્વનો આધાર છે તેમ જ જેનાથી વિશ્વ પ્રકાશિત છે, તેની અપ્રાપ્તિ પ્રતીત થાય છે. — ચિત્તશુદ્ધિ

58. બે આસક્ત મનુષ્યો પોતાને દેહથી અલગ અનુભવ કર્યા પછી શું એકબીજામાં આસક્ત થઈ શકે છે ? કદાપિ નહિ. ..... દેહની આસક્તિના આધાર પર જ સઘળી વસ્તુઓમાં આસક્તિ થાય છે. કેમ કે દેહને માટે જ વસ્તુઓની અપેક્ષા છે. ...... દેહમાં જો આસક્તિ ન રહે તો કોઈ પણ વસ્તુ, વ્યક્તિ વગેરેમાં આસક્તિ થઈ શકતી નથી. સૂક્ષ્મ દેહની આસક્તિ જ વિચારધારાઓ, સંપ્રદાયો અને મતોમાં આસક્તિ પેદા કરે છે. — ચિત્તશુદ્ધિ
59. પોતાનામાં શરીરભાવ ધારણ કરવાથી આનંદઘન ભગવાન સંસારરૂપે પ્રતીત થાય છે. — સંત-સમાગમ 1
60. શુભાશુભ કર્મ પ્રાણીને 'સ્થૂળશરીર'માં, સાર્થક-નિરર્થક ચિંતન 'સૂક્ષ્મશરીર'માં અને સવિકલ્પ-નિર્વિકલ્પ સ્થિતિ 'કારણશરીર'માં બાંધે છે. — ચિત્તશુદ્ધિ
61. શરીર તો સંસારથી અભિન્ન છે, તેમાં તમારું શું ? વિચારદૃષ્ટિથી જુઓ કે જે શરીરને તમે પોતાનું સમજો છો, તે તો પૂરા સંસારથી એક છે; કેમ કે શરીર તથા સંસાર અંગ તથા અંગીના જેવાં છે. — સંત-સમાગમ 1
62. ધારા-પ્રવાહ શરીર કાળાગ્નિમાં બળી રહ્યું છે, કોઈ સંશોધન કરીને બચાવો. જો સંશોધન કરીને પણ બચાવી શકતા નથી તો શરીર પ્રકૃતિને સમર્પણ કરીને સંબંધ તોડી નાંખો. — સંત-સમાગમ 1
63. જે મનુષ્ય પોતાના શરીરથી સંબંધ નથી તોડી શકતો, તે સંસારથી પણ નથી તોડી શકતો. જો તે હિમાલય પર ચાલ્યો જાય તો પણ તેનું ચિત્ત શાંત અને શુદ્ધ બની શકતું નથી. — સંત-સૌરભ
64. જે દેહ સાથે સંબંધ રાખે છે, તે ભલે કેટલોય તપસ્વી હોય, કેટલોય દાની હોય, તેની ગમે તેટલી સારી પરિસ્થિતિ કેમ ન હોય, તેનો સંસાર સાથે સંબંધ તૂટી શકતો નથી. — સંતવાણી 7
65. બૂરાઈરહિત થવાથી સ્થૂળશરીર શુદ્ધ થાય છે, અચાહ થવાથી સૂક્ષ્મશરીર શુદ્ધ થાય છે અને અપ્રયત્ન થવાથી કારણશરીર શુદ્ધ થાય છે. — સંતવાણી 2

❊ ❊ ❊

# શિક્ષા

1. નોકર વાસ્તવિક શિક્ષક નથી બની શકતો. — માનવકી માંગ
2. જો કોઈ આજના સમયમાં પૈસાના જોર પર શિક્ષિત બની પણ જાય તો તે પેલા શિક્ષણનો સદુપયોગ કરી શકશે નહિ, માત્ર પૈસા પેદા કરવામાં જ લાગી જશે. — માનવકી માંગ
3. સેવાભાવથી મેળવેલું શિક્ષણ સેવક બનાવે છે અને પૈસાના દ્વારા મેળવેલું શિક્ષણ લોભી બનાવે છે. — માનવકી માંગ
4. હું એવું માનું છું કે દરેક વિદ્યાલય ભાવિ સમાજના નિર્માણનું મંદિર છે. આ કારણે અધ્યાપન-કાર્યના જેવું બીજું કોઈ શ્રેષ્ઠ કાર્ય નથી અને વિદ્યાર્થી-જીવન માનવના વિકાસની ભૂમિ છે.
— સંત પત્રાવલી 2
5. જેના હૃદયમાં સુંદર મનુષ્ય-નિર્માણની પીડા છે, જેનું મસ્તિષ્ક સ્વસ્થ છે અને જે પોત-પોતાના વિષયમાં નિષ્ણાત છે, તે જ મહાનુભાવ અધ્યાપન-કાર્યનો અધિકારી છે. — સંત પત્રાવલી 2
6. વિજ્ઞાન અને કલાઓનું શિક્ષણ રાષ્ટ્ર આપે છે; પરંતુ ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ ધર્માત્મા સેવક દ્વારા જ આપી શકાય છે.
— સંત પત્રાવલી 2
7. ભણ્યો-ગણ્યો ભ્રમમાં ત્યારે જ પડે છે, જ્યારે પોતાની વાત નથી માનતો. ભણવું-ગણવું તો એક જાતની યોગ્યતા છે. યોગ્યતા જ્યારે જ્ઞાનને આધીન નથી રહેતી, તો મોટા મોટા અનર્થો સર્જાય છે. સમાજમાં જેટલા દોષ ભણેલા-ગણેલા લોકોએ ફેલાવ્યા છે, તેટલા કોઈએ નથી ફેલાવ્યા. — પાથેય
8. શિક્ષિત હોવાની કસોટી શું છે? તો કહેવું પડશે કે જ્ઞાન-વિજ્ઞાન-કળા વગેરે દ્વારા આપણે પોતાને એટલા સુંદર બનાવી લઈએ કે સમાજ આપણી આવશ્યકતા અનુભવે. — માનવકી માંગ

9. સમાજની ઉપયોગિતાની સિદ્ધિ જે યોગ્યતાથી સફળ થાય, તે યોગ્યતાનું નામ 'શિક્ષણ' છે. કોઈ વિશેષ ઉપાધિ (ડિગ્રી) દ્વારા જ શિક્ષિત માની લેવું ન જોઈએ. — માનવકી માંગ
10. ઉપાધિ(ડિગ્રી)નું મહત્ત્વ જો અભિમાનમાં વૃદ્ધિ કરે છે તો તે સર્વથા ત્યાજ્ય છે. — પાથેય
11. એ નિયમ છે કે બાળક જોઈને બદલાય છે. જ્યારે તેમને સચ્ચાઈ સચ્ચરિત્રતા તેમજ ઉદારતા વગેરે દિવ્ય-ગુણ-સંપન્ન જીવન જોવા મળશે તો તેઓ જાતે તેવા જ બની જશે. — માનવકી માંગ

❊ ❊ ❊

**આની બધાયને જાણ હશે કે જે પશુ જે સ્થળ-સમયમાં પેદા થાય છે, તેમનું રક્ષણ પ્રકૃતિની ગોદમાં આપમેળે થાય છે. આનાથી આની સ્પષ્ટ જ જાણ થાય છે કે રક્ષણની જવાબદારી કોઈ વિધાનમાં રહેલી છે. પરંતુ બુદ્ધિમાન માનવ પ્રકૃતિના વિધાનનો આદર ન કરીને પ્રકૃતિનો ભોગ કરે છે. તેનું જ પરિણામ એ થયું છે કે વસ્તુઓનો અભાવ છે અને વસ્તુઓમાં ઉત્તરોત્તર શક્તિની કમી થતી જાય છે. આ વસ્તુ-વિજ્ઞાનથી સિદ્ધ છે.**

# સંકલ્પ

1. દરેક સંકલ્પની પૂર્તિ થઈ જતાં મનુષ્ય તે જ સ્થિતિમાં આવે છે, જે સ્થિતિમાં સંકલ્પની ઉત્પત્તિ પહેલાં હતો. ભાઈ ! તમે આ સત્યને કેમ નથી પકડતા ? સંકલ્પ પૂરો થઈ જાય તો પણ તમારી કોઈ વૃદ્ધિ નથી થઈ ગઈ અને તે પૂરો ન થવાથી તમારી કોઈ ક્ષતિ થઈ ગઈ નથી. તમે તો મૂળ સ્થિતિમાં હતા જ. — સંતવાણી 5
2. સંકલ્પની પૂર્તિ વિધાનથી થાય છે, નહિ કે સંકલ્પ કરવાથી. — સંત-ઉદ્‌બોધન
3. પોતાનો સંકલ્પ જ પોતાની દુર્ગતિનું મૂળ કારણ છે. — સંત-ઉદ્‌બોધન
4. હકીકતમાં તો કાર્યક્રમ નક્કી જ છે. પરંતુ તેનો અનુભવ તેવા સાધકોને થાય છે, જેમનો પોતાનો કોઈ સંકલ્પ નથી રહેતો. તેથી પોતાનો સંકલ્પ ન રાખતાં જે બને તે જ યોગ્ય છે, એવું માનો. — પાથેય
5. ખરેખરી સ્વાધીનતાનો પૂજારી તો સંકલ્પ-પૂર્તિમાં પણ પરાધીનતાનો જ અનુભવ કરે છે. કારણ કે સંકલ્પ-પૂર્તિ દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ વગેરેને આધીન છે. — સત્સંગ ઔર સાધન
6. સંકલ્પોની પૂર્તિ અને અપૂર્તિ વિધાનને આધીન છે. તેમનો સદુપયોગ કરવામાં સાધક સ્વાધીન છે. — સત્સંગ ઔર સાધન
7. જ્યારે સાધકનો પોતાનો કોઈ સંકલ્પ હોતો નથી, ત્યારે બીજાઓના સંકલ્પથી આવશ્યક કાર્ય આપમેળે થતાં રહે છે. સંકલ્પ-રહિત થવાથી સાધકની કોઈ રીતે ક્ષતિ થતી નથી, બલકે સર્વતોમુખી વિકાસ જ થાય છે. — સફલતાકી કુંજી
8. જગતના સંકલ્પોને પૂરા કરવા કર્તવ્ય અર્થાત્ ‘સેવા’ છે અને પ્રભુના સંકલ્પોને પૂરા કરવા ‘પૂજા’ છે. જ્યારે પોતાનો કોઈ સંકલ્પ નથી રહેતો, ત્યારે કોઈ જાતના વિકાર પેદા નથી થતા એટલે કે નિર્વિકારતા અભિવ્યક્ત થાય છે, જે વાસ્તવમાં સાધના છે. — સફલતાકી કુંજી

9. વસ્તુઓની સત્યતા, સુંદરતા તેમજ સુખરૂપતાનું આકર્ષણ જ સંકલ્પનું સ્વરૂપ છે અથવા એમ કહો કે પોતે વસ્તુઓના વિશેષ મહત્ત્વને સ્વીકારવું એ જ સંકલ્પોમાં બંધાવું છે. — ચિત્તશુદ્ધિ

10. વિવેકપૂર્વક શરીર સાથે તદ્રુપતા ન રહે તો સંકલ્પ પેદા થતા જ નથી. સંકલ્પોની નિવૃત્તિ થતાં જ સુખ-દુ:ખથી અતીત 'શાંતિ'ના સામ્રાજ્યમાં પ્રવેશ થઈ જાય છે, જે થતાં જ ભોક્તા, ભોગની રુચિ અને ભોગ્ય વસ્તુઓ— આ ત્રણેનો ભેદ દૂર થઈ જાય છે.—ચિત્તશુદ્ધિ

11. જે સંકલ્પોથી કોઈ અપ્રાપ્ત વસ્તુ, અવસ્થા વગેરેનું આહ્વાન થવા લાગે છે, તે સંકલ્પ અશુદ્ધ છે અને ત્યાજ્ય છે; કેમ કે તે જડતા અને પરાધીનતા તરફ લઈ જાય છે અને જે સંકલ્પ બધી જ અવસ્થાઓથી અતીત જીવનની જિજ્ઞાસા જાગ્રત કરે છે, તે શુદ્ધ સંકલ્પ છે. એ નિયમ છે કે અશુદ્ધ સંકલ્પ દૂર થઈ જતાં શુદ્ધ સંકલ્પ આપમેળે પૂરા થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

12. સંકલ્પ-પૂર્તિથી જેટલું સુખ મળે છે, તેનાથી ક્યાંય વધારે શાંતિ સંકલ્પ-નિવૃત્તિથી મળે છે. — ચિત્તશુદ્ધિ

13. જ્યાં સુધી વસ્તુઓથી સંબંધ-વિચ્છેદ થશે નહિ, ત્યાં સુધી સંકલ્પોની ઉત્પત્તિ, પૂર્તિ અને નિવૃત્તિ થતી જ રહેશે. — ચિત્તશુદ્ધિ

14. તમામ સંકલ્પોનું ઉદ્ગમ-સ્થાન પણ વસ્તુઓ સાથે તાદાત્મ્ય છે અને સંકલ્પ-પૂર્તિમાં પણ વસ્તુઓની જ મહત્તા છે અથવા એમ કહો કે વસ્તુ જ જીવન છે, આ દૃઢતા જ હકીકતમાં સંકલ્પનું સ્વરૂપ છે. વસ્તુઓના અસ્તિત્વની અસ્વીકૃતિમાં સંકલ્પોની ઉત્પત્તિ જ નથી. આ દૃષ્ટિથી વસ્તુઓના સૂક્ષ્મ રૂપનું નામ 'સંકલ્પ' અને સંકલ્પના સ્થૂળ રૂપનું નામ 'વસ્તુ' છે. ..... સંકલ્પ અને વસ્તુ — એ બન્ને એક જ સિક્કાની બે બાજુ છે; તેને વસ્તુ કહો અથવા સંકલ્પ. — ચિત્તશુદ્ધિ

15. જ્યારે જ્યારે જીવનમાં સંકલ્પ-અપૂર્તિનું ચિત્ર સામે આવે, ત્યારે ત્યારે સાધકે એ સમજવું જોઈએ કે મારા સંકલ્પની અપૂર્તિમાં જ પ્રેમાસ્પદના સંકલ્પની પૂર્તિ રહેલી છે. — ચિત્તશુદ્ધિ

16. અનાવશ્યક અને અશુદ્ધ સંકલ્પોના ત્યાગની સાર્થકતા ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે સાધક શુદ્ધ સંકલ્પોની પૂર્તિના સુખમાં બંધાય નહિ; કેમ કે સંકલ્પ-પૂર્તિનું સુખ નવા સંકલ્પો પેદા કરે છે. એટલું જ નહિ, સુખભોગની રુચિથી જ અશુદ્ધ સંકલ્પ પેદા થાય છે. કારણ કે સુખનો ભોગ દેહાભિમાનને પુષ્ટ કરે છે. — ચિત્તશુદ્ધિ
17. દરેક સંકલ્પ-પૂર્તિના સુખની ગુલામી નવા સંકલ્પની જનની છે. — ચિત્તશુદ્ધિ
18. જ્યાં સુધી મનુષ્ય વસ્તુ, વ્યક્તિ વગેરેના અસ્તિત્વનો સ્વીકાર નથી કરી લેતો, ત્યાં સુધી સંકલ્પની ઉત્પત્તિ જ નથી થતી. આ દૃષ્ટિથી વસ્તુ, વ્યક્તિ વગેરેની સત્યતાની સ્વીકૃતિ અને તેમનો સંબંધ જ સંકલ્પનું સ્વરૂપ છે. — ચિત્તશુદ્ધિ
19. અશુભ સંકલ્પ કરતાં શુભ સંકલ્પ વધારે આદરણીય છે; પરંતુ નિઃસંકલ્પતાની સામે શુભ સંકલ્પનું કંઈ મૂલ્ય નથી. — સંત-સમાગમ 2
20. મનમાં એવા સંકલ્પોને ન ઉઠવા દો, જે ધર્માનુસાર ન હોય તેમ જ જેને પ્રકાશિત કરવામાં સંકોચ થાય. — સંત-સમાગમ 2
21. જે વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ તેમજ અવસ્થા સાથે સંબંધ જોડી દે, તેને સંકલ્પ કહે છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)
22. નિઃસંકલ્પતા આવી જવાથી 'છે' (સત)માં પ્રતિષ્ઠા અને 'નથી' (અસત)થી સંબંધ-વિચ્છેદ આપમેળે થઈ જાય છે; કેમ કે જે 'નથી' છે, તેનો સંકલ્પ કરતાં જ તેની સાથે સ્વીકૃતિજન્ય સંબંધ થાય છે અને જે 'છે' તેનો સંકલ્પ કરતાં જ તેની સાથે દૂરતા થાય છે. — સંત-સમાગમ 2
23. જ્યારે કોઈ સાધકને એવું પ્રતીત થાય કે મારા આવશ્યક અને શુભ સંકલ્પોની પણ પૂર્તિ થતી નથી, તો એ સમયે મનમાં કોઈ જાતની ખિન્નતા કે નિરાશાને સ્થાન આપવું ન જોઈએ; પરંતુ એવું સમજવું જોઈએ કે 'પ્રભુ હવે મને અપનાવવાને માટે, મને પોતાનો પ્રેમ પ્રદાન કરવા માટે મારા મનની વાત પૂરી ન કરીને પોતાના મનની વાત પૂરી કરી રહ્યા છે. — સંત-સૌરભ
24. જ્યારે કોઈ ને કોઈ જાતનો રાગ વિદ્યમાન છે, ત્યારે તેનાથી જ સંકલ્પ થાય છે. — સંત-સૌરભ

25. સાધકને માટે એ જરૂરી છે કે સંકલ્પની નિવૃત્તિના કાળમાં તેને જે રસ મળે છે, તેનો અનુભવ કરવો. સંકલ્પ ઉત્પન્ન થઈને પૂરો થઈ જાય અને બીજો સંકલ્પ પેદા ન થાય, તેની વચ્ચે ધ્યાનપૂર્વક અધ્યયન કરવાથી સંકલ્પ-નિવૃત્તિના રસનો અનુભવ થઈ શકે છે. — સંત-સૌરભ
26. દેહ સાથે જે તાદાત્મ્ય ભાવ સ્વીકારી લે છે, એ જ સંકલ્પો પેદા થવાનું કારણ છે. — સંતવાણી 4
27. બધા જ વિચારકોએ એ વાત જરૂર માનવી પડશે કે દરેક ભાઈ અને બહેન સંકલ્પ-પૂર્તિના અંતમાં એ જ સ્થિતિમાં આવે છે, જે સ્થિતિમાં સંકલ્પ-ઉત્પત્તિના પહેલાં હતાં. તો મળ્યું શું ભાઈ? મળ્યું તો એ જ જે દરાજને ખજવાળવાવાળાને મળે છે. ખજવાળવામાં રસ અને પરિણામમાં જખમ. કોઈ પણ સંકલ્પ-પૂર્તિના બદલામાં કોઈ પણ વ્યક્તિને આના સિવાય કંઈ નથી મળી શકતું. — સંતવાણી 4
28. પોતાની પાસે પોતાનો સંકલ્પ સુરક્ષિત રાખીને પરાધીનતાથી છૂટી શકાતું નથી, જડતારહિત થઈ શકતા નથી, અભાવરહિત થઈ શકતા નથી. — સંતવાણી 4
29. સંકલ્પ-પૂર્તિના સુખનો ભોગ આપણને પરાધીન બનાવે છે. સંકલ્પ-અપૂર્તિના દુઃખનો ભય આપણને ચેનથી રહેવા દેતો નથી. — સંતવાણી 4
30. પોતાનો સંકલ્પ સઘળાં અસાધનોનું મૂળ છે. એ અસત છે. કેમ અસત છે ? ભાઈ ! એક તો પૂરો નથી થતો, એટલા માટે અસત છે. અને કેમ અસત છે ? પૂરો થવાથી પરાધીનતા વધે છે, તેથી અસત છે. તો પોતાનો સંકલ્પ રાખવો અર્થાત્ પોતાના જાણેલા અસતનો સંગ કરવો છે. — જીવનપથ
31. એ નિયમ છે કે જે કોઈનું બૂરું નથી ચાહતો, તેના મનમાં સંકલ્પની ઉત્પત્તિ જ નથી થતી અને તેના વિના અશુદ્ધ કર્મનો જન્મ જ થતો નથી. — ચિત્તશુદ્ધિ

❋ ❋ ❋

# સંઘર્ષ

1. જે થઈ રહ્યું છે, તેનો આદર ન કરવાથી અંતર્સંઘર્ષ અને મળેલ પરિસ્થિતિનો વિવેકપૂર્વક સદુપયોગ ન થવાથી બાહ્ય સંઘર્ષ ઉત્પન્ન થાય છે. — દર્શન ઔર નીતિ
2. માનવ જ્યારે અનેક ભેદ થવા છતાં પણ એક પદ્ધતિથી બધાયને ઉદ્દેશ્યપૂર્તિનો આગ્રહપૂર્વક પાઠ ભણાવે છે અને પોતાની પ્રણાલીથી ભિન્નનો વિરોધ કરે છે, ત્યારે માનવ વિકાસના નામ પર એક નવા સંઘર્ષને જન્મ આપે છે. — દર્શન ઔર નીતિ
3. બાહ્ય દૃષ્ટિથી સંઘર્ષોનું કારણ આર્થિક અભાવ તથા રાજનીતિક પરાધીનતા પ્રતીત થાય છે, પરંતુ અંતર્દૃષ્ટિથી સંઘર્ષનું મૂળ નીરસતા એટલે કે પ્રીતિનો અભાવ જ છે. — દર્શન ઔર નીતિ
4. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક અને વિવેકથી સાધ્યને વધારે મહત્ત્વ આપવાનું છે. ઉદ્દેશ્ય-પૂર્તિ તથા સંઘર્ષનો અંત તેમજ શાંતિની સ્થાપના કરવા માટે ઉપર્યુક્ત ક્રમ સ્વીકાર કરવો દરેક મત, સંપ્રદાય, વર્ગ, સમાજ તથા દેશની વ્યક્તિઓને માટે અનિવાર્ય છે. — દર્શન ઔર નીતિ
5. હિંસાત્મક યુદ્ધ કોઈ રીતે વિજય પ્રાપ્ત નથી કરી શકતું; કેમ કે શરીરરૂપી ક્ષેત્રને નષ્ટ કરી દેવાથી વિચારોનો સમુદાય નષ્ટ કરી શકાતો નથી. તેથી હિંસાત્મક યુદ્ધથી જે રાષ્ટ્ર આજે છિન્ન-ભિન્ન જોવામાં આવે છે, તે જ કાળાંતરે ઘોર પ્રબળતાપૂર્વક ફરી યુદ્ધ કરવા માટે બળવાન બને છે; કેમ કે તેની યુદ્ધની ભાવના નાશ પામી ન હતી. મૃત્યુ પામેલ મનુષ્ય મારવા માટે પ્રકૃતિ માતા પાસેથી શક્તિ લઈને ફરીથી પેદા થાય છે. — સંત-સમાગમ 1
6. દુઃખીઓનાં શરીર વગેરે વસ્તુઓને છિન્ન-ભિન્ન કરી દેવાથી તેમનો અંત થઈ જતો નથી; કેમ કે સૂક્ષ્મ તથા કારણશરીર બાકી રહે છે.

જો આપણે કોઈના સ્થૂળ શરીરને નષ્ટ કરી દઈ તો પણ તે પ્રાણી જે ભાવને લઈને સ્થૂળશરીરનો ત્યાગ કરે છે, તે જ ભાવનાને અનુરૂપ પ્રકૃતિ માતાથી અથવા એમ કહો કે જગતના કારણ (પરમાત્મા) પાસેથી શક્તિ સંચય કરી, આપણાથી વધારે શક્તિશાળી બની, આપણો વિરોધ કરવા માટે આપણી સામે આવી જાય છે.

— સંત-સમાગમ 2

7. જીવનમાં, પરિવારમાં, સમાજમાં આજે સંઘર્ષ થાય છે, તે એકદમ નથી થઈ જતો. આપણા-તમારા મનમાં જ તે લડાઈ પેદા થાય છે.

— સંતવાણી 7

8. લડાઈ કેમ થાય છે ? આના પર ધ્યાન દેવામાં આવે તો સ્પષ્ટ દેખાય છે કે જ્યારે સમાજમાં સુખીઓની સંખ્યા ઓછી થઈ જાય છે અને દુઃખીઓની સંખ્યા વધી જાય છે, સુખીઓમાં ઉદારતા અને દુઃખીઓમાં ત્યાગ રહેતાં નથી ત્યારે લડાઈ થાય છે.

— સંતવાણી 7

9. સામાજિક સંઘર્ષ મટાડવાનો સૌથી સુંદર ઉપાય શું છે ? ઉપાય એ નથી કે જે આપણે માનીએ છીએ, તે બધા માનવા લાગી જાય; આપણે જે કરીએ છીએ, તે બધા કરવા લાગી જાય. ઉપાય એ છે કે આપણે આપણી અને બીજાઓની વચ્ચે અનેક જાતના ભેદ ભલેને હોય, પરંતુ બધાયની સાથે પ્રેમની એકતા રાખીશું.

— સંતવાણી 7

10. જ્યાં મમતા અને સંગ્રહ નથી, ત્યાં સંઘર્ષને સ્થાન જ નથી, જેટલા સંઘર્ષ થાય છે ભાઈ ! તે બધા છે સંગ્રહમાં, મમતામાં.

— સંતવાણી 5

11. સઘળા સંઘર્ષોનું મૂળ એકમાત્ર એ છે કે વ્યક્તિ, વર્ગ, સમાજ, દેશ પોતાના દોષને ભૂલીને બીજાના દોષ પર દૃષ્ટિ રાખે છે.

— દર્શન ઔર નીતિ

❊ ❊ ❊

# સંસાર (સૃષ્ટિ, વિશ્વ)

1. સંસારની જરૂરત તમને ન રહે અને સંસાર તમારી જરૂરત અનુભવ કરે— આ છે જીવનનો શુદ્ધ ભૌતિકવાદ. આને કહે છે દુનિયામાં રહેવાની સાચી રીત. — સાધન-ત્રિવેણી
2. બાહ્ય ભિન્નતા અને આંતરિક એકતા સિવાય સકળ વિશ્વ કંઈ નથી. — માનવ-દર્શન
3. એ નિયમ છે કે જે જગતની આવશ્યકતા અનુભવતો નથી, તે જ જગતને માટે ઉપયોગી સાબિત થાય છે. — માનવ-દર્શન
4. સૃષ્ટિ પોતે પોતાને પ્રકાશિત નથી કરતી. તેથી એ સ્વીકાર કરવું અનિવાર્ય થઈ જાય છે કે સૃષ્ટિ કોઈનો પ્રકાશ છે. — મૂક સત્સંગ
5. બ્રહ્મ જગત વિના રહી શકે છે પણ જગત બ્રહ્મ વિના રહી શકતું નથી; કેમ કે જગત અને બ્રહ્મમાં કેવળ કાલ્પનિક ભેદ છે, સ્વરૂપથી નથી. એટલા માટે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે. — સંત પત્રાવલી 1
6. 'આ' (સંસાર) અને 'તે' (પરમાત્મા) અને 'હું'— આ ત્રણેને એક સમજો; કેમ કે જે જેમાં ઉત્પન્ન થઈ જેમાં સ્થિત રહે છે અને અંતે તેમાં જ લય થઈ જાય છે, તે ખરેખર તો તે જ હોય છે. — સંત પત્રાવલી 1
7. કોઈની ભૂલને જોવાને માટે જોનારે પોતાને ભૂલવું પડે છે; કેમ કે જ્યાં સુધી તે પોતાનામાં શરીરભાવ નથી ધારણ કરતો, ત્યાં સુધી સંસાર જોવામાં આવતો નથી, એવો મારો અનુભવ છે. — સંત પત્રાવલી 1
8. સૃષ્ટિ કોઈ વ્યક્તિની બનાવેલી નથી. સૃષ્ટિકર્તાએ પોતાનામાંથી જ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. — પાથેય

9. ખરેખર તો સકળ વિશ્વ એક છે અને વિશ્વ તથા વિશ્વનાથ સાથે માનવનો અવિભાજ્ય સંબંધ છે. — પાથેય
10. વિશ્વની સેવા અપેક્ષિત છે, વિશ્વાસ નહિ.— સત્સંગ ઔર સાધન
11. જગતને મિથ્યા કહેવું માત્ર જ અધ્યાત્મવાદ નથી બલકે ભેદ અને ભિન્નતાનો અત્યંત અભાવ જ અધ્યાત્મવાદ છે. — દુઃખકા પ્રભાવ
12. દૃષ્ટાની દૃષ્ટિમાં સૃષ્ટિ જેવી કોઈ જ વસ્તુ નથી; કેમ કે સકળ સૃષ્ટિ તો બુદ્ધિ સમ થતાં જ વિલીન થઈ જાય છે. — જીવન-દર્શન
13. દરેક વ્યક્તિ સકળ સંસારની ઋણી છે. — માનવકી માંગ
14. સકળ વિશ્વ એક વસ્તુ છે. તેમાં જે આપણને પોતાના વ્યક્તિત્વનો ભાસ થાય છે, તે ‘અહં’ અને ‘મમ’નું પરિણામ છે, બીજું કંઈ નથી. તે વ્યક્તિત્વને દૂર કરવા માટે જે કંઈ પણ યોગ્યતા, સામર્થ્ય તથા વસ્તુરૂપમાં પ્રાપ્ત છે, તેને વિશ્વને ભેટ કરી દેવાની છે; કેમ કે તે તેનું જ છે. — જીવન-દર્શન
15. ભૌતિક દૃષ્ટિથી સકળ વિશ્વ એક જીવન છે. અધ્યાત્મ દૃષ્ટિથી બધું પોતાનું જ સ્વરૂપ છે. આસ્તિક દૃષ્ટિથી પ્રેમાસ્પદથી અલગ કંઈ જ નથી. — દર્શન ઔર નીતિ
16. સકળ વિશ્વ દર્પણના જેવું છે. તેમાં માનવ પોતાના જ ચિત્રને જુએ છે. જો આમ ન થાત તો એક જ વિશ્વના સંબંધમાં અનેક મત ન હોત. — દર્શન ઔર નીતિ
17. જે કોઈથી પણ ઘૃણા કરે છે, એ પેલા અનંતથી ઘૃણા કરે છે; કેમ કે સકળ વિશ્વ તેની જ અભિવ્યક્તિ છે. — ચિત્તશુદ્ધિ
18. સૃષ્ટિ તો માત્ર પોતાનામાં વિષયાદિક ભાવોને ધારણ કરવાથી પ્રતીત થાય છે. વિષયાસક્ત બિચારો માનેલી સત્તાનો સ્વીકાર કરે છે. તેથી આ જ સૃષ્ટિના પ્રતીત થવાનું કારણ છે. કારણનો નાશ થવાથી કાર્યનો નાશ પોતાની મેળે થઈ જાય છે. તેથી વિષયજન્ય સ્વભાવનો અંત થવાથી સૃષ્ટિનો અંત થઈ જાય છે. — સંત-સમાગમ 1
19. જો સંસાર પર શાસન કરવા ચાહો છો તો સંસાર તરફ ન જુઓ — સંત-સમાગમ 1

20. ભોગની ઈચ્છા જ વાસ્તવમાં સંસાર છે; કેમ કે ભોગની ઈચ્છા ન રહેવાથી ઈન્દ્રિય, મન, બુદ્ધિ આદિ તથા સંસાર બધાં જ બેકાર થઈ જાય છે. — સંત-સમાગમ 1
21. જગત શું છે ? એ તો ત્યારે કહી શકાય કે, જ્યારે આપણે જગતથી અલગ હોઈએ. જગતથી અલગ થઈ જોતાં જગત એક વસ્તુ છે, અનેક નથી; જગતનું નાનાત્વ તો જગતરૂપ બનીને અનુભવો છો; જગત બનીને જગતને જાણી શકતા નથી. તેથી ‘જગતમાં નાનાત્વ છે’ આ વાત કોઈ રીતે સિદ્ધ થતી નથી. — સંત-સમાગમ 1
22. જે રીતે જળનું જ્ઞાન થવાથી લહેર જળથી ભિન્ન નથી, એ જ રીતે જગતનું યથાર્થ જ્ઞાન થવાથી જગત નિજ-સ્વરૂપથી ભિન્ન નથી. તેથી જળ દૃષ્ટિ થવાથી લહર-દૃષ્ટિ બાકી નથી રહેતી, પછી લહેરમાં અનેકવિધપણું છે. આ કેવી રીતે કહી શકાય છે ?— સંત-સમાગમ 1
23. એક જીવનથી ભિન્ન બીજું કંઈ વિચાર-દૃષ્ટિથી જોવામાં નથી આવતું. તમને જે કંઈ પ્રતીત થાય છે, તે માત્ર તમારો રાગ છે. — સંત-સમાગમ 1
24. અનંત સંખ્યાઓ એક જ એકમથી ઉત્પન્ન થાય છે; કેમ કે એકમની સત્તા નીકળી જતાં સંખ્યા કંઈ રહેતી નથી. તેથી એક એકમની સંખ્યા જ સંખ્યારૂપે પ્રતીત થાય છે અને સંખ્યાનું જ્ઞાન થવાથી એકમ જ શેષ રહે છે અર્થાત્ જગતનું અનેકવિધપણું એકત્વમાં વિલીન થાય છે. ઊંડાણથી જુઓ ‘એક’થી ‘નવ’ સુધી ગણના થવાથી અંતમાં પછી એક જ બાકી રહે છે. — સંત-સમાગમ 1
25. વિશ્વ માત્ર આપણી એક અવસ્થા સિવાય બીજો કોઈ અર્થ ધરાવતું નથી. — સંત-સમાગમ 1
26. સૃષ્ટિ માત્ર વિષયી પ્રાણીઓને માટે છે. વિષયી પ્રાણી તો જિજ્ઞાસુ અને ભક્ત બની શકતો નથી. તે તપ કરી શકે છે, પુણ્ય કરી શકે છે. અનીશ્વરવાદી દાન પણ કરી શકે છે, પરંતુ તે પ્રેમ નથી કરી શકતો, સંસારથી વિમુખ નથી થઈ શકતો. — સંત-સમાગમ 2
27. માત્ર અસત્યને અસત્ય સમજવામાત્રથી આસક્તિ છૂટતી નથી. સત્યની આવશ્યકતા જણાતાં અસત્ય પોતે પોતાની મેળે છૂટી જાય છે. — સંત-સમાગમ 2

28. હે પ્રિય ! મન, ઇન્દ્રિયો વગેરે દ્વારા જે કંઈ પ્રતીત થાય છે, તે કેવળ દૃશ્ય છે. સાધારણ લોકો તેને સંસાર કહે છે.

— સંત-સમાગમ 2

29. કર્મ, શરીર અને સંસાર— આ ત્રણેનું સ્વરૂપ એક જ છે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

30. સંસાર મોહનું ક્ષેત્ર નથી, સેવાનું છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

31. દરેક વ્યક્તિ વિશ્વરૂપી સાગરનું એક બિંદુ છે. સિંધુ અને બિંદુમાં ગુણોની ભિન્નતા હોવા છતાં પણ જાતીય તથા સ્વરૂપની એકતા છે. ગુણોની ભિન્નતા હોવાથી 'કર્મ'ની ભિન્નતા અને જાતીય તથા સ્વરૂપની એકતા થવાથી 'લક્ષ્ય'ની એકતા સ્વાભાવિક છે.

— માનવતાકે મૂલ સિદ્ધાંત

32. માંગની પૂર્તિ સંસારની મદદથી થઈ શકતી નથી.— સંતવાણી 8

33. આપણો અને સંસારનો સંબંધ 'સેવા'નો સંબંધ છે. ..... બીજો કોઈ સંબંધ નથી. — સંતવાણી 8

34. સંસારમાં કોઈ ચીજ આપણને મળી છે, એ ઘણો મોટો ભ્રમ છે.

— સંતવાણી 8

35. સંસારમાં સંબંધ બે જ રીતે રહે છે– આપવાનું છે, ત્યારે પણ સંબંધ રહેશે; લેવાનું છે, ત્યારે પણ સંબંધ રહેશે. આપવાનું આપી દીધું અને લેવાનું છોડી દીધું તો સંસારથી સંબંધ તૂટી જાય છે. —સંતવાણી 8

36. સંસાર માત્ર પ્રેમથી પ્રસન્ન થતો નથી, તેને સેવા પણ જોઈએ.

— સંતવાણી 8

37. સંસાર જે કંઈ આપી શકે છે, શું તે શરીરની આગળ પહોંચે છે ? નથી પહોંચતું. — સંતવાણી 8

38. સંસાર દુઃખદ નથી. સંસારનો સંબંધ દુઃખદ છે. — સંતવાણી 8

39. સંસાર જ્યારે એ જુએ છે કે જો કોઈ માણસ સંસારમાં પોતાની મમતા કરે છે, સંસારની કામના કરે છે, તેનાથી સંસાર નારાજ થઈ જાય છે, તેનાથી ખુશ નથી થતો, તેની પાછળ નથી દોડતો. .... જે અકિંચન અને ઇચ્છારહિત છે, તેને સંસાર પસંદ કરે છે. —સંતવાણી 8

40. દૃશ્યની પ્રતીતિ ઇન્દ્રિય-જ્ઞાન તથા બુદ્ધિ-જ્ઞાનથી તદ્રૂપ થવાથી થાય છે. આ બન્ને પણ દૃશ્ય જ છે. એટલા માટે આ સિદ્ધ થયું કે દૃશ્યથી તદ્રૂપ થવાથી જ દૃશ્યની પ્રતીતિ થાય છે. — જીવન-દર્શન

41. જ્યારે તમે કોઈ કામના પૂરી કરવા ચાહો છો, ત્યારે તમને સંસારનો ભાસ થાય છે. તમે કંઈ ન ચાહો, તો સંસાર તમને મોં બતાવશે નહિ.

42. જો તમે વિચાર કરીને જોશો તો સબળ અને નિર્બળ બન્નેના સહયોગથી જ સંસારનું કામ ચાલે છે. માત્ર સબળોથી જ નથી ચાલતું. જ્યાં એક યોગ્ય ચિકિત્સક જોઈએ, ત્યાં રોગી પણ જોઈએ. માની લો, યોગ્ય ચિકિત્સક હોય અને કોઈ રોગી ન હોય તો ચિકિત્સકનું કામ ચાલશે ? — સંતવાણી 3

43. કર્મનો સંબંધ 'પર'ના પ્રતિ છે, 'સ્વ'ના પ્રતિ નથી. પોતાનાથી ભિન્ન જે કંઈ છે, એ જ 'પર' છે. જેને 'આ' કરીને સંબોધન કરીએ છીએ, તે પોતાનાથી ભિન્ન છે. આ કારણે શરીર તથા સકળ સૃષ્ટિ 'પર'ના અર્થમાં જ આવે છે. — મૂક સત્સંગ

❊ ❊ ❊

**ઉત્પત્તિ, રક્ષા અને વિનાશને આધીન છે. કોઈ પણ વસ્તુ કોઈ પણ વ્યક્તિને અમર બનાવતી નથી. જો આમ હોત, તો કેટલાંક પ્રાણી જરૂર અવિનાશી બની જાત. જો વિનાશને નવી ઉત્પત્તિનું સાધન માનીને વિનાશનો ભય નષ્ટ કરી દેવામાં આવે અને વસ્તુઓનો ઉપયોગ રક્ષામાં થાય, વિલાસમાં નહિ, જીવનનો ઉપયોગ કર્તવ્યમાં થાય, અકર્તવ્યમાં નહિ તો પ્રકૃતિનું મંગળમય વિધાન રક્ષાર્થે આવશ્યક વસ્તુ, શક્તિ તેમજ યોગ્યતા આપમેળે પ્રદાન કરે છે. તેથી કર્તવ્યપરાયણતા આવશ્યક વસ્તુઓની જનની છે.**

# સત્સંગ (જુઓ મૂક સત્સંગ)

1. આપણે સત્સંગના નામ પર તો સતની ચર્ચા કરીએ છીએ અને સંગ કરીએ છીએ અસતનો. — સંતવાણી 4
2. અસતને જાળવી રાખવાથી આપણી નિંદા નથી થતી, પરંતુ અસતને પ્રગટ કરવામાં આપણી નિંદા થાય છે ! આ દુર્બળતા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી આપણે સત્સંગ કરી શકતા નથી. — સંતવાણી 4
3. શરીર દ્વારા પરમાત્માની સૃષ્ટિનું કાર્ય કરી શકીએ છીએ. પરંતુ તમે પોતાનું કાર્ય કરો છો, જ્યારે કે તમારું કોઈ કાર્ય નથી. જે તમારું કાર્ય છે, તમારું પોતાનું; તમારું જે વ્યક્તિગત કાર્ય છે, તે છે સત્સંગ. — સંતવાણી 7
4. જાગ્રત-સુષુપ્તિનું નામ જ 'મૂક સત્સંગ' છે અને જો હું એ કહી દઉં કે આનું નામ 'સત્સંગ' છે તો કોઈ અત્યુક્તિની વાત નહિ હોય. — પ્રેરણા પથ
5. સત્સંગનો અર્થ જ છે કે 'છે'નો સંગ. — પ્રેરણા પથ
6. સત્સંગ શ્રમ-રહિત જીવનમાં આપમેળે સિદ્ધ છે. — પ્રેરણા પથ
7. સત્સંગની પરિભાષા શું છે ? બળનો દુરુપયોગ કરીશ નહિ— આ સત્સંગ છે, જ્ઞાનનો અનાદર કરીશ નહિ— આ સત્સંગ છે, વિશ્વાસમાં વિકલ્પ કરીશ નહિ— આ સત્સંગ છે.

   — સાધન-ત્રિવેણી
8. માનવ સેવા સંઘની નીતિમાં પ્રવચનને પણ સત્ચર્ચા કહી છે, સત્સંગ નહિ. ...... માનવ સેવા સંઘમાં મૂક સત્સંગને મુખ્ય સત્સંગ માન્યો છે. — સંત-ઉદ્બોધન
9. સત્યનો સ્વીકાર કરવો જ સત્સંગ છે. — સંત-ઉદ્બોધન
10. સત્સંગ સ્વધર્મ છે, શરીરધર્મ નથી. — સંત-ઉદ્બોધન
11. સત્સંગનો અર્થ અભ્યાસ નથી, અસતનો ત્યાગ જ સત્સંગ છે.

    — સંત-ઉદ્બોધન

12. કોઈ અભ્યાસ અથવા તપનું નામ સત્સંગ નથી, પરંતુ એ સાધકનો સ્વધર્મ છે અર્થાત્ પરાશ્રય વિના પોતાના જ દ્વારા જેની સિદ્ધિ થાય છે, તે જ સત્સંગ છે. — સાધન-નિધિ
13. 'મૂક સત્સંગથી ભિન્ન પણ સત્સંગ છે' આ સ્વીકારવું સતની ચર્ચાને જ સતનો સંગ માનવો છે. જોકે સતની ચર્ચા સતના સંગનો સહયોગી પ્રયાસ છે, પરંતુ સતનો સંગ નથી. — મૂક સત્સંગ
14. જોકે સત્સંગના સહયોગી ઉપાયોને પણ સત્સંગ કહે છે, પરંતુ ખરેખરો સત્સંગ તો અહંકૃતિ-રહિત થવાથી જ સિદ્ધ થાય છે અર્થાત્ મૂક સત્સંગ જ 'સત્સંગ' છે, જે દરેક માનવને પ્રાપ્ત થઈ શકે છે. — મૂક સત્સંગ
15. સત્સંગ કોઈ અભ્યાસ નથી, પરંતુ સ્વધર્મ છે. અભ્યાસને માટે શરીર વગેરેની અપેક્ષા હોય છે. પરંતુ સત્સંગ પોતાના જ દ્વારા ઉપલબ્ધ થાય છે. — મૂક સત્સંગ
16. સત્સંગ જ માનવમાત્રનો પુરુષાર્થ છે. — મૂક સત્સંગ
17. સત્-ચર્ચા, સત્-ચિંતન તથા સત્-કર્મને માટે કોઈ ને કોઈ પરિસ્થિતિની અપેક્ષા હોય છે. દરેક પરિસ્થિતિ સ્વભાવથી જ પરિવર્તનશીલ તથા પરપ્રકાશ્ય છે. એટલા માટે પરિસ્થિતિનો આશ્રય માનવને સત્સંગથી વિમુખ કરી દે છે. — મૂક સત્સંગ
18. પોતાનું કંઈ નથી, પોતાને કંઈ નહિ જોઈએ, પોતાના માટે કંઈ કરવાનું નથી— આ સત્સંગ છે. — મૂક સત્સંગ
19. શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે દ્વારા સત્સંગ નથી થતો. પોતાના જ દ્વારા સત્સંગ કરવાનો છે; કારણ કે પોતાનામાં જ સત્સંગની માંગ છે. શરીરના સંબંધથી તો મમતા, કામના વગેરે વિકારોની ઉત્પત્તિ થાય છે. — મૂક સત્સંગ
20. સત્સંગનો અર્થ છે— 'છે'નો સત્સંગ અર્થાત્ જે મોજૂદ છે, વિદ્યમાન છે, પ્રાપ્ત છે, તેનો સંગ. — મૂક સત્સંગ
21. સત્સંગથી જેની પ્રાપ્તિ થાય છે, તેની પ્રાપ્તિ બીજી કોઈ રીતે નથી થતી. — મૂક સત્સંગ
22. અધ્યાત્મવાદની દૃષ્ટિથી સકળ સૃષ્ટિથી અસંગ થવું સત્સંગ છે અને આસ્તિકવાદની દૃષ્ટિથી શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક પ્રભુમાં આત્મીયતા સ્વીકાર કરવી સત્સંગ છે. — મૂક સત્સંગ

23. સતનો સંગ શ્રમસાધ્ય નથી. આ કારણે મૂક સત્સંગ જ વાસ્તવિક સત્સંગ છે. — મૂક સત્સંગ
24. સત્સંગ વિના કોઈ એવો ઉપાય છે જ નહિ કે માનવ સંપૂર્ણ રીતે અસાધનરહિત થઈ સાધનનિષ્ઠ થઈ જાય. — મૂક સત્સંગ
25. બધી તરફથી વિમુખ થવુ ંજ ખરેખર સત્સંગ છે અને સત્સંગથી જ પ્રેમી પ્રેમાસ્પદથી, જિજ્ઞાસુ તત્ત્વજ્ઞાનથી, અશાંત પરમ શાંતિથી અને અસમર્થ સામર્થ્યથી અભિન્ન થાય છે. — મૂક સત્સંગ
26. જેનું સંપાદન 'સ્વ'ના દ્વારા થાય છે, એ જ સત્સંગ છે. — સંત પત્રાવલી 2
27. સત્કાર્ય, સત્ચર્ચા તેમજ સત્-ચિંતન વગેરે સત્સંગ નથી. સત્સંગ માનવનો સ્વધર્મ છે અને ચર્ચા, ચિંતન વગેરે પરાશ્રય તેમજ પરિશ્રમસાધ્ય છે. જે પરાશ્રય તેમજ પરિશ્રમથી સાધ્ય છે, તેનો વિનાશ અનિવાર્ય છે. — સંત પત્રાવલી 2
28. સત્સંગ દ્વારા બધા જ સાધકોને લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે છે, આ અનુભવ-સિદ્ધ સત્ય છે. — સંત પત્રાવલી 2
29. હકીકતમાં તો સત્સંગ જીવનમાં એક જ વાર થાય છે, સતની ચર્ચા અનેક વાર થાય છે. — પાથેય
30. સૂતેલી માનવતાને જગાડવાને માટે એકમાત્ર સત્સંગ જ અચૂક ઉપાય છે. — પાથેય
31. અસતનો ત્યાગ અને સતનો સંગ એક જ તત્ત્વનાં બે રૂપ છે. ફરક માત્ર એટલો છે કે અસતનો ત્યાગ પુરુષાર્થ છે અને સતનો સંગ આપમેળે સિદ્ધ છે. અસતના ત્યાગ સિવાય સત્સંગને માટે કોઈ બીજો પ્રયાસ અપેક્ષિત નથી. ફક્ત અસતના ત્યાગમાત્રથી જ સત્સંગ થઈ જાય છે. — સત્સંગ ઔર સાધન
32. સત્સંગ કહેવામાં આવતો નથી, કરવામાં આવે છે. અસતનો ત્યાગ થવાથી સતનો સંગ પોતાની મેળે થાય છે. — સંત-સમાગમ
33. સત્સંગના વિના કોઈ પણ માનવ બની શકતો નથી. કારણ કે વિવેકયુક્ત પ્રાણ જેમાં છે, તે જ માનવ છે. વિવેકરહિત પ્રાણ તો પશુ, પક્ષી તથા વૃક્ષોમાં પણ છે. માનવ-જીવનની મહત્ત્વપૂર્ણ વસ્તુ તો વિવેક જ છે. તેના વિકાસને માટે સત્સંગની પરમ

આવશ્યકતા છે. એ સત્સંગને પ્રાપ્ત કરવાના ત્રણ ઉપાય છે— 1. સદ્ગ્રંથ, 2. સત્પુરુષ અને 3. સર્વાંતર્યામી રૂપે જે સત્સ્વરૂપ પરમાત્મા પ્રાપ્ત છે, તેનો સંગ. તેનો સંગ અસતના ત્યાગથી પ્રાપ્ત થઈ શકે છે. જેને આ ત્રીજા પ્રકારનો સત્સંગ મળ્યો છે, તેને સદ્ગ્રંથ તથા સત્પુરુષોની જરૂરિયાત હોતી નથી. ....... આ સત્સંગને માટે કોઈ ઉત્સવ તથા સંગઠનની જરૂરિયાત નથી. એકાંતમાં મૌન થઈને આ સત્સંગને પ્રાપ્ત કરી શકાય છે.

— સંત-સમાગમ 2

34. સાચો સત્સંગી તે હોય છે, જે સત્યને સ્વીકારે છે, જે સત્યનો પ્રેમી હોય છે. તે ન તો સંસારથી કંઈ ચાહે છે, ન ભગવાનથી કંઈ ચાહે છે. — સંતવાણી 8

35. સત્સંગનો અર્થ વ્યાખ્યાન સાંભળવું એ નથી. આ તો સત્-ચર્ચા છે. વિચારવું—સમજવું એ સત્ચિંતન છે. સત્સંગ છે સત્યને સ્વીકારી લેવું. 'મારું કંઈ નથી' આ સત્ય છે. 'મારે કંઈ નહિ જોઈએ'— આ સત્ય છે. — સંતવાણી 8

36. સત્સંગનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ-વિશેષ આવી ગઈ, તેણે એક વ્યાખ્યાન આપી દીધું અને આપણે બધાએ સાંભળી લીધું. આ તો સત્સંગનું સહયોગી સાધન છે. હકીકતમાં આ સત્સંગ નથી. સત્સંગનું ખરેખરું સ્વરૂપ છે— પોતે જાણેલ અસતનો ત્યાગ. — સંતવાણી 6

❊ ❊ ❊

**પ્રકૃતિ સાધકને જે કંઈ આપે છે, તેનાથી અતીતના જીવન તરફ અગ્રેસર કરવાને માટે તે આપેલાને પોતાનામાં વિલીન કરી દે છે. આ અનંતનું મંગળમય વિધાન છે. પરંતુ માનવ મળેલની આસક્તિને કારણે તેમને સુરક્ષિત રાખવાનું વિચારે છે, મમતારહિત થઈને તેનો સદુપયોગ નથી કરતો. તેનું પરિણામ એ થાય છે કે લોભ, મોહ વગેરે વિકાર પેદા થઈ જાય છે, જેના થવાથી પ્રાણી ન તો મળેલનો સદુપયોગ કરવા પામે છે અને વસ્તુઓથી અતીતના જીવનમાં પ્રવેશ પણ નથી પામતો. તેથી વસ્તુઓના વિનાશથી ભયભીત થવું વસ્તુઓની દાસતાને સુરક્ષિત રાખવી છે, બીજું કંઈ નથી. વસ્તુઓની દાસતા દરિદ્રતાની જનની છે.**

# સદુપયોગ

1. જે ક્ષણથી તમે મળેલનો સદુપયોગ શરૂ કરશો, તમે સાચું માનજો, જરૂરી વસ્તુઓ તમારી પાસે આવવાને માટે લાલાયિત થઈ જશે.

— સંતવાણી 4

2. વ્યક્તિઓની સેવામાં જ વસ્તુઓનો સદુપયોગ રહેલો છે.

— સાધન-તત્ત્વ

3. વર્તમાનનો સદુપયોગ જ ભવિષ્યને ઉજ્જવલ બનાવે છે.

— સંત-ઉદ્‌બોધન

4. માત્ર પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરવાનો છે. આ સદુપયોગનું નામ જ કોઈએ પુરુષાર્થ રાખી દીધું, કોઈએ કર્તવ્ય રાખી દીધું અને કોઈએ સાધના રાખી દીધું. — માનવકી માંગ

5. જો મનમાં શુદ્ધ સંકલ્પ પેદા થાય છે તો મળેલ 'મન'નો સદુપયોગ થઈ ગયો. ..... જો આપણી બુદ્ધિ આપણાં કર્તવ્ય અને બીજાઓના અધિકારને જાણે છે અને દરેક વસ્તુમાં સતત પરિવર્તનનું દર્શન કરાવે છે તો સમજવું જોઈએ કે 'બુદ્ધિ'નો સદુપયોગ થઈ ગયો. ...... જો પ્રાપ્ત વાણી સત્ય, હિતકારી, મધુર તથા પ્રિય વચન બોલે છે તેમ જ આવશ્યકતાથી વધારે નથી બોલતી તો સમજવું જોઈએ કે 'વાણી'નો સદુપયોગ થઈ ગયો. ....... પ્રાપ્ત વસ્તુઓ વ્યક્તિઓની રક્ષામાં વપરાય છે તો સમજવું જોઈએ કે 'વસ્તુઓ'નો સદુપયોગ થઈ ગયો.

— માનવકી માંગ

6. સુખ-દુઃખનો સદુપયોગ સાધનનું મૂળ છે. — માનવકી માંગ

7. જે આવે-જાય છે, તેનો સદુપયોગ કરવાનો છે અને જે રહે છે, તેમાં પ્રિયતા. — માનવ-દર્શન

8. મળેલનો દુરુપયોગ માનવની પોતાની ભૂલ છે અને તેનો સદુપયોગ વૈધાનિક છે. આ દૃષ્ટિથી અકર્તવ્ય પોતાનો દોષ છે અને કર્તવ્ય-પરાયણતા સ્વભાવસિદ્ધ છે. — મૂક સત્સંગ
9. મળેલના સદુપયોગથી જરૂરી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય મંગળમય વિધાનથી આપમેળે મળે છે. — મૂક સત્સંગ
10. સુખનો સદુપયોગ ‘સેવા’ અને દુઃખનો સદુપયોગ ‘ત્યાગ’ છે. — સંત પત્રાવલી 1
11. એ પ્રાકૃતિક નિયમ છે કે બળના દુરુપયોગથી કાળાંતરે સબળ સ્વયં નિર્બળ થઈ જાય છે. એટલું જ નહિ, તેની વિરોધી સત્તા પણ પેદા થઈ જાય છે અને એ જ દુર્દિવસ તેને જાતે જોવો પડે છે, જે તેણે બળના દુરુપયોગના દ્વારા નિર્બળોને સતાવ્યા હતા. બળના સદુપયોગથી પરસ્પર એકતા થાય છે અને પછી સબળ અને નિર્બળનો ભેદ શેષ નથી રહેતો. — દુઃખકા પ્રભાવ
12. પ્રાપ્ત વ્યક્તિઓની સેવાથી મોહનો તથા પ્રાપ્ત વસ્તુઓના સદુપયોગથી લોભનો અંત થઈ જાય છે. — જીવન-દર્શન
13. એ નિયમ છે કે શરીર વગેરે વસ્તુઓનો સદુપયોગ કરી નાખવાથી તેમનાથી સંબંધ-વિચ્છેદ થઈ જાય છે; કેમ કે જેનો ખરો ઉપયોગ કરી લઈએ છીએ, તેની આવશ્કતા બાકી નથી રહેતી. — જીવન-દર્શન
14. વસ્તુઓના સદુપયોગથી જરૂરી વસ્તુઓ અને અનિત્ય જીવનના સદુપયોગથી નિત્ય જીવન મળી જાય છે. — જીવન-દર્શન
15. બધી જ વસ્તુઓમાં વધારે મહત્ત્વપૂર્ણ વસ્તુ વર્તમાન સમય છે. સમયના સદુપયોગમાં જ સમસ્ત જીવનનો સદુપયોગ રહેલો છે. — જીવન-દર્શન
16. જે વ્યક્તિ બીજાઓથી સુખની આશા કરતી હોય છે અને પરાયા દુઃખથી પોતાને બચાવતી હોય અને મળેલ સુખને દુઃખીઓની થાપણ ન માનતી હોય, તે કેટલીય સામર્થ્યશાળી કેમ ન હોય, પરિસ્થિતિનો સદુપયોગ કરી શકતી નથી. — ચિત્તશુદ્ધિ
17. વર્તમાન પરિસ્થિતિનો સદુપયોગ કરવાથી છુટકારો પોતાની મેળે મળી જાય છે. બહારનો છુટકારો છુટકારો નથી હોતો, પરંતુ કાર્યનું પરિવર્તન હોય છે. સામાન્ય વ્યક્તિ કાર્યના પરિવર્તનને

છુટકારો માને છે; પરંતુ વિચારશીલ કામનો અંત કરવાને છુટકારો માને છે. ...... મળેલ પરિસ્થિતિનો સદ્ઉપયોગ છુટકારાનું સર્વોત્તમ સાધન છે. — સંત-સમાગમ 2

18. આપણને જે કંઈ મળ્યું છે, એ જ આપણા માટે હિતનું સાધન છે. કેમ કે પ્રાકૃતિક વિધાન ન્યાયપૂર્ણ છે. આપણને જે મળ્યું છે, તેનો સદ્ઉપયોગ કરવાથી જ આપણા પ્રેમાસ્પદ આપણને જરૂર અપનાવી લેશે. — સંત-સમાગમ 2

19. પરિસ્થિતિ-ભેદથી કર્તવ્યમાં ભેદ થવા છતાં પણ ફળમાં એકતા જ છે અર્થાત્ દરેક પરિસ્થિતિના સદ્ઉપયોગનું પરિણામ એક જ છે. — સાધન-તત્ત્વ

20. જે વસ્તુ અને બળનો મનુષ્ય સદ્ઉપયોગ નથી કરતો, તે વસ્તુ અને શક્તિ તેનાથી છીનવાઈ જાય છે, આ પ્રાકૃતિક નિયમ છે. — સંત-સૌરભ

❊ ❊ ❊

**પ્રાપ્તની મમતા અને અપ્રાપ્તની કામનાએ લોભને જન્મ આપ્યો. લોભે પૈસાનું મૂલ્ય વધારી દીધું અને તેણે સચ્ચરિત્રતાનું અપહરણ કરી લીધું. આમ થતાં જ પરિસ્થિતિ-પરિવર્તનમાં અભિરુચિ જાગ્રત થઈ ગઈ. પ્રકૃતિથી મળેલ પરિસ્થિતિના સદ્ઉપયોગ પર દૃષ્ટિ નહિ રહી. તેનું પરિણામ એ થયું કે વસ્તુઓમાં જ જીવન-બુદ્ધિ થઈ ગઈ, જેણે માનવને 'માનવ' નથી રહેવા દીધો. કારણ કે વસ્તુઓના આધાર પર જ સમાજમાં વ્યક્તિનું મૂલ્યાંકન થવા લાગ્યું. આ કારણે બૌદ્ધિક તથા શારીરિક શ્રમ પૈસાને આધીન થઈ ગયા, આવું થતાં જ પરસ્પરમાં અનેક જાતનાં દ્વંદ્વો પેદાં થઈ ગયાં. આવશ્યક વસ્તુ-પ્રાપ્તિના વિધાનને ભૂલીને વ્યક્તિ વિધાન-વિરોધી ઉપાયો દ્વારા ધનનો સંગ્રહ કરવા લાગ્યા. સંગ્રહ નાશનું કારણ છે અર્થાત્ સંઘરાખોર વ્યક્તિ પોતાના મૃત્યુનું પોતે આહ્‌વાન કરે છે તથા માનવજીવનમાં ધનની ગુલામીનું કોઈ સ્થાન જ નથી. ધન સમાજની થાપણ છે બીજું કંઈ નથી.**

# સમાજ

1. આશ્રમ બને છે સમાજની ઉદારતાથી પણ સમાજની ઉદારતા કઈ રીતે પ્રાપ્ત થાય ? તે પ્રાપ્ત કરવા હે ભાઈ ! તું સમાજને માટે ઉપયોગી થઈ જા. — સંતવાણી 3
2. બુદ્ધ, ઈશુ, જિન મહાવીર વગેરે વગેરે અનેક મહાપુરુષ આવ્યા. છતાં પણ સમાજની દશા ઉત્તરોત્તર બગડતી જ ગઈ. આના મૂળમાં કારણ શું છે ? આના પર વિચાર કરવાથી એવું લાગે છે કે માનવ જ્યાં સુધી પોતાને કરવાનું છે એ વાત નહિ માને, ત્યાં સુધી તેની જે માગ છે, તેની પૂર્તિ થશે નહિ. — પ્રેરણા પથ
3. જે સત્ય આપણા પોતાના જીવનમાં આવી જશે, તે સમાજમાં વ્યાપ્ત થઈ જશે. — સાધન-ત્રિવેણી
4. સમાજમાં વિદ્રોહની ઉત્પત્તિ ત્યારે જ થાય છે, જ્યારે વ્યક્તિમાં કર્તવ્યપરાયણતા નથી રહેતી. — સંત-ઉદ્‌બોધન
5. સુંદર સમાજનિર્માણનો અર્થ શું છે ? જે સમાજમાં તમામ વ્યક્તિઓના અધિકાર સુરક્ષિત હોય. કોઈ કોઈના અધિકારને છીનવે નહિ. ગુણ, પરિસ્થિતિ, કર્મ વગેરેની ભિન્નતા હોવા છતાં પણ પરસ્પરમાં પ્રીતિની એકતા હોય. જ્યાં બળ દ્વારા વાત મનાવવાની કોઈ આવશ્યકતા ન હોય. — સંત-ઉદ્‌બોધન
6. બળનો સદુપયોગ અને વિવેકનો આદર કરવો જ દરેક માનવનો પુરુષાર્થ છે. આ જ પુરુષાર્થથી પોતાનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ થાય છે. — સંત-ઉદ્‌બોધન
7. સુંદર સમાજ તેને કહીશું, કે જેનો દરેક વર્ગ પોત-પોતાના સ્થાન પર ખરો હોય, ઠીક હોય. — માનવકી માંગ
8. વ્યક્તિની કર્તવ્યનિષ્ઠા જ સમાજમાં પ્રેમનો ફેલાવો કરે છે. — માનવકી માંગ
9. આપણો સમાજ ત્યારે જ સુંદર થશે, જ્યારે આપણે કર્તવ્યપરાયણ બનીશું. — માનવકી માંગ

10. જ્યાં સુધી આપણે પોતાનો સુધારો નહિ કરીશું, ત્યાં સુધી સુંદર સમાજનું નિર્માણ થઈ શકશે નહિ. — માનવકી માંગ
11. વ્યક્તિના નિર્દોષ થવાથી સમાજમાં નિર્દોષતા આવી જાય છે અને વ્યક્તિના દોષી થવાથી સમાજમાં દોષ આવી જાય છે. — માનવકી માંગ
12. સમાજમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણપણે સમાજ સાથે સંબંધ-વિચ્છેદ કરીને જીવિત રહી શકતી નથી. — માનવકી માંગ
13. જેમ જેમ સમાજમાં સેવાભાવની વૃદ્ધિ થાય છે, તેમ તેમ સુંદર સમાજનું નિર્માણ થાય છે અને જેમ જેમ સમાજમાં લોભની વૃદ્ધિ થાય છે, તેમ તેમ સમાજમાં દરિદ્રતા તથા સંઘર્ષ પેદા થાય છે. — માનવકી માંગ
14. સમાજનું નિર્માણ એકબીજાની આવશ્યકતા-પૂર્તિમાં સહયોગ આપવાને માટે છે. — માનવ-દર્શન
15. અનેક પ્રકારની ભિન્નતામાં એકતા સ્થાપિત કરવાનું જે પરિણામ છે, એ જ સમાજ છે. — માનવ-દર્શન
16. સામાજિક ભાવનાને કોઈ વર્ગ, દેશ, મત, સંપ્રદાય, ધર્મ, વાદની સીમામાં બાંધી દેવી એ વાડાબંધી છે, સમાજ નહિ. વાડાબંધી સંઘર્ષની જનની છે. સામાજિક ભાવના એકતા તથા શાંતિની જનની છે. — માનવ-દર્શન
17. વ્યક્તિ માળી છે અને સમાજ વાટિકા. વાટિકાનો માળી વાટિકાની સેવામાં રત પણ રહે છે અને તેના પર નિર્ભર પણ. આ દૃષ્ટિથી વ્યક્તિ અને સમાજ બન્નેય પારસ્પરિક વિકાસમાં કારણ છે. — માનવ-દર્શન
18. સમાજ સેવાનું ક્ષેત્ર છે અને વ્યક્તિ સેવક છે. સેવા જેની કરવામાં આવે છે, તેના કરતાં તેનો વધારે વિકાસ થાય છે, જે સેવા કરે છે. — માનવ-દર્શન
19. પ્રાંતવાદનો અંત કર્યા વિના કદી પણ એકબીજામાં સ્નેહની એકતા શક્ય નથી. સ્નેહની એકતા વિના સમાજમાં શાંતિની સ્થાપના શક્ય થશે નહિ. — પાથેય

20. જિતેન્દ્રિયતા અને સત્યની ખોજ તેમજ સાર્થક ચિંતનથી યુક્ત સેવામાં રત માનવની ગોદમાં જ બાળક-બાળકીઓને પોષણ તથા શિક્ષણ મળે, ત્યારે જ ભાવિ સમાજ સુંદર બની શકે છે.
— માનવ-દર્શન

21. સ્વાધીન વ્યક્તિઓના પ્રાદુર્ભાવથી જ સમાજમાં સ્વાધીનતા સુરક્ષિત રહે છે. સ્વાધીન સમાજ ન તો કોઈથી ભયભીત થાય છે અને કોઈને ભય આપે છે. ભયભીત સમાજ જ યુદ્ધ-સામગ્રીનો સંગ્રહ કરે છે. — દર્શન ઔર નીતિ

22. અધ્યાત્મવાદ વ્યક્તિને સમાજથી અસંગ નથી કરતો, પરંતુ વ્યક્તિગત સુખાસક્તિથી અસંગ કરે છે. — માનવ-દર્શન

23. સંગ્રહ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ સંઘરાખોરની ચેતના જડતાથી છવાતી જાય છે. સંઘરાખોર કરતા શ્રમીમાં ચેતના વધારે રહે છે. પ્રાકૃતિક નિયમ મુજબ સુધારાની શરૂઆત તેનાથી જ થાય છે, જેમાં ચેતના વધારે છે. તેથી શ્રમી-વર્ગના સુધારામાં જ સમાજનો સુધારો રહેલો છે. આજ સુધી કોઈ પણ સંઘરાખોરના દ્વારા સમાજનું ઉત્થાન થયું નથી. — દર્શન ઔર નીતિ

24. જે વ્યક્તિ દ્વારા સમાજના અધિકારનું અપહરણ નથી થતું અને જે પોતે અધિકાર-લાલસાથી રહિત છે, તે જ સુંદર છે.
— દર્શન ઔર નીતિ

25. સુંદર વ્યક્તિઓના નિર્માણમાં જ સુંદર સમાજનું નિર્માણ રહેલું છે. — દર્શન ઔર નીતિ

26. જ્યારે વ્યક્તિ કર્તવ્યથી ચ્યુત થઈ જાય છે, ત્યારે જ સમાજમાં ભિન્ન ભિન્ન જાતના બળવા થાય છે. — દર્શન ઔર નીતિ

27. જે વ્યક્તિ દ્વારા કોઈનો અનાદર અને તિરસ્કાર નથી થતો તેમજ જે દુ:ખીઓને જોઈ કરુણિત તથા સુખીઓને જોઈ પ્રસન્ન થાય છે, તેની માગ સમાજને સદા રહે છે. — દર્શન ઔર નીતિ

28. સમાજના બધા જ મોટા મોટા સુધારકો તેઓ જ થયા છે, જેમના જીવનમાં નિવૃત્તિ મુખ્ય હતી. — સંત-સમાગમ 1

29. વિવેકના અનાદરથી જ પ્રાણીના મનમાં સંઘર્ષ ઉત્પન્ન થયો છે. તેથી જ્યાં સુધી વિવેકપૂર્વક મનનો સંઘર્ષ મટશે નહિ, ત્યાં સુધી

સમાજમાં થનારા સંઘર્ષ કદી મટી શકતા નથી, ભલે તે વ્યક્તિગત હોય કે કૌટુમ્બિક અથવા સામાજિક. — માનવતાકે મૂલ સિદ્ધાંત

30. સુંદર સમાજનું નિર્માણ એકમાત્ર સેવામાં જ રહેલું છે.
— માનવતાકે મૂલ સિદ્ધાંત

31. પ્રાકૃતિક નિયમ મુજબ જે જીવનમાં છે, તે જ વ્યાપક થાય છે. તેથી કર્તવ્યપરાયણતાથી જ સમાજમાં પારસ્પરિક કર્તવ્યપરાયણતા આવે છે અને અધિકાર-લાલસાથી જ બીજાઓમાં અધિકારની માગ પેદા થાય છે. આ કારણે પોતાના અધિકારનો ત્યાગ અને બીજાઓના અધિકારની રક્ષા કરવી જ વિકાસનું મૂળ છે.
— માનવતાકે મૂલ સિદ્ધાંત

32. સુંદર સમાજનો અર્થ છે— જ્યાં બે વ્યક્તિઓમાં, બે વર્ગોમાં, બે દેશોમાં પરસ્પર એકતા હોય, સ્નેહ હોય, વિશ્વાસ હોય. અનેક ભેદ હોવા છતાં પણ, જેમ કે કર્મનો ભેદ હોય, ભાષાનો ભેદ હોય, રહેણી-કરણીનો ભેદ હોય પણ પરસ્પર પ્રેમ હોય, વિશ્વાસની એકતા હોય, લક્ષ્યની એકતા હોય. — સંતવાણી 6

33. જો સમાજમાં કર્તવ્યપરાયણતા ફેલાય છે તો કર્તવ્યપાલનથી ફેલાય છે, ઉપદેશ, આદેશ અને સંદેશથી ફેલાતી નથી. — સંતવાણી 5

34. સત્યને સ્વીકારવાથી સમાજમાં ક્રાંતિ આવે છે, આંદોલનથી નહિ.
— સંતવાણી 5

❊ ❊ ❊

**જ્યારે માનવ-સમાજ બાળકો અને રોગીઓની યથેષ્ટ સેવા કરતો નથી, ત્યારે ભાવિ સમાજના મનમાં એક વિદ્રોહ પેદા થાય છે, વિદ્રોહને જન્મ આપે છે, જેનાથી સુખી અને દુઃખીઓમાં સંઘર્ષ થવા લાગે છે. સુખી ઉદારતા તેમજ દુઃખી ત્યાગના બળને અપનાવવા પામતો નથી. દુઃખીમાં તૃષ્ણા અને સુખીમાં લોભની વૃદ્ધિ થતી રહે છે, જે અનર્થનું મૂળ છે. જો માનવ-સમાજ દરેક બાળકને પોતાનું બાળક માની લે અને રોગીઓની સેવાની જવાબદારી વ્યક્તિ પર ન રહીને સામૂહિક થઈ જાય તો ઘણી જ સહેલાઈથી વિદ્રોહની ભાવના મટી શકે છે.**

# સાધક

1. દરેક સાધક સાધન સાંભળવામાં વધારે સમય ન આપે. સાધન કરવામાં વધારે સમય આપે. — સંતવાણી 4
2. પ્રભુ-વિશ્વાસીનું દરેક કાર્ય 'પૂજા' છે અને અધ્યાત્મવાદીનું દરેક કાર્ય 'સાધના' છે તથા ભૌતિકવાદીનું દરેક કાર્ય 'કર્તવ્ય' છે. — સંત-ઉદ્‌બોધન
3. સાધક ન શરીર છે, ન આત્મા, ન બ્રહ્મ. તો પછી કોણ છે ? જેણે શરીરમાં મમતા સ્વીકાર કરી લીધી છે; છતાં પણ જેનામાં તત્ત્વની જિજ્ઞાસા છે અને અનંતની પ્રિયતા છે. — જીવન-પથ
4. સાધકને પોતાના સાધ્યથી અલગ જે પણ જોવામાં આવે, તેને ન તો પોતાનું માને, ન પોતાને માટે માને અને ન તો તેને મેળવવાની તથા ન તે સ્થાયી રહે એવી કામના પણ કરે. — સંત-ઉદ્‌બોધન
5. જે સત્યનો સ્વીકાર કરે છે, તે જ સાધક કહેવાય છે, તે જ માનવ કહેવાય છે. — સાધન-ત્રિવેણી
6. જે આપે છે અને લેતો નથી— એ પ્રભુનો સ્વભાવ છે. જે આપે છે અને લે છે— એ અસાધકનો સ્વભાવ. જે આપવાને માટે તત્પર છે અને લેવાનું છોડે છે— એ સાધકનો સ્વભાવ અને જે માત્ર લે છે— એ જડતા છે. — સંતવાણી 5
7. સાધકની જે પહેલી માગ છે, તે શાંતિની છે અને જે અંતિમ માગ છે, તે અનંત રસની અભિવ્યક્તિની છે. — સંત-ઉદ્‌બોધન
8. સાધકે સાધનથી અભિન્ન થવાનું છે ન કે તેની સાથે મોહ કરવાનો છે. સાધનના પ્રતિ મોહ કરવો તે તો અસાધન છે.— માનવકી માંગ
9. પોતાના સાધનનું અનુસરણ અને બીજાઓનાં સાધનોનો આદર માનવતા છે. પોતાનાં સાધનના પ્રતિ મોહ અને બીજાઓનાં સાધનની નિંદા અમાનવતા છે. — માનવકી માંગ

10. સમસ્ત વિશ્વ મળીને પણ સાધકની વાસ્તવિક માગને પૂરી નથી કરી શકતું. આ દૃષ્ટિથી સાધકનું મૂલ્ય સૃષ્ટિથી વધારે છે.
— સાધન-નિધિ

11. જે કોઈના માટે પણ બિનઉપયોગી હોય છે, તે સાધક નથી.
— સાધન-નિધિ

12. સાધક એ જ છે, જેના જીવનમાં સિદ્ધિને માટે નિત નવી આશા ઉત્તરોત્તર વધતી રહે. — સંત પત્રાવલી 2

13. વ્યર્થ ચેષ્ટાઓનો નિરોધ સાધકોને માટે ઘણો જરૂરી છે. જો સેવા કાર્ય નથી તો દીવાલને તાકતા ન રહો. સેવાના અંતમાં ઈન્દ્રિયોનો દરવાજો આપમેળે બંધ થઈ જવો જોઈએ. — સંત પત્રાવલી 2

14. બધા જ સાધકોએ સાધન-તત્ત્વથી અભિન્ન થવાનું છે. એ ત્યારે જ શક્ય થશે, જ્યારે સાધક માત્ર સત્સંગને જ પોતાનો પરમ પુરુષાર્થ સ્વીકાર કરે. સાધનને ઉપરથી ભરવામાં ન આવે, બલકે સાધકમાં જ તેની અભિવ્યક્તિ થાય. — સંત પત્રાવલી 2

15. સાધક મહાનુભાવે વ્યક્તિગત સાધનાને સામૂહિક સાધના બનાવવાનો પ્રયાસ ન કરવો અને ન તેનું પ્રદર્શન કરવું.
— સંત પત્રાવલી 2

16. પરાશ્રય અને પરિશ્રમનો સદુપયોગ એકમાત્ર પર-સેવામાં જ છે. ક્યારેય પણ કોઈ પણ સાધકને પોતાને માટે પરાશ્રય અને પરિશ્રમ અપેક્ષિત નથી. — સંત પત્રાવલી 2

17. અનુકૂળતાની ગુલામી અને પ્રતિકૂળતાના ભયનું સાધકના જીવનમાં કોઈ સ્થાન નથી. — પાથેય

18. જાણેલ અસતના ત્યાગ સિવાય કોઈ પણ સાધકે કંઈ પણ કરવાનું બાકી નથી. — પાથેય

19. જ્યારે સાધક અનેક રૂપોમાં પોતાના જ સાધ્યને પામે છે, ત્યારે તેને માટે પ્રવૃત્તિ અને નિવૃત્તિ અર્થાત્ પ્રગટ અને ગોપનીય, બન્નેનું રૂપ સરખું થઈ જાય છે. — પાથેય

20. સાધકે શુભ સંકલ્પ નહિ બદલવો જોઈએ. હા, નિર્વિકલ્પ થવાને માટે બધા જ સંકલ્પોનો ત્યાગ કરી શકાય છે. કોઈ સંકલ્પને માટે સંકલ્પને બદલવો સાધકની દૃઢતામાં બાધક બને છે. — પાથેય

21. શરીરની અસંગતામાં જ પ્રેમાસ્પદની આત્મીયતાપૂર્વક અભિન્નતા રહેલી છે. આ દૃષ્ટિથી અસંગ થવું દરેક સાધકને માટે અનિવાર્ય છે. — પાથેય
22. દરેક માનવ સાધક છે, પરંતુ આત્મા અને શરીર સાધક નથી. — સંત-ઉદ્‌બોધન
23. સજગ સાધકે શરીરના રહેતાં જ શરીરની આવશ્યકતાથી મુક્ત થવું અનિવાર્ય છે, જે એકમાત્ર અકિંચન, અચાહ તેમજ અપ્રયત્નથી જ સાધ્ય છે. — પાથેય
24. જે કોઈથી કંઈ પણ પામવાની આશા કરે છે, તે સાધક નથી, બલકે ભોગી છે. — પાથેય
25. સાધકોની સેવાથી સાધ્યને પ્રસન્નતા થાય છે, એવો મારો વિશ્વાસ છે. પરંતુ સેવા કરાવનારા સાધકને આ વાતનું ધ્યાન રહે કે તે સેવા કરવાથી અન્ય સાધકો કરતાં પોતાને વિશેષ ન માની લે અને સાધ્યના સ્થાન પર પોતે પોતાના વ્યક્તિત્વની પૂજા ન કરાવવા લાગે. — પાથેય
26. સત્સંગ દ્વારા સાધનનિષ્ઠ સાધકને કદી કોઈથી કોઈ જાતની ફરિયાદ રહેતી નથી— આ જીવનનું સુંદર ચિત્ર છે. એટલું જ નહિ, તેના દ્વારા પણ કોઈને કોઈ જાતની ફરિયાદ રહેતી નથી. કારણ કે તે બધાયનો પોતાનો હોવાથી સર્વપ્રિય થઈ જ જાય છે. પ્રેમીઓને પ્રેમાસ્પદથી, ઉદારને જગતથી અને સ્વાધીનને પોતાનાથી કોઈ ફરિયાદ રહેતી નથી. આ દૃષ્ટિથી સાધનનિષ્ઠ સાધકને કોઈથી ફરિયાદ રહેતી નથી. — પાથેય
27. શરીર વિશ્વને કામ આવી જાય, હૃદય પ્રેમથી ભરાઈ જાય અને અહં અભિમાનશૂન્ય થઈ જાય— આ વાસ્તવિક માંગનો અનુભવ કરવો એ જ સાધકનો પરમ પુરુષાર્થ છે. માગ જ માગની પૂર્તિમાં સમર્થ છે, આ અનંતનું અનુપમ વિધાન છે. — પાથેય
28. શરીર વગેરેની સ્મૃતિમાત્ર પણ સાધકને માટે અસહ્ય છે તો પછી તેમનામાં વિશેષતાની અભિરુચિ રાખવી આસક્તિ સિવાય બીજું શું છે ? — સત્સંગ ઔર સાધન
29. સાધકને તે જ સાધનથી સિદ્ધિ થઈ શકે છે, જે તેને રુચિકર હોય, જેના તરફ અવિચળ વિશ્વાસ હોય તેમજ જેને કરવાની યોગ્યતા હોય. — જીવન-દર્શન

30. તમામ સાધકોનો ઉદ્દેશ્ય એક હોઈ શકે છે, પરંતુ સાધન એક હોઈ શકતું નથી. તમામ સાધકોમાં પ્રીતિની એકતા હોઈ શકે છે, પરંતુ કર્મની નહિ. — જીવન-દર્શન
31. કોઈ પણ સાધક કોઈ પણ પરિસ્થિતિમાં એ નથી કહી શકતો કે અમે સાધન કરી શકતા નથી; કેમ કે પરિસ્થિતિને અનુરૂપ જ સાધનનું નિર્માણ થાય છે. — જીવન-દર્શન
32. જે કોઈમાં જે કંઈ છે, તે જગત અને જગતપતિનું જ છે. જો સાધકના શરીરનો સંબંધ જગત સાથે છે તો તેનો સંબંધ જગતપતિ સાથે છે. — સાધન-નિધિ
33. દરેક સાધકને શરીર, હૃદય અને મસ્તિષ્ક મળેલ છે. શરીર દ્વારા શ્રમપૂર્વક પરિસ્થિતિનો સદ્દુપયોગ, હૃદય દ્વારા સરળ વિશ્વાસપૂર્વક સમર્પણ અને મસ્તિષ્ક દ્વારા વિવેકપૂર્વક નિર્મોહતા મેળવવી પરમ આવશ્યક છે. — જીવન-દર્શન
34. ક્રિયાશીલતા, ચિંતન અને સ્થિતિથી અસહયોગ કરવાથી સાધક પોતાનામાં સંતુષ્ટ થાય છે. — સફલતાકી કુંજી
35. સાધકે પોતાની બનાવટના મુજબ પોતાને કંઈ ને કંઈ માની જરૂર લેવું જોઈએ. ચાહે પોતાને ભક્ત માની લો, ચાહે સેવક માની લો, ચાહે જિજ્ઞાસુ માની લો. માન્યતાને અનુરૂપ સાધના ફલિત થવા લાગશે. — સંત-જીવન-દર્પણ
36. સરળ વિશ્વાસથી, કોઈ શરત વિના જો પોતે પોતાને ભગવાનને આપી શકો છો, પ્રતિકૂળતાઓમાં તેમની કૃપાનો અનુભવ કરી શકો છો તો તમે 'આસ્તિક' થઈ જાઓ. જો તમે દશ્યમાત્રથી અસંગ થઈ શકો છો તો 'અધ્યાત્મવાદી' થઈ જાઓ અને જો પોતાનું સુખ વહેંચી શકો છો તો 'ભૌતિકવાદી' થઈ જાઓ— જેમાં તમારી મરજી થાય, તેમાં દાખલ થઈ જાઓ. — સંત-સમાગમ 2
37. નિવૃત્તિ માર્ગનું અનુસરણ કરનારા સાધકોએ શુદ્ધ અર્થાત્ પવિત્ર સંકલ્પોની પૂર્તિ પણ કરવી જોઈએ નહિ; કેમ કે સંકલ્પોની પૂર્તિને માટે કોઈ ને કોઈ જાતના સંગ્રહની જરૂરિયાત પડે છે, જે હકીકતમાં અનર્થનું મૂળ છે. એટલું જ નહિ, સકંલ્પ-પૂર્તિનો રસ સાધકને સાધ્યથી અભિન્ન નથી થવા દેતો, બલકે જેમ જેમ સંકલ્પોની પૂર્તિ

થતી જાય છે, તેમ તેમ નવા સંકલ્પો પેદા પણ થતા જાય છે. એ નિયમ છે કે સંકલ્પ પેદા થતાં જ સીમિત અહંભાવ દૃઢ થાય છે.

— સંત-સમાગમ 2

38. નિઃસંદેહ બધા જ સાધકોનું જ સાધ્ય એક જ છે; કેમ કે બધાયની વાસ્તવિક માગ એક છે. — સાધન-તત્ત્વ
39. દરેક સાધકનું પોતાનું જાણેલ અસાધન અલગ અલગ છે. આ જ કારણે સંપૂર્ણ રીતે બે સાધકોની સાધના પણ એક હોઈ શકતી નથી; કેમ કે સાધનની શરૂઆત સાધકમાંથી જ થાય છે. — સાધન-તત્ત્વ
40. કોઈ પણ સાધકે તે નથી કરવાનું, જેને તે નથી કરી શકતો અને કોઈ પણ સાધકનું સાધ્ય તે હોઈ શકતું નથી, જેની તેને પ્રાપ્તિ થઈ શકતી નથી. — સાધન-તત્ત્વ
41. એ નિયમ છે કે જ્યારે સાધક પોતાના જાણેલ અસાધનનો ત્યાગ કરી દે છે, ત્યારે તેનામાં જે વિદ્યમાન સાધન છે, તેનો પ્રાદુર્ભાવ પોતાની મેળે થઈ જાય છે. — સાધન-તત્ત્વ
42. જે સાધક ભગવાનનું ભજન-સ્મરણ કોઈ કામનાની પૂર્તિને માટે કરે છે, તે કામના જો તેના પતનમાં કારણ નથી થતી તો ભગવાન અવશ્ય પૂરી કરે છે; પરંતુ તેનાથી સાધકને ભગવાનનો પ્રેમ નથી મળતો. — સંત-સૌરભ
43. જે પોતાના સુખને માટે તપ કરે છે, જે પોતાના સુખને માટે જપ કરે છે, તેની તુલના, માફ કરશો ! હિરણ્યકશ્યપ સાથે કરવામાં આવે છે. ..... પોતાના સુખ માટે કરવામાં આવેલ ભક્તિ, પોતાના સુખ માટે કરવામાં આવેલું તપ, પોતાના સુખ માટે કરવામાં આવેલું દાન, એ રાક્ષસી સ્વભાવ છે. એ મનુષ્ય-સ્વભાવ નથી. — સંતવાણી 7
44. એ નથી બની શકતું કે તમે સચ્ચાઈની તરફ આગળ વધવા ચાહો અને જગત તમને મદદ ન કરે અને પ્રભુની કૃપા તમારી સાથે ન રહે. — સંતવાણી 7
45. આજકાલ લોકો સાધન તો કરતા નથી અને સાધનનું ફળ લેવા ચાહે છે, ત્યારે તેમને સફળતા કેવી રીતે મળે ? દરેક માણસ વિચારે છે કે સાધન કરીને યોગ્યતા તો બીજો પ્રાપ્ત કરી લે અને

અમને આશીર્વાદ આપી દે, જેથી અમને તેનું સુખ મળી જાય. ...... સાધનની સફળતાને માટે સાધકે જાતે કરવું પડશે.

— સંત-સૌરભ

46. કારણનો નાશ થવા છતાં પણ કાર્યની પ્રતીતિ થાય છે. જેવી રીતે વૃક્ષનું મૂળ કપાઈ જવા છતાં પણ તેની હરિયાળી થોડો સમય પ્રતીત થાય છે, એ જ રીતે અસતનો ત્યાગ કરવા છતાં પણ અસતના સંગના પ્રભાવથી થોડો સમય સાધક પોતાના શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેમાં જુએ છે અને ભયભીત થઈ જાય છે. એટલું જ નહિ, પોતે કરેલા અસતના ત્યાગમાં પણ વિકલ્પ કરી બેસે છે. અસતનો ત્યાગ વર્તમાનની વસ્તુ છે; પરંતુ તેના પ્રભાવના નાશમાં સમય અપેક્ષિત છે. પોતાના નિર્ણયમાં વિકલ્પ કરવો એ પણ અસતનો જ સંગ છે. જ્યારે સાધક સાવધાનીપૂર્વક પોતાના નિર્ણયમાં વિકલ્પ નથી કરતો, ત્યારે આપોઆપ અસતના સંગનો પ્રભાવ નષ્ટ થઈ જાય છે. — સત્સંગ ઔર સાધન

47. જેવી રીતે વૃક્ષ કપાઈ જવા છતાં પણ થોડા સમય સુધી લીલું-લીલું દેખાય છે, એવી જ રીતે કર્તાપણું શેષ ન રહેવા છતાં પણ ક્રિયાઓ પ્રતીત થતી રહે છે. — સંત-સમાગમ 1

48. એ સ્વીકાર કરવું કે 'કોઈ બીજું નથી, કોઈ પારકું નથી' -આ જ સાધકનું જીવન છે. — સંતવાણી 6

49. જો આજનો સાધક હરિ-આશ્રય અને વિશ્રામ અપનાવી લે તો ઘણી સહેલાઈપૂર્વક જીવનની સમસ્યાઓનો ઉકેલ કરી શકે છે.

— સંતવાણી 3

50. રડવું તે વ્યક્તિને આવે છે, જે પોતાનું મૂલ્ય સંસારથી વધારે માની લે છે; કેમ કે અસહાય થયા વિના રડવું નથી આવતું.

— સંત-સમાગમ 1

51. જે કાળમાં સાધક સ્વાધીન થવું પસંદ કરે છે, એ જ કાળમાં દૈવી શક્તિઓ તેની સેવા કરવાને માટે લાલાયિત થવા લાગે છે.

— સંત-ઉદ્બોધન

52. સાધકની ઓળખાણ એ છે કે જેના રોમ-રોમમાં પોતાના સાધ્યની જ સત્તા હોય, ભિન્નનું અસ્તિત્વ જ ન હોય. શું તે પણ સાધક છે, જેની પાસે પોતાનું મન હોય, જેની પાસે પોતાની બુદ્ધિ હોય ? કદાપિ નહિ. — સંત-ઉદ્બોધન

❊ ❊ ❊

# સાધન

1. અસાધનના ત્યાગ વિના સાધનની અભિવ્યક્તિ પણ નથી થતી.
— સંતવાણી 4

2. જ્યાં સુધી તમે જગતની સત્તા સ્વીકાર કરો છો, ત્યાં સુધી તમે સાધન આરંભ કરી શકો છો— ભૌતિકદર્શનના દૃષ્ટિકોણથી અને જ્યારે તમે જગતની સત્તાનો અસ્વીકાર કરો છો, ત્યારે તમે સાધન કરી શકો છો— અધ્યાત્મદર્શનના દૃષ્ટિકોણથી. જ્યારે તમે પ્રભુની સત્તા સ્વીકાર કરો છો, ત્યારે તમે સાધન કરી શકો છો—આસ્તિક દર્શનના દૃષ્ટિકોણથી. આજે એવી સ્થિતિ છે કે સત્તા સ્વીકાર કરીએ છીએ જગતની અને પ્રાપ્ત કરવા છે ભગવાનને. — સંતવાણી 4

3. સાધનમાં સિદ્ધિ માટે એવા શ્રમની અપેક્ષા જ નથી, જે તમે કરી શકતા નથી. એ વસ્તુની અપેક્ષા જ નથી, જે તમને પ્રાપ્ત નથી. એ વ્યક્તિની અપેક્ષા જ નથી, જે તમારી પાસે નથી.
— સંતવાણી 4

4. સાધનમાં કઠણાઈ છે ક્યાં ? કઠણાઈ જ્યાં તમને માલૂમ પડે તો સમજી લો કે આપણે પોતાના મનની કોઈ વાત પૂરી કરવા ચાહીએ છીએ, એટલા માટે કઠણાઈ છે. — સંતવાણી 4

5. સાધનનો આરંભ થયા બાદ, અસાધન માટે તો અવસર જ નથી મળતો. જ્યારે અસાધનનો અવસર જ નથી મળતો, ત્યારે સમસ્ત જીવન સાધન થઈ જાય છે. — સંતવાણી 4

6. સીમિત શક્તિને સાધનની ચર્ચામાં જ વાપરી દીધી, તો પછી સાધન કરવા માટે સામર્થ્ય ક્યાંથી લાવશો ? — સંતવાણી 4

7. સમસ્ત સાધનોની શરૂઆત થાય છે— સુખની આશાથી રહિત કરેલી સેવાથી; કેમ કે આ કર્તવ્ય-વિજ્ઞાન છે અને સમસ્ત સાધનોનો અંત થાય છે— પ્રીતિની અભિવ્યક્તિથી. — સંત-ઉદ્‌બોધન

8. ખાવામાં તમે પૂરી શક્તિ લગાવી શકો છો અને સચ્ચાઈની શોધમાં તમે વિચારો છો– કોઈ સરળ સાધન બતાવો, કોઈ સુલભ સાધન બતાવો. હું તમને પૂછું છું– ખાવામાં જેટલો શ્રમ કરી શકો છો, સત્યની શોધને માટે તેટલો કેમ નથી કરી શકતા ? — સંતવાણી 5
9. આજકાલ આપણે લોકો સાધન કરતી વેળા આ વાતને ભૂલી જઈએ છીએ કે આપણે માનવ છીએ અને કરીએ છીએ શું ? એ જ કે સાધન શીખવાને સાધન માનીએ છીએ, સાધન શિખવાડવાને સાધન માનીએ છીએ પણ અસાધનનો ત્યાગ કરીને સાધનની અભિવ્યક્તિ થવા દેતા નથી. — સંતવાણી 5
10. કંઈ ન કરવું પણ સાધન છે. ઉદાહરણને માટે એક વ્યક્તિનું શરીર ઘણું દુર્બળ થઈ ગયું છે. તે ગંગા-સ્નાન નથી કરી શકતો તો તેને માટે ગંગા-સ્નાન ન કરવું સાધન છે. — સંતવાણી 6
11. કોઈ પણ એક સાધન એવું નથી હોઈ શકતું, જે બધાયને માટે સમાનરૂપે હિતકર હોય. — પ્રેરણા પથ
12. જે સત્ય કોઈ આચાર્ય, પીર, પેગંબરને મળ્યું, તે સત્ય તો તમને પણ મળી શકે છે; પરંતુ જે રીતે તેમને મળ્યું, એ જ રીતે તમને પણ મળી જશે – એ વાત ખોટી છે. — પ્રેરણા પથ
13. જે નહિ કરવું જોઈએ, તેનો ત્યાગ પહેલાં જ કરવો પડશે. તેના પછી જે કરવું જોઈએ, તેની અભિવ્યક્તિ તમારા જીવનમાં આપમેળે થશે અને તે જ સાધન તમારું સાધન બનશે અને તેનાથી તમને સિદ્ધિ મળશે. — પ્રેરણા પથ
14. જો ભોજન કરવું ભગવાનની પૂજા નથી તો માફ કરશો, માળા જપવી પણ પૂજા નથી અને જો માળા ફેરવવી પૂજા છે તો શૌચ જવું પણ પૂજા છે. — જીવન-પથ
15. જો સાધન છે તો દરેક પ્રવૃત્તિ સાધન છે; નહિ તો ભાઈ ! જ્યાં સુધી કોઈ પ્રવૃત્તિ-વિશેષનું નામ સાધન છે અને કોઈ પ્રવૃત્તિ-વિશેષનું નામ અસાધન છે, ત્યાં સુધી બધું અસાધન છે. — જીવન-પથ
16. જેના હૃદયમાં ભગવાનને પામવાની સાચી લાલસા પેદા થઈ ગઈ, સમજો તેનાં બધાં સાધન થઈ ગયાં. — સંત-ઉદ્બોધન

17. દુઃખની વાત તો એ છે કે જે આપણે પોતાના દ્વારા કરી શકીએ છીએ, તેને નથી કરતા અને જે શરીરના દ્વારા કરી શકીએ છીએ, તેને કરવાની કોશિષ કરીએ છીએ. — સંત-ઉદ્‌બોધન
18. તમે સ્વીકાર કરો કે 'પ્રભુ મારા છે', આનાથી જીવન પ્રભુને માટે ઉપયોગી સિદ્ધ થઈ જશે. સેવાનું વ્રત લઈ લો તો જીવન જગતને માટે ઉપયોગી થઈ જશે. અકિંચન અને ઈચ્છારહિત થવાથી જીવન પોતાને માટે ઉપયોગી થઈ જશે. જો તમે આ ત્રણેમાંથી કોઈને પણ સ્વીકારતા નથી તો અનંત જન્મો સુધી તમને કોઈ સાધન નથી કરાવી શકતું. — સંત-ઉદ્‌બોધન
19. સાધના એક અલૌકિક તત્ત્વ છે. માનવે તેની ખોજ કરી છે. સાધના માનવની ઉપજ નથી, બલકે ઈશ્વરીય શક્તિ છે. — સંત-ઉદ્‌બોધન
20. જો ભજન કરીને ભગવાન દ્વારા આપણે ધન, સંતાન વગેરે કંઈ માગીએ છીએ, તો આપણું સાધ્ય તો પેલો ઈચ્છિત પદાર્થ જ થયો, ભગવાન તો તેની પ્રાપ્તિનું સાધન થયા.— સંત-ઉદ્‌બોધન
21. સાધન બધી જ અવસ્થાઓમાં કરી શકાય છે. જે ખાસ પરિસ્થિતિની આશા રાખે છે, તેને તો સાધન કહી જ શકતા નથી. — સંત-ઉદ્‌બોધન
22. પ્રાકૃતિક નિયમના મુજબ બધી જ પરિસ્થિતિઓમાં સાધનનું નિર્માણ થઈ શકે છે. — માનવકી માંગ
23. સાધક ભયંકરમાં ભયંકર પરિસ્થિતિમાં પણ સાધનનું નિર્માણ કરી શકે છે અને સાધ્યથી અભિન્ન થઈ શકે છે. — માનવકી માંગ
24. સાધ્યની એકતા હોવા છતાં પણ સાધનમાં ભિન્નતા હોવી અનિવાર્ય છે; પરંતુ સાધનને જ સાધ્ય માની લેવું પ્રમાદ અર્થાત્ અમાનવતા છે. — માનવકી માંગ
25. સાધનની મમતા પણ સાધનમાં આસક્તિ ઉત્પન્ન કરે છે. વ્યક્તિગત સાધનની આસક્તિ અન્ય સાધનની વિરોધી છે. આ દૃષ્ટિથી સાધન જીવન બને, પરંતુ સાધનની આસક્તિ ન થાય. — માનવ-દર્શન

26. બળપૂર્વક કરેલું સાધન સાધકમાં મિથ્યા અભિમાન જ પેદા કરે છે. — સાધન-નિધિ
27. સઘળાં સાધનોની પરાવધિ યોગ, બોધ અને પ્રેમની અભિવ્યક્તિમાં છે. — મૂક સત્સંગ
28. રડવું સર્વોત્તમ સાધન છે; પરંતુ વિચારપૂર્વક હોવું જોઈએ. રડવાથી જે અવસ્થા પ્રાપ્ત થાય છે, જો તે અવસ્થામાં સંતોષ કરી લેવામાં આવે તો સાધન ખોરાક બની જાય છે. એટલા માટે જે સૌથી છેલ્લી અવસ્થા હોય છે અર્થાત્ જે રસ માલૂમ પડે છે, તેને પણ સત્ય ન સમજો અર્થાત્ તેનાથી પણ પર થઈ જાઓ. — સંત પત્રાવલી 1
29. જ્યાં સુધી કોઈ પણ ક્રિયાથી, ભાવથી તથા અવસ્થાથી રસાસ્વાદન થતું રહે છે, ત્યાં સુધી પથિક ચાલતો જ રહે છે. જો ચાલવાનો અંત કરવો છે તો કોઈ પણ ક્રિયા, ભાવ તથા અવસ્થાથી રસ ન લો. અવસ્થાથી પર માર્ગ પણ બાકી નથી રહેતો અર્થાત્ રોકાવાનું સ્થાન આવી જાય છે, તે જ તમારું નિજ સ્વરૂપ છે. — સંત પત્રાવલી 1
30. સાધન તેને નથી કહેતા, જે સાધક ન કરી શકે અને સાધન તેને પણ નથી કહેતા, જેમાં સાધકને કોઈ જાતની શંકા થાય અને સાધન તેને પણ નથી કહેતા, જે સાધકને રુચિકર ન હોય. — પાથેય
31. માનસિક જપ સ્નાન કર્યા વિના દરેક અવસ્થામાં કરી શકાય છે. વાણીથી જપ એ જ અવસ્થામાં કરવો વધારે હિતકર થાય છે, જ્યારે બાહ્ય પવિત્રતા હોય. — પાથેય
32. આનંદ વ્યાકુળતાથી જ મળી શકે છે બીજી કોઈ રીતે નહિ. જે રીતે બધી જ મીઠાઈઓમાં મીઠાશ ખાંડની જ હોય છે, એ જ રીતે બધી જ સારાઈઓનું સારાપણું વ્યાકુળતાનું જ હોય છે. ત્યાગ, પ્રેમ, જ્ઞાન— એ બધા જ વ્યાકુળતાનાં બાળક છે. — સંત-સમાગમ 1
33. વાસ્તવમાં આપવું જ માનવતા અને લેવું પશુતા છે. આપેલી વસ્તુ વધતી જાય છે, એ બધા જ વિચારશીલ જાણે છે. તેથી લેવાને માટે પણ આપવું જરૂરી છે અને ઋણથી મુક્ત થવાને માટે પણ આપવું અનિવાર્ય છે. તેથી એ નિર્વિવાદ સિદ્ધ થઈ જાય છે કે આપવું જ સાચી સાધના છે. — સંત પત્રાવલી 2

34. પ્રભુનું નામ, પ્રભુનું કામ, પ્રભુનું ધ્યાન સમાન અર્થ રાખે છે. — પાથેય
35. સમસ્ત સાધન વિશ્રામ, સ્વાધીનતા અને પ્રેમમાં જ વિલીન થાય છે. — સત્સંગ ઔર સાધન
36. બધાં જ સાધનોની પરાવધિ 'ત્યાગ'માં અને ત્યાગની પરાવધિ 'પ્રેમ'માં રહેલી છે. — જીવન-દર્શન
37. બધાયના હિતમાં જ પોતાનું હિત છે, આ વાસ્તવિકતાને અપનાવીને જ દરેક કર્તવ્ય-કર્મ તથા જપ, તપ વગેરે કરવું જોઈએ. પોતાના હિતને માટે કરેલું સાધન પણ બંધન જ છે. — પાથેય
38. સાધનનો સંબંધ સાધકની રુચિ, યોગ્યતા તથા સામર્થ્ય સાથે છે. જે સાધનમાં આ બધાંનું સમર્થન હોય, એ જ સાધન સિદ્ધિદાયક છે. — સત્સંગ ઔર સાધન
39. વ્યક્તિગત સત્ય વાસ્તવિક સત્યની પ્રાપ્તિમાં સાધનરૂપ છે. આ કારણે વ્યક્તિગત રૂપે આદરણીય તથા અનુસરણીય છે, પરંતુ સૌને વ્યક્તિગત પથ પર જ ચલાવવાનો પ્રયાસ આગ્રહી બનાવી દે છે. આગ્રહથી સત્ય અસત્યથી ઢંકાઈ જાય છે અને પછી વ્યક્તિગત સત્ય, જે પોતાને માટે સાધનરૂપ હતું, તે સાધનરૂપ નથી રહેતું, પરંતુ તેનાથી અહંભાવ જ પોષાય છે. અહંભાવ પરસ્પરની એકતા સુરક્ષિત રહેવા દેતો નથી, પરંતુ ભેદને જન્મ આપે છે, જે સંઘર્ષનું મૂળ છે. — દુઃખકા પ્રભાવ
40. વ્યક્તિગત સાધનને બળ તથા આગ્રહપૂર્વક વ્યાપક બનાવવાનો પ્રયાસ પોતાના વ્યક્તિગત સત્યથી વિમુખ થવું છે અને પરસ્પરની ભિન્નતાને પોષવું છે. — દુઃખકા પ્રભાવ
41. પોતાના વ્યક્તિગત સાધનને શિખવાડવાનો આગ્રહ સાધનનો ભોગ છે, સેવા નથી. સેવા દુઃખીઓને જોઈ કરુણિત અને સુખીઓને જોઈ પ્રસન્ન થવાનો પાઠ ભણાવે છે, શાસક બનાવતી નથી. — દુઃખકા પ્રભાવ
42. સાધનમાં આરંભમાં જે સેવક છે, એ જ ત્યાગી છે અને અંતમાં પ્રેમી છે. — જીવન-દર્શન
43. જે 'જિજ્ઞાસુ' પોતાના જાણેલા દોષનો ત્યાગ નથી કરી શકતો અને જે 'ભક્ત' પોતાને સમર્પિત નથી કરી શકતો, એ બન્નેય સાધનમાં સફળ થવા પામતા નથી. — જીવન-દર્શન

44. સાધન કરવાને માટે કોઈ અપ્રાપ્ત બળ, વસ્તુ, વ્યક્તિ વગેરેની અપેક્ષા નથી અને ન એવા જ્ઞાનની આવશ્યકતા છે, જે પોતાનામાં નથી, પરંતુ જે છે તેનાથી સાધન કરવાનું છે. એ નિયમ છે કે સામર્થ્યની ન્યૂનતા તથા અધિકતાનું સાધનમાં કોઈ મૂલ્ય નથી. — જીવન-દર્શન
45. સાધન કરવામાં અસમર્થતા નથી, પરંતુ અસાવધાની છે, અને તે સાધનની રુચિ જાગ્રત થતાં દૂર થઈ જાય છે. — જીવન-દર્શન
46. બધા જ સાધકોનું સાધ્ય એક છે અને દરેક સાધનમાં બધાં જ સાધનોનો સમાવેશ છે. — જીવન-દર્શન
47. ઘણાય લોકો મજાકમાં કહી દે છે હમણાં ક્યાં જરૂરત છે સાધન કરવાની, થોડાં વર્ષો પછી જોયું જશે, હમણાં તો ભાઈ આનંદ કરવા દો. વિચારવાની વાત છે કે સાધન વિના તમને આનંદ કેવી રીતે મળશે ? ભાઈ ! જીવનનું કોઈ કાર્ય અસાધન-રૂપથી કરેલું સુખદ પણ હોતું નથી અને શાંતિદાયક પણ હોતું નથી તથા સદ્‌ગતિ આપનારું પણ હોતું નથી. — સફલતાકી કુંજી
48. સાધન બોજો નથી. આજે સાધકને એ માલૂમ પડે છે કે જેમ કોઈ માણસ ભોજન કરીને નિશ્ચિંત થઈ ઉઠે છે, તેવી જ રીતે જ્યારે તે ધ્યાનથી ઉઠે છે તો તેને વિશ્રામ મળે છે અર્થાત્ જ્યારે તે ધ્યાનમાં હતો, ત્યારે તેને વિશ્રામ ન હતો ! તો શું એ સાધન કહેવાય છે કે ધ્યાનકાળમાં વિશ્રામ ન મળે ? — સફલતાકી કુંજી
49. કોઈ વ્યક્તિનું વિધ્યાત્મક સાધન શું છે ? તેનો નિર્ણય કોઈ બીજાનું તો કોણ કહે, તે બિચારો જાતે પણ તે સમય સુધી નથી કરી શકતો, જ્યાં સુધી વિવેક-વિરોધી કર્મ, સંબંધ તથા વિશ્વાસનો ત્યાગ ન કરે. અસતના ત્યાગ દ્વારા સતનો સંગ જ સાધન-નિર્માણમાં હેતુ છે. — દર્શન ઔર નીતિ
50. સાધન-ભેદ થવાથી સાધ્યમાં ભેદ સ્વીકારવો એ સાધનને જ સાધ્ય માની લેવા જેવું છે. — દર્શન ઔર નીતિ
51. જોકે દરેક પદ્ધતિ કોઈ ને કોઈ સાધકને માટે હિતકર જરૂર છે; પરંતુ એવી કોઈ પદ્ધતિ હોઈ જ નથી શકતી, જે સંપૂર્ણ રીતે બધાયને માટે હિતકર સિદ્ધ હોય; કારણ કે પદ્ધતિની ઉત્પત્તિ વ્યક્તિની યોગ્યતા, રુચિ તેમજ પરિસ્થિતિ વગેરેથી થાય છે.

સર્વ રીતે સમાન યોગ્યતા, રુચિ તથા પરિસ્થિતિ બે વ્યક્તિઓની પણ નથી હોતી તો પછી કોઈ પદ્ધતિને એટલું મહત્ત્વ આપવું કે તેને બધા જ માની લે, એ પેલી પદ્ધતિના સમર્થકના અહમ્-ભાવનો વિકાર છે. — ચિત્તશુદ્ધિ

52. સાધનમાં કોઈ જાતની પરાધીનતા, અસમર્થતા તેમ જ અસફળતા નથી, બલકે દરેક સાધક દરેક સ્થિતિમાં સાધન કરવામાં સર્વદા સ્વાધીન તથા સમર્થ છે. — ચિત્તશુદ્ધિ

53. એ નિયમ છે કે નિષેધાત્મક સાધનની પૂર્તિમાં બધા જ સાધક સ્વાધીન છે; કેમ કે તેને માટે કોઈ અપ્રાપ્ત વસ્તુ વગેરેની અપેક્ષા હોતી નથી અને તેમાં કદી અસિદ્ધિ પણ નથી હોતી. જેવી રીતે 'અમે કોઈનું બૂરું નહિ ચાહીશું'— આ સાધનમાં કોઈ પણ સાધકને કોઈ પણ કઠણાઈ નથી અને તેની સિદ્ધિ પણ વર્તમાનમાં જ થઈ શકે છે. — ચિત્તશુદ્ધિ

54. નિષેધાત્મક સાધન જ ખરેખરું સાધન છે. વિધ્યાત્મક સાધન તો ફક્ત તેનો શૃંગાર માત્ર છે. વિધ્યાત્મક સાધનથી તો સાધકનું પ્રકાશન થાય છે, પરંતુ સાધકની સાધનાથી અભિન્નતા તો નિષેધાત્મક સાધનથી જ થાય છે. — ચિત્તશુદ્ધિ

55. 'સાધન' એ જ છે, જેને કરવામાં સાધક સમર્થ તથા સ્વાધીન છે અને 'સાધ્ય' એ જ છે, જેની પ્રાપ્તિ અવશ્યમ્ભાવી છે. — ચિત્તશુદ્ધિ

56. સમસ્ત સાધન વિવેકશક્તિ, ભાવશક્તિ અને ક્રિયાશક્તિના સદુપયોગથી સિદ્ધ થાય છે. — ચિત્તશુદ્ધિ

57. મમતા અને કામનાનો ત્યાગ કર્યા વિના સાધનાના માર્ગમાં વધી જ શકાતું નથી. — સંત સમાગમ 1

58. જેવી રીતે પ્રાણ વિનાનું શરીર ગમે તેટલું સુંદર કેમ ન હોય, નકામું હોય છે, તેવી જ રીતે વ્યાકુળતારહિત સાધન ગમે તેટલું ય ઉત્તમ કેમ ન હોય, નકામું થઈ જાય છે. — સંત-સમાગમ 1

59. જેવી રીતે બધી જ મીઠાઈઓમાં મીઠાશ ખાંડની હોય છે, તેવી રીતે બધાં જ સાધનોમાં મુખ્યતા વ્યાકુળતાની હોય છે.

— સંત-સમાગમ 1

60. ઉપાસનાનું વાસ્તવિક તત્ત્વ એ છે કે ઉપાસ્યદેવથી ભિન્ન જે કંઈ પ્રતીત થાય છે, તેનો અભાવ થઈ જાય અથવા ઉપાસ્ય દેવથી ભિન્ન અન્ય કોઈની સત્તા શેષ ન રહે. — સંત-સમાગમ 1

61. ઉપાસના કરનાર ઉપાસકે પ્રથમ એ સારી રીતે જાણી લેવું જોઈએ કે તે પોતાને નિરાકાર માને છે કે સાકાર; કેમ કે સાકાર માનીને નિરાકારની ઉપાસના કરી શકતો નથી અને નિરાકાર માનીને સાકારની ઉપાસના કરી શકતો નથી. ઉપાસના તો વાસ્તવમાં સાકાર તથા સગુણની જ થાય છે; કેમ કે જેને ઇન્દ્રિયોની દૃષ્ટિએ નિરાકાર કહો છો, તે બુદ્ધિની દૃષ્ટિએ સાકાર છે. — સંત-સમાગમ 1

62. જે સાધન સાધકના અહંભાવથી પેદા થતું નથી, તે સાધકને માટે શૃંગાર-માત્ર છે, જીવન નથી. — સંત-સમાગમ 2

63. ભગવાન તરફ મન લગાવીને કામ કરવું એટલું સારું નથી, જેટલું સારું કામ ભગવાનનું સમજીને કરવાનું છે. — સંત-સમાગમ 2

64. કોઈની પાસેથી કોઈ અપેક્ષા ન રાખીએ અને કોઈનું અહિત ન કરીએ તો ભક્તને ભગવાન, અશાંતને ચિર શાંતિ અને દુઃખીને દુઃખ-નિવૃત્તિ મળી જશે. — સંત-ઉદ્‌બોધન

65. એ સારી રીતે સમજી લો કે જે વ્યક્તિ સદ્‌ભાવપૂર્વક એક વાર ભગવાનની બની જાય છે, તેનું પતન નથી થતું. તેથી 'હું ભગવાનનો છું' એ મહામંત્ર જીવનમાં સ્વીકારી લો. આમ કરવાથી બધી જ મુશ્કેલીઓ આપોઆપ ઉકલી જશે. — સંત-સમાગમ 2

66. સાધન એ જ સાર્થક છે, જે સાધકને સાધ્યથી અભિન્ન કરી શકે. એ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે જીવન જ સાધન બની જાય, સાધન જીવનનું અંગમાત્ર ન રહે. — સંત-સમાગમ 2

67. ભક્ત બનવાથી ભક્તિ આપમેળે આવી જાય છે. જિજ્ઞાસુ બનવાથી વિચાર આપમેળે પેદા થાય છે, સેવક બનવાથી સેવા સ્વભાવતઃ આવી જાય છે; કેમ કે મન, ઇન્દ્રિય વગેરેની ચેષ્ટા અહંભાવની વિપરીત નથી થતી. — સંત-સમાગમ 2

68. જિજ્ઞાસુ બન્યા વિના કરેલો વિચાર બુદ્ધિનો વ્યાયામ છે. સેવક બન્યા વિના કરેલી સેવા પુણ્ય-કર્મ છે અને ભક્ત બન્યા વિના કરેલું ભગવત-ચિંતન ભોગપ્રાપ્તિનું સાધનમાત્ર છે, ભક્તિ નહિ. ..... તેથી દરેક સાધનનો જન્મ અહંભાવથી થવો જોઈએ અર્થાત્ જે લક્ષ્યને પ્રાપ્ત કરવાનું છે, તેને અનુરૂપ અહંતા બનાવી લો.
— સંત-સમાગમ 2

69. વિશ્વાસમાર્ગ તથા વિચારમાર્ગ— એ બન્ને અલગ-અલગ સ્વતંત્ર માર્ગ છે. વિશ્વાસમાં વિચારને માટે તથા વિચારમાં વિશ્વાસને માટે કોઈ સ્થાન નથી. — સંત-સમાગમ 2

70. જપ સ્વીકૃતિમાત્રથી થઈ શકે છે; પરંતુ સ્મરણ ત્યાં સુધી નથી થઈ શકતું, જ્યાં સુધી વ્યક્તિ સદ્‌ભાવપૂર્વક તેમની ન થઈ જાય; કેમ કે સ્મરણ સંબંધ વિના કોઈ રીતે થઈ શકતું નથી. જ્યાં સુધી સ્મરણ ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી જપ કરવો બહુ જરૂરી છે. ........ જપ કરવાથી સ્મરણ કરવાની શક્તિ આવી જશે.

— સંત-સમાગમ 2

71. વ્યાકુળતાના વિના ન તો સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, ન તત્ત્વજ્ઞાન. વ્યાકુળતારહિત નિર્જીવ યંત્રની માફક સાધન કરવું એ ક્રિયા-પરિવર્તન સિવાય બીજું કંઈ નથી. — સંત-સમાગમ 2

72. જેવી રીતે જીવનની પૂર્ણતા મૃત્યુમાં બદલાય છે, એવી જ રીતે દરેક સાધન આગામી સાધનમાં આપમેળે બદલાઈ જાય છે.

— સંત-સમાગમ 2

73. સંસારથી સાચી નિરાશા તેમ જ પોતાને બધી બાજુથી હઠાવી લેવું અધ્યાત્મ-ઉન્નતિનું સર્વોત્કૃષ્ટ સહેલું સાધન છે. — સંત-સમાગમ 2

74. સાધનમાં કઠણાઈનો ભાવ ફક્ત સાધકનો પ્રમાદ છે અથવા કઠણાઈનું કારણ સાધકની યોગ્યતાને પ્રતિકૂળ સાધન છે અથવા સાધક આવશ્યકતા હોવા અગાઉ આવેશમાં આવીને સાધનમાં પરોવાયો છે અથવા વિશ્વાસની શિથિલતા છે તથા અનુભૂતિનો નિરાદર કરે છે અર્થાત્ એવો સાધક નિજ જ્ઞાનને અનુરૂપ જીવન નથી જીવતો. એ બધાં જ કારણોથી સાધકને સાધનમાં કઠણાઈ પ્રતીત થાય છે. — સંત-સમાગમ 2

75. તારે બધા લોકોની સાથે રહેવા છતાં પણ એકલાની જેમ રહેવું જોઈએ અર્થાત્ કોઈ પણ વ્યક્તિ સાથે એટલી ઘનિષ્ઠતા ન થાય કે તે વ્યક્તિ તને નકામી વાતો કરે અર્થાત્ તું કોઈને પણ પોતાનું મન બહેલાવવાનું સાધન ન બનાવ. — સંત-સમાગમ 2

76. વ્યક્તિગત સાધનનો આગ્રહ એ સિદ્ધ કરે છે કે જે સાધનનો તે આગ્રહ કરી રહ્યો છે, તે વાસ્તવમાં તેનું જીવન નથી. જેમ કોઈ ભૂખ્યું પ્રાણી ભોજનની પ્રશંસા તો કરતું હોય, પરંતુ જાતે ભૂખ્યું રહેતું હોય. — મંગળમય વિધાન

77. બહારનાં સાધનોમાં પોતાને વધારે ન ફસાવો. જ્યાં સુધી બની શકે, હૃદયથી પ્રેમાસ્પદને પોકારો. — સંત-સમાગમ 2

78. જે પ્રાણી બહારનાં સાધનોમાં પોતાને વધારે બાંધી લે છે, તેનામાં સાધનનું મિથ્યા અભિમાન આવી જાય છે. બહારનાં સાધનો નબળાઈઓને ઢાંકી દે છે, મટાડવાં પામતા નથી. ..... સાધના બહારનાં સાધનો કરતાં ક્યાંય વધારે સબળ હોય છે. ગુપ્ત ત્યાગ તથા પ્રેમ વધી જાય છે, ગુપ્ત પ્રીતિ સાચી વ્યાકુળતા પેદા કરે છે, જે ખરેખરું સાચું ભજન છે. કોઈ પણ બહુમૂલ્ય વસ્તુઓને બહાર કાઢીને રાખતા નથી, બધા છુપાવીને જ રાખે છે. તેથી પ્રીતિ જેવી કીમતી વસ્તુઓને હૃદયમાં છુપાવીને રાખવી જોઈએ.

— સંત-સમાગમ 2

79. પોતાના સાધ્યમાં અગાધ, અનંત, નિત નૂતન પ્રિયતા એ જ સાધન-તત્ત્વ છે. — સાધન-તત્ત્વ

80. નિષેધાત્મક સાધન બધા જ સાધકોને માટે સમાન છે; કેમ કે અસાધનનો ત્યાગ જ નિષેધાત્મક સાધના છે. અસાધનના ત્યાગ વિના વિધ્યાત્મક સાધના જે દરેક સાધકની અલગ અલગ હોય છે, સિદ્ધ થઈ જ નથી શકતી. — સાધન-તત્ત્વ

81. નિષેધાત્મક સાધના જ તમામ સાધકોમાં સ્નેહની એકતા સુરક્ષિત રાખે છે, અર્થાત્ વિધ્યાત્મક સાધના અલગ-અલગ હોવા છતાં પણ સાધક હોવાના સંબંધે પરસ્પરમાં એકતા ટકી રહે છે.— સાધન-તત્ત્વ

82. સાધન વર્તમાનની વસ્તુ છે, ભૂત અને ભવિષ્યની નથી.

— સાધન-તત્ત્વ

83. સાધન એ જ છે, જે સાધકનું જીવન બની જાય. — સાધન-તત્ત્વ

84. જે સાધનમાં સ્વાભાવિક પ્રિયતા થતી નથી, તે સાધન સાધકનું જીવન નથી બની શકતું. જે સાધન જીવન નથી બની શકતું, તે અખંડ નથી બની શકતું. જે અખંડ નથી બની શકતું, તે વાસ્તવમાં સાધન નથી. — સાધન-તત્ત્વ

85. સાધ્ય બધાયનું એક હોવા છતાં પણ સાધન-સામગ્રી બે સાધકોની પણ સર્વ રીતે સમાન નથી. સાધન-સામગ્રીના સદુપયોગનું જ નામ સાધન છે. તેથી સાધન-સામગ્રીમાં ભેદ થતાં સાધનમાં ભેદ અનિવાર્ય છે. — સાધન-તત્ત્વ

86. સ્વાભાવિકતા તે જ સાધનમાં હોઈ શકે છે, જેમાં સાધકને બિલકુલ પણ શંકા ન હોય અર્થાત્ સાધન નિજ વિવેકને અનુરૂપ હોય; કેમ કે વિવેક-વિરોધી સાધનમાં નિઃસંદેહતા શક્ય નથી. એટલું જ નહિ, અન્ય સાધન દ્વારા સિદ્ધિનું પ્રલોભન પણ સાધકને પોતાના સાધનથી વિચલિત ન કરી શકે, પરંતુ તેમાં એ જ ભાવ દૃઢ રહે કે મારે પોતાના જ સાધન દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવી છે.— સાધન-તત્ત્વ

87. એ નિયમ છે કે સક્રિય સાધનના વિના 'કરવાના રાગ'નો નાશ શક્ય નથી. — સાધન-તત્ત્વ

88. જે સાધનમાં નિઃસંદેહતા હોય છે, તેમાં 'બુદ્ધિ' અને જે રુચિકર હોય છે, તેમાં 'મન' આપોઆપ લાગી જાય છે. મન-બુદ્ધિના લાગવાથી સાધનમાં સ્વાભાવિકતા આવી જાય છે; કેમ કે મન-બુદ્ધિ વગેરેને લગાડવામાં-હઠાવવામાં જે અસ્વાભાવિકતા છે, તે નાશ થઈ જાય છે. કારણ કે હઠાવવું અને લગાડવું શ્રમસાધ્ય છે. શ્રમ કદી પણ અખંડ હોઈ શકતો નથી. — સાધન-તત્ત્વ

89. સત-અસતનું પ્રકાશક છે, નાશક નથી; પરંતુ સતની લાલસા, જે સાધનરૂપ છે, તે અસતને ખાઈને સાધકને સત સાથે અભિન્ન કરી દે છે. આ દૃષ્ટિથી એ નિર્વિવાદ સિદ્ધ થઈ જાય છે કે સાધ્યના કરતાં સાધનનું ઘણું વધારે મહત્ત્વ છે. હા, એ જરૂર છે કે સાધનમાં સત્તા સાધ્યની જ હોય છે. — સાધન-તત્ત્વ

90. સાધન કોઈ એવું કાર્ય નથી, જેમાં કદી ન કરવાની વાત આવે. સાધન એ જ છે જે સ્વભાવથી જ નિરંતર થતું રહે. જો સાધનમાં વ્યવધાન પડે છે તો એ સમજવું જોઈએ કે સાધનના વેષમાં કોઈ અસાધનને અપનાવી લીધું છે. — સાધન-તત્ત્વ

91. જે સાધન જીવનનાં કોઈ એક અંશમાં પ્રતીત થાય છે, તે વાસ્તવમાં સાધનના વેષમાં અસાધન જ છે; કેમ કે સાધકનું સમસ્ત જીવન સાધન છે. — સાધન-તત્ત્વ

92. સાધન અને જીવનમાં એકતા પ્રાપ્ત કરવા માટે કોઈ અપ્રાપ્ત પરિસ્થિતિની અપેક્ષા નથી; કેમ કે સાધનદૃષ્ટિથી બધી જ પરિસ્થિતિઓનો સમાન અર્થ છે. પરિસ્થિતિ-પરિવર્તનની કામના

તેવાં જ મનુષ્યોમાં રહે છે, જે પરિસ્થિતિને જ જીવન માની લે છે. — સાધન-તત્ત્વ

93. પોતાનાં સુખ-દુઃખનું કારણ બીજાઓને માનવું, સાધનનું સૌથી મોટું વિઘ્ન છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

94. જો આપણે બીજાઓના અધિકારોની રક્ષા કરતા રહીને પોતાના અધિકારનો ત્યાગ કરી દઈએ તો પૂરું ગૃહસ્થ-જીવન સાધન-યુક્ત બની જશે અને કોઈ જાતની મુશ્કેલી માલૂમ પડશે નહિ. — સંતવાણી (પ્રશ્નોત્તર)

95. કામનાને લીધે જે ઈશ્વરનું ભજન-ચિંતન કરવામાં આવે છે, તે કામનાની પૂર્તિ થાય કે ન થાય ઈશ્વરથી વિમુખતા પ્રદાન કરે છે. — સંત-સૌરભ

96. તમે સાંભળવું અને શીખવું બંધ કરો અને જાણવું અને માનવું શરૂ કરો, તો કામ થઈ જશે. જાણવાના સ્થાને ‘મારું કંઈ નથી’ આના સિવાય બીજું કંઈ જાણવાનું નથી અને માનવાની જગાએ સિવાય પરમાત્મા સિવાય બીજું કોઈ માનવામાં આવતું નથી. —સંત-ઉદ્‌બોધન

97. જ્ઞાનપૂર્વક અનુભવ કરો કે હું કોઈ પણ કાળમાં શરીર નથી અને શરીર મારું નથી. આસ્થા-શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરો કે પોતાનામાં પોતાના પ્રેમાસ્પદ સદૈવ મોજૂદ છે. બસ આ જ સફળતાની ચાવી છે. — સંત પત્રાવલી 2

98. પરમાત્મા સાથેના સંબંધનો જે પ્રભાવ જીવનમાં આવી જાય છે, તેને સાધના કહે છે. — સંતવાણી 7

99. સાધનાનો એ અર્થ નથી કે આપણે જે સાધના કરીએ, તે ક્યારેય આપણા જીવનથી અલગ થઈ જાય. — સંતવાણી 7

100. સાચું માનો, સાધન તેનું નામ નથી, જેને તમે બહારથી ભર્યું છે. સાધનનો અસલી અર્થ જ એ છે કે જેની અભિવ્યક્તિ સાધકમાંથી થાય. — સંતવાણી 4

101. જે સાધન પોતાના દ્વારા થાય છે, એ જ સાધનથી સિદ્ધિ થાય છે. જે સાધન પોતાના દ્વારા નથી થતું, પરાશ્રયથી થાય છે, તે સાધનથી બાહ્ય વિકાસ તો જોવામાં આવે છે, પરંતુ આપણને કંઈ મળતું નથી. — સંતવાણી 4

102. જો તમે એવું માનતા હો કે સફળતા (વર્તમાનમાં) મળશે નહિ, તો સાધન કરવાનું કેમ વિચારો છો ? તમે કહેશો કે સાધન કરવાનું તો એટલા માટે વિચારીએ છીએ કે કાળાંતરમાં, જન્મ-જન્માંતરમાં અમને સફળતા મળશે. આનો અર્થ એ થયો કે હમણાં આપણે અસાધનરૂપી સુખનો ભોગ કરવા ચાહીએ છીએ.
— સંતવાણી 4

103. પોતાના માટે તપ કરવું પણ ભોગ છે પણ પ્રભુને માટે ઝાડુ લગાવવું પણ પૂજા છે. — સંત-ઉદ્‌બોધન

104. તમે સ્થિતિથી પરિચિત થતા નથી, જરૂરતથી પરિચિત થતા નથી, સાધનથી પરિચિત થવા ચાહો છો. જે સાધન તમારી જરૂરત મુજબ નહિ હોય, જે જરૂરત તમારી હાલની સ્થિતિમાંથી નીકળી નહીં હોય, એ કેવી રીતે તમારા જીવનમાં સ્થિર થશે ? તરસ્યા માણસને પાણીની વાત સાંભળવા મળે તો તે તરત પકડી લે છે; કેમ કે તરસ લાગી છે, તેને જરૂરત છે. પહેલાં તમે તમારી હાલની સ્થિતિ જુઓ, શું છે ? પછી પોતાની જરૂરત જુઓ, શું છે ? પછી ઉપાય પૂછો પોતાની જરૂરતને સામે રાખીને તો જરૂરતનો અનુભવ થવો જ એક બહુ મોટો ઉપાય થઈ જશે. — સંત-ઉદ્‌બોધન

105. વ્યથિત દિલથી એટલું જ કહી દો કે હે વહાલા ! અમે તમને પોતાના માનવા ચાહીએ છીએ, પરંતુ માની શકતા નથી; અમે મમતા તોડવા ચાહીએ છીએ પણ તોડી શકતા નથી. વ્યથિત દિલથી આટલું કહી મૌન થઈ જાઓ. તમને ખબર પણ નહિ પડશે કે મમતા કેવી રીતે તૂટી ગઈ અને આત્મીયતા કેવી રીતે આવી ગઈ. કેમ કે જે તમે કરવા ચાહો છો અને નથી કરી શકતા તો જે ચાહના છે, તે જ કરવાનું છે અને બીજું કંઈ નથી કરવાનું. — જીવન-પથ

106. વિવેકપૂર્વક દેહ વગેરેની અસંગતા ખરેખરી સાધના છે. કારણ કે કોઈની અસંગતા જ કોઈની અભિન્નતા થઈ જાય છે. — પાથેય

107. અસંગતા કોઈ પણ અભ્યાસથી સાધ્ય નથી. કારણ કે અભ્યાસ તેવી વસ્તુઓથી તાદાત્મ્ય કરાવી દે છે, જેનાથી સાધકે અસંગ થવાનું છે. — દુઃખકા પ્રભાવ

108. નિષ્કામ થયા વિના અસંગતા કોઈ પણ અભ્યાસથી સાધ્ય નથી.
— દુઃખકા પ્રભાવ

109. આત્મીયતા જ ખરેખરું ભજન છે અને મમતાનો અંત જ ખરેખરું સાધન છે. — સંત પત્રાવલી 2

110. જેને સાધન કહીએ છીએ, જેને ભજન કહીએ છીએ, તે શરીર-ધર્મ નથી. — સંતવાણી 3

111. ભજનના બે ભાગ છે— એક ભાગ છે 'સેવા' અને બીજો છે પ્રિયતા. સેવા પ્રવૃત્તિકાળમાં અને પ્રેમ નિવૃત્તિકાળમાં કરવો. આનું નામ છે ભક્તિ. — પ્રેરણા પથ

112. સેવા, ત્યાગ અને પ્રેમ ત્રણ એકઠાં થઈ ગયાં. ભજન થઈ ગઈ. ભજનમાં સેવા પણ છે, ત્યાગ પણ છે અને પ્રેમ પણ છે. — સંત-ઉદ્‌બોધન

113. યાદ આવવી, વહાલા લાગવા, અભિલાષા પેદા થવી— આ જ તો ભજન છે. વિચારકોએ આને 'સાધન' કહી દીધું અને શ્રદ્ધાળુઓએ 'ભજન' કહી દીધું. — સંત-ઉદ્‌બોધન

114. અભ્યાસનું નામ ભજન નથી, પ્રિયતા જ સાચું ભજન છે. — સંત-જીવન-દર્પણ

115. પ્રભુ માટે કરેલું કામ ભજન થઈ જાય છે. — સંતવાણી 8

116. જે બધાથી સંબંધ તોડીને એકમાત્ર ભગવાનને જ પોતાના માની લે છે, તેનાથી ભજન પોતાની મેળે થાય છે, તેને કરવું નથી પડતું. — સંત-સૌરભ

117. ભગવાનને પોતાના માનશો, ત્યારે ભજન થશે કે કોઈ ક્રિયા-વિશેષથી ભજન થશે ? પોતાના માનશો ત્યારે ભજન થશે. —સંતવાણી 7

118. આ જે પરમાત્માને પોતાના માનવાના છે, એ જ સાચું ભજન છે. કેમ ? પોતાના માનવાથી તે પ્યારા લાગે છે. —સંતવાણી 3

119. ઈચ્છારહિત થઈને, જે ભગવાનને પોતાના માને છે, એ જ ભક્તિ કરી શકે છે. — સંત-ઉદ્‌બોધન

120. બધાં કામોના અંતમાં સૂવાના સમયે અને સૂઈને ઊઠતાં સમયે તેમજ જે કોઈ કામ કરો, તેના અંતમાં ભજન જરૂર કરવું જોઈએ. જે મનુષ્ય દરેક કામના અંતમાં ઓછામાં ઓછું એક વાર નિશ્ચિત રૂપે ભગવાનને યાદ કરી લે છે, તેને મરતી વેળાએ ભગવાન જરૂર યાદ આવી જશે. — સંત-સૌરભ

121. અમારા માનવા મુજબ ભજનની પ્રાપ્તિ ત્રણ રીતે થાય છે—સ્તુતિ, ઉપાસના અને પ્રાર્થનાથી. 'સ્તુતિ'નો આશય છે— પરમાત્માના અસ્તિત્વ અને મહત્ત્વને સ્વીકારવું. 'ઉપાસના'નો અર્થ છે— પરમાત્મા સાથે સંબંધ સ્વીકાર કરવો અને 'પ્રાર્થના'નો બોધાર્થ છે— પરમાત્માના પ્રેમની આવશ્યકતા અનુભવ કરવી. —સંતવાણી 3

# સામર્થ્ય (બળ)

1. તમારા જીવનમાં જેટલી નિશ્ચિંતતા રહેશે, તેટલો તમારા સામર્થ્યનો વિકાસ થશે. — સંતવાણી 4
2. નિર્મમ થવાથી જ નિષ્કામ થવાનું સામર્થ્ય આવે છે અને નિષ્કામ થવાથી જ અસંગ થવાનું સામર્થ્ય આવે છે. આવો નિયમ જ છે. — સાધન-ત્રિવેણી
3. વૈજ્ઞાનિક દૃષ્ટિથી નિશ્ચિંતતા આવશ્યક સામર્થ્યની જનની છે અને નિર્ભયતા પ્રાપ્ત સામર્થ્યનો સદુપયોગ કરાવવામાં હેતુ છે. — સંત પત્રાવલી 2
4. માનસિક અશાંતિથી પ્રાપ્ત સામર્થ્યનો હ્રાસ જ થાય છે, કોઈ લાભ નથી થતો, આ ધ્રુવ સત્ય છે. આ કારણે વિચારશીલ દરેક દશામાં માનસિક શાંતિ સુરક્ષિત રાખે છે. તેનું પરિણામ એ થાય છે કે તેમને પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગનું સામર્થ્ય મંગળમય વિધાનથી મળી જાય છે. — સંત પત્રાવલી 2
5. શ્રમ-રહિત થયા વિના સામર્થ્યની અભિવ્યક્તિ નથી થતી. — પાથેય
6. શક્તિહીનતાની અનુભૂતિ એ સાબિત કરે છે કે સામર્થ્ય કોઈ વ્યક્તિનું પોતાનું નથી. એ તો તેની દેણ છે, જેના પ્રકાશથી સકળ વિશ્વ પ્રકાશિત છે. — જીવન-દર્શન
7. અમસર્થતા સામર્થ્યના દુરુપયોગથી પેદા થાય છે. સામર્થ્યનો સદુપયોગ કરવાથી ઉત્તરોત્તર તેની વૃદ્ધિ જ થતી રહે છે. — સફલતાકી કુંજી
8. પ્રાકૃતિક નિયમ મુજબ બળનો ઉપયોગ એકમાત્ર શરીર, પરિવાર, સમાજ, સંસાર વગેરેની સેવામાં જ કરી શકાય છે. તેના દ્વારા અવિનાશી જીવનની ઉપલબ્ધિ નથી થઈ શકતી. —સફલતાકી કુંજી

9. બળનો દુરુપયોગ કરતાં જ વિરોધી શક્તિનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. તેનું પરિણામ એ થાય છે કે જે પોતાને સબળ માનતો હતો, તે જ નિર્બળ થઈ જાય છે અને પછી તેના પ્રત્યે તે જ થવા લાગે છે, જે તેણે બીજા પ્રત્યે કર્યું હતું. — દર્શન ઔર નીતિ
10. સામર્થ્યશાળી એ જ છે, જે બળનો દુરુપયોગ તથા વિવેકનો અનાદર નથી કરતો અને જેની પ્રસન્નતા બીજા પર નિર્ભર નથી, તેમ જ જે બધાયને માટે ઉપયોગી તથા હિતકર સાબિત થાય છે. જેના દ્વારા કદી કોઈનું પણ અહિત નથી થતું, એ જ સામર્થ્યવાન છે. — દર્શન ઔર નીતિ
11. પ્રાકૃતિક નિયમ મુજબ મળેલ સામર્થ્ય કોઈ અસમર્થની થાપણ છે. તે તેના કામમાં આવવી જોઈએ અર્થાત્ સર્વહિતકારી પ્રવૃત્તિમાં જ સામર્થ્યનો સદ્વ્યય છે. — ચિત્તશુદ્ધિ
12. સામર્થ્યશાળી દેશ, સમાજ, ધર્મ, જાતિ, વ્યક્તિ વગેરે એમને જ માની શકાય છે, જેમના દ્વારા કોઈનું અહિત ન થાય અને જેમની પ્રસન્નતા કોઈ બીજા પર નિર્ભર ન હોય. — ચિત્તશુદ્ધિ
13. ખરેખરું બળ એ જ છે, જે સબળ અને નિર્બળમાં એકતા ઉત્પન્ન કરી દે. — ચિત્તશુદ્ધિ
14. જે બળથી નિર્બળોની સેવા નથી થતી, પરંતુ હ્રાસ થાય છે, તે બળ આપમેળે નષ્ટ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
15. ખરેખરો સામર્થ્યશાળી એ જ છે, જેને વસ્તુઓની ખોજ નથી, પરંતુ વસ્તુઓ તેની ખોજમાં રહે છે. કારણ કે આવશ્યકતાની પૂર્તિ અનંતના વિધાનથી આપમેળે થાય છે. — ચિત્તશુદ્ધિ
16. દુઃખીના પોકારમાં એ જ સામર્થ્ય છે, જે વિચારશીલના વિચારમાં છે. — ચિત્તશુદ્ધિ
17. શરીરાદિ સંસારની બધી જ વસ્તુઓ પર ભરોસો કરવો જ નિર્બળતા છે. જો સંસારના આશ્રયનો ત્યાગ કરી દેવામાં આવે તો સાધક ઘણો સબળ થઈ જાય છે અને પછી સંસાર તેને અનુકૂળ થવાને માટે મજબૂર થઈ જાય છે. — સંત-સમાગમ 1
18. તેમના (ભગવાનના) થઈ જવાથી નિર્બળતા પણ મહાન બળ છે અને તેમના થયા વિના મહાન બળ પણ પરમ નિર્બળતા છે. અત્યંત

નિર્બળ પણ જો તેમનો થઈ જાય તો, મોટામાં મોટી સમસ્યાઓથી પાર થઈ, તેમનાથી અભિન્ન થઈ જાય છે. — સંત-સમાગમ 2

19. મળેલ શક્તિનો સદુપયોગ કરવાથી આવશ્યક શક્તિ પોતાની મેળે આવી જાય છે. — સંત-સમાગમ 2

20. અસત્ય કેટલુંય સબળ હોય, પરંતુ નિર્બળ જ હોય છે. સત્ય બાહ્ય દૃષ્ટિથી કેટલુંય નિર્બળ હોય, પરંતુ સબળ જ હોય છે. — સંત-સમાગમ 2

21. પ્રાકૃતિક નિયમ મુજબ પ્રાપ્ત બળનો સદુપયોગ નિર્બળોની સેવામાં જ થઈ શકે છે. મનુષ્ય નિર્બળોની અપેક્ષાએ જ પોતાને સબળ માની લે છે. એટલું જ નહિ, નિર્બળોના વિના પોતાની સબળતાનો ભાસ પણ થતો નથી. આ દૃષ્ટિથી સબળતા નિર્બળોની દેણ છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

22. વિશ્રામની ભૂમિમાં જ આવશ્યક સામર્થ્યની અભિવ્યક્તિ થાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

23. પ્રાકૃતિક નિયમ મુજબ બળના દુરુપયોગમાં જ નિર્બળતા રહેલી છે અર્થાત્ બળના દુરુપયોગથી સબળ નિર્બળ થઈ જાય છે. આ જ કારણે કાળાંતરમાં વિજયી પરાજિત અને પરાજિત વિજયી થાય છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

24. જેમ જેમ સ્વાર્થભાવ ગળતો જાય છે, તેમ તેમ પ્રકૃતિ તેને સામર્થ્યશાળી બનાવે છે. જેમ જે વૃક્ષો દ્વારા બીજાં વૃક્ષોને પોષણ મળે છે, તેમનું આયુષ્ય પણ માનવા કરતાં વધારે હોય છે અને તેઓ બીજાં વૃક્ષો દ્વારા પોષિત પણ થવા લાગે છે. — ચિત્તશુદ્ધિ

25. બળનો એકમાત્ર ઉપયોગ સેવામાં છે. — સંતવાણી 5

26. વિશ્રામ વિના સામર્થ્યની અભિવ્યક્તિ થઈ શકતી નથી અને વિશ્રામ ક્યારે મળે છે ? જ્યારે અસતની કામના ન રહે. —સંતવાણી 4

27. મોટામાં મોટા, સબળમાં સબળ વ્યક્તિ, વર્ગ તથા સમાજ આપણને તે સમય સુધી જ અસમર્થ બનાવી શકે છે, જ્યાં સુધી આપણે મળેલા બળનો દુરુપયોગ તથા વિવેકનો અનાદર નથી કરતા. — દર્શન ઔર નીતિ

❊ ❊ ❊

# સુખ અને દુઃખ

1. સુખનો સદુપયોગ ઉદારતા અને દુઃખનો સદુપયોગ વિરક્તિ છે.
— માનવકી માંગ
2. આપણે આજે જે રીતે દુઃખી થઈએ છીએ અને આપણો વિકાસ નથી થતો, તેનું કારણ એકમાત્ર એ જ છે કે આપણે દુઃખનું કારણ બીજાઓને માનીએ છીએ. — માનવકી માંગ
3. એ નિયમ છે કે જે મુશ્કેલીને શાંતિપૂર્વક સહન કરી લેવામાં આવે છે, તે મુશ્કેલી જાતે ઉકલી જાય છે. શાંતિપૂર્વક સહન કરવાનો અર્થ છે, પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને ન માનીને દુઃખને સહન કરી લેવું. — માનવકી માંગ
4. દુઃખોની નિવૃત્તિ તો ભગવાનને માન્યા વિના પણ થઈ શકે છે. તે માટે તમારે નિષ્કામ થઈ જવું, તમારાં દુઃખોની નિવૃત્તિ થઈ જશે. — સંતવાણી 7
5. જે પ્રવૃત્તિઓ પોતાને માટે સુખદ હોય અને બીજાને માટે દુઃખદ હોય, તે કદી સાધનયુક્ત નથી હોતી. જે સુખ કોઈનું દુઃખ બનીને આવે છે, તે સમય જતાં ઘોર દુઃખ બની જાય છે અને જે દુઃખ કોઈના હિતને માટે આવે છે, તે આપણને આનંદથી અભિન્ન કરી દે છે. — સફલતાકી કુંજી
6. તમારા દુઃખનું કારણ કોઈ બીજું નથી હોઈ શકતું. જો આપણા દુઃખનું કારણ કોઈ બીજું હોય તો દુઃખ મટાડવાનો પ્રશ્ન જ જીવનમાં રહેતો નથી. — પ્રેરણા પથ
7. પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને ન માનીને પોતાને જ માની લઈએ તો આપણું દુઃખ મટી જાય. — પ્રેરણા પથ
8. દુઃખ દેનારી સૃષ્ટિ તો વ્યક્તિએ પોતે પોતાનામાંથી જ પેદા કરી છે, જાણેલ અસતનો સંગ કરીને. — જીવન-પથ

9. જે સમયે સુખનું પ્રલોભન ચાલ્યું જશે ત્યારે, સુખનો ભોગ પણ નહિ થાય, તે સમયે તે દુઃખ, જેને તમે દુઃખ માનો છો કે અનુભવ કરો છો, તે રહેશે નહિ, પરંતુ ત્યાં દુઃખહારી હશે. — જીવન-પથ
10. દુઃખનું મૂળ 'ભૂલ' છે. જો આપણી ભૂલ નથી તો આપણા જીવનમાં દુઃખ હોઈ જ નથી શકતું. — સાધન-ત્રિવેણી
11. દુઃખ આવવાથી ઇચ્છારહિત થઈ જાઓ, સુખ આવવાથી ઉદાર થઈ જાઓ. જો તમે ઉદાર થઈ જશો તો સુખના બંધનથી છૂટી જશો. જો તમે ઇચ્છારહિત થઈ જશો તો દુઃખના ભયથી છૂટી જશો. — સાધન-ત્રિવેણી
12. સુખથી અરુચિ તેમને નથી થતી, જે સુખની વાસ્તવિકતાને નથી જાણતા અથવા પરાયા દુઃખે દુઃખી નથી થતા. — માનવકી માંગ
13. દુઃખના પ્રભાવની ઓળખાણ શું છે ? કોઈ પણ વસ્તુ, વ્યક્તિ, અવસ્થા અને પરિસ્થિતિ સાથે સંબંધ ન રહે, ન કોઈથી કંઈ આશા રહે. દુઃખના પ્રભાવ અને દુઃખના ભોગમાં મોટો ફેર છે. દુઃખનો પ્રભાવ સાધન છે અને દુઃખનો ભોગ અસાધન છે. — સંત-ઉદ્‌બોધન
14. એવું કોઈ સુખ નથી જેનો જન્મ કોઈ દુઃખથી ન થયો હોય અને એવું પણ કોઈ સુખ નથી, જેનો દુઃખમાં અંત ન હોય. — માનવકી માંગ
15. સુખથી દુઃખ દબાય છે, મટતું નથી અને એ નિયમ છે કે દબાયેલું દુઃખ વધે છે, ઘટતું નથી. આ દૃષ્ટિથી દુઃખ દૂર કરવા માટે સુખ અપેક્ષિત નથી, દુઃખ વધારવા માટે ભલેને સુખ અપેક્ષિત હોય. — માનવકી માંગ
16. માનવજીવન સુખ-દુઃખ ભોગવવા માટે નથી મળ્યું, પરંતુ સુખ-દુઃખનો સદુપયોગ કરવા માટે મળ્યું છે. — માનવકી માંગ
17. જો જીવનમાંથી દુઃખનો ભાગ કાઢી નાખવામાં આવે તો ન તો સુખનું સંપાદન પણ થઈ શકે છે અને ન માનવ સુખની દાસતાથી છૂટી શકે છે. — માનવ-દર્શન
18. અહંતા તથા મમતાથી જ સુખ-દુઃખનો જન્મ થાય છે, અહમ્ અને મમ અવિવેકસિદ્ધ છે. નિજવિવેકનો આદર કરવાથી અહમ્

અને મમ બાકી નથી રહેતા અને પછી દુઃખનો ભય તથા સુખની દાસતા પણ રહેતી નથી. સુખની દાસતાનો પૂરેપૂરો અંત થતાં જ દુઃખ આપમેળે નાશ થઈ જાય છે. — માનવ-દર્શન

19. દુઃખ નિંદનીય નથી, પરંતુ સુખની દાસતા નિંદનીય છે. — માનવ-દર્શન

20. પ્રાકૃતિક નિયમ મુજબ સુખ આપીને જે દુઃખ લેવામાં આવે છે, તે માનવને આનંદથી અભિન્ન કરે છે અને દુઃખ દઈને જે સુખ મેળવવામાં આવે છે, તે માનવને ઘોર દુઃખમાં આબદ્ધ કરે છે. — માનવ-દર્શન

21. જે સુખ ઇચ્છતાં રહીને પણ ચાલ્યું ગયું, તેની દાસતા ચાલુ રાખવી અને જે દુઃખથી સર્વતોમુખી વિકાસ થયો, તેનાથી ભયભીત થવું, તેના પ્રભાવને ન અપનાવવો એ પ્રમાદ સિવાય બીજું કંઈ નથી. — માનવ-દર્શન

22. સુખ કરતાં દુઃખ જીવનનું બહુ મહત્ત્વનું જરૂરી અંગ છે. — સંતવાણી 8

23. સુખ જાય જ છે અને દુઃખ આવે જ છે. આ વિધાનમાં માનવનું અમંગળ નથી, પરંતુ મંગળ જ છે. — સાધન-નિધિ

24. કોઈ પણ મનુષ્ય જ્યાં સુધી પોતાને દુઃખી નથી બનાવતો, ત્યાં સુધી બીજાને દુઃખી નથી કરી શકતો. — સંત પત્રાવલી 1

25. એ નિયમ જ છે કે જે આવે છે, તે ચાલ્યું જાય છે, તો આ દૃષ્ટિથી સુખ અને દુઃખ બન્નેય કાયમ નથી રહી શકતાં. જે નથી રહી શકતું, તેનો સદુપયોગ કરી શકીએ છીએ, તેમાં જીવન-બુદ્ધિ કરી શકતા નથી. કારણ કે તેની સાથે નિત્ય-સંબંધ થઈ શકતો નથી. — માનવ-દર્શન

26. દુઃખ દૂર કરતાં પહેલાં સુખનો ત્યાગ કરો, પછી બિચારું દુઃખ જાતે દુઃખી થઈને ભાગી જશે. — સંત પત્રાવલી 1

27. સુખ જીવનની સૌથી બૂરી અવસ્થા છે; કારણ કે આનંદની અભિલાષા જાગ્રત થવા પામતી નથી. આનંદ જોકે મનુષ્યની જાતીય વસ્તુ છે પણ આ અભાગા સુખે પેલી જાતીય વસ્તુથી મનુષ્યને હઠાવીને પોતાના તરફ આકર્ષિત કરી દીન બનાવી દીધો છે. પરમપ્રિય દુઃખનું શરણું લઈને સુખને હઠાવો. — સંત પત્રાવલી 1

28. દુઃખી 'ત્યાગ' દ્વારા અને સુખી 'સેવા' દ્વારા ઉન્નતિ કરે છે.
— સંત પત્રાવલી 1

29. દુઃખ મનુષ્યને ત્યાગનો પાઠ ભણાવવા માટે આવે છે. જેમ જેમ ત્યાગ વધતો જાય છે, તેમ તેમ દુઃખ પોતાની જાતે મટતું જાય છે.
— સંત પત્રાવલી 1

30. સત્યના અવાજને કોઈ વ્યક્તિનો અવાજ, સત્યના જ્ઞાનને કોઈ વ્યક્તિનું જ્ઞાન, સત્યના પ્રેમને કોઈ વ્યક્તિનો પ્રેમ, સત્યના આનંદને કોઈ વ્યક્તિનો આનંદ અને સત્યના સૌંદર્યને કોઈ વ્યક્તિનું સૌદર્યં સમજવું મોટી ભૂલ છે. આ ભૂલના થવાથી જ વ્યક્તિઓ સાથે રાગ થઈ જાય છે, જે દુઃખનું મૂળ છે. રાગથી દુઃખ તથા ત્યાગથી આનંદ જરૂર મળે છે. — સંત પત્રાવલી 1

31. એ બધા જ ભાઈ-બહેનોનો અનુભવ છે કે ગાઢ ઊંઘમાં જેટલું સુખ મળે છે, એટલું કોઈ વસ્તુ, વ્યક્તિના સંગથી મળતું નથી. ત્યારે જ તો આપણે ગાઢ ઊંઘને માટે બધી જ વસ્તુઓનો સંગ છોડીએ છીએ. ...... બધાયથી અલગ થવાની આપણી જે અનુભૂતિ છે, તે આપણને વસ્તુઓથી અતીતના જીવનનો સંકેત કરે છે. — માનવકી માંગ

32. જેના મંગળમય વિધાનથી દુઃખ આવ્યું છે, તેણે દંડ નથી કર્યો, પરંતુ માનવના હિતને માટે દુઃખનો પ્રાદુર્ભાવ કર્યો છે.
— દુઃખકા પ્રભાવ

33. જ્યારે આવેલું સુખ પણ પોતાની મેળે ચાલ્યું ગયું તો અપ્રાપ્ત સુખની આશાથી શું લાભ થશે ? સુખ માગવાથી નથી મળતું. વિધાનથી પોતાની જાતે આવી જાય છે. તેને માટે પ્રયાસ કરવો એ પ્રાપ્ત સામર્થ્યનો દુર્વ્યય જ છે, બીજું કંઈ નથી. — દુઃખકા પ્રભાવ

34. પ્રાપ્ત-સુખના સદ્વ્યયથી જ માનવ સમાજના ઋણથી મુક્ત થાય છે. અપ્રાપ્ત સુખની કામનાના ત્યાગથી સાધક વિશ્રામ પામે છે. આ દૃષ્ટિથી પ્રાપ્ત સુખના સદ્વ્યયમાં પરહિત અને તેની કામનાના નાશમાં પોતાનું હિત છે. — દુઃખકા પ્રભાવ

35. પ્રાકૃતિક નિયમ મુજબ દરેક સુખના આદિ અને અંતમાં દુઃખનો પ્રાદુર્ભાવ આપમેળે થાય છે. — દુઃખકા પ્રભાવ

36. સુખની આશાનો પૂર્ણપણે અંત થતાં જ દરેક દુઃખી વ્યક્તિ આપમેળે દુઃખથી રહિત થઈ જાય છે. — દુઃખકા પ્રભાવ

37. બિચારું દુઃખ સાધકોને દુઃખરહિત કરવાને માટે જ આવે છે. — દુઃખકા પ્રભાવ

38. વિશ્વના ઈતિહાસ અને વ્યક્તિગત અનુભૂતિઓથી એ સિદ્ધ નથી થયું કે કોઈ એવી પરિસ્થિતિ પણ છે, જેમાં માત્ર સુખ જ હોય, દુઃખ ન હોય અને ન કોઈ એવું પ્રાણી છે, જેને સુખ ભોગવતાં રહીને વિવશ થઈને દુઃખ ન ભોગવવું પડ્યું હોય.— દુઃખકા પ્રભાવ

39. ઈશ્વરના મંગળમય વિધાનથી દુઃખનો પ્રાદુર્ભાવ એકમાત્ર સુખની દાસતાથી મુક્ત કરવા માટે જ હોય છે. — દુઃખકા પ્રભાવ

40. ગંભીરતાપૂર્વક વિચાર કરવાથી એ સ્પષ્ટ માલૂમ પડે છે કે દુઃખ-દાતા જ દુઃખહારી છે. એટલું જ નહિ, સાધકને સુખની દાસતાથી મુક્ત કરવાના માટે દુઃખહારી જ દુઃખના વેશમાં અવતરિત થાય છે. — દુઃખકા પ્રભાવ

41. સુખદ અનુભૂતિ એ જ ક્ષણમાં થાય છે, જે ક્ષણમાં નિષ્કામતા ઉદિત થાય છે. કામના-નિવૃત્તિથી નિષ્કામતાની અભિવ્યક્તિ સ્થાયી-રૂપથી થાય છે અને કામના-પૂર્તિ કાળમાં નિષ્કામતા અલ્પકાળને માટે આપમેળે આવે છે. પ્રાણી પ્રમાદવશ એ સરસ અનુભૂતિને વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ વગેરેને આશ્રિત માની બેસે છે. —દુઃખકા પ્રભાવ

42. સુખની આશાથી મળવું એ અલગ થવાની તૈયારી સિવાય બીજું કંઈ નથી. — જીવન-દર્શન

43. દુઃખીનું દુઃખ ત્યારે જ મટી શકે છે, જ્યારે તે પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને ન માને. — દર્શન ઔર નીતિ

44. જાગ્રત અને સ્વપ્નમાં સુખ-દુઃખની અનુભૂતિ થાય છે પણ સુષુપ્તિમાં કોઈને પણ દુઃખની અનુભૂતિ નથી થતી. આનાથી એ સ્પષ્ટ સાબિત થાય છે કે જ્યારે દૃશ્યથી સંબંધ નથી રહેતો, ત્યારે દુઃખ નથી થતું. આ અનુભૂતિના આધાર પર જો જાગ્રતમાં જ સુષુપ્તિ પ્રાપ્ત કરી લેવામાં આવે તો ઘણી જ સહેલાઈપૂર્વક દુઃખનો અંત થઈ શકે છે. — જીવન-દર્શન

45. 'સુખ' સેવાને માટે છે, ઉપભોગને માટે નથી અને દુઃખ વિવેકનો આદર કરવા માટે છે, ભયભીત થવા માટે નથી. —જીવન-દર્શન
46. સાધ્યથી ભિન્ન જે કંઈ પણ હશે, તે તમારી સાથે રહી શકતું નથી. એટલા માટે આવેલું સુખ પણ રહેશે નહિ અને આવેલું દુઃખ પણ રહેશે નહિ. — સફલતાકી કુંજી
47. દુઃખનું થવું કોઈ દોષ નથી પણ તેના ભયથી ભયભીત થઈને સુખનું ચિંતન કરવું વાસ્તવિક દોષ છે. — ચિત્તશુદ્ધિ
48. આ કેવું અનુપમ વિધાન છે કે સુખ-લોલુપતાના નાશને માટે સુખ-લોલુપના જીવનમાં દુઃખ પોતાની મેળે આવે છે. દુઃખનો પ્રભાવ સુખના પ્રલોભનનો નાશ કરી દુઃખીને સદાને માટે દુઃખથી રહિત કરી દે છે. — સફલતાકી કુંજી
49. વસ્તુઓ અને વ્યક્તિઓના વિશ્વાસ અને સંબંધને ક્ષણ માટે પણ જો તોડીને અનુભવ કરવામાં આવે તો એ જીવનમાં કેટલો રસ છે— એની તુલના પેલા સુખથી કરી શકાતી નથી, જે અનંત કાળથી વસ્તુઓ અને વ્યક્તિઓના સંબંધથી મળતું રહ્યું છે. — ચિત્તશુદ્ધિ
50. દુઃખ જેટલું ઊંડું હોય છે, એટલી જ સ્પષ્ટ જાગૃતિ આવે છે, કેમ કે દુઃખ જ એક એવો મૂળ મંત્ર છે, જેનાથી વસ્તુ, વ્યક્તિ વગેરેના સ્વરૂપનો બોધ થાય છે. વસ્તુ વગેરેનું યથાર્થ જ્ઞાન વસ્તુઓથી અસંગતા પ્રદાન કરવામાં સમર્થ છે. — ચિત્તશુદ્ધિ
51. એવું કોઈ સુખ છે જ નહિ, જેના આદિ અને અંતમાં દુઃખ ન થાય. આદિ અને અંતના દુઃખને જ મધ્યના સુખમાં જોવું જોઈએ. — ચિત્તશુદ્ધિ
52. આવેલા દુઃખને સુખ તથા સુખની આશાથી દબાવવા તથા દૂર કરવાનો પ્રયાસ સર્વદા નિરર્થક તેમ જ અહિતકર જ સિદ્ધ થાય છે. કેમ કે સુખ નવીન દુઃખને જન્મ આપે છે અને દરેક સુખના આરંભમાં પણ કોઈ ને કોઈ પ્રકારના દુઃખને અપનાવવું જ પડે છે. — ચિત્તશુદ્ધિ
53. આપમેળે આવેલા દુઃખને સુખ દ્વારા દબાવવાની રુચિ કેમ થાય છે અને જાણેલા દોષને ચાલુ રાખવાનો સ્વભાવ કેમ બની ગયો છે ? સુખ-ભોગની આસક્તિને કારણે જ પ્રાણી આવેલા દુઃખને

સુખથી દબાવવાની કોશિશ કરે છે અને સુખને સુરક્ષિત બનાવી રાખવાને માટે જ જાણેલા દોષને અપનાવે છે. — ચિત્તશુદ્ધિ

54. જે વસ્તુઓથી સુખની આશા કરીએ છીએ, શું તેમની સાથે પ્રાણીનો નિત્ય સંબંધ છે ? અથવા જે વ્યક્તિઓ દ્વારા સુખની આશા કરીએ છીએ, શું તેઓ જાતે દુઃખી નથી ? અથવા જે પરિસ્થિતિને સુખદ માનીએ છીએ, શું તેમાં કોઈ જાતનો અભાવ નથી ? અથવા જે અવસ્થામાં સુખનો ભાસ થાય છે, શું તેમાં પરિવર્તન નથી ? કોઈ પણ વસ્તુ સાથે નિત્ય-સંબંધ નથી. કોઈ પણ વ્યક્તિ દુઃખથી રહિત નથી. દરેક પરિસ્થિતિ અભાવયુક્ત છે અને દરેક અવસ્થામાં પરિવર્તન છે. તો પછી તેમનાથી સુખની આશા કરવી એ પ્રમાદ સિવાય બીજું શું હોઈ શકે ? — ચિત્તશુદ્ધિ

55. પ્રાણીનું વ્યક્તિગત દુઃખ તેને સામૂહિક દુઃખનો બોધ કરાવવામાં સાધન માત્ર છે. — ચિત્તશુદ્ધિ

56. પરિસ્થિતિજન્ય દુઃખથી કોઈ પણ પ્રાણી બચી શકતું નથી. જેનાથી બચી શકતા નથી, તેમનાથી ભયભીત થવું કંઈ અર્થ નથી રહેતો. — ચિત્તશુદ્ધિ

57. પ્રાકૃતિક નિયમ મુજબ પ્રાપ્ત સુખ દુઃખીઓની વસ્તુ છે. તેને પોતાની માનવી અને તેનો ભોગ કરવો પારકી વસ્તુને પોતાની માનવી છે. — ચિત્તશુદ્ધિ

58. દુઃખ કોઈ આપતું નથી, બલ્કે દુઃખી દ્વારા સ્વયં બીજાઓને દુઃખ થાય છે, જે રીતે અગ્નિ જાતે બળીને બીજાઓને બાળે છે. — સંત-સમાગમ 1

59. દુઃખીનું દુઃખ તે સમય સુધી જીવિત છે, જ્યાં સુધી અભાગી દુઃખી દુઃખને સંસારની મદદથી દૂર કરવા ચાહે છે. સંસારથી નિરાશ થતાં જ દુઃખહારી હરિ દુઃખને જાતે હરી લે છે. — સંત-સમાગમ 1

60. બિચારો સંસાર તો જડ છે, તે દુઃખ આપી શકતો નથી અને આનંદઘન ભગવાનને ત્યાં દુઃખ છે નહિ, એટલા માટે દુઃખ દુઃખીની ભૂલથી થાય છે. — સંત-સમાગમ 1

61. દુઃખ તેને થાય છે, જે ન તો જડ છે અને ન ચેતન છે; પરંતુ જે જડ સાથે મળીને જડ જેવો અને ચેતન સાથે મળીને ચેતન જેવો થઈ જાય છે અર્થાત્ તે ‘અહમ્’ જે પોતાની સ્વતંત્ર સત્તા નથી રાખતું; બલકે પોતાનામાં કોઈ પ્રકારના માનેલા સ્વભાવને સ્વીકાર કરી લે છે. એ સ્વભાવની અનુકૂળતામાં ‘સુખ’ અને પ્રતિકૂળતામાં ‘દુઃખ’નો અનુભવ કરે છે. — સંત-સમાગમ 1
62. એવી કોઈ સારપ નથી કે જેનો જન્મ દુઃખથી ન થાય. — સંત-સમાગમ 1
63. તમારા નિજ-સ્વરૂપમાં અપાર આનંદ છુપાયેલો છે, જે દુઃખની કૃપાથી મળશે, સુખની કૃપાથી નહિ. — સંત-સમાગમ 1
64. સુખથી દુઃખ દબાઈ જાય છે અને આનંદથી નષ્ટ થઈ જાય છે. ‘આનંદ’ ઇચ્છાઓની નિવૃત્તિથી અને ‘સુખ’ ઇચ્છાઓની પૂર્તિ થવાથી થાય છે. — સંત-સમાગમ 1
65. દુઃખ તો સુખથી મળે છે અને સુખ સંસારની સત્તા સ્વીકાર કરવાથી મળ્યું છે. — સંત-સમાગમ 1
66. જેણે સુખ આપ્યું છે, તેણે સુખ વહેંચવાનું પણ શિખવ્યું છે. સુખદાતાને તો સુખ આપી શકતા નથી; તેથી દુઃખીઓને સુખ આપવું જ સુખદાતાના ઋણથી છૂટી જવું છે. — સંત-સમાગમ 1
67. દુઃખનો ભોક્તા હોય છે, જ્ઞાતા નહિ. ભોક્તા કદી જ્ઞાતા નથી હોતો અને જ્ઞાતા કદી ભોક્તા નથી હોતો. — સંત-સમાગમ
68. દુઃખનું હોવું આનંદઘન ભગવાનની પરમ કૃપા છે; કેમ કે જો દુઃખ ન હોય તો વિષય-સુખથી અરુચિ કોઈ રીતે થઈ શકત નહિ. — સંત-સમાગમ 1
69. ભલા જે સુખનો જન્મ કોઈ દુઃખથી થશે, તે અંતમાં આપણને દુઃખ સિવાય બીજું શું આપી શકે છે ? — સંત-સમાગમ 2
70. વિચારશીલ લોકો એ સુખનો ઉપભોગ નથી કરતા, જે કોઈનું દુઃખ હોય, બલકે એ દુઃખને પ્રસન્નતાપૂર્વક અપનાવી લે છે, જે કોઈનું સુખ હોય. — સંત-સમાગમ 2
71. આપણા દુઃખી થવાથી માત્ર આપણને દુઃખ નથી થતું, બલકે આપણે વિશ્વમાં પણ દુઃખ પેદા કરતા રહીએ છીએ. જો આપણે દુઃખી નહિ રહીએ, તો આપણા જીવનથી કોઈને પણ દુઃખ થશે નહિ. — સંત-સમાગમ 2

72. જ્યારે આપણે સ્વયંને પોતાના પ્રેમાસ્પદને અને શરીર વિશ્વને આપી દઈશું, તો બસ, દુઃખનો અંત થઈ જશે. વિશ્વને શરીરની જરૂર છે; કેમ કે શરીર વિશ્વની વસ્તુ છે. પ્રેમાસ્પદ આપણી રાહ જુએ છે; કેમ કે આપણે તેમના છીએ. — સંત-સમાગમ 2

73. આપણે સંસાર તરફ દોડીએ છીએ, પરંતુ તેને પકડી શકતા નથી. સંસારનું મીઠાપણું એ જ છે કે દોડતા દોડતા જ્યારે થાકી જઈએ છીએ, ત્યારે આરામ પામીએ છીએ અર્થાત્ થાક જ સંસારનું સુખ છે. વહાલા ! દરેક પ્રવૃત્તિના અંતમાં કોઈને પણ શક્તિહીનતા સિવાય કંઈ મળતું નથી. — સંત-સમાગમ 2

74. સુખ વહેંચવાની વસ્તુ છે, રાખવાની નથી. જે પ્રાણી સુખને રાખવાનો પ્રયત્ન કરે છે, તેનાથી સુખ છીનવાઈ જાય છે, મળતું કંઈ નથી અને જે પ્રાણી સુખ વહેંચી દે છે, તેને આનંદ મળી જાય છે. — સંત-સમાગમ 2

75. દુઃખ જીવનમાં પરમ જરૂરી વસ્તુ છે. દુઃખ વિના જીવનની પૂર્ણતા સિદ્ધ નથી થતી. દુઃખ બધા પ્રકારના વિકારને મટાડીને અંતમાં પોતાની મેળે મટી જાય છે. — સંત-સમાગમ 2

76. નિરંતર અખંડ પ્રસન્ન રહેવાનો સ્વભાવ બનાવો. જેમ જેમ પ્રસન્નતા વધતી જશે, પ્રતિકૂળતા લજ્જિત થઈને હઠતી જશે. વહાલા, પ્રસન્ન વ્યક્તિની તરફ બધા જ જુએ છે; તેથી સકળ વિશ્વ તમારી તરફ જોશે. દુઃખીની તરફ દુઃખહારીના સિવાય બીજું કોઈ જોતું નથી. — સંત-સમાગમ 2

77. દુઃખી પ્રાણી અભાગિયો નથી હોતો. સાચું તો એ છે કે અભાગિયો એ જ છે, જે સુખી છે; કેમ કે દુઃખીને આનંદઘન ભગવાન મળે છે, સુખીને ભોગ. ....... હા, દુઃખી ત્યાં સુધી અભાગિયો છે, જ્યાં સુધી સંસાર તરફ જુએ છે. સંસારથી નિરાશ થતાં જ દુઃખહારી હરિ દુઃખ જરૂર હરી લે છે. — સંત-સમાગમ 2

78. જે દુઃખી ત્યાગ નથી કરતો અને જે સુખી સેવા નથી કરતો, તેની ઉન્નતિ થતી નથી. — સંત-સમાગમ 2

79. સર્વતોમુખી વિકાસ માટે સુખનું જવું અને દુઃખનું આવવું અનિવાર્ય છે. — મંગલમય વિધાન

80. પ્રાકૃતિક વિધાનની દૃષ્ટિથી જે સુખની ઉત્પત્તિ કોઈના દુઃખ તથા અહિતથી થાય છે, તે સુખ અંતમાં ઘોર દુઃખમાં બદલાઈ જાય છે અને સુખભોગીનું અહિત જ થાય છે. — સાધન-તત્ત્વ

81. અભાવ, અશાંતિ, નીરસતા તેમજ પરાધીનતા— આ ચાર ભયંકર દુઃખ છે, જે સંસારને પસંદ કરવાથી મળે છે.— સંતવાણી (પ્રશ્નોત્તર)

82. અપરાધની પ્રવૃત્તિના મૂળમાં વ્યક્તિગત સુખનું પ્રલોભન છે. કોઈનો હ્રાસ, વિનાશ તથા દુઃખથી પોતાનું સુખ મેળવવું એ જ મૂળ અપરાધ છે. આ કારણે નિરપરાધતાની અભિવ્યક્તિ જીવનમાં ત્યારે જ થઈ શકે છે, જ્યારે માનવ વ્યક્તિગત સુખલોલુપતાથી રહિત થઈ જાય. — માનવતાકે મૂલ સિદ્ધાંત

83. જે જીવનનો આરંભ દુઃખથી થયો છે, એ જીવનમાં કોઈ પ્રકારનું દુઃખ ન હોય, એ વિચારવું જ મિથ્યા છે. — સંતવાણી 8

84. નીરસતા માત્ર પ્રતિકૂળતાથી જ નથી આવતી અને સરસતા માત્ર અનુકૂળતાની જ દેણ નથી. ....... એ નિયમ છે કે સુખથી દુઃખ દબાઈ જાય છે, મટતું નથી. દબાયેલું દુઃખ વધે જ છે, ઘટતું નથી. તેથી અનુકૂળતાથી જ નીરસતા મટશે, એ માની લેવું ભૂલ છે. — ચિત્તશુદ્ધિ

85. પ્રકૃતિથી જેટલું સુખ લેશો, એટલું દુઃખ પણ ભોગવવું પડશે. વૈજ્ઞાનિક ઉન્નતિ શું છે ? ૩/૪ ને ૭૫/૧૦૦ કરવા.

— સંત-જીવન-દર્પણ

86. બીજાઓ પાસેથી સુખની આશા કરવાનું પરિણામ એ થયું કે આજે આપણે દુઃખી છીએ. પોતાના દુઃખનું કારણ બીજાઓને માનવાનું પરિણામ એ થયું છે કે આપણે પોતાના દુઃખને દૂર કરી શકતા નથી. — સંતવાણી 5

87. આ જે સુખ અને દુઃખ તમને-અમને પ્રતીત થાય છે, આના મૂળમાં કોઈ પરિસ્થિતિ, કોઈ અવસ્થા, કોઈ વસ્તુ કારણ નથી. આના મૂળમાં કારણ છે— પોતાના દેહનું અભિમાન. —સંતવાણી 4

88. જગત અને જગતપતિથી પોતાના સુખની માગ કરવામાં ન આવે, પરંતુ જગતના પ્રતિ ઉદારતા અને જગતપતિના પ્રતિ પ્રેમ કરવામાં આવે તો આપમેળે શાંતિ, સમતા અને સ્વાધીનતાની પ્રાપ્તિ થઈ જાય છે. — સફલતાકી કુંજી

❊ ❊ ❊

# સુખભોગ

1. હૃદયહીન થયા વિના, બેઈમાન થયા વિના, પોતાનું મૂલ્ય ઘટાડ્યા વિના અને પરાધીન થયા વિના કોઈ માણસ સુખ ભોગવી શકતો નથી. — સંતવાણી 6
2. જો તમારા જીવનમાંથી દુઃખનો ભાગ કાઢી નાંખવામાં આવે તો શું તમે સુખનો ભોગ કરી શકો છો ? ..... દુઃખ વિના સુભભોગ થઈ શકતો જ નથી. — સંતવાણી 6
3. જ્યારે આપણે ભોગનો આશ્રય લઈએ છીએ, ત્યારે સુખ ભોગવીએ છીએ રુચિથી, પરંતુ દુઃખ ભોગવવું પડે છે લાચારીથી. — સંતવાણી 4
4. સુખના ભોગીને દુઃખ ભોગવવું જ પડે છે. — સાધન-ત્રિવેણી
5. અભાગિયા સુખે જ આપણને ઈચ્છિત તત્ત્વજ્ઞાન, ભગવત્પ્રેમ તેમજ સદ્‌ગતિથી વિમુખ કર્યા છે. આ જ કારણે માનવજીવનમાં સુખના સદુપયોગનું મહત્ત્વ છે, તેના ભોગનું નહિ. — માનવકી માંગ
6. એ નિયમ છે કે જે હૃદયમાં કરુણા રહે છે, તે હૃદયમાં સુખ-ભોગની આસક્તિ રહેતી નથી. — માનવકી માંગ
7. સુખનો જે ભોગ પ્રાપ્ત થાય છે, તેને ભોગવવાને માટે કોઈ ને કોઈ દોષને અપનાવી લેવો અનિવાર્ય બની જાય છે. — માનવકી માંગ
8. જો વાસ્તવમાં રસ હોત તો સુખભોગનો અંત નીરસતામાં ન થાત. — માનવકી માંગ
9. કોઈ પણ ભોક્તા ભોગ્ય વસ્તુને કામ નથી આવતો, પરંતુ ભોક્તા દ્વારા ભોગ્ય વસ્તુનો વિનાશ જ થાય છે. — માનવ-દર્શન
10. સુખ-લોલુપતા રહેતાં શું કોઈ પણ જાતના દુઃખનો અંત શક્ય છે ? કદાપિ નહિ. — માનવ-દર્શન
11. ભોગની રુચિનો સંપૂર્ણ નાશ વાસ્તવિક માંગની જાગૃતિ સિવાય અન્ય કોઈ રીતે થતો નથી. તપ વગેરેથી રુચિ દબાઈ જાય છે,

મટતી નથી. માગની જાગૃતિથી ભોગની રુચિ સર્વાંશમાં સદાને માટે નાશ થઈ જાય છે. — પાથેય

12. સુખ-ભોગથી અવિવેક પોષાય છે. — દુઃખકા પ્રભાવ
13. કોઈ પણ પ્રાણી પોતાને માત્ર દેહ માનીને કદી પણ ભોગની વાસનાઓથી રહિત થઈ શકતો નથી. — જીવન-દર્શન
14. વિષયોના ઉપભોગ સમયમાં વિષયોને જોવા પામતા નથી અને જ્યારે વિષયોને જોઈએ છીએ, ત્યારે તેમનો ઉપભોગ કરી શકતા નથી. તેથી જોવું ત્યારે જ સંભવ છે, જ્યારે ઉપભોગ સમય ન હોય. ભોગને જોવા એ ભોગ પ્રવૃત્તિ નથી, પરંતુ ભોગના આરંભનું સુખ અને પરિણામનું દુઃખ ભોગવવું એ ભોગ પ્રવૃત્તિ છે.— જીવન-દર્શન
15. ભોગનું પરિણામ રોગ તથા શોક છે. — જીવન-દર્શન
16. જે સાધક ભોગના પરિણામ પર દૃષ્ટિ રાખે છે, તેને ભોગથી અરુચિ થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ
17. ભોગ્ય વસ્તુઓનો વિનાશ અને ભોગની શક્તિઓનો હ્રાસ થવા છતાં પણ જો ભોગની રુચિનો નાશ નથી થતો તો આનાથી વધીને કોઈ બીજી અસાવધાની હોઈ શકતી નથી. — દર્શન ઔર નીતિ
18. સુખ-ભોગની આશા સુખ-ભોગથી પણ વધારે ભયંકર દોષ છે; કારણ સુખભોગથી અરુચિ સ્વાભાવિક થાય છે, પરંતુ સુખની આશા ઉત્તરોત્તર વધતી જ રહે છે. ..... સુખની આશા રહેતાં ન કોઈ સેવા કરી શકે છે અને ન પ્રેમ. — જીવન-દર્શન
19. ભોગમાં પ્રવૃત્તિ થવાથી ભોગવવાની શક્તિનો હ્રાસ અને ભોગ્ય વસ્તુનો વિનાશ પોતાની મેળે થઈ જાય છે. — દર્શન ઔર નીતિ
20. ભોગની વાસ્તવિકતા જાણવા માટે જ મર્યાદિત ભોગ અપેક્ષિત છે. — દર્શન ઔર નીતિ
21. સુખ-ભોગથી પ્રમાદ, હિંસા વગેરે વિકાર આપમેળે પેદા થઈ જાય છે, જેથી પોતાનું અકલ્યાણ અને સમાજનું અહિત થવા લાગે છે. — ચિત્તશુદ્ધિ
22. ભોગની રુચિમાં જેટલી મધુરતા છે, તેટલી તો ભોગ-પ્રવૃત્તિમાં પણ નથી. ભોગ-પ્રવૃત્તિના આરંભ-કાળમાં જેટલું સુખ છે, તેટલું

મધ્યમાં નથી અને અંતમાં તો સુખની ગંધ પણ રહેતી નથી, પરંતુ તેના પરિણામમાં તો અનેક પ્રકારના રોગ જ પેદા થાય છે. — ચિત્તશુદ્ધિ

23. જેની પ્રસન્નતા કોઈ બીજા પર નિર્ભર છે, તે જ ભોગી છે અથવા એમ કહો કે જે દેહજનિત વ્યાપારમાં જ જીવન-બુદ્ધિ રાખે છે, તે જ ભોગી છે. — ચિત્તશુદ્ધિ

24. અન્યને સુખ આપવાની ઇચ્છા સુખભોગની આસક્તિને ખાઈ લે છે. — જીવન-દર્શન

25. પ્રમાદ તથા હિંસા વિના ભોગની સિદ્ધિ થઈ શકતી નથી; કેમ કે પોતાને ભોક્તા સ્વીકાર કરવો 'પ્રમાદ' છે અને ભોગ્ય વસ્તુના વિનાશમાં 'હિંસા' છે. — ચિત્તશુદ્ધિ

26. ભલે ગમે તેટલોય સુંદર ભોગ કેમ ન હોય તથા સમાજના નિયમને પણ અનુકૂળ હોય અને ભોગવવાની શક્તિ પણ હોય, છતાં પણ શક્તિહીનતા થવી અનિવાર્ય છે. — સંત-સમાગમ 1

27. એવો કોઈ ભોગી નથી, જે પરાધીનતા, જડતા અને શક્તિહીનતા રૂપી વિકારોથી બચ્યો હોય. — સંત-સમાગમ 2

28. સિનેમા ભાવથી વિષયોનો ઉપભોગ કરવો વિષયીની ચતુરતા છે. પ્રિય ! વિચારશીલ વ્યક્તિએ તો વિષયોનો અંત કરવાનો છે. સિનેમાની દૃષ્ટિથી તો વિષયોની રક્ષા થાય છે. — સંત-સમાગમ 1

29. ભોગથી અરુચિ દરેક ભોગીને થાય છે, પરંતુ જે ભોગી એ અરુચિને સ્થાયી નથી કરી શકતો, તેની જ પ્રવૃત્તિ ભોગોમાં વારંવાર થાય છે. — સંત-સમાગમ 1

30. જોકે ભોગમાં જે રસ છે, તે પણ નિવૃત્તિનો જ છે, પરંતુ સાધારણ વ્યક્તિ તેને ભોગનો રસ માની લે છે. — સંત-સમાગમ 1

31. વિષયોની ઇચ્છા પૂર્તિ થતી જ નથી; કેમ કે વિષય તથા વિષયની ઇચ્છા સ્વરૂપથી કંઈ નથી, ફક્ત પ્રતીતિ માત્ર છે. વિષયોની પ્રવૃત્તિમાં જે ક્ષણિક પૂર્તિ જેવું પ્રતીત થાય છે, તે તો માત્ર પ્રવૃત્તિ ન થવાની શક્તિહીનતાના સિવાય કંઈ નથી. ...... વિષયોની પ્રવૃત્તિમાં શક્તિહીનતા થાય છે, પૂર્તિ નહિ. — સંત-સમાગમ 1

32. સુખનો ઉપભોગ કરવાથી પ્રાણીના જીવનમાં પ્રમાદ, બેઈમાની, હૃદય-હીનતા તેમ જ પરતંત્રતા આવી જાય છે.— સંત-સમાગમ 2

33. માનવજીવનમાં સુખોપભોગને માટે કોઈ સ્થાન નથી. ...... સુખનો ઉપભોગ પશુ-જીવન છે. — સંત-સમાગમ 2
34. માનવજીવનમાં ઉપભોગનું સ્થાન ફક્ત ભોગના યથાર્થ જ્ઞાન માટે છે; કેમ કે ભોગનું યથાર્થ જ્ઞાન થવાથી ભોગથી અરુચિ આપોઆપ થઈ જાય છે. — સંત-સમાગમ 2
35. સુખના ભોગીથી પ્રાણીમાત્ર ભયભીત થઈ જાય છે; કેમ કે હિંસા તથા પ્રમાદ વિના સુખભોગની સિદ્ધિ થતી જ નથી. — સાધન-તત્ત્વ
36. સુખ-ભોગની રુચિનો નાશ થયા વિના નિત્ય-યોગની પ્રાપ્તિ શક્ય નથી. કોઈ અભ્યાસ-વિશેષથી અલ્પકાળને માટે શાંત થઈ જવું એક અવસ્થા છે, નિત્ય-યોગ નથી. — માનવતાકે મૂલ સિદ્ધાંત
37. સુખનો ભોગ આપણે કરીએ છીએ પોતાની મરજીથી અને દુઃખનો ભોગ કરવો પડે છે લાચારીથી. — સંતવાણી 8
38. જ્યારે આપણે પોતાના દ્વારા પોતાના માટે પરમાત્માની આવશ્યકતાનો અનુભવ કરીશું, ત્યારે સુખ-ભોગની રુચિ નાશ થઈ જશે. સુખ-ભોગની રુચિનો નાશ થવાથી શરીર અને સંસારનો સંબંધ તૂટી જાય છે. — સંતવાણી 8
39. જે સુખ-ભોગ ચાહે છે, તેને જ તે મહત્ત્વ આપે છે, તે ચરિત્રની રક્ષા કરી શકતો નથી.
40. જે કોઈનો ભોગી નથી, તેનાથી કોઈને ભય નથી. તમે માનો કે ન માનો, ભોક્તાથી બધાયને ભય થાય છે. ..... ભોક્તા સૌને સૌને ભય પમાડે છે અને જાતે પરાધીન રહે છે. — સંતવાણી 6
41. યોગ પ્રાપ્ત થતાં જ્યાં સુધી 'અમે યોગી છીએ' એ ભાવ છે, ત્યાં સુધી યોગના ભોગી છીએ અને જ્ઞાન પ્રાપ્ત થતાં જ્યાં સુધી 'અમે જ્ઞાની છીએ', ત્યાં સુધી જ્ઞાનના ભોગી છીએ અને પ્રેમ પ્રાપ્ત થતાં જ્યાં સુધી 'અમે પ્રેમી છીએ' ત્યાં સુધી આપણે પ્રેમના ભોગી છીએ અને ભાઈ ! જે પ્રેમનો ભોગી છે, તે ક્યારેક કામનો ભોગી થઈ શકે છે અને જે જ્ઞાનનો ભોગી છે, તે ક્યારેક 'અજ્ઞાન'નો ભોગી થઈ શકે છે અને જે યોગનો ભોગી છે, તે ક્યારેક 'ભોગ'નો ભોગી થઈ શકે છે. — સંતવાણી 5
42. ભોગથી શું થાય છે કે મનુષ્ય અસમર્થતા તરફ અને પરાધીનતા તરફ ઉત્તરોત્તર વધતો જાય છે. — સંતવાણી 2

❊ ❊ ❊

# સેવા

1. જો તમને વસ્તુ નથી મળતી તો તેનો અર્થ એ છે કે તમે બળ બીજાઓની સેવામાં વાપર્યું નથી. — સંતવાણી 3
2. મોહયુક્ત સેવા વાસ્તવમાં સેવા નથી. એ સેવાથી તો જેની સેવા કરવામાં આવે છે, તેનામાં પણ મોહની જ વૃદ્ધિ થાય છે. — પાથેય
3. તમે જાતે બધા જ સંબંધ તોડીને 'તેનાથી' સંબંધ જોડી શકો છો. અને જ્યારે તેનાથી સંબંધ જોડશો તો બધાયની સેવાની જવાબદારી તમારા પર આવી જશે; કેમ કે બધા જ તેના છે. ..... પરંતુ કોઈ બીજાને પોતાના માનશો નહિ ત્યાં સુધી કોઈ દ્વારા સુખની આશા રાખી શકતા નથી. — સંતવાણી 5
4. સેવક આપણે ક્યારે બની શકીશું ? જ્યારે એ અનુભવ કરીશું કે મારું કંઈ નથી, મારે કંઈ જોઈતું નથી. — સંતવાણી 7
5. સેવા કરવાથી મોહનો નાશ થાય છે, અને પ્યાર પુષ્ટ થાય છે. — સંતવાણી 7
6. સૌથી મોટી સેવા ધનથી, યોગ્યતાથી, બળથી, કાયદાથી થઈ શકતી નથી પરન્તુ કોઈનું અહિત ન કરવું, કોઈનું બૂરું ન ઇચ્છવું અને કોઈની પણ સાથે બૂરાઈ ન કરવાથી થઈ શકે છે. — સંતવાણી 7
7. જેને પોતાને માટે કંઈ નથી કરવાનું હોતું, એ જ સેવા કરી શકે છે. — સંતવાણી 7
8. તમે ભલે ગમે તેની સેવા કરો, પરંતુ સેવાનો અંત ત્યાગમાં થવો જોઈએ. જ્યારે સેવાનો અંત ત્યાગમાં થશે, ત્યારે ત્યાગનો અંત બોધમાં થશે અને બોધનો અંત પ્રેમમાં થશે. — સંતવાણી 7
9. જો તમારી કોઈ શારીરિક સેવા કરશે તો તમે તેનો ઉપકાર એ માટે નથી માનતા કે તેણે સેવા કરી છે, તમે એટલા માટે તેનો ઉપકાર માનો છો કે શરીરને તમે તમારું માન્યું છે. એવી જ રીતે

સેવા કરનારો તમારા પર ઉપકાર કરે છે તો સમજો કે તે સેવા નથી કરતો. તે પરમાત્માની આપેલી શરીરરૂપી વસ્તુને પોતાની માનીને બેઈમાની કરીને સંસારમાં મિથ્યા અભિમાન કરે છે.

— પ્રેરણા પથ

10. સેવા એ તત્ત્વ છે, જેનો હલકામાં હલકો ભાર પણ સેવ્ય પર ન જાય. — જીવન-પથ
11. ભલાઈનું ફળ ન ચાહો અને બૂરાઈરહિત થઈ જાઓ, એ જ તો સેવાનું સ્વરૂપ છે. — સાધન-ત્રિવેણી
12. જો તમે અકિંચન અને ઈચ્છારહિત ન હોત તો શું પોતાની સેવા કરી શકો છો ? જો તમે ઉદાર નથી બનતા તો શું તમે વિશ્વની સેવા કરી શકો છો ? જો તમે પ્રભુને પોતાના નથી માનતા તો શું તમે પ્રભુની સેવા કરી શકો છો ? — સાધન-ત્રિવેણી
13. મન, વાણી, કર્મથી જો આપણે બૂરાઈ-રહિત થઈ જઈએ તો એ 'સકળ વિશ્વની સેવા' કહેવાય છે. જ્ઞાન અને સામર્થ્ય મુજબ બીજાઓને કામ આવી જઈએ તો 'સમાજ-સેવા' કહેવાય છે. જો ઈચ્છારહિત થઈ જઈએ તો એ 'પોતાની સેવા' કહેવાય છે. જો આપણે પ્રભુની પ્રિયતા પ્રાપ્ત કરી લઈએ તો એ 'પ્રભુની સેવા' કહેવાય છે. — સાધન-ત્રિવેણી
14. સેવા કરવાનું સામર્થ્ય તેવા જ સાધકોને પ્રાપ્ત થાય છે, જે દુઃખીઓને જોઈ કરુણાળુ અને સુખીઓને જોઈ પ્રસન્ન થાય છે. — સંત-ઉદ્‌બોધન
15. વાસ્તવમાં જ્યાં સુધી સંસાર સાથે આપણો સંબંધ રહે છે અને તેની પાસેથી આપણે કંઈક લેવા ચાહીએ છીએ, ત્યાં સુધી તેની સેવા કરવાનું આપણું કર્તવ્ય રહે છે. — સંત-ઉદ્‌બોધન
16. શરીરથી કામ કરી દેવાનું તથા વસ્તુ આપી દેવાનું નામ જ સેવા નથી. સેવા તો હૃદયનો ભાવ છે, જે દરેક પરિસ્થિતિમાં માનવ સારી રીતે કરી શકે છે. — સંત-ઉદ્‌બોધન
17. સેવાનો મૂળ મંત્ર એ છે કે જે આપણને મળ્યું છે, તે મારું નથી અને મારા માટે પણ નથી. અહીંથી સેવાની શરૂઆત થાય છે.

— સંત-ઉદ્‌બોધન

18. પોતાનો સુધારો કરી લેવો જ સાચી સેવા છે. જેણે પોતાનો સુધારો કરી લીધો, તેને પૂરા વિશ્વની સેવાથી પેદા થનાર ફળની પ્રાપ્તિ થાય છે. — સંત-ઉદ્‌બોધન
19. સંસારની સેવાનો અર્થ છે— સંસારથી મળેલી વસ્તુઓને સંસારને ભેટ કરી દેવી અથવા એમ કહો કે ઈમાનદાર બની જવું, જે વાસ્તવમાં માનવતા છે. — માનવકી માંગ
20. મને જે કંઈ મળ્યું છે, તે વ્યક્તિગત નથી, પરંતુ કોઈની સેવા-સામગ્રી છે. — મૂકસત્સંગ
21. માન અને ભોગની રુચિ રાખીને કદી પણ સેવક બનવું શક્ય નથી. — માનવ-દર્શન
22. સંસારની તો માત્ર સેવા કરવાની છે. તેને પોતાનો માનવાથી ન તો પોતાને કોઈ લાભ થાય છે અને ન સંસારને. — માનવકી માંગ
23. ભોગી દ્વારા સેવાની વાત સેવાની મશ્કરી છે, બીજું કંઈ નહિ. — માનવ-દર્શન
24. જો કોઈ કહે કે રાગ વિના અમે પોતાના પ્રિયજનોની સેવા કેવી રીતે કરીશું ? તો કહેવું પડશે કે સેવા કરવાને માટે રાગ જરૂરી નથી, પરંતુ ઉદારતાની જરૂર છે. — માનવકી માંગ
25. જો આપણે કરેલી સેવા આપણા જીવનમાં પદ-લોલુપતા તથા જેમની સેવા કરી છે, તેમનાથી કોઈ પ્રકારની આશા ઉત્પન્ન કરી દે છે તો સમજવું જોઈએ કે આપણે સેવાના નામ પર કોઈ પોતાના સ્વાર્થની જ સિદ્ધિ કરી છે. એવી સેવા તો એવી બૂરાઈ છે, જે ભલાઈનું રૂપ ધારણ કરીને આવે છે. — માનવકી માંગ
26. અધ્યાત્મવાદની શરૂઆત ત્યાગથી થાય છે અને અંત સેવામાં થાય છે અને ભૌતિકવાદની શરૂઆત સેવાથી થાય છે અને અંત ત્યાગમાં થાય છે. — માનવ-દર્શન
27. જો પોતાને જગતપતિને અર્પિત કરવા છે તો શરીરને જગતની સેવામાં વાપરવાનું છે. વાસ્તવમાં તો જગત જગતપતિનો જ પ્રકાશ છે. શરીર દ્વારા જગતની સેવા કરવામાં પણ જગતપતિની જ સેવા છે. જગતપતિએ જગતનું નિર્માણ પોતાનામાંથી જ કર્યું

છે. એ દૃષ્ટિથી જગતનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. તેથી જગતની સેવા જગતપતિની પૂજા છે. — સાધન-નિધિ

28. જન્મ આપનાર માતા-પિતાથી વધારે સાસુ-સસરાની સેવા સ્નેહપૂર્વક કરવી જોઈએ અને ભાઈ-બહેનથી વધારે નણંદ તથા દિયેર-જેઠ વગેરે પ્રિયજનોને સન્માન તથા સ્નેહ આપવા જોઈએ, કેમ કે જન્મ કરતાં ભાવનો સંબંધ શ્રેષ્ઠ હોય છે. — સંત પત્રાવલી 2
29. દુઃખીઓને જોઈને કરુણાળુ અને સુખીઓને જોઈને પ્રસન્ન થવાનો સ્વભાવ બનાવો, જે ખરેખરી સેવા છે. — સંત પત્રાવલી 2
30. સેવાનો અવસર પ્રભુકૃપાથી જ મળ્યો છે, તેને કદી પણ ખોવો ન જોઈએ. — સંત પત્રાવલી 2
31. સેવકના જીવનમાં પોતાના દુઃખને માટે કોઈ સ્થાન જ નથી; કેમ કે તેનું હૃદય તો સદાય પરાયા દુઃખથી કરુણાર્દ્ર રહે છે અથવા સુખીઓને જોઈને પ્રસન્ન રહે છે. — પાથેય
32. સકળ વિશ્વ પોતાના અધિકારની પૂર્તિમાં પ્રસન્ન થાય છે. સૌના અધિકારોની રક્ષા જ વાસ્તવિક સેવા છે. — સત્સંગ ઔર સાધન
33. પરાયા દુઃખથી દુઃખી થવા જેવી બીજી કોઈ ઉત્તમ સેવા નથી. પરંતુ આ સેવા એ જ સાધકો કરી શકે છે, જે વર્તમાન નિર્દોષતાના આધાર પર કોઈને બૂરા નથી સમજતા, કોઈનું બૂરું નથી ચાહતા અને ન કોઈના પ્રત્યે બૂરાઈ કરે છે. — દુઃખકા પ્રભાવ
34. વ્યક્તિઓની સેવા આપણને મોહરહિત બનાવવામાં સમર્થ છે. — જીવન-દર્શન
35. 'સેવા' માનેલા સંબંધોને તોડવામાં અને 'પ્રેમ' જેની સાથે જાતીય એકતા છે, તેની સાથે અભિન્ન કરવામાં સમર્થ છે. — જીવન-દર્શન
36. સેવા ત્યાગમાં અને ત્યાગ એ પ્રેમમાં વિલીન થઈ જાય છે, જે અનંતથી અભિન્ન કરવામાં સમર્થ છે. — જીવન-દર્શન
37. શરીરની સેવામાં જ વિશ્વની સેવા રહેલી છે; કેમ કે શરીરની સેવા કરવાથી શરીર વિશ્વને કામ આવવા લાગે છે. હવે વિચાર એ કરવાનો છે કે શરીરની સેવાનું સ્વરૂપ શું છે ? તો કહેવું પડશે કે જિતેન્દ્રિયતા, નિર્વિકલ્પતા અને સમતા દ્વારા જ શરીરની સાચી

સેવા થઈ શકે છે. જિતેન્દ્રિયતા દ્વારા જ શરીરમાં ‘શુદ્ધિ’ આવે છે, મનની નિર્વિકલ્પતાથી ‘સામર્થ્ય’ આવે છે અને બુદ્ધિની સમતા દ્વારા ‘શાંતિ’ આવે છે. શુદ્ધિ, સામર્થ્ય અને શાંતિ આવી જવાથી સર્વહિતકારી પ્રવૃત્તિઓ આપમેળે થવા લાગે છે, જે વિશ્વની સેવા છે. — જીવન-દર્શન

38. સેવા ત્યાગની ભૂમિ તથા પ્રેમની જનની છે. — જીવન-દર્શન

39. જે સાધનોથી સેવા કરવામાં આવે, તેમનામાં પણ મમતા ન હોય અને જેમની સેવા કરવામાં આવે, તેમનામાં પણ મમતા ન હોય, ત્યારે જ સાચી સેવા થઈ શકે છે. — જીવન-દર્શન

40. લોભ અને મોહમાં બંધાયેલી વ્યક્તિ સેવા નથી કરી શકતી. — જીવન-દર્શન

41. સંસારની આપેલી વસ્તુ દ્વારા જો આપણે સંસારની સેવા નથી કરી શકતા તો આનાથી વધીને બીજી કોઈ બેઈમાની હોઈ શકતી નથી અને આનાથી વધીને બીજું કોઈ સહેલું સાધન પણ નથી હોઈ શકતું કે કોઈની આપેલી વસ્તુથી આપણે તેની પૂજા કરી દઈએ. — સફલતાકી કુંજી

42. સેવકે સેવાના ફળની વાત તો જવા દો, સેવક કહેવડાવવાની લાલસાનો પણ ત્યાગ કરવો અનિવાર્ય છે. — દર્શન ઔર નીતિ

43. સાચો સેવક એ જ હોઈ શકે છે, જેણે પોતાની સેવા કરી હોય. પોતાની સેવા કરવા માટે પોતે પોતાના વિશે જ વિચાર કરવો પડશે અર્થાત્ પોતે જાણેલા અસતનો ત્યાગ કરવાથી જ માનવ પોતાની સેવા કરી શકે છે. — દર્શન ઔર નીતિ

44. જેની સ્વતંત્ર સત્તા નથી, તેની સેવા કરી શકાય છે; તેનાથી મમતા કરવી અથવા તેનાથી સુખની આશા કરવી ભૂલ છે. — ચિત્તશુદ્ધિ

45. સેવાની પૂર્ણતામાં ‘પૂજા’નો ઉદય પોતાની જાતે થાય છે. .... પૂજાની પૂર્ણતામાં ‘પ્રેમ’નો ઉદય થાય છે. — ચિત્તશુદ્ધિ

46. સુખ-લોલુપતામાં બંધાયેલ વ્યક્તિ કદી પણ સેવા કરવામાં સમર્થ નથી હોતી. — ચિત્તશુદ્ધિ

47. સેવાનું મૂલ્ય પ્રભુ આપે છે, સંસાર આપી શકતો નથી.

— સંત-જીવન-દર્શન

48. સેવા એક ભાવ છે, કર્મ નથી. આ દૃષ્ટિએ નાની કે મોટી સેવા સમાન ભાવ રાખે છે. સેવાનું સ્વરૂપ છે પ્રાપ્ત સુખ કોઈ દુઃખીને ભેટ કરી દેવું અને તેના બદલામાં સેવક કહેવડાવવાની પણ આશા ન કરવી. — ચિત્તશુદ્ધિ

49. જેનું હૃદય પરાયા દુઃખથી ભરાઈ જાય, તે સેવા કરી શકે છે; કેમ કે સેવા સુખ આપીને દુઃખ લેવાનો પાઠ ભણાવે છે. પરાયું દુઃખ પોતાનું થઈ જવાથી પ્રાણી દુઃખી નથી રહેતું; કેમ કે દુઃખથી દુઃખી થવામાં જે રસની નિષ્પત્તિ થાય છે, તેની તુલના કોઈ પણ સુખ-ભોગ સાથે થઈ શકે નહિ. — ચિત્તશુદ્ધિ

50. જો કોઈ એ કહે કે વ્યક્તિઓની સેવાથી તો મોહની વૃદ્ધિ થશે, પરંતુ હકીકત એવી નથી. કારણ કે મોહની વૃદ્ધિ તો વ્યક્તિઓ દ્વારા સુખની આશા કરવાથી થાય છે, સેવાથી નહિ. વ્યક્તિઓની સેવા વ્યક્તિઓના મોહથી રહિત કરી દે છે; કેમ કે સેવા એ જ કરી શકે છે, જે સુખની આશાથી રહિત છે. — ચિત્તશુદ્ધિ

51. પ્રભુનું એક વિધાન છે કે અશરીરી જીવનથી સેવા થાય છે, શરીર-બદ્ધ જીવનથી નહિ. — સંત-જીવન-દર્પણ

52. દુઃખીઓની સેવા એ કરી શકે છે, જેને પોતાના માટે સંસારની આવશ્યકતા નથી હોતી. — સંત-સમાગમ 1

53. જે જાતે દુઃખી છે, તે 'સેવા' નથી કરી શકતો, પરંતુ 'વિચાર' કરી શકે છે. બિચારા સુખી પ્રાણીમાં સુખાસક્તિને કારણે સેવા-ભાવનો ઉદય નથી થતો,બલકે તે 'સેવા' કરી શકે છે.

— સંત-સમાગમ

54. જે રીતે પ્રકાશ સૂર્યનો અને ગંધ પુષ્પનો સ્વભાવ છે, એ જ રીતે સેવા સેવકનો સ્વભાવ છે. સેવા કરવામાં નથી આવતી, થવા લાગે છે. — સંત-સમાગમ 2

55. સેવકને સેવા કરવાથી કદી થાક નથી લાગતો, બલકે જેમ જેમ સેવા વધે છે, તેમ તેમ તેની શક્તિ પણ વધતી જાય છે.

— સંત-સમાગમ 2

56. સેવક બે જાતના હોય છે— એક તો ગંગાની જેમ પ્રત્યક્ષ જનસમાજની સામે લહેરાય છે અને બીજા હિમાલયની જેમ અચળ થઈ મૂક સેવા કરે છે. — સંત-સમાગમ 2

57. સેવા કરવા માટે બાહ્ય વસ્તુઓની આવશ્યકતા નથી હોતી. બાહ્ય વસ્તુઓ દ્વારા તો પુણ્યકર્મ થાય છે. — સંત-સમાગમ 2

58. વસ્તુઓનો સંગ્રહ કરવો એ વિશ્વના ઋણી થવું છે. તેથી વસ્તુઓને વિશ્વના કાર્યમાં લગાવી દેવી એ ઋણથી મુક્ત થવું છે, સેવા કરવાની નથી. — સંત સમાગમ 2

59. સેવક થવું ઉન્નતિનું સાધન છે; પરંતુ સેવક કહેવડાવવું અવનતિનું કારણ છે. — સંત-સમાગમ 2

60. નોકરો દ્વારા સેવા નથી થઈ શકતી. જે બિચારો જાતે ઉપભોગથી ગ્રસિત છે, તે સેવા નથી કરી શકતો. સેવા એ જ કરી શકે છે, જેનું જીવન ભિક્ષાના આધાર પર નિર્ભર હોય અને જે ધન અને કામની વાસનાથી મુક્ત હોય. — સંત-સમાગમ 2

61. સેવા એ જ કરી શકે છે, જેને પોતાની પ્રસન્નતાને માટે પોતાનાથી ભિન્નની આવશ્યકતા નથી હોતી. — સંત-સમાગમ 2

62. આજકાલ માણસ શુભ કર્મને સેવા માની લે છે, આ જ કારણે તેમાં બંધાઈ જાય છે. સાચી સેવા વસ્તુઓ તથા ઈન્દ્રિયો દ્વારા નથી થતી. સાચી સેવાનો અધિકાર ત્યારે પ્રાપ્ત થાય છે, જ્યારે પ્રાણીને પોતાના માટે કંઈ પણ કરવાનું બાકી નથી રહેતું. — સંત-સમાગમ 2

63. સેવા સુખી પ્રાણીઓનું સાધન છે, દુઃખીઓનું નહિ. દુઃખીઓનું સાધન એકમાત્ર ત્યાગ છે. તેથી તારે ત્યાગ અપનાવી લેવો જોઈએ અર્થાત્ શરીર, મન વગેરે કોઈ પણ વસ્તુ તથા સંબંધીને પોતાના ન સમજો. — સંત-સમાગમ 2

64. જેનાથી માનેલો સંબંધ છે, તેમની સેવા કરવી અનિવાર્ય છે, સંબંધ ચાલુ રાખવો અને સેવાથી પોતાને બચાવવા સાધન-નિર્માણમાં વિઘ્ન છે. ..... જેને કોઈ પણ કારણે સેવા ન કરવી હોય, તેને માટે માનેલા બધા જ સંબંધોનો વિવેકપૂર્વક અંત કરવો અનિવાર્ય છે. — સાધન-તત્ત્વ

65. કર્મનું મહત્ત્વ માત્ર કરવાનો રાગ મટાડવા માટે તથા સુંદર સમાજના નિર્માણમાં જ છે, પણ તે ત્યારે જ બની શકે છે, જ્યારે કર્મ સેવાભાવથી કરવામાં આવે, તેમાં સ્વાર્થની ગંધ પણ ન રહે.

— સાધન-તત્ત્વ

66. સંસારથી કંઈ ન લેવું— એ જ સેવા છે. — સંતવાણી (પ્રશ્નોત્તર)

67. સ્કૂલ, હૉસ્પિટલ ખોલવી સેવા નથી, એ તો સંગ્રહનું પ્રાયશ્ચિત છે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

68. માનવ જેમાં અવિચળ આસ્થા સ્વીકાર કરે છે, એ જ એનું સેવ્ય છે અને તેના સંબંધે સેવા કરવામાં આવે છે. — માનવતાકે મૂલ સિદ્ધાંત

69. બાળક, રોગી, વૃક્ષ અને પશુ— એમની સેવાની જવાબદારી માનવમાત્ર પર છે. એમની યથેષ્ટ સેવા કર્યા વિના ન તો દરિદ્રતાનો નાશ થશે અને ન સમાજ આવશ્યક વસ્તુઓથી પરિપૂર્ણ થશે. તેથી સંગ્રહિત સંપત્તિ રોગી, બાળક, વૃક્ષ તથા પશુઓની જ છે

— દર્શન ઔર નીતિ

70. પ્રાકૃતિક નિયમ મુજબ સંઘરેલી સંપત્તિ સમાજના એ વર્ગની છે, જે વર્ગ ઉપાર્જનમાં અસમર્થ છે અથવા જેમને અવકાશ નથી. જે વર્ગ ઉપાર્જનમાં સમર્થ છે, તેનો અધિકાર સંઘરેલી સંપત્તિ પર નથી. તેથી રોગીઓ, બાળકો અને સત્યની ખોજમાં લાગેલા વ્યક્તિઓની સેવા સંઘરેલી સંપત્તિ દ્વારા કરવી અનિવાર્ય છે.

— દર્શન ઔર નીતિ

71. સેવાનું ક્રિયાત્મક રૂપ ભલેને સીમિત હોય પરંતુ ભાવ અસીમ હોવો જોઈએ. સીમિત ભાવથી કરેલી સેવા પરસ્પર વ્યક્તિઓ, વર્ગો અને દેશોમાં સંઘર્ષ પેદા કરે છે. સેવાની પૂર્ણતા પ્રેમના પ્રાદુર્ભાવમાં છે, સંઘર્ષમાં નથી. — માનવતાકે મૂલ સિદ્ધાંત

72. બૂરાઈરહિત થઈને ભલાઈનું ફળ ન માગીએ, ન ચાહીએ— એ સંસારની સૌથી મોટી સેવા છે. ..... આ તો સંસારની સેવા થઈ. પછી આપણી સેવા કેવી રીતે થશે ? આપણી સેવા થશે ઇચ્છારહિત થવાથી. 'મારે કાંઈ નહિ જોઈએ'— આવા નિશ્ચય દ્વારા આપણે પોતાની સેવા કરી શકીશું. — સંતવાણી 8

73. ‘પરમાત્મા’ના સંબંધે જગતની ‘સેવા’ કરીએ તો દરેક પ્રવૃત્તિ ‘પૂજા’ થઈ ગઈ, ‘આત્મા’ના સંબંધે જગતની સેવા કરીએ તો ‘સાધના’ થઈ ગઈ અને ‘જગત’ના સંબંધે જગતની સેવા કરીએ તો ‘કર્તવ્ય’ થઈ ગયું. — સંતવાણી 8

74. જેમ ગંગાજળથી ગંગાની પૂજા કરીએ તો વિચારો કે પૂજા કરવામાં શું કોઈ ખર્ચ થશે ? તેવી જ રીતે સંસારની વસ્તુથી સંસારની સેવા કરવાની છે. — સંતવાણી 7

75. પુણ્ય-કર્મમાં અને સેવામાં શું ફેર છે ? પોતાની વસ્તુ માનીને તમે કોઈને મદદ કરો છો તો તે પુણ્ય-કર્મ છે, સેવા નથી. —સંતવાણી 5

76. સેવાનો અર્થ એ કદી નથી થતો કે આપણે જેની સેવા કરીએ છીએ, તેને કંઈક આપીએ છીએ. સેવાનો અર્થ એટલો જ છે કે તેની થાપણ જે આપણી પાસે છે, તે તેને ભેટ કરીએ છીએ. એટલે કે જેની જે વસ્તુ છે, તેને જ તે આપી દેવી— આનું નામ ‘સેવા’ છે. — સંતવાણી 5

❊ ❊ ❊

**પ્રાકૃતિક નિયમ મુજબ સંઘરેલી સંપત્તિ સમાજના એ વર્ગની છે, જે વર્ગ ઉપાર્જનમાં અસમર્થ છે અથવા જેમને અવકાશ નથી. જે વર્ગ ઉપાર્જનમાં સમર્થ છે, તેનો સંઘરેલી સંપત્તિ પર અધિકાર નથી. તેથી રોગીઓ, બાળકો અને સત્યની ખોજમાં લાગેલ વ્યક્તિઓની સેવા સંઘરેલી સંપત્તિ દ્વારા કરવી અનિવાર્ય છે.**

# સ્વરૂપ

1. શરીર રહેશે નહિ તો મારી ક્ષતિ થઈ જશે— એવું માનવું બહુ મોટું પાગલપણ છે. — સંતવાણી 7
2. ઈમાનદારીની વાત તો એ છે કે શરીર અને સંસારનું તમારાથી કદી મિલન થયું જ નથી. — સંતવાણી 7
3. તું ચિન્મય લોકની નિવાસીની છો, ભૌતિક દેહથી તારી જાતીય ભિન્નતા છે એટલે કે તું કોઈ પણ કાળમાં દેહ નથી. દેહ તો વિશ્વની વિભૂતિ છે. તેને વિશ્વને ભેટ કરવાનો છે. જ્યારે તું પોતાને દેહના વેશમાં છુપાવી લે છે, ત્યારે તારા પ્રિયતમ વિશ્વનો વેશ ધારણ કરીને તને અનેક રીતે લાડ લડાવે છે. — પાથેય
4. 'હું દેહ નથી' એ જાણીને દેહની મમતાનો પણ ત્યાગ કરવો પડશે અર્થાત્ એ સારી રીતે જાણી લેવું પડશે કે 'દેહ મારો નથી.' — પાથેય
5. શરીરના બનવા તથા બગડવાથી તારું કંઈ પણ બનતું–બગડતું નથી. — પાથેય
6. સ્વરૂપનો નિશ્ચય નથી થતો, બલકે સ્વરૂપનો બોધ થાય છે. આ નિશ્ચયવાળી વાત અજ્ઞાન-કાળમાં જ્ઞાનને વધારવા માટે કહે છે. વહાલા, શાસ્ત્ર સાધન છે, સિદ્ધાંત નથી. — સંત-સમાગમ 1
7. તું પોતાના નિજસ્વરૂપથી અલગ થઈ શરીર તથા સંસારરૂપી જંગલમાં રમવા આવી છે. આ સ્થાન તારું રમવાને માટે નથી. ...... જેને તું માતા, પિતા, બંધુ કહે છે, તેઓ આ જંગલનાં કાંટાળાં વૃક્ષ છે. — સંત-સમાગમ 1
8. તું તારી દશા ન જો, પરંતુ પોતાના સ્વરૂપને જો. ભલા, તારા સુધી સૃષ્ટિ કદી પહોંચી શકે છે ? કદાપિ નહિ. — પાથેય

9. પોતાના માટે પોતાનાથી ભિન્નની આવશ્યકતા કદાપિ હોઈ શકતી નથી; કારણ કે ભિન્નતાથી એકતા થવી સર્વથા અશક્ય છે.
— સંત-સમાગમ 2

10. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરે બધી જ અવસ્થાઓ વિના આપણે સર્વદા સ્વતંત્રતાપૂર્વક રહી શકીએ છીએ. — સંત-સમાગમ 2

11. 'હું શું છું' આ જાણવાને માટે પણ બીજાની આવશ્યકતા થઈ ગઈ, કેવી વિચિત્ર વાત છે ! — સંત-સમાગમ 2

12. માનેલો 'હું' ચોરના જેવો છે. 'હું નિત્ય છું' એ ભાવ આવતાં જ માનેલો 'હું' ભાગી જશે. આ ભાવને પણ બુદ્ધિનો વિષય ન બનાવો; કેમ કે જ્ઞાનનું ચિંતન જ અજ્ઞાન છે.— સંત-સમાગમ 2

13. આપણે શરીરમાં દેશ, જાતિ, સંપ્રદાય વગેરેનો ભાવ આરોપિત ન કરવો જોઈએ, ન પરિવર્તનશીલ શરીરને પોતાનું જીવન સમજવું જોઈએ અને ન તેની આવશ્યકતા કાયમ માટે સમજવી જોઈએ.
— સંત-સમાગમ 2

14. 'હું બ્રહ્મ છું' એ તમે જાણતા નથી, માનો છો. ..... જાણવાના આધાર પર કોઈ ભાઈ, કોઈ બહેન એ નથી કહી શકતા કે 'હું શું છું ?' બસ એ જ કહી શકીએ છીએ કે 'આ હું નથી'. નિષેધાત્મક જ્ઞાન છે તમને, પોતાના વિશે. — સંતવાણી 5

15. દશ્ય સાથે સંબંધ-વિચ્છેદ થવાથી જ પોતાના દ્વારા પોતાનો પરિચય થાય છે. બસ, આ જ 'હું શું છું ?' આ પ્રશ્નને ઉકેલવાનો ઉપાય છે. — માનવ-દર્શન

16. 'ૐ'નો જપ કરવાનો અર્થ એ જ છે કે 'હું શરીર નથી, બલકે આનંદઘન આત્મા છું.' — સંત પત્રાવલી 1

17. જડમાં અવસ્થા-ભેદ હોય છે, ચેતનમાં નહિ.— સંત-સમાગમ 1

❊ ❊ ❊

**સમાજનો જે વર્ગ ઉત્પાદનમાં સમર્થ છે, તે જો વર્તમાન ઉપયોગિતાથી વધારે સંઘરેલી સંપત્તિનો અધિકારી પોતાને માની લે છે, ત્યારે તેના જીવનમાં મિથ્યા અભિમાન, આળસ તથા વિલાસિતા પેદા થઈ જાય છે, જે તેના સર્વનાશનું કારણ છે.**

# સ્વાધીનતા

1. સ્વાધીનતાનો અર્થ જ એ છે કે તમે જ્યારે સ્વાધીનતા પસંદ કરશો તો શરીરની પણ તમે આવશ્યકતા અનુભવ કરશો નહિ.
— સંતવાણી 5
2. જો અમને અને તમને એ માલૂમ પડી જાય, એવો અનુભવ થઈ જાય કે કંઈ ન કરવામાં પણ જીવન છે, કંઈ ન કરવા છતાં પણ આપણે છીએ અને આપણું જીવન છે, તો તુરત જ સ્વાધીન થઈ જઈએ.
— સંતવાણી 6
3. સ્વાધીનતા કોને કહે છે ? જેને પોતાને માટે કંઈ જોઈતું નથી, અને જેની પાસે પોતાનું કહેવાય એવું કંઈ ન હોય.
— પ્રેરણા પથ
4. જેણે જ્ઞાનપૂર્વક અનુભવ કર્યો છે કે આટલા મોટા સંસારમાં મારું કહેવાય એવું કંઈ પણ નથી, તેણે જ સ્વાધીનતા મેળવી.
— સંત-ઉદ્‌બોધન
5. સ્વાધીનતાના પૂજારીને મૂક સત્સંગથી ભિન્ન બીજું કંઈ નથી કરવાનું.
— મૂકસત્સંગ
6. સ્વાધીનતા એકમાત્ર સહજ નિવૃત્તિ તથા શરણાગતિમાં જ છે. પ્રવૃત્તિમાત્ર પરાધીનતાનું પ્રતીક છે.
— સંત પત્રાવલી 2
7. અ-મનના જીવનમાં જ જીવન છે. સામાનરહિત થવામાં જ સ્વાધીનતા રહેલી છે.
— પાથેય
8. પરાધીન પ્રાણી દ્વારા જ પરપીડા થાય છે. સ્વાધીન જીવનથી કોઈને પીડા નથી થતી અને સ્વાધીનતા સ્વાધીનતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે.
— સફલતાકી કુંજી
9. માનવ બીજાઓના મનની વાત પૂરી કરવામાં જેટલો સ્વાધીન છે, તેટલો પોતાના મનની વાત બીજાઓ દ્વારા પૂરી કરાવવામાં નથી.
— દર્શન ઔર નીતિ
10. પોતાને દેહ માનીને કોઈ પણ વ્યક્તિ સ્વાધીન નથી બની શકતી.
— ચિત્તશુદ્ધિ

11. સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું સાધન કદી પરતંત્રતા હોઈ શકતી નથી અર્થાત્ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું સાધન પણ સ્વતંત્ર છે; કેમ કે સ્વતંત્રતા પ્રાણીની પોતાની વસ્તુ છે. ..... પૂર્ણ સ્વતંત્ર થવાને માટે પ્રાણી સ્વેચ્છાપૂર્વક સર્વદા સ્વતંત્ર છે. — સંત-સમાગમ 2
12. જો આપણામાં કોઈ પ્રકારનું દાસત્વ ન હોત તો આપણે કોઈને પણ પરતંત્ર કરવાનો પ્રયત્ન ન કરત. જે પોતે સ્વતંત્ર છે, તે કોઈને પરતંત્ર નથી કરતો. — સંત-સમાગમ 2
13. જોકે સ્વાધીનતા બધાયને સ્વાભાવિક પ્રિય છે, પરંતુ કામનાપૂર્તિના પ્રલોભનના કારણે સાધક પરાધીનતાને સ્વાધીનતાના જેવું જ મહત્ત્વ આપવા લાગે છે. — સાધન-તત્ત્વ
14. જે વ્યક્તિને પોતાની પ્રસન્નતા માટે બીજાઓ તરફ નથી જોવું પડતું, તેનું જ જીવન સ્વાધીન જીવન છે. — સંતવાણી(પ્રશ્નોત્તર)
15. આપણે શરીરની જરૂરતને પોતાની જરૂરત માનીને પોતાને પરાધીન બનાવી લઈએ છીએ. — સંતવાણી 8
16. ઈચ્છારહિત થવાથી જ વ્યક્તિ સ્વાધીન થાય છે, તેને કોઈની પણ આવશ્યકતા નથી રહેતી. — સંતવાણી 7
17. જ્યારે સુખનું પ્રલોભન અને દુઃખનો ભય નથી રહેતો, ત્યારે આપોઆપ સ્વાધીનતાના સામ્રાજ્યમાં પ્રવેશ પામીએ છીએ. — સંતવાણી 6
18. સ્વાધીનતા તમને સ્વાધીનતાપૂર્વક પ્રાપ્ત થાય છે. કોઈ ‘પર’ના આશ્રયથી સ્વાધીનતા મળતી હોય, એવું છે નહિ. — સંતવાણી 6

❊ ❊ ❊

**ઉપાર્જન કરનારા વર્ગે પોતાના દૈનિક શ્રમનો થોડો ભાગ એ વર્ગને માટે જરૂર સમર્પિત કરવો જોઈએ, જે વર્ગ ઉપાર્જનમાં અસમર્થ છે.**

# ‘છે’

1. ‘છે’ શું છે ? જે ઉત્પત્તિ-વિનાશથી રહિત છે અથવા ઉત્ત્પત્તિ-વિનાશથી પૂર્વ છે ? જેનાથી ઉત્પત્તિ અને વિનાશ પ્રકાશિત છે, તેને જ ‘છે’ના અર્થમાં લેવો જોઈએ. — માનવકી માંગ
2. ‘છે’ તેને કહી શકીએ છીએ, જેનો કદી નાશ ન થાય અને જેનાથી કદી વિભાજન ન થાય. — સંતવાણી 5
3. પ્રેમ ‘છે’ થી જ થયા કરે છે. ‘યોગ’ ‘છે’નો જ થયા કરે છે. બોધ ‘છે’નો જ થયા કરે છે. તો ભાઈ ! જે ‘છે’, તેનાથી યોગ કરવાનો છે. જે ‘છે’ તેનો બોધ છે. જે ‘છે’, તેમાં પ્રેમ કરવાનો છે. તો યોગ, બોધ, પ્રેમની પ્રાપ્તિ વર્તમાનની વસ્તુ છે. — સંતવાણી 4
4. ‘હું’ અનેક માન્યતાઓના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે અને ‘હું’નો અર્થ સીમિતરૂપમાં અનેક વાર કરવામાં આવ્યો છે. આ કારણે ‘છે’ ને ‘હું’ કહેવામાં પ્રમાદ થઈ શકે છે. — જીવન-દર્શન
5. ‘છે’નું વર્ણન સંકેત-ભાષાથી જ શક્ય છે. કારણ કે જે સાધનોથી આપણે ‘છે’નું વર્ણન કરી શકીએ છીએ, તે બધાં ‘છે’થી જ પ્રકાશિત છે અને ‘છે’ની સત્તાથી જ સત્તા પામે છે. જે સાધનો જેનાથી સત્તા પામે છે, તેઓ તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? માત્ર સંકેત જ કરી શકે છે. — માનવકી માંગ
6. ‘નથી’ માં ‘છે’– બુદ્ધિ સ્વીકાર કરવાથી જ ‘છે’થી વિમુખતા થાય છે. — માનવ-દર્શન
7. પ્રતીતિથી વિમુખ થયા વિના દૃશ્યની યથાર્થતા સ્પષ્ટ નથી થતી અને ‘છે’થી અભિન્ન થયા વિના ‘છે’નો બોધ થતો નથી. — માનવ-દર્શન
8. ‘નથી’ની (સંસારની) પ્રતીતિ છે, પરંતુ પ્રાપ્તિ નથી અને જે ‘છે’ (પરમાત્મા), તેની પ્રાપ્તિ થાય છે, પ્રતીતિ નહિ.— માનવ-દર્શન

9. 'નથી'ને 'નથી' અનુભવ કરતાં જ 'છે'ની પ્રાપ્તિ આપમેળે થાય છે. — માનવ-દર્શન
10. દરેક વસ્તુ સ્વભાવથી જ ગતિશીલ છે. ગતિશીલતામાં કોઈનું આકર્ષણ છે. બધાયનું આકર્ષણ તેના જ તરફ થઈ શકે છે, જે 'છે'. — માનવ-દર્શન
11. 'છે'ને સ્વીકાર કરો અથવા ન કરો; પરંતુ પ્રાપ્તિ તો 'છે'ની જ થાય છે. — સાધન-નિધિ
12. 'નથી'ની નિવૃત્તિ શ્રમ વિના જ આપમેળે થાય છે અને 'છે'ની પ્રાપ્તિમાં પણ શ્રમ હેતુ નથી. — મૂક સત્સંગ
13. ખોજ તેની જ થાય છે, જે 'છે' અને આસ્થા પણ તેમાં જ કરવામાં આવે છે, જે 'છે'. 'છે'નો સંગ સતનો સંગ છે. — મૂક સત્સંગ
14. 'છે' એક છે, અનેક નહિ. તેથી તે કેવો છે, એ વિવેચન એટલું અપેક્ષિત નથી, જેટલો તેનો સંગ. — મૂક સત્સંગ
15. 'છે'ની 'હું'ના રૂપમાં તથા નિર્વિકારતા, પરમ શાંતિ, સ્વાધીનતા, અમરત્વ વગેરે વિભૂતિઓનાં રૂપમાં 'છે'ની જ પ્રાપ્તિ થાય છે. પરંતુ 'છે'ની 'છે'ના રૂપમાં પ્રાપ્તિનો મૂળમંત્ર 'છે'ની અગાધ પ્રિયતા જ છે. — મૂક સત્સંગ
16. 'હું' અને 'છે'નો ભેદ 'છે'માં નથી, એ 'છે'ની જ મહાનતા છે; પરંતુ 'હું' 'છે'નો અસ્વીકાર કરી 'હું'નો જ સ્વીકાર કરે, શું આ 'હું'ની ભૂલ નથી ? — મૂક સત્સંગ
17. 'આ'ની આસક્તિ 'હું'નો 'આ'થી સંબંધ જોડે છે, જે ખરેખર ભૂલજનિત છે. 'છે'ની પ્રીતિ 'આ'ની આસક્તિને ખાઈને 'હું'ને 'છે'થી અભિન્ન કરે છે. — મૂક સત્સંગ
18. 'છે' 'નથી'ને મટાડતો નથી, બલકે પ્રકાશિત કરે છે. 'છે'ની આવશ્યકતા 'નથી'ને ખાઈને 'છે'થી અભિન્ન કરે છે. પ્રાણી 'છે'થી અભિન્ન થઈને જ 'છે' ને જાણે છે. તેથી 'છે'ને જાણવા માટે મન, બુદ્ધિ વગેરે બાહ્ય મદદની આવશ્યકતા નથી. — સંત-સમાગમ 2
19. 'નથી'ની નિવૃત્તિ વિના 'છે'ની પ્રાપ્તિ થઈ શકે ખરી ? કદી નહિ. — સંતવાણી 5

20. 'છે'માં જો આપણી પ્રિયતા નથી, તો ભજન કેવું ! અને 'છે'નો જો બોધ નથી તો તત્ત્વ-સાક્ષાત્કાર કેવો ! અને 'છે' સાથે જો યોગ નથી, તો પરમ શાંતિ કેવી ! — સંતવાણી 5
21. નિર્મમ અને નિષ્કામ થયા પછી 'હું'નું સ્વતંત્ર અસ્તિત્વ કંઈ નથી રહેતું. હા, પછી 'છે' રહે છે. — સંતવાણી 3

❊ ❊ ❊

**પોતાના શ્રમનું પૂરું મૂલ્ય પોતાના પર વાપરવું અથવા મનમાની રીતે વિવેક-વિરોધી કાર્યોમાં લગાડવું નકામું છે. કારણ કે દરેક વ્યક્તિ સમાજના સહયોગથી જ પોષાય છે. તે સમયનું ઋણ ઉપાર્જન-કાળમાં ચુકવવું અનિવાર્ય છે.**

# પ્રકીર્ણ

## એકાંત

1. એકાંતનો પૂરો લાભ ત્યારે થાય છે, જ્યારે આપણો સંબંધ એકથી જ રહી જાય. અનેક સંબંધ લઈને એકાંતમાં જઈએ છીએ તો એટલો લાભ નથી થતો, જેટલો થવો જોઈએ. — સંત-ઉદ્‌બોધન
2. બાહ્ય સાધન ન થવા છતાં પણ દુઃખીઓનાં દુઃખથી દુઃખી થનારો એકાંતમાં બેસી રહેલો દુઃખીઓનાં દુઃખનો અંત કરી રહ્યો છે; કેમ કે ઇચ્છાશક્તિ લીલામય ભગવાનની યોગમાયા છે, જે સર્વ કંઈ કરી શકે છે. — સંત-સમાગમ 1
3. પ્રેમી અને પ્રેમાસ્પદ સિવાય કોઈ ત્રીજાને સ્થાન ન આપવું એ જ સાચું એકાંત છે, જે બજારમાં પણ થઈ શકે છે.

— સંત-સમાગમ 1

## ‘કરવું’ અને ‘બનવું’

1. જે બની રહ્યું છે, તે સૌના માટે હિતકર છે, પરંતુ જે કરી રહ્યા છીએ, તેના પર વિચાર કરવાનો છે. — મંગળમય વિધાન
2. જે બની રહ્યું છે, તેમાં બધાયનું હિત વિદ્યમાન છે. તેથી ‘બનવામાં પ્રસન્ન અને કરવામાં સાવધાન’ રહેવાને માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. — જીવન-દર્શન
3. જે કરી રહ્યા છીએ, એ જ પૂજા અને જે બની રહ્યું છે, એ જ લીલા છે. — સંત પત્રાવલી 2
4. જે કંઈ થઈ રહ્યું છે, તેમાં કોઈનું અમંગળ નથી, તો પછી થવામાં પ્રસન્ન ન રહેવું એ ભૂલ જ છે ? — ચિત્તશુદ્ધિ
5. લગીરે અશાંતિ કોનામાં નથી હોતી ? જે ‘થવામાં તો પ્રસન્ન’ રહે છે, પરંતુ ‘કરવામાં સાવધાન’ રહે છે. — સંત-ઉદ્‌બોધન

6. કરવામાં સાવધાન રહેવામાં જ અકર્તવ્યનો નાશ છે. બનવામાં પ્રસન્ન રહેવામાં જ અસંગતા રહેલી છે. — સાધન-તત્ત્વ
7. પ્રાકૃતિક નિયમ મુજબ જે કરવામાં સાવધાન છે, એ જ થવામાં પ્રસન્ન રહી શકે છે અને જે થવામાં પ્રસન્ન રહે છે, એ જ કરવામાં સાવધાન થઈ શકે છે. — ચિત્તશુદ્ધિ
8. સ્વતંત્ર અસ્તિત્વ કોનું નથી ? જે બની-બનીને મટી રહ્યું છે. એ જ 'બની રહ્યું છે'નો અર્થ છે. — દર્શન ઔર નીતિ
9. હોનહારનો સાચો અર્થ છે વિનાશ; કેમ કે વાસ્તવમાં બનવું શું છે ? ઉત્પત્તિનો વિનાશ. — સંત-પત્રાવલી 2
10. હોનહાર(થનાર)માં તો બધાયનું હિત સમાયેલું છે; કોઈનો હ્રાસ નથી. હ્રાસનું એકમાત્ર કારણ કરવામાં અસાવધાની જ છે, હોનહાર નહિ. — માનવકી માંગ
11. જે બની રહ્યું છે, તેના પર જો વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ માલૂમ પડે છે કે જેને આપણે ઉત્પત્તિ કહીએ છીએ, એ કોઈનો વિનાશ છે; જેને આપણે વિનાશ કહીએ છીએ, તે કોઈની ઉત્પત્તિ છે. — ચિત્તશુદ્ધિ

## ક્ષમા

1. જેમનામાં મમતા નથી, તેમના પ્રત્યે ક્ષમાશીલતાનો પ્રયોગ હિતકર સિદ્ધ થાય છે. મોહયુક્ત ક્ષમાથી કોઈનું પણ હિત થતું નથી— ન પોતાનું કે ન જેનામાં મોહ છે તેનું. — ચિત્તશુદ્ધિ
2. ક્ષમાયાચના કરવાથી જો કોઈ ક્ષમા ન કરે તો બિલકુલ પણ ચિંતિત ન થવું જોઈએ; કેમ કે ક્ષમા કરવાની ક્ષમતા એ અનંતમાં જ છે. વ્યક્તિના રૂપમાં તેનાથી ક્ષમાયાચના કરવામાં આવે છે.— ચિત્તશુદ્ધિ
3. 'સેવા' એ જ કરી શકે છે, જેની સૌના હિતમાં રતિ છે. 'ત્યાગ' એ જ કરી શકે છે, જે સંસારના સ્વરૂપને સારી રીતે જાણે છે અને 'ક્ષમાશીલ' એ જ થઈ શકે છે, જે પોતાના દુઃખનું કારણ કોઈ બીજાને નથી માનતો. — સાધન-તત્ત્વ
4. કોઈએ આપણને દુઃખ દીધું છે, જો એવું લાગે તો સમજવું જોઈએ કે દુઃખ દેનારો જાતે દુઃખી છે, એટલા માટે તેણે દુઃખ દીધું છે, તેથી તે ક્ષમાને પાત્ર છે. — સંત-ઉદ્‌બોધન

## તીર્થયાત્રા

1. યાત્રા કરવાથી રજોગુણી પ્રાણીઓને લાભ થાય છે.
— સંત પત્રાવલી 1
2. જે પ્રાણી પોતાને માત્ર સ્થૂળ શરીર માને છે અર્થાત્ શરીરને જ આત્મા માને છે, તેમના માટે 'તીર્થ' સૌથી પ્રથમ સાધન છે; કેમ કે ત્યાં જવાથી દાન-સ્નાન વગેરે કરવું અનિવાર્ય બની જાય છે. તીર્થોમાં પરલોકનો ભાવ રાખવો જોઈએ, આવું કરવાથી લાભ જરૂર થશે. — સંત-સમાગમ 1
3. નિર્બળ, નિર્ધન અને શ્રદ્ધાહીન મનુષ્યે તીર્થયાત્રા નહિ કરવી જોઈએ. — સંત-સૌરભ
4. તીર્થ-સેવનનો અધિકારી એ હોય છે, જે તીર્થ-સ્થાનોમાં દિવ્ય પરલોકનો અનુભવ કરે છે અર્થાત્ જેની તીર્થોમાં ભૌતિક-બુદ્ધિ નથી. — સંત-સૌરભ

## પાપ-પુણ્ય

1. આપણી પ્રસન્નતા આપણાથી અલગ કોઈ અન્યને આશ્રિત જીવિત રહે એ જ 'પાપ' છે. — સંત-સમાગમ 1
2. પાપીના નાશને માટે તેનું પાપ જ પૂરતું છે અર્થાત્ પાપ પોતે પાપીનો નાશ કરશે. — સંત-સમાગમ 2
3. જે પતિતને સૂર્ય પ્રકાશ આપે છે, પાણી તેની તરસ છીપાવે છે, વાયુ તેને શ્વાસ લેવા દે છે, આકાશ તેને અવકાશ (જગા-સ્થાન) આપે છે, પૃથ્વી તેને આશ્રય આપે છે, તમે તેને વહાલ નથી આપી શકતા ? — જીવન-પથ

## પ્રારબ્ધ

1. 'પ્રારબ્ધ' એટલે પ્રાકૃતિક ન્યાય અર્થાત્ સાધન-સામગ્રી; અને 'પુરુષાર્થ' એટલે એ સામગ્રીનો સદુપયોગ. આ બે અલગ-અલગ ચીજો નથી. એક જ ચીજનાં બે પાસાં છે. — સંતવાણી 7
2. પ્રારબ્ધ કોઈના પતનનું કારણ નથી હોતું. — સંત-સૌરભ

3. પ્રારબ્ધને ભલું-બૂરું ન સમજો. પ્રારબ્ધથી કોઈ ભાગ્યશાળી કે અભાગિયો નથી હોતો. જે બૂરાઈ-રહિત થઈ જાય છે, એ જ ભાગ્યશાળી બને છે. — સંતવાણી 7

## ભૂત-ભવિષ્ય-વર્તમાન

1. ભૂતકાળને ભૂલીને, ભવિષ્યની આશા છોડીને અને વર્તમાનની નિયમાનુસાર આવશ્યક ક્રિયાઓથી અસંગ થઈ જવાથી આત્માનુભવ જરૂર થશે. — સંત પત્રાવલી 1
2. વર્તમાન સમયને સૌથી ઉત્તમ સમજો; કેમ કે વર્તમાનને સુધારી લેવાથી બગડેલો ભૂત અને આવનારો ભવિષ્ય પોતાની મેળે સુધરી જાય છે. — સંત પત્રાવલી 1
3. ભૂતકાળની ઘટનાઓના અર્થને અપનાવીને ઘટનાઓને ભૂલવી અનિવાર્ય છે. દરેક ઘટનાનો અર્થ માર્ગદર્શક બની શકે છે; કેમ કે ઘટનાનો અર્થ વિવેકયુક્ત હોય છે. — દર્શન ઔર નીતિ
4. ભૂતકાળની અશુદ્ધિનો ત્યાગ વર્તમાનમાં થઈ શકે છે, પરંતુ વર્તમાનની શુદ્ધિ ભવિષ્યમાં મટી શકતી નથી. — ચિત્તશુદ્ધિ
5. એ નિયમ છે કે વર્તમાન કાર્ય યોગ્ય થવાથી જ બગડેલા ભૂતનું પરિણામ મટી શકે છે અને ભવિષ્ય ઉજ્જ્વળ થઈ શકે છે. આ દૃષ્ટિથી વર્તમાન કાર્ય જ સર્વોત્કૃષ્ટ કાર્ય છે. — ચિત્તશુદ્ધિ
6. વર્તમાન કાર્યને ભવિષ્ય પર છોડવું અને ભવિષ્યના કાર્યનું વર્તમાનમાં ચિંતન કરવું અર્થાત્ જે જાતે કરી શકીએ છીએ, તેને માટે બીજાઓની તરફ જોવું અને જે પોતાને કરવાનું નથી, તેને માટે જાતે ચિંતન કરવું— એ જ અસફળતાનું કારણ છે. —જીવન-દર્શન
7. જે સ્થિતિ પત્ર લખતી વેળાએ હોય છે, તે સ્થિતિ પત્ર પહોંચતી વેળા સુધી રહેશે— શું આ વાત શંકારહિત છે ? કદાપિ નહિ. પત્રનું મળવું ભૂતકાળની ચર્ચા છે, બીજું કાંઈ નથી. — પાથેય

## મત-સંપ્રદાય

1. દરેક મત તથા વાદ સાધન દૃષ્ટિથી આદરણીય તથા માનનીય છે; પરંતુ તેમની મમતા વ્યક્તિઓને પાગલ બનાવી દે છે. ઔષધિનું સેવન આરોગ્યને માટે જરૂરી છે, મમતા માટે નહિ. એવી જ રીતે મત, સંપ્રદાય વગેરેની જરૂર પરિસ્થિતિને અનુરૂપ પોતાને સુંદર બનાવવામાં છે, પરસ્પર સંઘર્ષને માટે નહિ.

— દર્શન ઔર નીતિ

2. જ્યાં સુધી માનવ પોતાના મત, સંપ્રદાય તેમજ વાદ મુજબ પોતાને સુંદર બનાવી એમની સીમાથી અતીત થઈ નહિ જાય, ત્યાં સુધી તેના જીવનમાં પૂર્ણતાની અભિવ્યક્તિ નહિ થશે.

— દર્શન ઔર નીતિ

3. જીવનનું જે સત્ય હોય છે, તે કોઈ ધર્મની વાત હોતી નથી, કોઈ સંપ્રદાયની વાત હોતી નથી, તે બધાયની પોતાની વાત હોય છે.

— સંતવાણી 8

4. બીજાઓને આપણી પ્રણાલી અભીષ્ટ નથી, પરંતુ સહયોગ અને સ્નેહ અભીષ્ટ છે. — મંગલમય વિધાન

5. કોઈ પણ સંઘ, સંસ્થા, રાષ્ટ્ર, ધર્મ, વાદમાં જો જીવન છે તો માનવતાનું. માનવતારહિત સંઘ, સંસ્થા વગેરે માત્ર સંઘર્ષને જ જન્મ આપે છે, જે વિનાશનું મૂળ છે. — માનવ-દર્શન

## સત-અસત

1. એ નિયમ છે કે સત્ય અસત્યને મિટાવવામાં સમર્થ નથી. કારણ કે સત્ય તો અસત્યને સત્તા આપીને પ્રકાશિત કરે છે; પરંતુ સત્યની લાલસા અસત્યને મિટાવવામાં તથા સત્યથી અભિન્ન કરવામાં સમર્થ છે. — માનવકી માંગ

2. અસતનું આકર્ષણ જેટલું મધુર માલૂમ પડે છે, તેટલી મધુરતા અસત તરફ ગતિશીલ થવામાં નથી. પ્રવૃત્તિની રુચિ જેટલી આકર્ષક છે, તેટલી પ્રવૃત્તિ નથી. — માનવ-દર્શન

3. સત અસતનું પ્રકાશક છે, નાશક નથી. સતની પ્રિયતા જ એકમાત્ર અસતની નાશક છે, જે સતની આત્મીયતાથી જ સાધ્ય છે.

— માનવ-દર્શન

4. અસતના અસ્તિત્વની સ્વીકૃતિ જ અસતને જીવિત રાખે છે.
— માનવ-દર્શન

5. અસતથી હઠ્યા વિના અસતનું કથન કરી શકતા નથી અને સત સાથે મળ્યા વિના સતનો અનુભવ નથી કરી શકતા. —સંત-સમાગમ 1

## સંત-મહાત્મા

1. સાધારણ મનુષ્યોમાં અને સંતમાં એ જ અંતર હોય છે કે સંત જેવું જાણે છે, તેવું માને છે અને જેવું માને છે, તેવું જ કરે છે.
— સંત-ઉદ્‌બોધન

2. સત્પુરુષોએ પોતાની સાધનાના આધાર પર કોઈ પંથ કે મત નથી બનાવ્યો. પંથો અને મતોને તેમની પાછળ ચાલનારાઓએ પોતાના દેહાભિમાનને વશીભૂત થઈ જન્મ આપ્યો છે. — માનવકી માંગ

3. જે રીતે સમુદ્રનું પાણી વરાળ બનીને અનેક જગાએ ફેલાઈ જાય છે, એ જ રીતે તત્ત્વવેત્તા તત્ત્વનિષ્ઠ બની સર્વત્ર ફેલાઈ જાય છે. તત્ત્વનિષ્ઠ એ જ બની શકે છે, જે ત્રણે સ્થૂળ-સૂક્ષ્મ-કારણ શરીરોથી પોતાને અસંગ કરી લે છે. — સંત પત્રાવલી 1

4. દુનિયામાં આજ સુધી જેટલા સંત થયા, મહાત્મા થયા, મોટા માણસો થયા, પીર થયા, પેગંબર થયા, તે બધાનાં જીવનમાં તમે ત્રણ જ વાત જોશો— તમને ‘સેવા’, ‘ત્યાગ’ અને ‘પ્રેમ’ દેખાશે.
— સંતવાણી 8

5. જ્યાં સુધી ઉદાર નથી, સ્વાધીન નથી અને પ્રેમી નથી, ત્યાં સુધી તમે મહાત્મા નથી, ભલે ગમે તેટલુંય સુંદર વ્યાખ્યાન આપી શકો. વ્યાખ્યાન આપવાથી મહાત્મા થઈ જતા નથી.
— સંતવાણી 2

## યોગ-બોધ-પ્રેમ (કર્મયોગ-જ્ઞાનયોગ-ભક્તિયોગ)

1. યોગ, બોધ અને પ્રેમ ‘પ્રાપ્ત’માં અને ભોગ, મોહ અને આસક્તિ ‘અપ્રાપ્ત’માં પ્રવૃત્ત કરાવે છે. — ચિત્તશુદ્ધિ

2. ‘યોગ’ની પૂર્ણતામાં બોધ તથા પ્રેમ અને ‘બોધ’ની પૂર્ણતામાં યોગ તથા પ્રેમ, અને ‘પ્રેમ’ના પ્રાકટ્યમાં યોગ તથા બોધ સ્વતઃ સિદ્ધ છે. — ચિત્તશુદ્ધિ

3. 'યોગ'માં શક્તિ અને શાંતિ છે, 'બોધ'માં મુક્તિ છે અને 'પ્રેમ'માં ભક્તિ છે. — સંતવાણી 6
4. જો કંઈ 'કરવા' ચાહો છો તો સેવા કરો, જો 'જાણવા' ચાહો છો તો પોતાને જાણો અને જો 'માનવા' ચાહો છો તો પ્રભુને માનો અર્થાત્ પોતાને જાણવાના છે, પ્રભુને માનવાના છે અને સેવા કરવાની છે. — માનવકી માંગ
5. ઉદારતા, ત્યાગ તથા પ્રેમમાં રસ-ભેદ ભલે હોય, સ્વરૂપ-ભેદ નથી. — મૂક સત્સંગ
6. સેવા કરતા જાઓ, ત્યાગને અપનાવતા જાઓ અને પ્રેમની ભૂખ વધારતા જાઓ. — સંતવાણી 7
7. જિજ્ઞાસાની દૃષ્ટિથી જે 'જ્ઞાન' છે, વૈરાગ્યની દૃષ્ટિથી એ જ 'યોગ' છે અને સમર્પણની દૃષ્ટિથી એ જ 'પ્રેમ' છે. — પાથેય
8. દૂરતાના નાશમાં જ 'યોગ' અને ભેદના નાશમાં જ 'બોધ' તથા ભિન્નતાના નાશમાં જ 'પ્રેમ'નો પ્રાદુર્ભાવ થાય છે.— માનવ-દર્શન
9. મળેલનો દુરુપયોગ ન કરવાથી 'કર્તવ્યપરાયણતા' આપમેળે આવી જાય છે અને જાણેલનો આદર કરવાથી 'અસંગતા' પ્રાપ્ત થાય છે તેમજ ન જાણેલ (સાંભળેલ)માં આસ્થા થવાથી આપમેળે 'શરણાગતિ' ઉદિત થાય છે. — માનવ-દર્શન
10. જે શીખ્યા વિના થાય એ જ સાચું જ્ઞાન છે અર્થાત્ સ્વભાવતઃ આવી જાય. જે અહૈતુકી થાય, એ જ સાચો 'પ્રેમ' છે અને જે કર્યા વિના થાય, એ જ સાચો 'ત્યાગ' છે; કેમ કે સાચો ત્યાગ કરવો નથી પડતો, થઈ જાય છે. — સંત પત્રાવલી 1
11. 'કર્તવ્ય'ની વિસ્મૃતિમાં જ અકર્તવ્ય અને 'સ્વરૂપ'ની 'વિસ્મૃતિ'માં જ દેહાભિમાન તેમજ 'પ્રેમાસ્પદ'ની વિસ્મૃતિમાં જ અનેક આસક્તિઓ પેદા થઈ જાય છે, જે વિનાશનું મૂળ છે. — દુઃખકા પ્રભાવ
12. યોગ, જ્ઞાન અને પ્રેમનું વિભાજન થઈ શકતું નથી. — જીવન-દર્શન

13. સુંદર સમાજના નિર્માણ માટે સેવા, પોતાના કલ્યાણ માટે ત્યાગ તથા આત્મભાવે ઉત્પન્ન થયેલો પ્રેમ, અનંતને રસ પ્રદાન કરવામાં હેતુ છે. — દર્શન ઔર નીતિ
14. પોતાનું મૂલ્ય ઓછું ન થવા પામે, એ જ 'પુરુષાર્થ' છે. શરીરથી બિલકુલ પણ સંબંધ ન રહે, એ જ 'ત્યાગ' છે. પોતાનાથી ભિન્ન કોઈ જાતની સત્તા સ્વીકાર ન થાય, એ જ 'પ્રેમ' છે. —સંત-સમાગમ 2
15. કેટલાક લોકો સંસારને માને છે, તેમણે બૂરાઈ-રહિત થવું પડશે. કેટલાક લોકો પોતાને માને છે, તેઓએ ઈચ્છારહિત થવું પડશે. કેટલાક લોકો પ્રભુને માને છે, તેઓએ પ્રેમી થવું પડશે.
—સંતવાણી 8
16. બૂરાઈરહિત થવું, ઈચ્છારહિત થવું અને ભગવાનને પોતાના માનવા એ બહુ મોટો પુરુષાર્થ છે, એવું હું માનું છું.
— સંતવાણી 7
17. આ ત્રણે વાતોથી પૂરા જીવનની સમસ્યાઓ ઉકલી જાય છે. (1) મારે કંઈ નહિ જોઈએ, (2) પ્રભુ પોતાના છે, (3) સર્વ કંઈ પ્રભુનું છે. આ જ જીવનનું સત્ય છે. આને સ્વીકારવાથી ઉદારતા, સ્વાધીનતા અને પ્રેમ પ્રાપ્ત થશે. — સંતવાણી 7
18. યોગની પ્રાપ્તિમાં, બોધની પ્રાપ્તિમાં, પ્રેમની પ્રાપ્તિમાં કંઈ ન ઈચ્છવું એ જ મૂળ મંત્ર છે. — સંતવાણી 6
19. 'સેવા'નું જે તત્ત્વ છે, તે તો બૂરાઈરહિત થવાનું છે. 'ત્યાગ'નું જે તત્ત્વ છે, તે તો ઈચ્છારહિત થવાનું છે, નિર્મમ થવાનું છે, તાદાત્મ્ય-રહિત થવાનું છે. 'આસ્થા'નું જે તત્ત્વ છે, તે તો ભગવાનથી ભિન્ન કોઈ બીજાના અસ્તિત્વનો અસ્વીકાર કરવાનું છે અને માત્ર ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર કરવાનો છે. —સંતવાણી 7
20. 'કર્તવ્યપરાયણતા' આવતાં જ તમે ચાહો અથવા ન ચાહો તો, પણ તમારું જીવન જગતને માટે ઉપયોગી થઈ જશે. 'અસંગતા' પ્રાપ્ત થતાં જ તમારા ન ચાહવા છતાં પણ તમારું જીવન પોતાના માટે ઉપયોગી થઈ જશે. અને 'આત્મીયતા' પ્રાપ્ત થતાં જ તમારું જીવન પ્રભુને માટે ઉપયોગી થઈ જશે. — સંતવાણી 5
21. બોધમાંથી, જ્ઞાનમાંથી 'પ્રેમ'ને કાઢી નાંખો તો શૂન્ય આવી જશે. પ્રેમમાંથી 'જ્ઞાન' કાઢી નાખશો તો કામ આવી જશે અને જ્ઞાન

અને પ્રેમમાંથી 'યોગ' કાઢી નાખો, અસમર્થતા આવી જશે.

— સંતવાણી 4

22. આસ્તિક દર્શનનો અર્થ છે— પ્રભુ-વિશ્વાસ. અધ્યાત્મ-દર્શનનો અર્થ છે— વિવેક-વિરોધી સંબંધનો ત્યાગ અને ભૌતિક-દર્શનનો અર્થ છે— વિવેક-વિરોધી કર્મનો ત્યાગ. — સંતવાણી 4

23. ભૌતિક વિકાસની ચરમ સીમા 'યોગ' છે. આધ્યાત્મિક વિકાસની ચરમ સીમા 'બોધ' છે અને આસ્તિક વિકાસની ચરમ સીમા 'પ્રેમ' છે. — સંતવાણી 3

24. આસ્તિકનું દરેક કાર્ય 'પૂજા' છે અને અધ્યાત્મવાદીનું દરેક કાર્ય 'સાધના' છે અને ભૌતિકવાદીનું દરેક કાર્ય 'કર્તવ્ય' છે.

— સંત-ઉદ્‌બોધન

25. જો તમે પરમાત્માના અસ્તિત્વને માનો છો તો શરણાગત થઈ જાઓ. પોતાના અસ્તિત્વને માનો છો તો ઈચ્છારહિત અને અકિંચન થઈ જાઓ અને જગતના અસ્તિત્વને માનો છો તો સેવા કરો. — સંતવાણી 2

## વિવિધ

1. સીધી-સાદી જે અપેક્ષા તમે બીજાઓ પાસેથી રાખો, તેમને કહી દો— જુઓ, અમે ચાહીએ છીએ કે તમે આમ કરી આપો. બસ એટલો જ ત્યાગ રાખો કે જો તે નકારી દે તો પણ બૂરું ન માનશો.

— સંતવાણી 4

2. એકલા રહેવામાં બૂરું લાગે છે તો નિત્ય સાથીને યાદ કરો.

— સંતવાણી 4

3. 'સાધુ' એટલે એ જ કે જે સંસારનો સંબંધ તોડી દે, ચાહે ઘરમાં રહીને, ચાહે વનમાં જઈને. ...... વેશના સાધુ બધા નથી થઈ શકતા, પરંતુ વેશ વિનાના સાધુ દરેક ભાઈ, બહેન થઈ શકે છે.

— સંતવાણી (પ્રશ્નોત્તર)

4. ઓછો સામાન રાખશો તો તમને આરામ વધારે મળશે. જેને પારકી કમાઈ ખાવી છે, જેને સમાજને આશ્રિત રહેવું છે, તેની જરૂરિયાતો ઓછામાં ઓછી હોય તો એ સારી વાત છે. — સંતવાણી 3

5. પોતાને જે સુધારી નથી શકતો, તે કોઈને સુધારી નથી શકતો, હા, સુધારાના નામ પર પોતાની કામનાઓની પૂર્તિ કરી શકે છે. — સંતવાણી 5
6. લાકડાં પોતે બળીને બીજાને બાળે છે, કોઈને બાળવાનું શિખવાડતાં નથી. બીજાઓને સુધારવા તેમજ શિખવાડવાની વાત સીમિત ગુણોનું અભિમાન તેમજ પોતાની યોગ્યતાનો પરિચય દેવો છે. — સંત-સમાગમ 2
7. એ નિર્વિવાદ સિદ્ધ છે કે જે જોવામાં આવે છે, તેની પ્રાપ્તિ નથી, જેની પ્રાપ્તિ છે, તે જોવામાં નથી આવતો. — સંત-ઉદ્‌બોધન
8. હું મૂળરૂપથી કહીશ કે ત્રણ ભૂલો આપણાથી થઈ છે. એક ભૂલ તો એ થઈ કે આપણે પ્રાપ્ત બળનો દુરુપયોગ કરી બેઠા છીએ. બીજી ભૂલ એ થઈ છે કે આપણે જાણેલનો અનાદર કરી બેઠા છીએ. ત્રીજી ભૂલ એ થઈ છે કે જેને માત્ર સાંભળ્યો છે, જાણ્યો નથી, તેમાં અશ્રદ્ધા કરીએ છીએ. — જીવન-પથ
9. જે મળ્યું છે, તે બીજાઓને માટે છે અને મોજૂદ છે, તે પોતાને માટે છે. — પ્રેરણા પથ
10. સિદ્ધાંતરૂપે કોઈ પણ ‘પરાયું’ નથી, કોઈ ‘બીજું’ નથી— કોઈ ને કોઈ સંબંધે બધા જ પોતાના છે અને બધાયમાં પોતાના પ્રેમાસ્પદ છે. — સંત-ઉદ્‌બોધન
11. જ્યારે કોઈ ‘બીજું’ છે જ નહિ તો ભય કેવો ? જ્યારે કોઈ ‘પરાયું’ નથી, તો પ્રીતિ કેમ નથી ? — સંતવાણી 6
12. જેવા આપણે પોતાને માની લઈએ છીએ, તેવાં જ આપણાથી કર્મ થાય છે અને કર્મના અંતે આપણે તેવા જ બની જઈએ છીએ. — માનવકી માંગ
13. કરેલી ભૂલ પર પશ્ચાત્તાપ કરવા જેવું કોઈ ‘પ્રાયશ્ચિત’ નથી. ભવિષ્યમાં ભૂલ ન કરવાના નિશ્ચયના જેવું કોઈ બીજું ‘વ્રત’ નથી. — સંત-ઉદ્‌બોધન
14. કરેલી બૂરાઈને ફરીથી ન કરવી જ સૌથી મોટું પ્રાયશ્ચિત છે. — સંત-સમાગમ 2
15. જેમ કોઈ પક્ષના વિરોધીને હું સજગ નથી માનતો. તેવી રીતે કોઈ પક્ષના સમર્થકને પણ હું સજગ નથી માનતો. મગજ તેનું જ સજગ રહે છે, જે ઈમાનદારીથી ન વિરોધી છે, ન સમર્થક છે.— જીવન-પથ

16. જેને કોઈ પણ પોતાનો સાથી જોઈએ, તે ઈમાનદારીપૂર્વક બ્રહ્મચારી રહી શકતો નથી. — સંત-સમાગમ 2
17. આપણા જીવનમાં જેટલી પણ દુર્બળતાઓ છે, તેમનું મૂળ કારણ એકમાત્ર પ્રાપ્ત બળનો દુરુપયોગ છે અને જેટલી મૂર્ખાઈ છે, તેનું મૂળ કારણ એકમાત્ર વિવેકનો અનાદર છે. — માનવકી માંગ
18. સદ્‌ગુરુ-વાક્ય છે કે આવશ્યક વસ્તુ માગ્યા વિના જ મળે છે અને આવશ્યક કાર્ય આપમેળે થતાં રહે છે. — પાથેય
19. દરેક કાર્ય સમસ્ત વિશ્વના હિતના ભાવથી કરવામાં આવે તો પછી કાર્યમાં કોઈ બાધા નથી આવતી, કારણ કે વહાલા પ્રભુની યોગમાયા તેને અનુકૂળ થઈ જાય છે. — પાથેય
20. શરીરને શ્રમી, મનને સંયમી, બુદ્ધિને વિવેકી, હૃદયને અનુરાગી અને અહંને અભિમાનશૂન્ય કરવું એ સ્વયંને સુંદર બનાવવા માટે અત્યંત અનિવાર્ય છે. — માનવકી માંગ
21. ક્રિયાશીલતા, જડતા, નિરર્થક ચિંતન, સાર્થક ચિંતન વગેરે અવસ્થાઓથી નિર્વિકલ્પ અવસ્થા શ્રેષ્ઠ છે. — માનવ-દર્શન
22. જેનો નાશ અભીષ્ટ હોય, તેને આશ્રય ન આપો, તેનું સમર્થન તથા વિરોધ ન કરો. તેને અસ્તિત્વહીન જાણો. — મૂક સત્સંગ
23. બધાયને પોતાના માનવા અથવા ‘પોતાનામાં પોતાનું કહીએ એવું કંઈ નથી’ આવો અનુભવ સમાન અર્થ રાખે છે. — મૂક સત્સંગ
24. ઉત્તમ પુરુષોનું પરિવર્તન ‘જ્ઞાન’થી, મધ્યમ પુરુષોનું ‘લાલચ’થી તથા નિકૃષ્ટ પુરુષોનું ‘ભય’થી થાય છે. — સંત પત્રાવલી 1
25. કોઈ પણ નિયમ ક્રોધ તથા આવેશમાં આવીને નહિ બનાવવો જોઈએ અને ન કોઈ નિયમને જીવનભરને માટે કરવો જોઈએ. — સંત પત્રાવલી 1
26. મનુષ્ય જ્યારે કંઈ નથી ચાહતો, ત્યારે સર્વ કંઈ પ્રાપ્ત થાય છે. જ્યારે કંઈક ચાહે છે, ત્યારે કંઈ હાથ આવતું નથી. કંઈ ન કરવાથી સર્વ કંઈ થાય છે, કંઈક કરવાથી કંઈ નથી થતું. જ્યારે કંઈ નથી જાણતો, ત્યારે બધું જ જાણે છે, જ્યારે કંઈક જાણે છે, ત્યારે કંઈ નથી જાણતો– આવો મારો અનુભવ છે. — સંત પત્રાવલી 1

27. પત્ર સાંભળવાથી જે ભાવ ઉત્પન્ન થાય છે, એ જ તેનો સાચો જવાબ છે. ભાવ શબ્દ કરતાં વ્યાપક છે. એટલું જ નહિ સદ્‌ભાવથી હૃદય બદલાય છે અને સુંદર-સુંદર શબ્દોથી તો માત્ર મગજ પર જ પ્રભાવ પડે છે. — સંત પત્રાવલી 1
28. તારી આત્મકથાનું સ્વપ્ન ઘણું જ સુંદર તથા સરસ છે પણ એ જાણે છે કે સ્વપ્નનો સાક્ષી સદા સ્વપ્નથી અતીત છે અને સ્વપ્ન હંમેશાં સત્તાશૂન્ય છે.
29. યુવતીઓના રંગ-રૂપના સંબંધમાં જે સામાજિક ભાવના બની રહી છે, તે ઘણી દુઃખદ છે. જ્યારે છોકરીઓ રોટલા માટે લગ્ન નહિ કરે, ત્યારે જ આ ભાવના નષ્ટ થશે. હકીકતમાં લગ્ન એક નિશ્ચિત કાર્યક્રમ છે. જે થવાનું હશે, થશે જ. તેના માટે ચિંતા કરવી ભૂલ છે. દિલની સફાઈ તથા ચરિત્રનું સૌંદર્ય તથા યોગ્યતાનું આભૂષણ છોકરીઓની રક્ષા કરશે, એવો મારો વિશ્વાસ છે.
— સંત પત્રાવલી 2
30. દુઃખીઓના વેશમાં પ્રેમાસ્પદને જોઈને તું ક્ષોભિત થતી હોય કે કરુણાર્દ્ર ? જો ક્ષોભિત થતી હોય તો ભૂલ છે અને જો કરુણાર્દ્ર થતી હોય તો સ્વાભાવિકતા છે. ક્ષોભિત થવાથી સુખનું મહત્ત્વ વધે છે અને તેની દાસતા અંકિત થાય છે. કરુણાર્દ્ર થવાથી સુખનો રાગ મટે છે અને ઉદારતા ઉદિત થાય છે, જે ભોગાસક્તિને ખાઈને મનને નિર્મળ બનાવી દે છે. — પાથેય
31. સર્વ કંઈ કરવાથી એ જ પ્રાપ્ત થાય છે, જે કરવાના આરંભથી પહેલાં હતું. — સત્સંગ ઔર સાધન
32. મળેલના સદુપયોગને માટે જ 'વિવેક' રૂપી વિધાન મળ્યું છે અને ભોગની રુચિનો નાશ કરવાને માટે જ 'દુઃખ'નો પ્રાદુર્ભાવ થયો છે. — દુઃખકા પ્રભાવ
33. એ બધાયનો દૈનિક અનુભવ છે કે પ્રિયમાં પ્રિય વસ્તુઓ તેમજ વ્યક્તિઓથી દરરોજ વિયોગ અપનાવ્યા વિના કોઈ પણ ભાઈ તથા બહેન નથી રહી શકતા. ગાઢ નિદ્રા તથા સમાધિની આવશ્યકતા બધા જ અનુભવ કરે છે. — દુઃખકા પ્રભાવ

34. કોઈ વાત પૂરી નથી થતી તો સમજો કે તે જરૂરી નથી.
— સંત-જીવન-દર્પણ

35. ઉત્પત્તિ, રક્ષા અને વિનાશ વિધાનને આધીન છે.
— દર્શન ઔર નીતિ

36. અનેક પ્રકારનો નિર્ણય જ 'અવિવેક' છે, અનેક વિશ્વાસોનું હોવું જ 'અવિશ્વાસ' છે અને જેના કરવાથી કર્તામાં કરવાનો રાગ બાકી રહે છે, એ જ 'અકર્તવ્ય' છે. — જીવન-દર્શન

37. જ્યાં સુધી સંદેહની વેદના અત્યંત તીવ્ર નથી થઈ જતી, ત્યાં સુધી સંદેહ નિવૃત્તિની યોગ્યતા આવતી નથી. ત્યાં સુધી કે જો કોઈને તરસ લાગી હોય અને તેને કહેવામાં આવે કે તું પહેલાં પાણી પીવા ચાહે છે કે નિઃસંદેહ થવા ચાહે છે ? આના પર જો તે એ કહે કે મારે નિઃસંદેહ થવું છે, પાણી નથી પીવું તો સમજવું જોઈએ કે સંદેહની વેદના જાગ્રત થઈ ગઈ. અસહ્ય વેદના થતાં જ તેની નિવૃત્તિ આપમેળે થઈ જાય છે. — જીવન-દર્શન

38. આપણે જે કંઈ કરીએ છીએ, તેનું પરિણામ આપણા સુધી સીમિત નથી રહેતું, બલકે સકળ વિશ્વમાં ફેલાય છે. — જીવન-દર્શન

39. પ્રાકૃતિક વિધાન એ છે કે આપણે બીજાઓની સાથે જે કંઈ પણ કરીશું, તે સમય જતાં અનેક ગણું થઈને આપણી સાથે થશે.
— પ્રેરણા પથ

40. બીજાઓ પ્રત્યે જે કંઈ કરવામાં આવે છે, તે અનેક ગણું થઈને આપણા પ્રત્યે આપમેળે થવા લાગે છે. — જીવન-દર્શન

41. કોઈની અવનતિ દ્વારા પ્રાપ્ત કરેલી ઉન્નતિ અવનતિ જ છે. શરૂમાં ભલેને એવું લાગે કે કોઈની હાનિમાં કોઈનો લાભ છે, પરંતુ આખરે તો એ જ સિદ્ધ થશે કે કોઈની હાનિથી ઉત્પન્ન થયેલો લાભ એક મોટી હાનિની તૈયારી છે. — દર્શન ઔર નીતિ

42. ઉપનિષદો અને વેદાંત પર ટીકાઓ કરી નાખી અને છતાં પણ સ્થિતિ એ છે કે મમતા નાશ પામી નથી, કામના નાશ પામી નથી ! અને બુદ્ધિમાની એ છે કે વળી સમજમાં તો આવે છે, ઠીક પણ છે, છતાં જીવનમાં ઉતરતી નથી. — પ્રેરણા પથ

43. બધાયને પોતાના માની લેવામાં, કોઈ એકને જ પોતાના માની લેવામાં અથવા કોઈને પણ પોતાના ન માનવામાં જીવનની સાર્થકતા સમાયેલી છે. — જીવન-દર્શન

44. 'શ્રમ'નું સ્થાન આળસ છોડવામાં છે, પ્રિયને પામવામાં નહિ. 'અરુચિ'નું સ્થાન સુખ-ભોગના ત્યાગમાં છે, પ્રીતિના ઉદયમાં નથી. — જીવન-દર્શન

45. પ્રાકૃતિક વિધાન મુજબ જેની વાસ્તવમાં ઉપયોગિતા અપેક્ષિત છે, તેની રક્ષાનાં સાધન પોતાની મેળે પ્રાપ્ત થાય છે.

— દર્શન ઔર નીતિ

46. જે અપ્રાપ્ત છે, તેની ઈચ્છા છોડવાની છે; જે જાણીએ છીએ, તેનો આદર કરવાનો છે; અને જે કરી શકીએ છીએ, તેને કરી નાખવાનું છે. અપ્રાપ્તની ઈચ્છાથી રહિત થતાં જ 'યોગ' સ્વતઃ સિદ્ધ થશે. જે જાણીએ છીએ, તેનો આદર કરતાં જ સ્વતઃ 'બોધ' થશે. જે કરી શકીએ છીએ, તેને કરતાં જ સ્વતઃ સુંદર પરિસ્થિતિ પ્રાપ્ત થશે. — ચિત્તશુદ્ધિ

47. પોતાનાથી પોતાની સ્થિતિને છુપાવવી નહિ જોઈએ. વસ્તુસ્થિતિનો ખરેખરો પરિચય થતાં જ યા તો વ્યાકુળતાનો અગ્નિ પ્રજ્વલિત થશે અથવા આનંદની ગંગા લહેરાશે. — ચિત્તશુદ્ધિ

48. એ નિયમ છે કે ભોગ, મોહ અને આસક્તિની ઉત્પત્તિ ત્યારે જ થાય છે, જ્યારે પ્રતીતિમાં પ્રાપ્ત-બુદ્ધિ સ્વીકારી લેવામાં આવે.

— ચિત્તશુદ્ધિ

49. એ નિયમ છે કે જેનું હોવું અસહ્ય થાય છે, તે નષ્ટ થઈ જાય છે અને જેનું ન હોવું અસહ્ય થાય છે, તે પ્રાપ્ત થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

50. જ્ઞાન, સામર્થ્ય અને વસ્તુઓ અસીમ છે, તેમની ગણના તથા સીમા હોતી નથી. વ્યક્તિ તેમની ખોજ ભલે કરી શકે, પણ તેમને ઉત્પન્ન કરી શકતી નથી. એ નિયમ છે કે ખોજ તેની થાય છે, જે છે. આ દૃષ્ટિથી વિજ્ઞાન વિજ્ઞાનવેત્તાની, દર્શન દર્શનકારની અને કળા કળાકારની ખોજ છે, ઉપજ નથી. — ચિત્તશુદ્ધિ

51. એ નિયમ છે કે પ્રાણી જેની સત્તા સ્વીકારી લે છે, તેનું અસ્તિત્ત્વ ભાસવા લાગે છે. જેનું અસ્તિત્વ ભાસવા લાગે છે, તેના પર વિશ્વાસ થવા લાગે છે. જેના પર વિશ્વાસ થઈ જાય છે, તેની સાથે સંબંધ થઈ જાય છે. જેનાથી સંબંધ થઈ જાય છે, તેમાં

પ્રિયતા આપમેળે ઉત્પન્ન થાય છે. જેમાં પ્રિયતા ઉત્પન્ન થઈ જાય છે, તેની સ્મૃતિ આપમેળે થવા લાગે છે. જેની સ્મૃતિ થવા લાગે છે, તેનામાં આસક્તિ થઈ જાય છે અને જેમાં આસક્તિ થઈ જાય છે, તેમાં સત્યતા, સુખરૂપતા, સુંદરતા પ્રતીત થવા લાગે છે અને પછી પ્રાણી તેને આધીન થઈ જાય છે. — ચિત્તશુદ્ધિ

52. આપવાની રુચિનો અંત ત્યારે જ થઈ શકે છે, જ્યારે પ્રાણી આપવાના અભિમાનથી અને લેવાની આશાથી રહિત થઈ જાય અર્થાત્ આપેલી વસ્તુને તેની જ જાણે, જેને આપી છે. પોતાની માનીને આપવાથી લેવાની આશા જરૂર પેદા થઈ જાય છે. લેવાની આશા રહેતાં આપવાની વાત કહેવી ઈમાનદારી નથી અથવા એમ કહો કે આપવાના રૂપમાં લેવું જ છે, આપવું નથી. એટલું જ નહિ, તે મનુષ્યનું લેવું પણ દેવું જ થઈ જાય છે, જે પોતે પોતાનું કંઈ નથી માનતો. જેને પોતાનામાં પોતાનું કંઈ પણ પ્રતીત થાય છે, તેનું આપવું પણ લેવું જ છે અર્થાત્ તેનો ત્યાગ પણ રાગ છે અને પ્રેમ પણ મોહ છે. તેના દ્વારા કરેલી સેવા પણ સ્વાર્થ છે. — ચિત્તશુદ્ધિ

53. સજ્જનતા વધારીને જ દુર્જનતાનો નાશ કરી શકો છો. દુર્જનતાથી દુર્જનતા કોઈ પણ રીતે દૂર કરી શકાતી નથી. — સંત-સમાગમ 1

54. કર્મ અને સંસાર બન્નેનું સ્વરૂપ એક છે, એટલા માટે કર્મથી સંસારની પ્રાપ્તિ થાય છે. — સંત-સમાગમ 1

55. વહાલા, ભાષા અને ભાવ બન્નેથી પર રહો. ભાષા તથા ભાવ કોઈની સત્તા પ્રકાશિત નથી કરતા, પરંતુ સંકેત કરે છે. — સંત-સમાગમ 1

56. વહાલા, જ્યારે સત્ય ભાવ તથા ભાષાથી પર છે, તો પછી તેની વ્યાખ્યા કઈ રીતે થઈ શકે ? — સંત-સમાગમ 1

57. કોઈ પણ શબ્દો પોતાનો અર્થ પોતે તો પ્રકાશિત કરતા નથી, એટલા માટે જે વાત જે ભાવથી કહી હોય, તેને એ જ ભાવથી જુઓ. શબ્દો પર ન જાઓ. — સંત-સમાગમ 2

58. અનુભવ બુદ્ધિ દ્વારા કહી શકાતો નથી, માત્ર સંકેત કરી શકાય છે. ગીતા વગેરે પણ સંકેત જ કરે છે. — સંત-સમાગમ 1

59. વિષયીનું કથન વિષયોના વિષયમાં માનવાયોગ્ય હોઈ શકતું નથી; કેમ કે એ બિચારાને વિષયોનું જ્ઞાન તો છે જ નહિ.

— સંત-સમાગમ 1

60. પ્રકૃતિની સ્વાભાવિક ક્રિયાઓ અહિતકારી કોઈ રીતે હોઈ શકતી નથી; કેમ કે કોઈ પણ પોતાની સાથે અહિત નથી કરતું. શરીર વગેરે પ્રકૃતિનાં છે; તેથી તેમને સ્વસ્થ રાખવામાં પ્રકૃતિ ભૂલ કરી શકતી નથી. પ્રકૃતિની ભૂલ ફક્ત રાગ-દ્વેષને કારણે દેખાય છે.

— સંત-સમાગમ 1

61. બુદ્ધિ વગેરે દ્વારા પ્રકૃતિની ભૂલ પકડવી એનો એટલો જ અર્થ છે કે 'સમષ્ટિ' ભૂલ કરે છે અને 'વ્યષ્ટિ' ભૂલ પકડે છે, જોકે 'વ્યષ્ટિ' હંમેશા 'સમષ્ટિ'ને આશ્રિત છે અર્થાત્ પરતંત્ર છે. 'વ્યષ્ટિ'ને જે કંઈ હાનિ દેખાય છે, તે 'વ્યષ્ટિ'નો દોષ છે, 'સમષ્ટિ'નો નહિ. ઊંડાણથી જુઓ, શું આંખ સૂરજનો દોષ પકડી શકે છે ? ...... આંખમાં આસક્ત બુદ્ધિ સૂર્યની વ્યર્થ નિંદા કરે છે. — સંત-સમાગમ 1

62. 'સમષ્ટિ'થી 'વ્યષ્ટિ'ની હાનિ નથી થતી. જો એ સ્વીકાર કરો છો કે સમષ્ટિ વ્યષ્ટિની હાનિ કરે છે તો વ્યષ્ટિ સમષ્ટિથી અલગ કેમ નથી થઈ જતી ? જ્યાં સુધી વ્યષ્ટિ સમષ્ટિથી અલગ નથી થવા પામતી, ત્યાં સુધી સમષ્ટિ પર 'વ્યષ્ટિ'નો આક્ષેપ કરવો શોભાસ્પદ નથી.

— સંત-સમાગમ 1

63. જો ભિખારી બનવું પસંદ છે તો એવા ભિખારી બનો કે દાતાને જ ભિક્ષામાં લઈ લો, જેથી વારંવાર માગવું બાકી ન રહે.

— સંત-સમાગમ 1

64. 'માનવું' એ જ સાર્થક થાય છે, જેમાં અટલ વિશ્વાસ હોય અને 'જાણવું' એ જ સાર્થક થાય છે, જેનો આદર થાય. —સંત-સમાગમ 1

65. આજે વેજીટેબલ મિલને માટે તો સંપત્તિ છે; પરંતુ ડેરી ફાર્મને માટે નથી. મૂડીવાદીઓની આ ભૂલ માનવના સ્વાસ્થ્યને ગળી ગઈ છે. ઉપર-ઉપરથી તો તેઓ અહિંસાનું ગાણું ગાય છે; પરંતુ તેઓ પશુઓને જ નહિ, મનુષ્યોને પણ ખાઈ જાય છે. — સંત-સમાગમ 2

66. જીવનની દરેક ઘટનાનો કંઈ ને કંઈ અર્થ છે. વિચારશીલ અર્થને અપનાવે છે, ઘટનાને ભૂલી જાય છે. — સંત-સમાગમ 2

67. ગુણના આશરે જ દોષ, ભલાઈને આશરે જ બૂરાઈ, કર્તવ્યને આશરે જ અકર્તવ્ય અને સત્યના આશરે જ અસત્ય પ્રકાશિત થાય છે. — સાધન-તત્ત્વ

68. કોઈ પણ વ્યક્તિને ભલી કે બૂરી ન સમજો; કેમ કે બીજાઓને બૂરા સમજવાથી મનમાં બૂરાઈ આવી જાય છે અને પ્રેમાસ્પદ સિવાય બીજાઓને ભલા સમજવાથી પ્રેમાસ્પદનો વિશ્વાસ નષ્ટ થઈ જાય છે અને મન સંસારનું ગુલામ બની જાય છે, જે દુઃખનું મૂળ છે. — સંત-સમાગમ 2

69. જે સદ્ગ્રંથમાં તેની (સાધકની) શ્રદ્ધા છે, તેમાં પોતાની સમસ્યાનો ઉકેલ કરવાના ઉપાયની જ ખોજ કરવી, પૂરા ગ્રંથને સમજવાનો પ્રયાસ ન કરવો; કેમ કે જાણેલ અસતનો ત્યાગ કર્યા વિના કોઈ પણ સાધક કોઈ પણ સદ્ગ્રંથને સર્વાંશમાં નથી જાણી શકતો. સદ્ગ્રંથ ભલેને સૂર્ય જેવો હોય, પરંતુ સૂર્યનો પ્રકાશ નેત્રવિહીનને કામ નથી આવતો. — સાધન-તત્ત્વ

70. વ્યક્તિગત ભિન્નતા એકબીજાની પૂરક છે. — મંગલમય વિધાન

71. જે કોઈની ગુલામીમાં બંધાયો છે, એ જ કોઈને ગુલામ બનાવવાના પ્રયાસમાં મંડ્યો છે. — જીવન-પથ

72. આ કેવી વિટંબણા છે કે કોઈ પણ મનુષ્ય વસ્તુ, વ્યક્તિ, અવસ્થા વગેરેની ગુલામીને સુરક્ષિત રાખી શકતો નથી અર્થાત્ જેની ગુલામી સ્વીકાર કરે છે, તે નથી રહેતી, માત્ર ગુલામી જ રહી જાય છે. — માનવ-દર્શન

73. અશાંતિ નાશ થાય છે નિષ્કામતાથી, ભય નાશ થાય છે નિર્મોહતાથી અને દરિદ્રતા નાશ થાય છે નિર્લોભતાથી. — સંતવાણી 8

74. પોતાનું સન્માન તથા શાંતિ સુરક્ષિત રાખવા માટે બીજાઓની આશા રાખવી એ પ્રમાદ જ છે. શાંતિ નિષ્કામતામાં અને સન્માન અસંગતામાં છે. — સંત પત્રાવલી 2

75. જે મનુષ્ય પોતાના દોષ તરફ ધ્યાન ન દઈને બીજાઓને દોષી માને છે અને આવા ખ્યાલથી કે 'અહીંયાં મારો આદર નથી', મારી સાથે લોકો યોગ્ય વ્યવહાર કરતા નથી, તેથી એક જગા છોડીને બીજી જગાએ જાય છે, તેને ત્યાં પણ આદર મળતો નથી; કેમ કે બીજાઓથી સુખ ચાહનાર મનુષ્યનો કોઈ પણ આદર કરતા નથી. — સંત-સૌરભ

76. આદર તથા વહાલની ભૂખ પ્રાણીમાત્રને છે અને તેના આદાન-પ્રદાનનું સામર્થ્ય માનવમાત્રમાં છે. પરંતુ કોઈ ગુણજ્ઞના (મહાપુરુષના) દર્શન વિના આદર તથા વહાલ આપવાની અભિરુચિ થતી નથી. માનવ એ ભૂલી જાય છે કે ગુણોના આધાર પર આપેલ આદર તથા વહાલ પોતાની નિર્બળતાનો પરિચય છે, આદર તથા વહાલ નથી. — દર્શન ઔર નીતિ

77. ઘણું કરીને જોવામાં આવે છે કે જેની પાસે ધન નથી, તે બહારથી પોતાના શરીરને જેટલું સજાવે છે કે ધનિક માણસ, તેટલું સજાવતો નથી; કારણ કે જે યોગ્યતા જેનામાં ખરેખર હોય છે, તેને તેનું પ્રદર્શન કરવાનો શોખ હોતો નથી. તે તો તેનો સ્વભાવ બની જાય છે. — સંત-સૌરભ

78. જો આપણે શરીરને જગતની મરજી પર છોડી દઈએ અને પોતાને પ્રભુની મરજી પર છોડી દઈએ તો જીવનની જેટલી સમસ્યાઓ છે, તે બધી ઉકલી શકે છે. — સંતવાણી 2

79. જે ‘ક્રિયાશક્તિ’ ઉપભોગમાં વપરાતી નથી, એ જ સેવામાં વપરાય છે. જે ‘પ્રીતિ’ કોઈ વસ્તુમાં બંધાતી નથી, એ જ પ્રેમપાત્ર (સર્વસમર્થ ભગવાન) સુધી પહોંચે છે. જે ‘જ્ઞાન’ પદાર્થોના ઉપાર્જનમાં વપરાતું નથી, એ જ પરમતત્ત્વથી અભિન્ન થાય છે. —સંત-સમાગમ 2

80. પ્રાકૃતિક નિયમ મુજબ ‘પ્રાપ્તિ’ કોઈ બીજાની નથી થતી, બલકે તેની જ થાય છે, જે નિત્ય પ્રાપ્ત છે. ‘કામના’ તેની જ થાય છે, જેનો ભાસ થાય પણ અસ્તિત્વ નિત્ય ન હોય અને ‘આવશ્યકતા’ તેની જ થાય છે; જેનું સ્વતંત્ર અસ્તિત્વ છે પણ ભાસ નથી. — ચિત્તશુદ્ધિ

81. સંસારની ગુલામી મનમાંથી કાઢી નાખો, એ જ ‘ત્યાગ’ છે. સંસાર કરતાં પોતાનું મૂલ્ય વધારી દો, એ જ ‘તપ’ છે. સર્વ રીતે પ્રેમાસ્પદના થઈ જાઓ, એ જ ‘ભક્તિ’ છે. પોતાની પ્રસન્નતાને માટે કોઈ બીજા તરફ ન જુઓ, એ જ ‘મુક્તિ’ છે. — સંત-સમાગમ 2

82. ભગવાન વહાલા લાગે, તેમની યાદ રહ્યા કરે, મન લાગી જાય— આનું જ નામ ભજન છે. આ જ તો ‘ભક્તિ’ છે. પરહિતનો ભાવ હોય, બધાની સાથે સદ્ભાવના હોય— આ જ તો ‘સેવા’ છે.

કંઈ નહિ ચાહવું જ તો 'ત્યાગ' છે. ભગવાનને સમર્પિત થઈ જવું જ તો 'પ્રેમ' છે. આનું જ નામ સાચું ભજન છે. પોતાના સ્થાન પર યોગ્ય રીતે રહે તો બધા જ 'ધર્માત્મા' છે. કામ નાનું-મોટું કોઈ નથી. પોતાના વર્ણાશ્રમ મુજબ ખરી રીતે રહે— એ જ 'ધર્મ' છે. વિચારપૂર્વક બધાથી અસંગ રહેવું જ સાચું 'વેદાંત' છે. શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક ભગવાનનું શરણું લેવું જ 'વૈષ્ણવતા' છે.

— સંત-ઉદ્‌બોધન

83. સંસારથી સુખની આશા છે ત્યાં સુધી 'ત્યાગ' નથી. મમતા છે ત્યાં સુધી નિર્વિકાર થવાતું નથી. કામનાઓ છે ત્યાં સુધી 'શાંતિ' મળતી નથી. ઈચ્છારહિત થયા વિના 'યોગ'ની સિદ્ધિ મળતી નથી. અસંગતા વિના 'બોધ' થઈ શકતો નથી. આત્મીયતા વિના 'પ્રેમ'ની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ બધી વાતો ધ્રુવ સત્ય છે અથવા કહો કે પ્રભુનું આવું કાંઈક વિધાન છે. — સંત-ઉદ્‌બોધન

84. જીવનોપયોગી મહાવાક્ય (1) મારું કંઈ નથી, (2) મારે કંઈ નહિ જોઈએ, (3) પ્રભુ જ પોતાના છે, અને (4) સર્વ કંઈ પ્રભુનું જ છે.

❊ ❊ ❊

**વ્યક્તિગત સંપત્તિની માફક સામૂહિક સંપત્તિની સુરક્ષા અનિવાર્ય છે અને તેનો સદુપયોગ સાવધાનીપૂર્વક કરવાનો છે, પરંતુ સુખ-ભોગની દૃષ્ટિથી કોઈ પણ સંપત્તિને વાપરવાની નથી, હિતની દૃષ્ટિથી વાપરવાની છે. કોઈને હાનિ પહોંચાડીને કોઈની સેવા કરવી, સેવા નથી, પરંતુ ભોગ છે. ભોગના રાગનો નાશ કરવા માટે મર્યાદિત ભોગ કરવાનો છે. જો વિચારપૂર્વક ભોગ-વાસના નષ્ટ થઈ જાય તો ભોગ-પ્રવૃત્તિ અપેક્ષિત નથી. ભોગની વાસ્તવિકતા જાણવાને માટે જ મર્યાદિત ભોગ અપેક્ષિત છે. તેથી વસ્તુઓનું સંપાદન વ્યક્તિઓની સેવામાં છે, પોતાના સુખ-ભોગમાં નથી. સ્વાર્થભાવનો અંત થયા વિના નિર્લોભતાની અભિવ્યક્તિ નથી થતી અને તેના વિના દરિદ્રતાનો નાશ નથી થઈ શકતો, એ નિર્વિવાદ સિદ્ધ છે.**

# હૃદય-ઉદ્ગાર

❖ ‘શરીર સદૈવ મૃત્યુમાં રહે છે અને હું સદૈવ અમરત્વમાં રહું છું, આ મારો પરિચય છે.’ — પ્રબોધની

❖ ‘અરે દુનિયાના દુઃખીઓ ! હવે વાર ન કરો. વ્યાકુળ હૃદયથી આનંદઘન ભગવાનને બોલાવો. તેઓ જરૂર આવશે, આવશે, આવશે.’ — સંત પત્રાવલી 1

❖ હે પતિતપાવન સર્વસમર્થ ભગવાન ! તમે તમારી તરફ જોઈ તમારા આ પતિત પ્રાણીને અપનાવો, જેથી આનો ઉદ્ધાર તથા તમારું નામ સાર્થક થાય.’ — સંત પત્રાવલી 1

❖ ‘તું એ વાત તારા મનથી સદાને માટે કાઢી નાખ કે મારી નજીક આવવાથી  જ મારી સેવા થશે. તું પોતાને જેટલી સુંદર બનાવી લેશે, એટલી જ મને પ્રસન્નતા થશે અને એ જ મારી સાચી સેવા થશે.’ — સંત પત્રાવલી 2

❖ ‘વાસ્તવમાં તો માનવમાત્રની અનુભૂતિ જ માનવ-સેવા-સંઘનું સાહિત્ય છે.’ — પાથેય

❖ જેણે જાણેલ અસતના ત્યાગ દ્વારા અસાધનનો અંત કરી સાધન-પરાયણતા પ્રાપ્ત કરી, તેણે તો મારી મોટી સેવા કરી છે. જે પોતાને માટે તથા જગતને માટે તેમજ વહાલા પ્રભુને માટે ઉપયોગી છે, એ જ મને પરમ પ્રિય છે.’ — પાથેય

❖ ‘તમે કદી પોતાના સ્વરૂપને ન ભૂલો. એ જ મારી સર્વોત્કૃષ્ટ સેવા છે.’ — પાથેય

❖ ‘ગીતાના રચયિતા સાથે મારો બહુ ગાઢ સંબંધ છે. તેઓ મારા મહાન મિત્ર છે. હું ગીતાનો બહુ આદર કરું છું; કેમ કે તે મારા મિત્રની વાતચીત છે.’ — સંતવાણી 7

❖ 'લોકો હમણાંથી જ કહેવા લાગ્યા કે શરણાનંદનું એક દર્શન છે. શરણાનંદનું એ જ દર્શન છે, જે સૌનું દર્શન છે. પોતાના દર્શનમાં શ્રદ્ધા કરી લો, શરણાનંદનું દર્શન તમે જાણી લીધું. તમે શરણાનંદના દર્શન પર શ્રદ્ધા કરવા ઈચ્છો અને પોતાના દર્શનમાં અશ્રદ્ધા કરશો તો તમે શરણાનંદના દર્શનને સમજ્યા નથી. શરણાનંદનું દર્શન માત્ર એટલું જ છે કે દરેક ભાઈ, બહેને પોતાનાં દર્શન પર અવિચળ આસ્થા કરવી.' — સંતવાણી 4

❖ 'મારું શેષ કામ છે— સૂતેલી માનવતાને જગાડવી.'

— સંતવાણી 3

❖ 'હું અમર છું યાર. મારું આ શરીર ન રહે, પણ મારાં અનેક શરીર છે, તેમનામાં મળતો રહીશ.' — સંત-જીવન-દર્પણ

❖ 'જો તમે અમારી વાત સાંભળી છે તો સાચું માનજો કે તમને તમારા માટે કોઈ અલગ ગુરુની આવશ્યકતા પડશે નહિ.'

— સંતવાણી 4

❖ 'જે પ્રાણી બધી રીતે પ્રભુનાં બનીને રહે છે, તેઓ મારી સાથે છે અને હું તેમની સાથે સર્વદા છું.' — સંત પત્રાવલી 2

❖ 'હું સૌની સાથે હમેશાં રહીશ. જેટલા પણ શરણાગત છે, તે સૌની સાથે હું અભિન્ન છું. જેટલા પણ મમતારહિત છે, તે સૌની સાથે છું. એવું ન માનતા કે હું નથી. હું સર્વત્ર બધાની સાથે વિદ્યમાન છું.' — સંત-જીવન-દર્પણ

❊ ❊ ❊

**मूल पुस्तकमें जो विशेषता होती है, वह अनुवादमें नहीं आ पाती । अनुवादमें प्रायः लेखकके कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते । इसलिये जिज्ञासु पाठकोंसे निवेदन है कि यदि उन्हें हिन्दी भाषाका ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तकको भी अवश्य पढ़नेकी कृपा करें ।**

॥ ॐ શ્રીપરમાત્મને નમઃ ॥

# • પારિભાષિક શબ્દાવલિ •

**એકલા—** શરીર-ઇન્દ્રિયો-મન-બુદ્ધિથી અસંગ

**અકિંચન—** વસ્તુરહિત. કોઈપણ વસ્તુને પોતાની ન માનવી

**અચાહ—** નિષ્કામ; ઇચ્છારહિત

**અપ્રયત્ન—** અહંભાવરહિત ક્રિયા, નિષ્કામભાવપૂર્વક

**અભિમાનશૂન્ય અહમ્—** કર્તૃત્વાભિમાનરહિત અહમ્. પ્રકૃતિનું ધાતુરૂપ અહમ્

**આવશ્યકતા અને કામના—** આવશ્યકતા 'અવિનાશી'ની અને કામના નાશવાનની થાય છે. આવશ્યકતા એક અને 'કામના' અનેક હોય છે. ('સંત-સમાગમ')

**કરણ—** શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને અહંકાર

**કુલ અને જૂજ—** 'કુલ'નો અર્થ છે સંપૂર્ણ અને 'જૂજ'નો અર્થ છે ટુકડો. જેમ કે પ્રકૃતિ (અંશી) 'કુલ' છે અને તેનો અંશ બુદ્ધિ 'જૂજ' છે.

**જાતીય એકતા—** તાત્ત્વિક એકતા; સ્વરૂપગત એકતા; સધર્મતા

**જીવન—** આ શબ્દ બે અર્થમાં વપરાયો છે— પરિવર્તનશીલ જીવન અને નિત્ય જીવન. નિત્ય જીવનનું તાત્પર્ય છે— અવિનાશી સત્તા, સ્વરૂપ અથવા પરમાત્મતત્ત્વ

**નિર્મમ—** મમતારહિત

**પ્યાર અને પ્રેમ—** 'પ્યાર' બીજા સાથે 'પ્રેમ' પોતાની સાથે થાય છે. પોતાનું સર્વ કંઈ આપી દેવું 'પ્યાર' છે અને પોતાને આપી દેવું 'પ્રેમ' છે. ('સંત-સમાગમ')

**પ્રેમપાત્ર—** પ્રેમાસ્પદ; ભગવાન

**મૂક-સત્સંગ—** જાગૃત સુષુપ્તિ; ચુપ-સાધન, બહાર-ભીતરથી ચુપ, શાંત થવું. કોઈનું પણ ચિંતન ન કરવું, ન સંસારનું, ન ભગવાનનું. આપમેળે કોઈ ચિંતન આવી જાય તો તેની સાથે રાગ કે દ્વેષ ન કરવો, તેને ન સારું માનવું, ન બૂરું; તેનું ન સમર્થન કરવું ન તેનો વિરોધ, બલકે તેને પોતાનામાં ન માનીને તેની ઉપેક્ષા કરવી.

**વર્તમાન—** આ શબ્દ બે અર્થમાં વપરાયો છે— વર્તમાનકાળ અને કાળાતીત સત્તા. 'કાળાતીત સત્તા'નું તાત્પર્ય છે— ભૂત, ભવિષ્ય, વર્તમાન— ત્રણેથી રહિત સ્વરૂપ

**વ્યક્તિત્વ—** અહંતા; હુંપણું

**શરીર—** પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ— આ પાંચે તત્ત્વોથી બનેલું હાડ-માંસયુક્ત શરીર 'સ્થૂળ શરીર' કહેવાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો (કાન, ચામડી, નેત્ર, જીભ અને નાક), પાંચ કર્મેન્દ્રિયો (મુખ, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા), પાંચ પ્રાણ (પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન), મન અને બુદ્ધિ— આ સત્તર તત્ત્વોથી બનેલું 'સૂક્ષ્મ શરીર' કહેવાય છે. જેમાં અજ્ઞાન, સ્વભાવ રહે છે, તે 'કારણ શરીર' કહેવાય છે.

**સાથી અને સામાન—** વ્યક્તિ અને વસ્તુ (શરીર વગેરે)

**'છે'—** ચિન્મય અવિનાશી સત્તા. સત-તત્ત્વ, આત્મતત્ત્વ અથવા પરમાત્મતત્ત્વ

## ब्रह्मलीन श्रद्धेय स्वामीजी
# श्री शरणानन्दजी महाराज का अनमोल साहित्य :

1. सन्त समागम भाग-1 से 3
2. सन्त वाणी भाग-1 से 3
3. प्रश्नोत्तरी (सन्त वाणी) भाग-1 व 2
4. सन्त सौरभ (सन्त वाणी)
5. सन्त उद्‌बोधन
6. प्रेरणा पथ
7. सन्त पत्रावली भाग-1 से 3
8. जीवन दर्शन भाग-1 व 2
9. चित्त शुद्धि भाग-1 व 2
10. जीवन पथ
11. मानव की माँग
12. मानव दर्शन
13. मूक सत्संग और नित्य योग
14. मानवता के मूल सिद्धान्त
15. सत्संग और साधन
16. साधन तत्त्व
17. साधन त्रिवेणी
18. दर्शन और नीति
19. दुःख का प्रभाव
20. मंगलमय विधान
21. जीवन विवेचन भाग-1 से 7
22. सन्त जीवन दर्पण
23. मानव सेवा संघ का परिचय
24. साधन निधि
25. पाथेय भाग-1 व 2
26. पथ प्रदीप
27. प्रार्थना तथा पद
28. मैं की खोज
29. क्रान्तिकारी सन्तवाणी
30. सन्त हृदयोद्‌गार
31. रजत स्मरिका
32. Ascent Triconfluent
33. A Saint's call to Mankind
34. Sadhna Spotlight by a Sain
35. Revelation of the Spiritual Path
36. Pathway to life

## Published and potential other books :


1. मानवमात्र के शरणानन्दजी
2. यह नियम है कि—
   (It is a Cosmic Law that...)
3. Humanity's Own Sharnanandji
4. Krantikari Santvani
5. Prashnottari
6. Sant Jivan Darpan
7. Sant Hridyodgar
8. માનવમાત્રના શરણાનંદજી
9. સાધન નિધિ
10. મૂક સત્સંગ તથા નિત્યયોગ
11. સત્સંગ અને સાધન
12. દર્શન અને નીતિ
13. ચિત્ત-શુદ્ધિ- ભાગ 1
14. ચિત્ત-શુદ્ધિ- ભાગ 2
15. ક્રાંતિકારી સંતવાણી
16. સંત હૃદયોદ્‌ગાર

# સંતોનું કહેવાનું છે કે...



સ્વામી જ્ઞાનજીવનદાસજી

.... સ્વામી શરણાનંદજીનું સાહિત્ય વાંચવા જેવું છે.... જેવી રીતે ભારતીય મોટા મોટા ઋષિ-મુની થઈ ગયા, આર્ષદ્રષ્ટા થઈ ગયા તેમ તે આજના આર્ષદ્રષ્ટા ઋષિ છે.... એમની વાતો સાતમા દર્શન જેવી છે, અદ્‌ભુત છે.... જો સ્વામી શરણાનંદજીના વિચારોનો સાધક ધ્યાનથી અભ્યાસ કરે તો ખૂબ જ ફાયદો થશે, આ મારો જાત અનુભવ છે.... ('સાગરકથા', ૧૫-૩-૨૦૧૩)



સ્વામી અખંડાનંદજી

અમે પોતે જોયું અને પોતાના કાન વડે સાંભળ્યું છે કે કોઈ કેવો પણ પ્રશ્ન કરે, તે તત્કાળ તે પ્રશ્નનું સમાધાન કરી દેતા હતા. કોઈનો પણ તર્ક-વિતર્ક તેમની સમક્ષ ટકી શકતો ન હતો. તેની સાથો-સાથ એમનું હૃદય એટલું ભાવપૂર્ણ અને કોમળ હતું કે ભદવદચર્ચા કરતાં-કરતાં તેઓ ભાવમગ્ન થઈ જતા અને આંખોમાંથી અશ્રુધારાનો પ્રવાહ અને કંઠ ગદ્‌ગદ્ થઈ જતો હતો.

('પાવન પ્રસંગ' પુસ્તકમાંથી)



શ્રીરાજેન્દ્રદાસજી


આજે વર્તમાન સમયમાં સંતોમાં જે સદ્‌વિચાર છે તે જ મનુષ્યને વાસ્તવિક શાંતિ આપી શકે છે, અને તેમાં પણ શરણાનંદજી મહારાજ આ યુગનાં વિચારક સંતોમાં સર્વોત્કૃષ્ટ મહાપુરુષ હતા.... જે પ્રેમી હશે તે જ વિચારક હશે! પ્રેમ વગર વિચારની શક્તિ ઉત્પન્ન નથી થતી અને તે પ્રેમ તે જ પ્રેમ છે જે ઈશ્વરીય પ્રેમ છે. (રાજકોટ વાર્તાલાપ, ૭-૫-૨૦૧૫)



શ્રીઅનુભવાનંદજી

શરણાનંદજીનું જીવન વાંચો તમે.... તેઓ કંઈ ભણતર ભણ્યા ન હતા, તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. એમના એક-એક જે અનુભવ છે એને તમે પાંચમો વેદ કહી શકો છો, એટલા શ્રેષ્ઠ અનુભવો છે અને તેમના બધા અનુભવો પોતાનાં છે, કોઈ બહારથી નથી આવ્યા.

('વ્યવહારિક ગીતા-૫'માંથી)



મોરારીબાપુ

શરણાનંદજી મહારાજ એટલા મોટા દાર્શનિક, કે એમના માટે અખંડાનંદ સરસ્વતી મહારાજે જે અભિપ્રાય આપ્યો કે ભેળસેળીયું વેદાંત સાંભળવું હોય તો અમારી પાસે આવો અને શુદ્ધ, વિશુદ્ધ, દો-ટૂક (અકાટ્ય) વેદાંત સાંભળવું હોય તો સ્વામી શરણાનંદજી પાસે જાઓ. ('માનસ સુરધેનુ', ૨૦-૧૧-૨૦૧૨)

શરણાનંદજી મહારાજ એક અલ્હડ મહાત્મા હતા. સાચી ફકીરી હતી તે મહાપુરુષમાં! આવા મહાપુરુષો બહુ થોડા થયા છે!!

('માનસ મોરારી', ૮-૧૧-૨૦૦૩)

"ગીતાના રચયીતાથી મારે મોટો ભારે સંબંધ છે. એ મારા ખાસ મિત્ર છે. હું ગીતાનો બહુ આદર કરું છું; કેમ કે એ મારા દોસ્તની વાતચીત છે."

(સંતવાણી-7/169)





"યા અલ્લાહ, યા ખુદા! કોઈ એમ ન સમજે કે શરણાનંદનો કોઈ ધર્મ કે સંપ્રદાય છે. જે ખુદાનું છે એ શરણાનંદનું છે."

(સંત જીવન દર્પણ/97)

"મસીહા, ખુદાનાં પુત્ર છે, હું ખુદાનો દોસ્ત છું; મસીહા મારા સગાં ભત્રીજા છે, હું એમને સારી રીતે જાણું છું. મસીહા મને ખૂબ પ્યારા લાગે છે."

(સંતવાણી-2/12)



---

શરણાનંદજી મહારાજની ક્રાંતિકારી અકાટ્ય વિચારધારા મુસલમાન, ઈસાઈ, હિન્દુ વગેરે સૌને માટે સમાનરૂપે કલ્યાણકારી હોવાની વાતને સિદ્ધ કરવા માટે સૃષ્ટિકર્તાએ તેમનો નિર્વાણ દિવસ (25-12-1974) એવો અલૌકિક નક્કી કર્યો કે એ દિવસે ઈદ, ગીતા-જયંતિ તથા નાતાલ એક સાથે હતા.

('માનવ સેવા સંઘ પરિચય', પાના નં. 8)